સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 8
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ માઘ વદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૫, (૨૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૧૨ થી ૧૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સોશિયલ મીડિયા પર મુકાતી અશ્લીલ સામગ્રીને રોકવા કેન્દ્ર સરકારની કવાયત

સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સર પર આચારસંહિતા લાગુ કરવા માટેની તૈયારીઓ શરૂ

નવી દિલ્હી : દેશમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મુકાતી અશ્લીલ સામગ્રી મુદ્દે સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. જેમાં હાલમાં જ રણવીર અલ્હાબાદિયાની અશ્લીલ સામગ્રી મુદ્દે પણ કોર્ટે આકરી ટિપ્પણી કરી છે. જેના પગલે સફાળી જાગેલી કેન્દ્ર સરકાર હવે સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સર પર આચારસંહિતા લાગુ કરવા તૈયારીઓ શરૂ કરી છે. જેમાં આ આચાર સંહિતાનું પાલન પાંચ થી ૫૦ લાખ ફોલોઅર્સ ધરાવતા ઈનફ્લુએન્સરોએ કરવું પડશે. જેથી ભવિષ્યમાં ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ જેવા શો દેશભરના લોકોની લાગણીઓને ઠેસ ન પહોંચાડે. તેમજ રેટિંગ આપવું પણ ફરજિયાત છે.

આ દરમિયાન ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ પરના વિવાદે દેશના લોકો સમક્ષ સોશિયલ મીડિયાનું વધુ એક કદરૂપું ચિત્ર રજૂ કર્યું છે. જેને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે તાજેતરમાં અલ્હાબાદિયાની અરજીની સુનાવણી દરમિયાન આકરી ટીકા કરી હતી. કેન્દ્ર સરકારને પૂછવામાં આવ્યું હતું કે સરકાર અશ્લીલ સામગ્રીને રોકવા માટે શું પગલાં લઈ રહી છે. આ માહિતી આગામી સુનાવણીમાં કોર્ટને આપવી પડશે. જેના પગલે સરકારે સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સરો માટે આચારસંહિતા લાવવાની તૈયારી કરી છે.જેથી ઈનફ્લુએન્સરો તેમના દ્વારા જાહેર કરવામાં આવતી સામગ્રીમાંથી અશ્લીલતા, અભદ્રતા અને અપમાનજનક ભાષાને દૂર રાખે અથવા પોસ્ટ કરેલી અથવા પ્રકાશિત સામગ્રીનું સ્તર શું છે તે સામગ્રીને રેટિંગ આપીને સ્પષ્ટ કરે. આચારસંહિતાના ઉલ્લંઘનના કિસ્સામાં દેશમાં લાગુ પડતા હાલના ફોજદારી કાયદા અને વિશેષ કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. આ કાયદાઓમાં દંડ અને સજાની જોગવાઈઓ છે. પાંચ લાખ રૂપિયાથી ઓછું ટર્નઓવર ધરાવતા ઈનફ્લુએન્સરો માટે પહેલા ગુના માટે ચેતવણી, બીજા ગુના માટે દંડ અને ત્રીજા ગુના માટે કાનૂની કાર્યવાહીનો વિચાર કરવામાં આવી રહ્યો છે. જ્યારે બીજી તરફ સરકાર સોશિયલ મીડિયા પર અશ્લીલતા રોકવા માટે હાલના આઇટી એક્ટના બદલે ડિજિટલ ઇન્ડિયા બિલ લાવવા પર કામ કરી રહી છે.

નવા કાયદામાં યુટ્યુબર્સ, ડિજિટલ પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા યુઝર્સને નિયંત્રિત કરવાની જોગવાઈઓ હશે. આ કામ લગભગ ૧૫ મહિનાથી ચાલી રહ્યું છે. તમામ પાસાઓ પર ચોક્કસ જોગવાઈઓ લાવવા માટે નિષ્ણાતોના અભિપ્રાય લેવામાં આવ્યા છે. આ જોગવાઈઓ ટેલિકોમ્યુનિકેશન, માહિતી ટેકનોલોજી અને માહિતી અને પ્રસારણ ક્ષેત્રો સાથે સંબંધિત હશે. જેમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના સંચાલનનો પણ સમાવેશ કરવામાં આવશે.

ચીનમાં કોવિડ-૧૯ જેવો નવો ચેપી વાઈરસ મળ્યો

બીજિંગઃ ચીનના વાઈરૉલોજિસ્ટની ટીમે નવો બૅટ કોરોના વાઈરસ શોધી કાઢ્યો છે. આ વાઈરસ પશુઓમાંથી માનવ શરીરમાં ફેલાઈ શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે નવો બૅટ કોરોના વાઈરસ કોવિડ-૧૯ની જેમ જ લોકોને ચેપ લગાડી શકે છે.

અગાઉ કોવિડ-૧૯ વાઈરસ જ્યાંથી ફેલાયો હતો તે વિવાદાસ્પદ વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઑફ વાઈરોલોજીના ચીની વાઈરોલોજિસ્ટ શી ઝૅન્ગલીના વડપણ હેઠળ હાથ ધરવામાં આવેલા અભ્યાસના અહેવાલમાં ઉપરોક્ત બાબત પ્રકાશમાં આવી હતી.

બૅટ (ચામાચીડિયા)ના વાઈરસ પર સંશોધન કરી રહેલાં શી બૅટ વુમન તરીકે જાણીતાં છે.

આ વાઈરસ વુહાન લૅબમાંથી લીક કરવામાં આવ્યો હોવાની વાતને ચીનની સરકારે નકારી કાઢી હતી.

આ વાઈરસ કોવિડ-૧૯ વાઈરસની જેમ જ હ્યુમન ઍન્જિઓટૅન્સિન કન્વર્ટિંગ ઍન્ઝાયમ (એસીઈ-૨)ને ચેપ લગાડે છે. સંશોધકોના જણાવ્યાનુસાર બૅટના નમૂનામાંથી આ વાઈરસને છૂટો પાડવામાં આવ્યો ત્યારે તે માનવ કોષને ચેપ લગાડી શકે એમ હોવાનું જણાઈ આવ્યું હતું. (એજન્સી)

લાહોરના સ્ટેડિયમવાળાઓએ લોચો માર્યો!

▶ પાકિસ્તાનમાં વાગ્યું ભારતનું રાષ્ટ્રગીત! ▶ મીડિયામાં પ્રશ્ન થઈ રહ્યો છે કે 'ભારતની ટીમ પાકિસ્તાનમાં રમવાની જ નહોતી તો આ રાષ્ટ્રગીત લાહોર પહોંચ્યું કેવી રીતે?'

લાહોરઃ પાકિસ્તાનની યજમાની હેઠળ યોજાઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફી આ અગાઉ ઘણા કારણોસર વિવાદમાં સપડાઈ ચૂકી છે, એવામાં ગઈ કાલે પણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ(પીસીબી)ના આયોજનમાં વધુ એક ખામી જોવા મળી હતી હતી. ગઈ કાલની મૅચમાં ઓસ્ટ્રેલિયાને બદલે ભારતનું રાષ્ટ્રગીત વાગતા કેટલાક ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ફેન્સ નારાજ થયા હતા. એ તો ઠીક, પણ પાકિસ્તાનમાં પણ ક્રિકેટપ્રેમીઓ ગુસ્સે થયા હતા.

ગઈ કાલે ચેમ્પિયન્સ ટ્રોફીની ચોથી મેચ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ હતી જેમાં ઑસ્ટ્રેલિયાએ ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. મૅચ શરૂ થાય એ પહેલાં બંને ટીમો રાષ્ટ્રગીત માટે મેદાન પર આવી ત્યારે સ્ટેડિયમમાં ભારતનું રાષ્ટ્રગીત વાગતા સૌ ચોંકી ગયા હતાં. ગ્રાઉન્ડ પરના સ્પીકર્સમાં 'જન-ગણ-મન' વાગતાની સાથે જ સ્ટેડિયમમાં હોબાળો મચી ગયો.

પહેલા ઇંગ્લૅન્ડનું રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું, તે પૂરું થયા પછી ઑસ્ટ્રેલિયાનું રાષ્ટ્રગીત પ્લે કરવાનું હતું. ઑસ્ટ્રેલિયન ખેલાડીઓ સહિત સ્ટેડિયમમાં હાજર ઑસ્ટ્રેલિયન પ્રેક્ષકો પણ રાષ્ટ્રગીતને માન આપવા ઊભા થયા હતા, પરંતુ અચાનક 'ભારત ભાગ્ય વિધાતા...' શબ્દો સંભળાયા અને તરત જ બંધ થઇ ગયા. ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાનું રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું હતું.

પાકિસ્તાન ક્રિકેટ મૅનેજમેન્ટના આ બ્લન્ડરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થઇ રહ્યો છે. નોંધનીય છે કે ટીમ ઈન્ડિયાની કોઈ મૅચ પાકિસ્તાનમાં રમાવાની નથી છતાં ભારતનું રાષ્ટ્રગીત લાહોરના સ્ટેડિયમની મ્યૂઝિક સિસ્ટમ સુધી પહોંચ્યું કેવી રીતે? હાઈબ્રિડ મોડ્યૂલ હેઠળ ટૂર્નામેન્ટમાં ભારતની તમામ મૅચ દુબઈમાં રમાવાની છે.

એવામાં પ્રશ્ન એ છે કે ભારતની મૅચો જ્યારે પાકિસ્તાનમાં રમાવાની જ નથી તો ભારતીય રાષ્ટ્રગીત પ્લે લિસ્ટમાં આવ્યું કઈ રીતે?

પાકિસ્તાન મૅનેજમેન્ટની આ ગંભીર અને હાસ્યાસ્પદ ભૂલ બાદ ભારતીય યુઝર્સે સોશિયલ મીડિયા પર મજાક ઉડાવવાનું શરૂ કરી દીધું છે.

શુક્રવારે, અફઘાનિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની મૅચ દરમિયાન મેદાનમાં બિલાડી આવી જવાને કારણે મૅચ બે વાર રોકવી પડી હતી.

તેલંગણામાં ટનલની છત તૂટીઃ આઠ કામદાર ફસાયા

હૈદરાબાદઃ તેલંગણાના નાગરકુર્નુલ જિલ્લામાં શનિવારે નિર્માણાધીન ટનલની છત તૂટી પડતાં ફસાયેલા આઠ જણને બચાવવા સરકારની માલિકીની સિન્ગારેની કોલિયરિસ કંપની લિ. (એસસીસીએલ)ની મદદ લેવાઈ હતી. એમ તેલંગણા સિંચાઈ ખાતાના પ્રધાન એન. ઉત્તમકુમાર રેડ્ડીએ શનિવારે કહ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ ટનલમાં ફસાયેલા આઠ જણમાં બે એન્જિનિયર, બે મશીન ઑપરેટર અને ચાર કામદારનો સમાવેશ થતો હોવાનું તેમણે કહ્યું હતું. કામદારો ટનલમાં ૧૨થી ૧૩ કિલોમીટર જેટલું અંદર ગયા બાદ છત તૂટી પડવાની આ ઘટના બની હોવાનું પોલીસે કહ્યું હતું. ફસાયેલા કામદારોને બચાવવા એસસીસીએલની ૧૯ સભ્યની ટીમ શનિવારે ઘટનાસ્થળે પહોંચી હતી. પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે બડાવ અને રાહત કામગીરી માટે સરકાર ગયા વરસે ઉત્તરાખંડમાં ફસાયેલા કામદારોને બચાવનારાઓ સહિત નિષ્ણાતોની મદદ લેવામાં આવી રહી હોવાનું તેમણે કહ્યું હતું. બચાવ અને રાહત કામગીરીમાં મદદરૂપ થવા ભારતીય સેના અને એનડીઆરએફની ટુકડીની પણ મદદ માગવામાં આવી છે. મુખ્ય પ્રધાન એ. રેવન્થા રેડ્ડીએ જિલ્લા કલેક્ટર, એસપી અને અન્ય અધિકારીઓને ઘટનાસ્થળે પહોંચવાનો અને રાહત કામગીરીનાં પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. સિંચાઈ ખાતાના પ્રધાન એન. ઉત્તમકુમાર રેડ્ડી અને વરિષ્ઠ અધિકારીઓ રાહત કામગીરી પર ચાંપતી નજર રાખી રહ્યા છે. ઘટના અંગે ચિંતા વ્યક્ત કરતાં કેન્દ્રના કોલસા ખાતાના પ્રદાન જી. કિસન રેડ્ડીએ ઘટનાના કારણની તપાસ કરવાનો અને ટનલમાં ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવાનો આદેશ આપ્યો હતો. ઈજાગ્રસ્તોને યોગ્ય અને જરૂરી સારવાર આપવાનો પણ તેમણે આદેશ આપ્યો હતો. ટનલના સિરિસાલેમ તરફના ભાગમાં આ દુર્ઘટના બની હતી. કંપનીના ટોચના અધિકારીના જણાવ્યાનુસાર આ પ્રકારની ઘટનામાં ફસાયેલા લોકોને બચાવવાની કામગીરીમાં એસસીસીએલ નિપુણતા ધરાવે છે. ટનલની છત તૂટી પડવા જેવી કટોકટીભરી સ્થિતિને હાથ ધરવા જરૂરી નિપુણતા એસસીસીએલ ધરાવે છે. એસસીસીએલના સીએમડી એન. બલરામે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે આ કામગીરી માટે જરૂરી ઉપકરણો કંપનીએ ઑસ્ટ્રેલિયા, યુએસએ અને પૉલૅન્ડથી આયાત કરેલા છે. (એજન્સી)

હવાઈ સંરક્ષણ ક્ષમતા વધારવા

આર્મી આધુનિક તોપો, શક્તિશાળી રડાર વસાવશે

નવી દિલ્હીઃ આર્મી નવી તોપો, શક્તિશાળી રડાર વડે હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને વધારવાની યોજના ધરાવે છે.

તાજેતરના સંઘર્ષોમાં દર્શાવ્યા મુજબ યુદ્ધની ગતિશીલતાને અસર કરતી ડ્રોન અને અન્ય વિક્ષેપકારક તકનીકો સાથે, આર્મી એર ડિફેન્સે તેના બે જૂના પ્લેટફોર્મને બદલીને, હાલની હવાઈ સંરક્ષણ તોપો માટે નવા ફ્રેગમેન્ટેશન દારૂગોળાનો સમાવેશ કરીને અને વધુ રેપપોટની જમાવટ દ્વારા તેની ક્ષમતાઓને વધારવા માટે રોડમેપ તૈયાર કર્યો છે.

આ ઉપરાંત, સેના ૪-૫ મહિનામાં સ્વદેશી રીતે વિકસિત ક્વિક રિએક્શન સરફેસ ટુ એર મિસાઇલ સિસ્ટમ માટે કરાર કરવાની પણ આશા રાખે છે, એમ એક ટોચના અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

આર્મી એર ડિફેન્સ કોર્પ્સ તેની ઇન્વેન્ટરીમાં એલ ૭૦, ઝુ-૨૩ મી.મી, શિલ્કા, ટેંગુસ્કા અને ઓસા-એકે મિસાઇલ સિસ્ટમ જેવી વિશાળ વિવિધ પ્રકારની મિસાઇલ સિસ્ટમ્સ અને તોપો ધરાવે છે.

''તોપોની ફેશન પાછી આવી ગઈ છે. સેનાએ તેમને સારા કારણોસર ટકાવી રાખી છે અને આ તોપોનો ફ્રેગમેન્ટેશન દારૂગોળો સાથે અસરકારક રીતે ઉપયોગ કરી શકાય છે,'' એમ આર્મી એર ડિફેન્સ (એએડી) ના ડિરેક્ટર જનરલ, લેફ્ટનન્ટ જનરલ સુમેર ઇવાન ડી'કુન્હાએ જણાવ્યું હતું.

'આત્મનિર્ભર ભારત' પર ભાર મૂકવાની સાથે આધુનિકીકરણની જરૂરિયાત પર ભાર મૂકતા, લેફ્ટનન્ટ જનરલ ડી'કુન્હાએ ચેતવણી આપી હતી કે ભારતીય ઉદ્યોગે જ્યારે ડિલિવરીની વાત આવે ત્યારે ટૂંક સમયમાં એ કરવી જોઈએ.

એએડી, શરૂઆતમાં પ્રાદેશિક સૈન્યનો ભાગ હતો, બાદમાં ૧૯૯૪માં આર્ટિલરીથી અલગ કોર્પ્સ તરીકે અલગ કરવામાં આવ્યું હતું જે ''તે પ્રગટ થાય તે પહેલા'' હવાના જોખમના વિનાશની દેખરેખ રાખે છે.

સેના એલ ૭૦ અને ઝુ-૨૩ મીમીને ''અનુગામી'' પ્લેટફોર્મ સાથે બદલવાની યોજના બનાવી રહી છે. જો કે, જ્યાં સુધી તોપોનો સંબંધ છે ત્યાં સુધી તે આયાત કરવાનું વિચારી રહી નથી, એમ તેઓએ જણાવ્યું હતું.

જૂની એલ૭૦ તોપોને બદલવા માટે સ્વદેશી અનુગામી પ્લેટફોર્મની પ્રથમ ટ્રાયલ જુલાઈમાં હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે, અધિકારીઓએ જણાવ્યું હતું કે, આવી ૨૨૦ તોપની પ્રાપ્તિ માટે આરએફપી (પ્રપોઝલ માટેની વિનંતી) પહેલેથી જ અપાયું છે.

મહાકુંભમાં ૬૦ કરોડ ભાવિકોએ ડૂબકી મારીઃ ઉત્તર પ્રદેશ સરકાર

મહાકુંભનગર : મહાકુંભ મેળામાં અભૂતપૂર્વ ૬૦ કરોડ શ્રદ્ધાળુઓએ પવિત્ર ડૂબકી મારી, એવી માહિતી ઉત્તર પ્રદેશ સરકારે શનિવારે આપી હતી.

કુંભમેળાની શરૂઆત ૧૩ જાન્યુઆરીએ થઈ હતી અને એનો અંત માહશિવરાત્રી નિમિત્તે ૨૬ ફેબ્રુઆરીએ આવશે.

સરકરે સત્તાવાર નિવેદનમાં કહ્યું હતું કે ભારતના ૧૦૦ કરોડ સનાતની અનુયયીમાંથી અડધાથી વધારે ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું છે. ૨૬ ફેબ્રુઆરીના અંતિમ 'અમૃત સ્નાન' સુધી આ સંખ્યા ૬૫ કરોડ પર પહોંચશે. મહાકુંભમાં કોઈ પણ ધાર્મિખ, સામાજિક કે સાંસ્કૃતિક પ્રસંગની તુલનામાં સૌથી મોટો સહભાગ જોવા મળ્યો છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે જાગતિક વસતીની સમીક્ષા, પ્યૂ રીસર્ચ પ્રમાણે ભારતની કુલ વસતી ૧૪૩ કરોડ (૧.૪૩ અબજ) છે અને આમાં ૧૧૦ કરોડ (૧.૧૦ અબજ) સનાતન ધર્મના અનુયાયીઓ છે.

આનો અર્થ એ થયો કે ભારતની વસતીના ૫૫ ટકાએ મહાકુંભમાં સ્નાન કર્યું છે.

વૈશ્વિક રીતે જોઈએ તો પ્યૂ રીસર્ચ-૨૦૨૪ પ્રમાણે સનાતનના અનુયાયીઓ ૧.૨ અબજ (૧૨૦ કરોડ) છે. આનો અર્થ એ થયો કે આના પચાસ ટકાએ સંગમમાંસસ્નાન કર્યું હતું.

ભુતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક સહિત ૭૩ દેશના રાજદૂતોએ અને અનેક આંતરરાષ્ટ્રીય મહેમાનોએ સંગમમાં ડૂબકી લગાડી હતી.

ઉત્તર પ્રદેશ સરકારના જણાવ્યા પ્રમાણે મા જાનકી (સીતા દેવી)ના મોસાળ નેપાળમાંથી ૫૦ લાખથી વધારે લોકોએ સંગમમાં સ્નાન કર્યું હતું.

મહાકુંભ પહેલાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આગાહી કરી હતી કે આ ભવ્ય પ્રસંગ શ્રદ્ધાળુની સંખ્યામાં બધા વિક્રમો તોડી નાખશે. તેમણે આમાં ૪૫ કરોડ ભાવિકો આવશે એવી આગાહી કરી હતી.

૧૮ ફેબ્રુઆરીએ સંખ્યા ૫૫ કરોડ અને શનિવારે ૬૦ કરોડને આંબી ગઈ હતી.

મહાશિવરાત્રી સ્નાન આંકડાને ૬૫૦ લાખ (૬૫ કરોડ) પર લઈ જશે.

મૌની અમાવાસ્યાના દિવસે આઠ કરોડ ભાવિકો અને મકરસંક્રાતીએ સાડાત્રણ કરોડ ભાવિકોએ અમૃતસ્નાન કર્યું હતું.પહેલી ફેબ્રુઆરી અને ૩૦ જાન્યુઆરીએ બે કરોડ ભાવિકોએ ડૂબકી મારી હતી. પોષ પૂર્ણીમાએ ૧.૭ કરોડ ભાવિકોએ સ્નાન કર્યું હતું. વસંત પંચમીએ ૨.૫૭ કરોડ ભાવિકોએ ત્રિવેણી સંગમમાં ડૂબકી મારી હતી. માઘ પૂર્ણિમાએ બે કરોડથી વધારે શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું હતું. (એજન્સી) ■

એલઓસી પર લેન્ડમાઈન બ્લાસ્ટમાં એક જવાન ઘાયલ

મેંધર/જમ્મુઃ શનિવારે નિયંત્રણ રેખા (એલઓસી) નજીક આકસ્મિક લેન્ડમાઇન વિસ્ફોટમાં એક સૈનિક ઘાયલ થયો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

બીજી ઘટનામાં, શનિવારે જમ્મુ અને કાશ્મીરના પુંછ જિલ્લાના એક ગામમાં એક જૂનો કાટવાળો મોર્ટાર મળી આવ્યો હતો, એમ તેઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મેંધરના કૃષ્ણા ઘાટી સેક્ટરના નાંગી-ટાકેરી વિસ્તારમાં સવારે ૧૦.૫૦ વાગ્યે જ્યારે આર્મીના જવાનો પેટ્રોલિંગ ડ્યૂટી પર હતા ત્યારે લેન્ડમાઇન બ્લાસ્ટ થયો હતો. તેઓએ જણાવ્યું હતું કે એક સૈનિકે જ્યારે આકસ્મિક રીતે લેન્ડમાઇન પર પગ મૂક્યો ત્યારે ઘાયલ થયો હતો અને તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ઘૂસણખોરી વિરોધી અવરોધ પ્રણાલીના ભાગ રૂપે, આગળના વિસ્તારો લેન્ડ માઇન્સથી પથરાયેલા છે જે ક્યારેક વરસાદથી ધોવાઇ જાય છે જેના પરિણામે આવા પ્રકારના અકસ્માતો થાય છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે સેનાના જવાનોને આજે મોડી બપોરે વિસ્તારના પેટ્રોલિંગ દરમિયાન સુરનકોટ વિસ્તારના ફઝાલાબાદ ગામમાં એક કાટ લાગેલો મોર્ટલ શેલ મળ્યો હતો. ■

રાજસ્થાન ભાજપના અધ્યક્ષપદ માટે મદન રાઠોડ ફરી ચૂંટાયા

જયપુરઃ રાજ્યસભાના સાંસદ મદન રાઠોડ શનિવારે બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા બાદ ભાજપ રાજસ્થાનનું અધ્યક્ષ પદ જાળવી રાખ્યું છે, એમ પાર્ટીના નેતાઓએ જણાવ્યું હતું.

શુક્રવારે ઉમેદવારીપત્રો ભરવાની સાથે સંગઠનાત્મક ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ હતી. પ્રદેશ પ્રમુખ પદની ચૂંટણી માટે રાઠોડ ઉમેદવારીપત્ર ભરનારા એક માત્ર ઉમેદવાર હતા. રાઠોડને ગયા વર્ષે જુલાઈમાં પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ■

ઈસ્ટ સેન્ટ્રલ રેલવેના ૭૧ સ્ટેશન દરમિયાન કવચ લગાડવાનો કરાર રેલટેલને મળ્યો

નવી દિલ્હી : પૂર્વ મધ્ય રેલવેના દાનાપુર અને સોનપુર ડિવિઝનના ૫૦૨ કિલોમીટર રૂટના ૭૧ સ્ટેશન દરમિયાન કવચ લગાડવાનો કરાર રેલવે મંત્રાલયની પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ રેલટેલને મળ્યો છે, એવી જાહેરાત કંપનીએ શનિવારે અખબારી યાદીમાં કરી હતી.

નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે આ એક ઉલ્લેખનીય ઉપલબ્ધી છે જે રેલટેલની આધુનિક ટેક્નોલોજી વડે રેલવે સુરક્ષા વધારવાની અને કાર્યક્ષમતા વધારવાની પ્રતિબદ્ધતા દાખવે છે. ૨૮૮ કરોડ રૂપિયાનું કવચ ટેન્ડર રેલટેલનો સૌથી મોટો સિગ્નલિંગ પ્રોજેક્ટ છે. આ સિસ્ટમને અમલમાં મૂકવાથી સુરક્ષા અને પૂર્વ મધ્ય રેલવેની કાર્યક્ષમતા વધશે.

કવચ એ દેશી સ્વયંસંચાલિત રક્ષણ પદ્ધતિ છે જેમાં લોકો પાઈલટ બ્રેક મારવામાં વિફળ જાય તો અથડામણ ટાળવા આપમેળે બ્રેક લગાડે છે. ટ્રેનના સુરક્ષિત ઓપરેશન્સ માટે આ જરૂરી છે કારણ કે તે લાલ સિગ્નલને વટાવી જવાનું અને અકસ્માતો થવાનું અટકાવે છે. રેલટેલના જણાવ્યા પ્રમાણે આ આધુનિક તંત્રજ્ઞાન પૂર્વ મધ્ય રેલવે પર લાગુ પડાશે અને આમાં પાટાના વ્યાપક નેટવર્કને આવરી લેવામાં આવશે તથા લાખો ઉતારુની સુરક્ષાની તકેદારી લેવાશે. રેલટેલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજય કુમારે કહ્યું હતું કે આ પ્રકલ્પ માટે અમારી પસંદગી થઈ એથી અમે રોમાંચિત થયા છીએ. કવચ સિસ્ટમ રેલવે સુરક્ષામાં મોટી છલાંગ છે અને અમે ઊંચી ગુણવત્તા અને કાર્યક્ષમતા સાથે આ પ્રકલ્પ પાર પાડીશું. (એજન્સી)■

પ્રોબેશન પર રખાયેલા ૫,૪૦૦ વર્કરોને છૂટા કરાશેઃ પૅન્ટાગૉન

વૉશિંગ્ટનઃ સંરક્ષણ ખાતું પ્રોબેશન પર રખાયેલા ૫,૪૦૦ વર્કરોને આવતા અઠવાડિયાથી છૂટા કરશે અને નવા લોકોને કામ પર રાખવાનું બંધ કરશે, એમ સંરક્ષણ ખાતાના અધિકારીઓએ શુક્રવારે કહ્યું હતું. આ અઠવાડિયાના આરંભમાં પૅન્ટાગૉનની મુલાકાતે ગયેલા ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્નમેન્ટ ઍફિસિયન્સી (ડીઓજીઈ)ના અધિકારીઓને પ્રોબેશન પર રખાયેલા કર્મચારીઓની યાદી મળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ યાદીમાં ગણવેશધારી લશ્કરી અધિકારીઓનો સમાવેશ ન થતો હોવાનું તેમણે કહ્યું હતું. સામાન્ય રીતે પ્રોબેશન પરના કર્મચારી એમને ગણવામાં આવે છે જેઓ એક વર્ષ કરતાં પણ ઓછા સમયથી કામ કરી રહ્યા છે અને જેમને હજુ સિવિલ સર્વિસનું રક્ષણ નથી મળ્યું. અમે કર્મચારીઓની સંખ્યામાં પાંચથી આઠ ટકાનો ઘટાડો કરવા માગીએ છીએ એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે સંરક્ષણ ખાતુ પ્રમુખ ટ્રમ્પની પ્રાથમિકતા અને સેનાની સજ્જતાને પૂર્વવત કરવા માગે છે. ટ્રમ્પ વહીવટીતંત્ર હજારો લોકોને નોકરીમાંથી છૂટા કરી રહ્યું હોવા વચ્ચે તાજેતરમાં જ યુએસ ફોરેસ્ટ સર્વિસિસમાંથી ૨,૦૦૦ કર્મચારીને છૂટા કરવામાં આવ્યા હતા અને હવે ઈન્ટરનલ રેવેન્યૂ સર્વિસિસમાંથી વધુ ૭,૦૦૦ જણને છૂટા કરવામાં આવે એવી શક્યતા છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

તા. ૨૩-૨-૨૦૨૫ થી તા. ૧-૩-૨૦૨૫

ગ્રહગોચરઃ આ સમગ્ર સપ્તાહમાં સૂર્યનારાયણ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. મંદગતિએ મંગળ મિથુન રાશિમાં તા. ૨૪થી માર્ગી ભ્રમણ કરે છે. બુધ આ સપ્તાહમાં શીઘ્ર ગતિએ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં મંદ ગતિએ ભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં મંદ ગતિએ ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે ધનુ રાશિમાં રહે છે. તા. ૨૫મીએ મકરમાં, તા. ૨૭મીએ કુંભમાં, તા. ૧લીએ મીનમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીના વેપારમાં કામકાજ સફળ જણાય છે. નોકરી માટે તા. ૨૫, ૨૬, ૨૮, શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાઈ રહેશે. સાહસિકતાથી નવા કામકાજ માટે અનુકૂળતાઓ અનુભવશો. અકારણ નાણાં ખર્ચનાં સાધનો પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. ગૃહિણીઓના પડોશ સંબંધોમાં અનુકૂળતાઓ જણાશે. પ્રવાસ પર્યટન સફળ નીવડશે. અધ્યયનમાં વિદ્યાર્થીઓ એકાગ્રતા જાળવી શકશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજ સફળ જણાય છે. નોકરી માટે તા. ૨૪, ૨૫, ૨૮ શુભ જણાય છે. નોકરીના કામકાજમાં યશ મેળવશો. નોકરીના સહકાર્યકરો સાથેનો વિવાદ દૂર થશે. કારોબારમાં વાદ-વિવાદ ટાળવા માટે સતર્ક રહેવું જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો સહયોગ અપેક્ષા અનુસાર પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ નિયમિત પણે જળવાઈ રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૪, ૨૭, ૧ શુભ ફળદાયી જણાય છે. નોકરીમાં આત્મવિશ્વાસને કાર્યદક્ષતા સંપન્ન કરી શકશો. લાંબા અંતરના પ્રવાસો આ સપ્તાહમાં સફળ બનતા જણાશે. કુટુંબના સભ્યોમાં મહિલાઓને સંપ અને એકવાક્યતાનો સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓ પરિવારના સદસ્યો તરફથી પ્રોત્સાહન અને સહકાર પ્રાપ્ત કરશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણની તકને અનુસરી શકશો. નોકરી માટે તા. ૨૫, ૨૬, ૧ શુભ ફળદાયી જણાય છે. નોકરીમાં અધિકારીનું પ્રોત્સાહન મેળવશો. કુટુંબના સભ્યોમાં આ સપ્તાહમાં આર્થિક વ્યવહારો સંપન્ન થશે. પ્રવાસ દ્વારા મહિલાઓના પરિવારની જવાબદારીના કામકાજ પૂર્ણ થશે. મહિલાઓ કિંમતી ચીજોની ખરીદીમાં સફળતા મેળવશે. અધ્યયન, શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને સફળતા જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબનું કામકાજ સફળ લાભદાયી પુરવાર થશે. નોકરીમાં સ્થાન પરિવર્તન શક્ય છે. નોકરીના સહકાર્યકરોનો સહયોગ મેળવશો. તા. ૨૫, ૨૬, ૧ના રોજ વિવાદ અને ગેરસમજણો કાર્યક્ષેત્રે દૂર થશે. પ્રવાસ દ્વારા વેપારના કામકાજ પૂર્ણ થશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના સાધનો મેળવવામાં સફળતા જણાશે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ અને સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૨૫, ૨૭, ૨૮ના રોજ નોકરીમાં વિશિષ્ટ સફળતા મેળવશો. નોકરી માટે નવી તકો પણ આ સપ્તાહમાં જણાય છે. સ્વાસ્થ્ય જળવાશે. ભાગીદાર સાથેના મતભેદો દૂર થશે. કાર્યક્ષેત્રે વ્યવસ્થા શક્તિ, આવડત, જ્ઞાન, કાર્યક્ષમતામાં સફળતાનો અનુભવ થશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબમાં પ્રસંગોપાત સુખદ અનુભવ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની તક પ્રાપ્ત થતી જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણની તકને અનુસરી શકશો. નોકરીમાં મહત્ત્વના પરિવર્તનો શક્ય જણાય છે. નોકરીની પ્રવૃત્તિઓમાં પ્રગતિ અને નિયમितતા પણ જણાય છે. તા. ૨૮, ૧ના રોજ મુસાફરી દ્વારા કામકાજના જટિલ પ્રશ્નો ઉકેલી શકશો. મુસાફરી સહપરિવાર પણ શક્ય જણાય છે. મહિલાઓને તીર્થયાત્રા, ધાર્મિક કાર્યોમાં અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓને શિક્ષકનો સહયોગ પણ પ્રાપ્ત થાય.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા વેપારના કામકાજ સફળ જણાય છે. નોકરી માટે તા. ૨૪, ૨૫, ૧ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં સફળતા મેળવશો. નોકરીની પ્રવૃત્તિઓ પ્રગતિશીલ જણાશે. સંતાન સાથેના મતભેદો પણ ઉકેલાશે. ભાગીદારીમાં યશસ્વી અનુભવ થાય. આવકના નવા સાધનો મેળવશો. મહિલાઓના પરિવારના કામકાજ સફળ નીવડશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ નિયમિત બનતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરી માટે તા. ૨૩, ૨૪, ૨૮ના નિર્ણયો સફળ બનતા જણાશે. ભાઈ-બહેનો સાથેના નાણાં વ્યવહાર સંપન્ન થશે. સરકારી અધિકારીનો સહયોગ મેળવશો. કોર્ટ-કાનૂની સવાલોનો ઉકેલ આવશે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી મહિલાઓને પરિવારના કામકાજમાં ઉત્સાહનો ઉમેરો થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચન અભ્યાસના સાધનો પ્રાપ્ત થાય.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું કામકાજ અને રોકાણની અપેક્ષા સફળ થતી જણાશે. નોકરીના સ્થળની બદલી શક્ય જણાય છે. તા. ૨૬, ૨૮, ૧ નોકરીમાં નવા કામકાજનો પ્રારંભ થતો દર્શાવે છે. અધિકારીનો સહયોગ મેળવશો. મિલકતના ખરીદીના નિર્ણયો જન્મકુંડળીના આધારે લેવા જરૂરી છે. મહિલાઓને પરિવારના પ્રસંગોમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસના કામકાજ નિયમિત થતાં જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજ સફળ બની રહેશે. નોકરી માટે આ સપ્તાહ નિર્ણયાત્મક જણાય છે. તા. ૨૪, ૨૮, ૧ના રોજ નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. નાણા આવકના નવા સાધનો પ્રાપ્ત કરશો. રાજકારણ, જાહેર જીવનના કામકાજ આદિમાં સફળતા મેળવશો. વિદ્યાર્થીઓ અભ્યાસેત્તર પ્રવૃત્તિમાં વિશેષરૂપે અપેક્ષિત તક મેળવશો અને સફળતા પણ પ્રાપ્ત કરશો.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીના વેપારથી લાભ થશે. નોકરી માટે પરિવર્તનો શક્ય જણાય છે. તા. ૨૫, ૨૬, ૨૭ એકંદરે શુભ પુરવાર થશે. નવા નાણાં આવકનાં સાધનો મેળવશો. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. તા. ૨૮, ૧લીએ મહિલાઓના પરિવાર માટેના કામકાજ સફળ થતાં જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ બની રહેશે.

આજનું પંચાંગ

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ,

રવિવાર, તા. ૨૩-૨-૨૦૨૫,સ્વામી દયાનંદ સરસ્વતી જયંતી, ભદ્રા સમાપ્તિ

ભારતીય દિનાંક ૪, માહે ફાગણ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ – ૧૦
જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ-૧૦
પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
મીસરી રોજ ૨૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
નક્ષત્ર મૂળ સાંજે ક. ૧૮-૪૨ સુધી, પછી પૂર્વાષાઢા.
ચંદ્ર ધનુમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૮, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૮, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
ભરતીઃ રાત્રે ક. ૨૧-૩૪
ઓટઃ બપોરે ક. ૧૩-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૧ (તા. ૨૪)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ – દસમી. સ્વામી દયાનંદ સરસ્વતી જયંતી, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩-૫૭. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પુજન,ગાયત્રીમાતાનું પૂજન,જાપ,હવન,મૂળ જન્મ નક્ષત્રશાંતિ પૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, કેતુ ગ્રહ દેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પરદેશગમન, પ્રયાણ મધ્યમ,વિદ્યારંભ,બી વાવવું,ખેતીવાડી, દાન્ય ભરવું, પ્રાણી પાળવાં.
આચમનઃ રાહુ-નેપ્ચ્યૂન યુતિ વેરવૃત્તિનો સ્વભાવ, બુધ-મંગળ ત્રિકોણ કટાક્ષપ્રિય, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ લોકોમાં અપ્રિય થઈ પડો.
ખગોળ જ્યોતિષઃ રાહુ-નેપ્ચ્યૂન યુતિ, બુધ-મંગળ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ. ચંદ્ર વિષુવવૃત્તથી મહત્ત્વ દક્ષિણે ૮ અંશ ૪૧ કળાના અંતરે રહે છે. ચંદ્ર ક્રાંતિવૃત્તથી ૮ દક્ષિણે પાંચ અંશ ૧૪ કળાના અંતરે રહે છે.
ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

સાપ્તાહિક દૈનંદિની

તા. ૨૩-૨-૨૦૨૫ થી તા. ૧-૩-૨૦૨૫

રવિવાર, માઘ વદ-૧૦, વિ. સં. ૨૦૮૧, તા. ૨૩મી ફેબ્રુઆરી, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર મૂળ સાંજે ક. ૧૮-૪૨ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. સ્વામી દયાનંદ સરસ્વતી જયંતી, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩-૫૫, લગ્ન, શુભ દિવસે.

સોમવાર, માઘ વદ-૧૧, તા. ૨૪મી નક્ષત્ર પૂર્વાષાઢા સાંજે ક. ૧૮-૫૮ સુધી પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં મધ્યરાત્રે ક. ૨૪-૫૫ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. વિજયા એકાદશી (પેંડા), મંગળ માર્ગી. ખાતમુહૂર્ત, શુભ દિવસ.

મંગળવાર, માઘ વદ-૧૨, તા. ૨૫મી, નક્ષત્ર ઉત્તરાષાઢા સાંજે ક. ૧૮-૩૦ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. ભોમ પ્રદોષ, લગ્ન, શુભ દિવસ.

બુધવાર, માઘ વદ-૧૩, તા. ૨૬મી, નક્ષત્ર શ્રવણ સાંજે ક. ૧૭-૨૨ સુધી પછી ધનિષ્ઠા. ચંદ્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૬ સુધી (તા. ૨૭), પછી કુંભ રાશિ પર જન્માક્ષર. મહાશિવરાત્રિ – શિવપૂજન, નિશિથકાલ મધ્યરાત્રે ક. ૨૪-૨૬ થી ૨૫-૧૫, પ્રથમ પ્રહરઃ ક. ૧૮-૩૯, દ્વિતિય પ્રહરઃ ક. ૨૧-૪૫, તૃતીયઃ ક. ૨૪-૫૫, ચતુર્થઃ ક. ૨૭-૫૭થી પ્રારંભ, ભદ્રા ક. ૧૧-૦૮ થી ૨૨-૦૫. પંચક પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૬ (તા. ૨૭). સવારે ક. ૧૧-૦૮ સુધી શુભ. મહાપર્વ શુભ દિવસ.

ગુરુવાર, માઘ વદ-૧૪, તા. ૨૭મી, નક્ષત્ર ધનિષ્ઠા બપોરે ક. ૧૫-૪૩ સુધી પછી શતભિષા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. અમાવસ્યા ક્ષયતિથિ છે. દર્શ અમાવસ્યા, દ્વાપર યુગાદિ, અન્વાધાન, માઘી માસમ (દક્ષિણ ભારત), શનિ પશ્ચિમાસ્ત, પંચક, બુધ મીનમાં રાત્રે ક. ૨૩-૪૭. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, ફાગણ સુદ-૧, તા. ૨૮મી, નક્ષત્ર શતભિષા બપોરે ક. ૧૩-૩૯ સુધી પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, પંચક. સામાન્ય દિવસ.

શનિવાર, ફાગણ સુદ-૨, તા. ૧લી, માર્ચ નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૧૧-૨૨ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૭ સુધી (તા. ૨જી), પછી મીન રાશિ પર જન્માક્ષર. ચંદ્રદર્શન, મું. ૪૫ સમર્ધ દક્ષિણ શૃંગોન્નતિ, શ્રી રામકૃષ્ણ જયંતી, પંચક શુક્ર વક્રી ૩૦-૦૭. શુભ દિવસ.

પંજાબ 'આપ' સરકારનું ભોપાળું: ખાતાનું અસ્તિત્વ જ નહીં અને પ્રધાન ફરજ નિભાવતા રહ્યા!

ચંડીગઢઃ દિલ્હીમાં કથિત લિકર પૉલિસી કૌભાંડ અને અન્ય કેટલાક અન્ય કથિત કોભાંડોને કારણે દિલ્હીમાં આપ આદમી પાર્ટીની છબીને મોટું નુકશાન પહોંચ્યું છે. જેને આ મહિને યોજાયેલી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આપની કારમી હારનું મુખ્ય કારણ માનવામાં આવે છે. 'આપ'એ દિલ્હીમાં ૧૦ વર્ષ બાદ સત્તા ગુમાવી. હવે પંજાબમાં મુખ્ય પ્રધાન ભગવંત માનની આગેવાની હેઠળની આપ સરકાર સામે પણ ગંભીર આરોપો થઇ રહ્યા છે.

ભગવંત માન સરકારના પ્રધાનમંડળના વરિષ્ઠ પ્રધાન કુલદીપ સિંહ ધાલીવાલ ૨૦ મહિનાથી એવા વિભાગનું નેતૃત્વ કરી રહ્યા હતા, જેનું વાસ્તવમાં કોઈ અસ્તિત્વ જ નથી. રાજ્ય સરકારમાં એવો કોઈ વિભાગ નહતો.

પંજાબ સરકારે વિભાગ અસ્તિત્વમાં ન હોવાની સ્પષ્ટતા કરતું જાહેરનામું બહાર પાડ્યું છે. અહેવાલ મુજબ પંજાબ સરકારને એ સમજવામાં લગભગ ૨૦ મહિના લાગી ગયા કે તેના એક પ્રધાનને સોંપવામાં આવેલા વિભાગનું હકીકતમાં જોઈ અસ્તિત્વ જ નથી.

આજે પંજાબ સરકારે આ અંગે એક જાહેરનામું બહાર પાડ્યું છે. સરકારે જાહેરનામાં કહ્યું છે કે હવે પ્રધાન ધાલીવાલ ફક્ત એનઆરઆઇ બાબતોના વિભાગનો હવાલો સંભાળશે. પંજાબ સરકારના નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે પંજાબના રાજ્યપાલે, મુખ્યપ્રધાનની સલાહ પર, સાત ફેબ્રુઆરી, ૨૦૨૫ થી પ્રધાનોના વિભાગો અંગેના અગાઉના નોટિફિકેશનમાં સુધારો કર્યો છે.

અહેવાલ મુજબ શરૂઆતમાં ધાલીવાલ પાસે બાબતોનો વિભાગ તથા કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ હતો. મે ૨૦૨૩ માં કેબિનેટમાં થયેલા ફેરબદલ દરમિયાન તેમને કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે એનઆરઆઇ બાબતોનો વિભાગ જાળવી રાખ્યો, સાથે તેમને વહીવટી સુધારા વિભાગ પણ ફાળવવામાં આવ્યો.

સપ્ટેમ્બર ૨૦૨૪ ના કેબિનેટ ફેરબદલ દરમિયાન તેમણે ફરીથી આ બે વિભાગો આપવામાં આવ્યા. ત્યાર બાદ હવે જાણવા મળ્યું કે વહીવટી સુધારા વિભાગ અસ્તિત્વમાં જ નથી, જેના કારણે તેમની પાસે ફક્ત એક જ વિભાગ બાકી રહ્યો.

કુલદીપ સિંહ ધાલીવાલ પંજાબ 'આપ'ના મોટા નેતા છે. તેઓ ૧૯૯૦માં કૉંગ્રેસમાં જોડાયા. તેઓ લાંબા સમય સુધી કૉંગ્રેસમાં રહ્યા, પરંતુ પાર્ટીએ તેમને ચૂંટણી લડવાની તક ના આપી. આ પછી, ધાલીવાલ આમ આદમી પાર્ટીમાં જોડાયા. ધાલીવાલે ૨૦૧૯ માં ચૂંટણી લડી હતી પરંતુ તેઓ હારી ગયા.

કુલદીપ સિંહ ધાલીવાલે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી દરમિયાન આમ આદમી પાર્ટીની ટિકિટ પર અજનાલાથી ચૂંટણી લડી હતી અને મોટા માર્જિનથી જીત મેળવી હતી.

આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર શક્તિકાન્તા દાસ વડા પ્રધાનના બીજા મુખ્ય સચિવ

નવી દિલ્હીઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ભૂતપૂર્વ ગવર્નર શક્તિકાન્તા દાસની શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના બીજા મુખ્ય સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

ગુજરાત કેડરના નિવૃત્ત આઈએએસ અધિકારી પી. કે. મિશ્રા હાલ વડા પ્રધાનના મુખ્ય સચિવ તરીકે સેવા આપી રહ્યા છે.

સત્તાવાર બહાર પાડવામાં આવેલા આદેશ મુજબ તમિળનાડુ કેડરના નિવૃત્ત આઈએએસ અધિકારી દાસની મુદત વડા પ્રધાન હોદ્દા પર રહે ત્યાં સુધીની કે પછી આગામી આદેશ સુધીની (બંનેમાંથી જે વહેલી હોય તે) રહેશે.

અપૉઈન્ટમેન્ટ કમિટી ઑફ ધ કૅબિનેટે આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર શક્તિકાન્તા દાસ હોદ્દો ગ્રહણ કરે તે દિવસથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના બીજા મુખ્ય સચિવ તરીકે નિમણૂક કરવાના નિર્ણયને મંજૂરી આપી હતી. (એજન્સી)

ગુજરાત પોલીસે મહાકુંભમાં સ્નાન કરતી મહિલાનો વીડિયો અપલોડ કરનાર ત્રણ આરોપીની ધરપકડ કરી

અમદાવાદઃ ગુજરાત પોલીસ દ્વારા પ્રયાગરાજના એક યુટ્યુબર સહિત ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ લોકો મહાકુંભમાં સ્નાન કરતી મહિલાઓના વીડિયો બનાવીને તેને અપલોડ કરતા હતા. જ્યારે મહિલાઓના કથિત રીતે વાંધાજનક વીડિયો પોસ્ટ કરવા બદલ વિવિધ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ સામે ૧૭ એફઆઈઆર નોંધવામાં આવી હતી. તેમના પર યુટ્યુબ અને ટેલિગ્રામ પર આવા વીડિયો અપલોડ કરવાનો આરોપ છે

આ અંગે અમદાવાદ સાયબર ક્રાઈમના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું હતું કે પ્રયાગરાજના રહેવાસી ચંદ્ર પ્રકાશે થોડા મહિના પહેલા 'સીપી મોન્ડા' નામની યુટ્યુબ ચેનલ શરૂ કરી હતી અને મહાકુંભમાં સ્નાન કરતી મહિલાઓના વીડિયો અપલોડ કર્યા હતા. તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી મહિલાઓના વાંધાજનક ફૂટેજ પણ મળી આવ્યા હતા. બુધવારે પ્રયાગરાજથી ચંદ્ર પ્રકાશની ધરપકડ કરવામાં આવી હતી.

તેની સાથે મહારાષ્ટ્રના લાતુર અને સાંગલીથી પ્રજ્વલ તેલી અને પ્રાજ પાટિલની પણ ધરપકડ કરવામાં આવી હતી. જેના પર સબ્સ્ક્રાઇબર્સ પાસેથી પૈસા કમાવવાના ઉદ્દેશ્યથી ટેલિગ્રામ એપ પર રાજકોટ સ્થિત હોસ્પિટલના દર્દીઓ સહિત મહિલા દર્દીઓના વાંધાજનક વીડિયો અપલોડ કરવાનો આરોપ છે.

તેમણે વધુમા જણાવ્યું હતું કે પ્રજ્વલ અને પ્રાજે હેકર્સ પાસેથી મહિલા દર્દીઓના વીડિયો મેળવ્યા હતા. ચંદ્ર પ્રકાશે અન્ય યુટ્યુબ ચેનલો પરથી વીડિયો ડાઉનલોડ કર્યા હતા અને તાજેતરમાં જ તેમની ચેનલ પર અપલોડ કર્યા હતા. તેમણે કહ્યું કે અમે તપાસ કરી રહ્યા છીએ કે શું તેમનો આ વીડિયો વેચવાનો પણ ઈરાદો હતો. મહારાષ્ટ્રના આ બે લોકોનો પ્રકાશ સાથે કોઈ સંબંધ નથી. પ્રજ્વલ અને પ્રાજ એકબીજાને ઓળખે છે. આ બંને ૧૨ પાસ છે અને લાતુરમાં NEET ની તૈયારી કરી રહ્યા હતા. આ ત્રણેય આરોપીઓને ૧લી માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે.

મોદી મોરેશિયસના રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ બનશે

પોર્ટ લુઇસઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવતા મહિને મોરેશિયસના રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન બનશે. આ જાહેરાત મોરેશિયસના વડા પ્રધાન નવીન રામગુલામે કરી હતી. તેમણે તેને બંને દેશો વચ્ચેના ગાઢ દ્વિપક્ષીય સંબંધોનું પ્રમાણ ગણાવ્યું હતું.

શુક્રવારે નેશનલ એસેમ્બલીને સંબોધતા મોરેશિયસના વડા પ્રધાન રામગુલામે જણાવ્યું કે ખૂબ વ્યસ્ત રહેતા હોવા છતાં આવા પ્રતિષ્ઠિત વ્યક્તિત્વનો સત્કાર કરવો એ આપણા દેશ માટે ખરેખર એક વિશેષ સન્માનની વાત છે. મોરેશિયસ દર વર્ષે ૧૨ માર્ચે તેનો રાષ્ટ્રીય દિવસ ઉજવે છે. આ દિવસ ૧૯૬૮માં બ્રિટિશ શાસનથી મોરેશિયસની સ્વતંત્રતાની વર્ષગાંઠનું પ્રતીક છે.

રામગુલામે જણાવ્યું કે આપણા દેશની આઝાદીની ૫૭મી વર્ષગાંઠની ઉજવણીના સંદર્ભમાં મને ગૃહને જણાવતા ખૂબ આનંદ થાય છે કે મારા નિમંત્રણ પર ભારતના વડા પ્રધાન મહામહિમ નરેન્દ્ર મોદી આપણા રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ બનવા માટે સંમત થયા છે. તેમણે ભારતીય નેતાના વ્યસ્ત કાર્યક્રમ પર પ્રકાશ પાડવા માટે મોદીની તાજેતરની પેરિસ અને અમેરિકાની યાત્રાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

રામગુલામે વધુમાં જણાવ્યું કે મોદીની મુલાકાત આપણા બંને દેશો વચ્ચે ગાઢ સંબંધોનું પ્રમાણ છે. નોંધનીય છે કે ગયા વર્ષે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી.

કાશ પટેલ એફબીઆઈના દોઢ હજાર કર્મચારીની બદલી કરશે

વૉશિંગ્ટન : ફેડરલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટીગેશન (એફબીઆઈ)ના નવા ડિરેક્ટર કાશ પટેલે વરિષ્ઠ અધિકારીઓને કહ્યું છે કે હું એફબીઆઈના વડા મથકના ૧૦૦૦ કર્મચારીને બીજા શહેરોની ફિલ્ડ ઑફિસમાં અને વધુ ૫૦૦ને અલબામાના હન્ટ્સવિલેની બ્યૂરો ઑફિસમાં મોકલવા માગું છું. આ ચર્ચાથી વાકેફ વ્યક્તિએ નામ ન જણાવવાની શરતે કહ્યું હતું કે પટેલે શુક્રવારે વાઈટ હાઉસમાં સોગંદ લીધા બાદ સિનિયર અધિકારીઓને તેમની બદલીની યોજનાની જાણ કરી હતી. આની પાછળનો હેતુ વડા મથકમાં કર્મચારીને ઘટાડવાનો અને બીજા શહેરોની કચેરીઓમાં કર્મચારી વધારવાનો છે. આ યોજના હજી સત્તાવાર રીતે જાહેર ન કરાઈ હોવાથી માહિતી આપનાર સૂત્રે તેનું નામ જણાવ્યું નહોતું. પટેલે દેશની પ્રતિષ્ઠિત કેન્દ્રીય કાનૂની સંસ્થાના નેતૃત્વ કરવાના અવસરને તેમના જીવનનું સૌથી મોટું ગૌરવ ગણાવ્યું હતું. (એજન્સી)

દિલ્હી પોલીસે ડ્રગ ડીલરની ગેરકાયદે સંપત્તિ જપ્ત કરી

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસે બહારી ઉત્તર દિલ્હીના ભાલ્સવા ડેરી વિસ્તારમાં ડ્રગ પેડલર સાથે જોડાયેલી રૂ.૧.૭૮ કરોડની ગેરકાયદેસર મિલકતો જપ્ત કરી છે, એમ એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી તસ્લીમા ઉર્ફે પુટ્ટીને જૂન ૨૦૨૪માં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ ૪૦૦ ગ્રામ હેરોઈન સાથે ધરપકડ કરવામાં આવી હતી.

કાશ્મીરના જળવિદ્યુત ઉત્પાદનમાં ૯૦ ટકાનો ઘટાડોઃ ૮૫ ટકા વીજળી બહારથી ખરીદવી પડશે

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : કાશ્મીરમાં જળવિદ્યુતના ઉત્પાદનમાં તોતિંગ ઘટાડો થતાં તે તેની ૮૫ ટકા વીજળી માટે કોલસા અને સૌર ઊર્જા પર અવલંબન કરશે. પાવર ડેવલપમેન્ટના અધિકારીઓએ દાવો કર્યો હતો કે સ્થાનિક વીજળી સંયંત્રોથી કરાતા જળવિદ્યુત ઉત્પાદનમાં ૯૦ ટકાનો ઘટાડો જોવા મળે છે.

પીડીડીના ટોચના અધિકારીએ માહિતી આપી કે ઠંડીમાં સ્થાનિક જળવિદ્યુત ઉત્પાદનમાં ૯૦ ટકાનો ઘટાડો આવ્યો છે. વીજળીની માંગ સંતોષવા અમારે બહારના રાજ્યોથી વીજળી ખરીદવી પડે છે જે કોલસા આધારિત વીજળી છે.

અધિકારીઓએ માહિતી આપી હતી કે વિભાગે પહેલેથી જ બીજાં રાજ્યો સાથે પાવર પર્ચેસ એગ્રિમેન્ટ (પીપીએ) કર્યા છે. ગયા વર્ષે અમે વિવિધ રાજ્યો સાથે અમારી પાવર પૉલિસી હેઠળ ૩૯૦ મેગાવૉટ પાવર ખરીદવા પીપીએ કર્યા હતા. જમ્મુ અને કાશ્મીર પ્રદેશની વીજળીની માગ પૂરી કરવા કોલસા આધારિત વીજળી મેળવવા પીપીએ કરવા પડશે. અધિકારીએ માહિતી આપી કે ૨૦૨૪ અને હાલના વર્ષમાં જળવિદ્યુત ઉત્પાદનમાં જંગી ઘટાડો થયો છે. સ્થાનિક વીજળી ઉત્પાદનની સ્થિતિ સારી નથી. અહીં ઉલ્લેખનીય છે કે આ અઠવાડિયાની શરૂઆતમાં જાહેરાત કરાઈ હતી કે ગયા મહિને હિમવર્ષા અને ઓછા જળસ્તરને લીધે કેન્દ

રેલવેએ અમદાવાદથી પ્રયાગરાજ મહાકુંભ જતી ૧૦ ટ્રેન રદ કરીઃ ગુજરાતી શ્રદ્ધાળુઓની મુશ્કેલી વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રયાગરાજ મહાકુંભમાં અને આસપાસનાં રેલવે સ્ટેશન પર લોકોની ભારે ભીડને રોકવા તથા શ્રદ્ધાળુઓની સુરક્ષાના ભાગરૂપે પશ્ચિમ રેલવેએ અમદાવાદથી પ્રયાગરાજ તરફ જતી ૧૦ ટ્રેન રદ કરવાનો નિર્ણય લીધો હતો. રેલવે દ્વારા ૨૨ થી ૨૮ ફેબ્રુઆરી વચ્ચેની ૧૦ ટ્રેન રદ કરવામાં આવતાં કન્ફર્મ ટિકિટ ખરીદનારા શ્રદ્ધાળુઓની મુશ્કેલી પણ વધી છે.

નીચે પ્રમાણેની ટ્રેનો રદ રહેશે

૨૨થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી અમદાવાદથી ચાલતી ટ્રેન નંબર ૧૯૪૮૩ અમદાવાદ-બરૌની એક્સપ્રેસ

૨૪ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી બરૌનીથી ચાલતી ટ્રેન નંબર ૧૯૪૮૪ બરૌની-અમદાવાદ એક્સપ્રેસ

૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અમદાવાદથી ચાલતી ટ્રેન નંબર ૧૯૪૮૯ અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ

૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ગોરખપુરથી ચાલતી ટ્રેન નંબર ૧૯૪૯૦ ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસ

૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અમદાવાદથી ચાલતી ટ્રેન નંબર ૧૨૯૪૭ અમદાવાદ-પટના એક્સપ્રેસ

૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ પટનાથી ચાલતી ટ્રેન નંબર ૧૨૯૪૮ પટના-અમદાવાદ એક્સપ્રેસ

૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ એકતા નગરથી ચાલતી ટ્રેન નંબર ૨૦૯૦૩ એકતા નગર-વારાણસી એક્સપ્રેસ

૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ વારાણસીથી ચાલતી ટ્રેન નંબર ૨૦૯૦૪ વારાણસી-એકતા નગર એક્સપ્રેસ

૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ભાવનગરથી ચાલતી ટ્રેન નંબર ૧૨૯૪૧ ભાવનગર-આસનસોલ એક્સપ્રેસ

૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ આસનસોલથી ચાલતી ટ્રેન નંબર ૧૨૯૪૨ આસનસોલ-ભાવનગર એક્સપ્રેસ

અત્રે ઉલ્લેખનીય છે કે, કુંભ સ્પેશિયલ ટ્રેનોની ૨૪ ટ્રિપ અમદાવાદ ડિવિઝનથી, ૨૬ ટ્રિપ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનથી, જ્યારે ૮ ટ્રિપ ભાવનગર ડિવિઝનથી, ૪ ટ્રિપ રાજકોટ ડિવિઝનથી, ૨ ટ્રિપ વડોદરા ડિવિઝનથી અને ૬ ટ્રિપ રતલામ ડિવિઝનથી ચલાવવામાં આવી રહી છે. રેલવે વહીવટીતંત્ર દ્વારા શ્રદ્ધાળુઓને કુંભમેળામાં સલામત અને આરામદાયક મુસાફરી મળે તે સુનિશ્ચિત કરવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

‘જય ગિરનારી’ ના નાદ સાથે જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભઃ ભવનાથ મંદિરે ધ્વજારોહણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં ભવનાથ ખાતે ‘જય ગિરનારી’ના નાદ સાથે મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થયો હતો. ૨૨મી ફેબ્રુઆરી શનિવારના રોજ જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાના હસ્તે ભવનાથ મહાદેવ મંદિર પર ધ્વજારોહણ કરીને મેળાની શરૂઆત કરાઈ હતી. જેમાં અનેક સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતા. આગામી ૪ દિવસ ભવનાથ ક્ષેત્રમાં ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ મહાશિવરાત્રીના મેળા દરમિયાન જોવા મળશે. રાજ્યના વિવિધ કલાકારો ભજનોની રમઝટ બોલાવશે. ભવનાથમાં નાગા સંન્યાસીઓ, સાધુ-સંતો અને લાખો ભાવિકો ઊમટી મહાદેવના મેળાની મોજ માણશે. ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મેળાનું સમાપન મહાશિવરાત્રીની મધ્યરાત્રીએ નાગા સાધુઓના સ્નાન બાદ થશે. આ રાત્રીએ નીકળતી રવાડીનું પણ ખાસ મહત્ત્વ છે. પાંચ દિવસ દરમિયાન અહીં માનવમહેરામણ ઊમટી પડશે. મહાશિવરાત્રીના મેળામાં રોજના લાખો ભાવિકોને આપાગીગાના ઓટલે દાળ, ભાત, શાક, રોટલી, ફરસાણ, મિષ્ટાન્ન, શ્રીખંડ પાંઉભાજી અને અલગ અલગ ભોજન પ્રસાદી પીરસવામાં આવશે. તે માટે અન્નક્ષેત્રોમાં સ્વયંસેવકો મીઠાઈ-ફરસાણ સહિતની રસોઈ બનાવવામાં લાગી ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ પોલીસ દ્વારા એઆઈ ટેક્નોલૉજીના માધ્યમથી શ્રદ્ધાળુઓની સુરક્ષા અને પાર્કિંગ સહિતની સુવિધા પૂરી પાડવામાં આવશે.

ગુજરાતમાં બઢતી-બદલીનો ગંજીફો ચિપાયોઃ સિનિયર કલાર્ક, નાયબ ચિટનીસની બઢતી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાલ બઢતી-બદલીનો દૌર ચાલી રહ્યો છે. ૧ ફેબ્રુઆરીના રોજ ૫૯ જેટલા સિનિયર આઈએએસની બદલી કર્યા બાદ ૨૧ ફેબ્રુઆરીએ વધુ ૨ સિનિયર આઈએએસની બદલી કરાઈ હતી. બે સિનિયર આઈએએસ ઑફિસર્સ મોના કે. ખંધાર અને મનીષા ચંદ્રાની બદલી કરવામાં આવી હતી. ઉપરાંત ૨૦ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યાં હતાં. જીએએસ કેડરના અધિકારીઓને પણ બઢતી આપવામાં આવી હતી.

રાજ્યમાં ૫ નાયબ ચિટનીસને બઢતી આપવામાં આવી હતી. એમ પી ચાવડાને શિક્ષણ ખાતા, જિલ્લા પંચાયત, ગાંધીનગરથી ખેડીવાડી શાખા, જિલ્લા પંચાયત ગાંધીનગર (પ્રમુખના કાર્યાલય ખાતે), બી કે પટેલની શિક્ષણ ખાતા, જિલ્લા પંચાયત ગાંધીનગરથી વિકાસ-૧ શાખા, જિલ્લા પંચાયત ગાંધીનગર, એમ બી પટેલની માર્ગ મકાન પંચાયત પેટા વિભાગ, તા. દહેગામથી તાલુકા પંચાયત કચેરી, તા. કલોલ, એ એમ વાઘેલાની આરોગ્ય શાખા જિલ્લા પંચાયત ગાંધીનગરથી તાલુકા પંચાયત કચેરી, તાઃ માણસા તથા બી સી જાદવની ખેતીવાડી શાખા, જિલ્લા પંચાયત ગાંધીનગરથી મહેસૂલ-૨ શાખા જિલ્લા પંચાયત ગાંધીનગર ખાતે બઢતીથી નિમણૂક કરવામાં આવી હતી.

આ ઉપરાંત સાત સિનિયર કલાર્કની પણ બઢતી કરવામાં આવી હતી. શ્રીમતી પી ડી રાઠોડની સહકાર શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગરથી ખેતીવાડી શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતે, એમ વી પટેલની પંચાયત શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગરથી આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતે, કુ. કોમલબેન એન ચાવડાની આંકડા શાખા જિલ્લા પંચાયત ગાંધીનગરથી તાલુકા આરોગ્ય કચેરી, તા. કલોલ, જિ. ગાંધીનગર ખાતે, એલ ઓ રબારીની માર્ગ મકાન પંચયાત પેટા વિભાગ, જિલ્લા પંચાયત ગાંધીનગરથી માર્ગ મકાન પંચાયત, પેટા વિભાગ, તા. દહેગામ ખાતે, એમ બી દેસાઈની મહેકમ-૩ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગરથી શિક્ષણ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતે, શ્રીમતી પી વી ઠાકોરની સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત ગાંધીનગરથી તાલુકા આરોગ્ય કચેરી, તા. દહેગામ, જિ. ગાંધીનગર ખાતે બઢતી કરવામાં આવી હતી.

પીએમ કિસાન યોજનાના ૧૯મા હપ્તા હેઠળ ગુજરાતના ૫૧.૪૧ લાખ ખેડૂતોને ૧૧૪૮ કરોડની સહાય મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન મોદીની ઉપસ્થિતિમાં બિહાર ખાતે યોજાનાર રાષ્ટ્રીય કિસાન સન્માન સમારોહ દરમિયાન દેશના ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૯ મો હપ્તો રિલીઝ કરવામાં આવશે. જે અનુસંધાને ગાંધીનગર ખાતે ૨૪ ફેબ્રુઆરીએ રાજ્ય કક્ષાનો કિસાન સન્માન સમારોહ યોજાશે. આ સમારોહમાં વડા પ્રધાન મોદી ખેડૂતોને વર્ચ્યુઅલ સંબોધન કરશે. કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વડા પ્રધાન મોદીના હસ્તે પીએમ કિસાન યોજનાના ૧૯મા હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૭ કરોડથી વધુ ખેડૂતોને ૨૨,૦૦૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જે પૈકી ગુજરાતના આશરે ૫૧.૪૧ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂા. ૧,૧૪૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બૅન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

રાજ્ય કક્ષાના સમારોહમાં મુખ્ય પ્રધાનના હસ્તે કૃષિ ભવન-ગાંધીનગર ખાતે અદ્યતન ટેક્નોલૉજીથી સજ્જ નવીન કૃષિ પ્રગતિ-કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનું ઇ-લોકાર્પણ તેમ જ રાજ્યભરમાં ટેકાના ભાવે તુવેર પાકની ખરીદીનો શુભારંભ થશે. આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાના લાભાર્થીઓ, પ્રગતિશીલ ખેડૂતો અને વિવિધ કૃષિ એવોર્ડ મેળવેલ ખેડૂતોને સન્માનિત કરવામાં આવશે.

ગુજરાતના દરેક જિલ્લામાં કિસાન સન્માન સમારોહનું ગ્રામ્ય વિસ્તારો અને ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. રાજ્યભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં આશરે ૨.૫ લાખથી વધુ ખેડૂતો જોડાશે. કાર્યક્રમનાં સ્થળોએ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રદર્શન સ્ટોલ રાખવામાં આવશે.

રાજકોટમાં સમૂહ લગ્નના આયોજકો ફરાર થઈ જતાં પોલીસે લગ્નવિધિ કરાવી

સામાજિક આગેવાનો કરિયાવર આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ખરા સમયે આયોજકો ફરાર થઈ જતાં લગ્નસ્થળે કોઈ વ્યવસ્થા ન હોવાથી પરણવા આવેલા ૨૮ વરવધૂ અને તેમના પરિવારજનો મુશ્કેલીમાં મુકાયા હતા. જાન લીલા તોરણે જ પરત ફરવા લાગતાં કન્યાઓ રડી પડી હતી. પરિવારજનોએ હોબાળો મચાવતાં રાજકોટ પોલીસ દોડી આવી હતી અને ૨૮ યુગલોનાં લગ્ન કરાવવાની જવાબદારી સ્વીકારી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે, સામાજિક આગેવાનોએ લગ્ન પ્રસંગે નવવધૂને કરિયાવર આપવાની વ્યવસ્થા કરી હતી. બીજી તરફ સામાજિક સંસ્થાઓએ ભોજનની પણ તાત્કાલિક વ્યવસ્થા કરી આપી હતી. રાજકોટ પોલીસે લગ્નવિધિ શરૂ કરાવ્યા બાદ આયોજકો સામે ગુનો નોંધવાની તજવીજ શરૂ કરી હતી. આયોજક ચંદ્રેશ છત્રોલાએ પોતાની તબિયત સારી ન હોવાથી હૉસ્પિટલમાં એડમિટ હોવાનું સ્ટેટસ મૂક્યું હતું, પરંતુ હૉસ્પિટલે તેને શુક્રવારે રાત્રે જ ડિસ્ચાર્જ કરી દીધો હોવાનું પોલીસને જણાવ્યું હતું. સમૂહલગ્નના આયોજકોએ વર અને કન્યાપક્ષ પાસેથી ૧૫થી ૪૦ હજાર રૂપિયા ફી પેટે લીધા હોવાનું જાણવા મળ્યું હતું. રાજકોટના એસીપી રાધિકા ભારાઈએ કહ્યું હતું કે આયોજકો સામે ગુનો નોંધવામાં આવશે. ચંદ્રેશ છત્રોલા, દિપક હિરાણી, દિલીપ ગોહેલ દ્વારા માધાપર ચોકડી અને બેડી ચોકડી પાસે આ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

નર્મદા યોજનાના ત્રણ ભાગીદાર રાજ્ય પાસેથી ૭૭૨૦ કરોડ રૂપિયા લેવાના બાકીઃ મધ્ય પ્રદેશે એક પણ રૂપિયો ચૂકવ્યો નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના સત્રમાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન કૉંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા સરદાર સરોવર નર્મદા યોજનામાં ગુજરાત સરકારને કયા રાજ્ય પાસેથી કેટલી રકમ લેવાની બાકી નીકળે છે તેવો સવાલ કર્યો હતો. આ સવાલના જવાબમાં નર્મદા વિભાગ દ્વારા માહિતી અપાઈ હતી કે, ગુજરાતને નર્મદા યોજનાનાં ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન પાસેથી કુલ મળીને ૭૭૨૦.૬૬ કરોડ રૂપિયાનું લેણું હજુ પણ બાકી છે. જેમાં સૌથી વધુ મધ્યપ્રદેશ પાસેથી ૫૩૪૯.૪૯ કરોડ રૂપિયા લેવાના નીકળે છે.

ગૃહમાં કૉંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા સરદાર સરોવર નર્મદા યોજનામાં ગુજરાત સરકારને કયા રાજ્ય પાસેથી કેટલી રકમ લેવાની બાકી નીકળે છે તેવા સવાલના જવાબમાં નર્મદા વિભાગ દ્વારા માહિતી આપતાં જણાવાયું હતું કે ૩૦-૧૧-૨૦૨૪ની સ્થિતિએ મહારાષ્ટ્ર પાસેથી ૧૮૧૪ કરોડ અને રાજસ્થાન પાસેથી ૫૫૬ કરોડ રૂપિયા લેવાના બાકી છે. મધ્યપ્રદેશે એક રૂપિયો પણ આપ્યો નથી. મહારાષ્ટ્ર સરકારે ૨૦૨૩માં ૪૨.૫૩ કરોડ અને ૨૦૨૪માં ૨૨.૭૫ કરોડ જ્યારે રાજસ્થાન સરકારે અનુક્રમે ૯.૭૩ કરોડ અને ૨૯.૨૫ કરોડ રૂપિયા ગુજરાતને આપ્યા હતા. જે કુલ મળીને ૧૦૪.૨૬ કરોડ થવા જાય છે. બાકી લેણાંની વસૂલાત માટે સમયાંતરે મળતી મીટિંગમાં અને પત્ર દ્વારા આ રાજ્યોને જાણ કરવામાં આવતી હોય છે.

ગુજરાતને લેણી રકમ ભાગીદાર રાજ્યો આપતાં નહીં હોવા મુદ્દે સરકારની ટીકા કરતાં કૉંગ્રેસના અમિત ચાવડાએ કહ્યું હતું કે નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના કેન્દ્ર સરકાર જાહેર કરતી નથી. જે ભાગીદાર રાજ્યો છે તેમની પાસેથી પુનઃવસન અને અન્ય જે ખર્ચો થયો છે તેનો હિસ્સો લેવાનો બાકી નીકળે છે. ભાજપના નેતાઓ પહેલાં એમ કહેતા હતા કે પાડોશી રાજ્યોમાં કૉંગ્રેસની સરકારો છે એટલે હિસ્સો સમયસર આપતા નથી અને કેન્દ્રની સરકાર તે માટે મદદ કરતી નથી. હવે કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે.

નર્મદાનાં ભાગીદાર રાજ્યો પાસેથી લેણી રકમની વસૂલાત કરવામાં ડબલ એન્જિનની સરકાર નિષ્ફળ સાબિત થઈ છે.

ઈન્સ્ટાગ્રામ પર તોફાની રાધા તરીકે જાણીતી રાજકોટની યુવતીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુએન્સર તોફાની રાધા નામનું પેજ ચલાવતી રાધિકા ધામેચાએ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. આ યુવતી ઈન્સ્ટાગ્રામ પર પોતાના વીડિયોથી ફેમસ હતી અને પરિવારથી અલગ રહેતી હતી. તે થોડા દિવસ પહેલાં ગોવા ફરવા ગઈ હતી અને ત્યાંથી પરત આવીને રાજકોટમાં જીવન ટૂંકાવી લીધું હતું. પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઈન્સ્ટાગ્રામ પર તોફાની રાધા નામનું પેજ ચલાવતી રાધિકા ધામેચા પરિવારથી અલગ રાજકોટના રૈયા રોડ પર આવેલા તુલસી માર્કેટ સામે રહેતી હતી. તેણે આપઘાત કરતાં પહેલાં પિતાને ફોન કરીને કહ્યું હતું કે, ‘હું દુનિયા છોડીને જાઉં છું.’ તેના પિતા તેને કંઈ સમજાવી શકે તે પહેલાં જ તેણે આ પગલું ભરી લીધું હતું. ત્યાર બાદ પિતાએ ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરી તો રાધિકા મૃત હાલતમાં મળી આવી હતી. તેણે આપઘાત કરતાં પહેલાં પોતાના ઇન્સ્ટાગ્રામ પેજ પર ‘પન્ના પલટના હૈ યા કિતાબ બંધ કરની હૈ’ ડાયલોગ સાથે સ્ટેટ્સ મૂક્યું હતું.

પોલીસની તપાસમાં રાધિકાએ આપઘાત કેમ કર્યો તેનું કોઈ કારણ જાણવા મળ્યું નથી. તેની પાસેથી કોઈ સ્યુસાઇડ નોટ પણ મળી નથી. પોલીસે તેનો મોબાઈલ ફોન જમ કરીને એફએસએલમાં તપાસ માટે મોકલ્યો હતો. પોલીસને આશંકા છે કે, મોબાઈલ ફોનમાંથી રાધિકાના આપઘાતનું પાછળનું કારણ જાણી શકાય એમ છે. પોલીસે આપઘાતનો ગુનો દાખલ કરી રાધિકાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વેપાર ઉદ્યોગ સંગઠનો સાથે બેઠક કરી અંદાજપત્રનું વિશ્લેષણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રજૂ કરેલા અંદાજપત્રમાં નવા એક્સપ્રેસ-વે, ઈકોનોમી હબ સહિતની યોજનાઓ જાહેર કરી હતી. જેમાં રાજકોટના કન્વેનશન સેન્ટર પ્રોજેક્ટનો પણ સમાવેશ કરાયો હતો. આ માટે ૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. વેપાર ઉદ્યોગકારો સાથેની બેઠક બાદ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કન્વેનશન સેન્ટર પ્રોજેક્ટ માટે વધુ નાણાકીય જરૂર પડે તો તે આપવાની પણ તૈયારી બતાવી હતી.

ગુજરાત વિધાનસભામાં નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ બજેટ રજૂ કર્યું હતું. ત્યાર બાદ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજયના ટોચના વેપાર ઉદ્યોગ સંગઠનોના પ્રતિનિધિઓ સાથે બેઠક કરીને બજેટનું વિશ્લેષણ કર્યું હતું. આ બેઠકમાં રાજકોટ ચેમ્બર ઑફ કોમર્સ સહિત ગુજરાત ચેમ્બર, ભાવનગર, અમદાવાદ, જામનગર જેવાં સેન્ટરોના વેપાર ઉદ્યોગ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગકારોને ઔદ્યોગિક વિકાસ તથા વિવિધ યોજના અને ફાળવણી વિશે વાકેફ કર્યા હતા.

આ બેઠકમાં રાજકોટના કન્વેનશન સેન્ટર માટે ૫૦ કરોડની ફાળવણીનો ઉલ્લેખ કરી રાજકોટના પ્રતિનિધિઓએ નાણાં ઓછાં પડવાનો નિર્દેશ કરતાં મુખ્ય પ્રધાને વધુ નાણાં ફાળવવાનું આશ્વાસન આપ્યુ હતું. રાજકોટના કન્વેનશન સેન્ટર માટે હવે જમીન શોધવા કલેકટર તંત્રને સૂચના મળ્યે પ્રક્રિયા આગળ ધપશે.

રાજકોટના પ્રતિનિધિઓએ બેઠકમાં મુખ્ય પ્રધાન સમક્ષ અન્ય કેટલાક પ્રશ્નો પણ ઉપસ્થિત કર્યા હતા. રાજકોટ-અમદાવાદ સિકસલેન હાઈવે પ્રોજેક્ટ છે. વર્ષોથી પૂર્ણ થતા નથી. હાલ કુવાડવા પાસેના બ્રિજની મડાગાંઠથી કામ થઈ શકતું નથી. આ મુદ્દાનો ઉકેલ લાવીને પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવા માંગ કરી હતી. રાજકોટમાં એમએસએમઈ ભવન માટે જગ્યા ફાળવવા રજૂઆત કરી હતી. વેપાર ઉદ્યોગ સંગઠનોની સંકલન સમિતિ બનાવવા માંગ કરવામાં આવી હતી.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩માં દરરોજ છ મહિલા પર બળાત્કાર થયોઃ વિધાનસભામાં સરકારનો એકરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩માં દરરોજ બળાત્કારના સરેરાશ ૬ કેસ નોંધાયા હતા, જેમાં અમદાવાદ શહેરમાં દરેક દિવસે બળાત્કારનો ૧ કેસ નોંધાયો હતો, અમદાવાદની જમાલપુર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના અતારાંકિત પ્રશ્નના જવાબમાં સરકારે રજૂ કરેલા આંકડા દર્શાવે છે કે ૨૦૨૦-૨૧માં રાજ્યમાં બળાત્કારના ૨,૦૧૬ અને સામૂહિક બળાત્કારના ૨૭ કેસ નોંધાયા હતા. ૨૦૨૧-૨૨માં આ આંકડો વધીને અનુક્રમે ૨,૨૨૯ અને સામૂહિક બળાત્કારનો આંક ૩૨ થયો હતો. વર્ષ ૨૦૨૨-૨૩માં બળાત્કારના ૨,૨૦૯ કેસ અને સામૂહિક બળાત્કારના ૩૬ કેસ નોંધાયા હતા. સામૂહિક બળાત્કારના ૩૬ કેસોમાંથી ૨૨ સુરત, અમદાવાદ, જામનગર, બનાસકાંઠા અને મહેસાણામાં નોંધાયા હતા.

સરકારે જણાવ્યું હતું કે, બળાત્કારના કેસમાં નામ આપવામાં આવેલા ૧૯૪ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે. સંબંધિત પ્રશ્નના જવાબમાં, ગૃહ વિભાગે જણાવ્યું હતું કે ૬૭ આરોપીઓ છ મહિનાથી ફરાર છે, જ્યારે ૬૩ આરોપી છ મહિના કે એક વર્ષથી ફરાર છે અને ૬૪ આરોપી બે વર્ષ કે તેથી વધુ સમયથી ફરાર છે.

જોકે આ ૧૯૪ આરોપીનાં તેમનાં રહેઠાણો અને તેમના સંબંધીઓનાં ઘરો પર નજર રાખવામાં આવી રહી છે, અને તેમને પકડવા માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમના ફોનનું સર્વેલન્સ પણ કરવામાં આવે છે અને તેમનાં ઠેકાણાઓ ક્યાં છે તે શોધવા માટે કોલ રેકોર્ડની તપાસ કરવામાં આવે છે. બળાત્કારના લગભગ ૫૦ ટકા કેસોમાં મહિલાને લગ્નનું વચન આપવામાં આવ્યું હતું અને પછી તરછોડી દેવામાં આવી હતી, જ્યારે લગભગ ૧૫ ટકા કેસમાં ગુનાહિત રીતે બળપ્રયોગ કરવામાં આવ્યો હતો.

દુબઈની પ્રોપર્ટીમાં રોકાણ કરનારા ગુજરાતીઓ પર સકંજો કસાયોઃ ઈન્કમ ટૅક્સ વિભાગે નોટિસ ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દુબઈમાં ઓફશોર રિયલ એસ્ટેટ ધરાવતા ગુજરાતી કરદાતાઓ પર આવકવેરા વિભાગે કાર્યવાહી શરૂ કરી છે, ગુજરાત સ્થિત ઘણા રોકાણકારો કે જેમણે દુબઈમાં પ્રોપર્ટી ખરીદી છે તેમને આવકવેરા કાયદાની કલમ ૧૩૧(૧એ) હેઠળ નોટિસ અને સમન્સ મળવાનું શરૂ થઈ ગયું છે.

દુબઈમાં પ્રોપર્ટીની ખરીદી માટે નાણાંની ચુકવણી માટે સરળ પ્લાન અને ભાડાંની ઊંચી આવકના કારણે દુબઈ ભારતીય રોકાણકારોને આકર્ષિત કરી રહ્યું છે, જોકે સામે પક્ષે ઈન્કમ ટૅક્સ અધિકારીઓ પણ તેમનાં તમામ રોકાણની વિગતો માગી રહ્યા છે, જેમાં પ્રોપર્ટીની માલિકીની વિગતો, ફંડના સ્રોતો, ચુકવણીની વિગત અને ભૂતકાળની આવકના રેકોર્ડ્સ પણ માંગવામાં આવી રહ્યા છે. આ જ કારણે વિદેશમાં મિલકતો ધરાવતા લોકોની ચિંતા વધી છે.

કરદાતાઓને આપવામાં આવેલી નોટિસમાં તેમની મિલકતોને દસ્તાવેજી પુરાવાઓ સાથે પ્રમાણિત કરવી પડશે, જેમાં રસીદો અને સંબંધિત બૅન્ક ટ્રાન્ઝેક્શનની વિગતો આપવી પડશે. આવક વેરા વિભાગે મિલકતના માલિકનું નામ, વિદેશી મિલકતનું વિગતવાર સરનામું, ખરીદીની તારીખ, ખરીદીની કિંમત, મિલકત ખરીદી માટે વપરાયેલા ફંડના સ્રોતો અને દરેક હપ્તાની તારીખ, રકમ અને પદ્ધતિ સહિત ચુકવણીની પદ્ધતિની માહિતી માંગી છે. આવકવેરા વિભાગનાં સૂત્રએ જણાવ્યું હતું કે કરદાતાઓને તેમના પરિવારના સભ્યો, વ્યવસાયી સાહસો, ફર્મ અને એક્ટિવ અને બંધ બંને બૅન્ક ખાતાઓની વિગતો આપવા માટે કહેવામાં આવ્યું છે. તેઓએ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૪-૨૫ સુધીની તેમની આવકની વિગતો પણ રજૂ કરવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે મોટી સંખ્યામાં શ્રીમંત ગુજરાતીઓએ વિદેશી રિયલ એસ્ટેટમાં, ખાસ કરીને દુબઈમાં રોકાણ કર્યું છે. પાસપોર્ટની વિગતોના આધારે દુબઈમાં પ્રોપર્ટી ખરીદનારાઓને મોટા ભાગે નોટિસ મોકલવામાં આવી છે.

ગુજરાતના વિજિલન્સ વિભાગને સપ્ટેમ્બર ૨૦૨૪માં વિવિધ વિભાગોની ૭૭૦૯ ફરિયાદો મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિજિલન્સ વિભાગને મળતી ફરિયાદોના આંકડા જાહેર કરાયા હતા. જેમાં વિભાગને સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીમાં ૭,૭૦૯ જેટલી ફરિયાદો મળી હતી. આ ફરિયાદોમાં સૌથી વધુ શહેરી વિકાસ વિભાગની ૨૨૪૭ જેટલી ફરિયાદો હતી. જ્યારે મહેસૂલ વિભાગની ૧ હજાર ૧૭ ફરિયાદો મળી હતી.

ગુજરાતમાં વિજિલન્સ વિભાગે સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં મળેલી ફરિયાદોના આંકડા જાહેર કર્યા હતા. આ આંકડાઓ મુજબ સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીમાં વિભાગને કુલ ૭,૭૦૯ જેટલી ફરિયાદો મળી હતી. જેમાં સૌથી વધુ શહેરી વિકાસ વિભાગની ૨૨૪૭ જેટલી ફરિયાદો મળી હતી. જ્યારે મહેસૂલ વિભાગની ૧ હજાર ૧૭ ફરિયાદો મળી હતી. ગૃહ વિભાગની ૮૩૯ ફરિયાદો મળી હતી. જ્યારે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની ૮૩૯ ફરિયાદ મળી હતી.

વિજિલન્સ વિભાગે શહેરી વિકાસ વિભાગની સૌથી વધુ ફરિયાદો મળતાં તેની સામે વધુ સઘન કાર્યવાહી કરવાનું સૂચન કર્યું હતું.

વિભાગોને પૂર્ણ સમયના તકેદારી અધિકારી નિમણૂંક કરવા, ફરિયાદો માટે અલગ તાંત્રિક એકમ ઊભું કરવા સૂચન કર્યું હતું. પ્રથમ ક્રમે કાયદા, નિયમો અને કાર્યપદ્ધતિ અંગે સૌથી વધુ ફરિયાદો મળી હતી. જ્યારે, બીજા ક્રમે વહીવટી અનિયમિતતાની, ત્રીજા ક્રમે ટેન્ડર અને ખરીદી પ્રક્રિયામાં અનિયમિતતાની અને ચોથા ક્રમે નાણાકીય અનિયમિતતાની ફરિયાદો મળી હતી.

ગુજરાતના ટેટ-ટાટ પાસ ઉમેદવારોએ ૨૪ ફેબ્રુ.એ ગાંધીનગરમાં આંદોલનની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઘણા સમયથી ટેટ અને ટાટ પાસ ઉમેદવારો પોતાની માગણીઓ મુદ્દે આંદોલન કરી રહ્યા છે. આ ઉમેદવારોએ સાત પ્રશ્નોની માગ સાથે આગામી ૨૪ ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી આ આંદોલનમાં વધુ ઉમેદવારોને જોડાવા અપીલ કરાઈ રહી છે.

ગુજરાતમાં બે વર્ષથી ધીમી ગતિએ ચાલી રહેલી શિક્ષકોની ભરતી પ્રક્રિયા ઝડપથી થાય તે માટે ટેટ અને ટાટ પાસ ઉમેદવારો સરકારને આંદોલન કરીને રજૂઆત કરશે. આ માટે સોમવારે સમગ્ર રાજ્યના ઉ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

આરે-બીકેસી મેટ્રોને પ્રવાસીઓનો મોળો પ્રતિસાદ

મેટ્રો-૩ રૂટ પર દરરોજ ચાર લાખ મુસાફરીની અપેક્ષા સામે ૨૦ હજાર પ્રવાસીઓ જ પ્રવાસ કરે છેઃ ચાર મહિનામાં માત્ર ૨૬ લાખ પ્રવાસીએ જ લાભ લીધો

મુંબઈઃ કોલાબા-બાંદ્રા-સીપ્ઝ મેટ્રો-૩ રૂટ પર આરે-બીકેસી રૂટ પર દરરોજ ચાર લાખ મુસાફરો મુસાફરી કરશે એવી અપેક્ષા સેવાતી હતી, પણ અહીં વાસ્તવમાં પ્રતિદિન ૨૦ હજાર પ્રવાસી જ મુસાફરી કરી રહ્યા હોવાથી પ્રવાસીઓનો પ્રતિસાદ ઓછો સાંપડી રહ્યો છે. ૭મી ઓક્ટોબર, ૨૦૨૪થી ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધીના ચાર મહિનામાં ૨૬.૬૩ લાખ પ્રવાસીઓ મુસાફરી કરી હતી. પ્રવાસીઓની આ સંખ્યા ખૂબ જ હોઈ એમએમઆરસી સામે પ્રવાસીઓ વધારવા માટે એક મોટો પડકાર ઊભો થયો છે.

એમએમઆરસી કોલાબા-બાંદ્રા-સીપ્ઝ અંડરગ્રાઉન્ડ મેટ્રો-૩ રૂટ પર કામ કરી રહ્યું છે. આ રૂટ પર આરે-બીકેસી વચ્ચેનો ૧૨.૬૯ કિ.મી. લાંબો પટ્ટો ઓક્ટોબર, ૨૦૨૪માં શરૂ કરવામાં આવ્યો હતો. આમ, મુંબઈગરાઓનું ભૂગર્ભમાં મેટ્રોમાં પ્રવાસ કરવાનું સપનું પૂરું થયું હતું. આ મુંબઈની પહેલી ભૂગર્ભ મેટ્રો ટ્રેન છે અને સુપરફાસ્ટ પ્રવાસની શક્યતાને કારણે મુંબઈગરાનો ઉત્તમ પ્રતિસાદ સાંપડવાની અપેક્ષા હતી. અહીં દરરોજ ચાર લાખ મુસાફરો પ્રવાસ કરે એવી શક્યતા હતી, પણ ચાર મહિના પછી દૈનિક પ્રવાસીઓની સંખ્યા માંડ સરેરાશ ૨૦ હજાર પર પહોંચી છે.

એમએમઆરસીએ તેના એક્સ સોશિયલ મીડિયા પર ઉક્ત માહિતી શેર કરી હતી અને અત્યાર સુધી ચાર મહિનામાં ૨૬.૬૩ લાખ પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હોવાની માહિતી આપી હતી.

દરમિયાન ચાર મહિનાના સમયગાળામાં આરે-બીકેસી રૂટ પર કુલ ૨૯૧૬૨ ટ્રિપ કરવામાં આવી હતી. ચાર મહિના પછી પણ પ્રવાસીઓની સંખ્યામાં વધારો થતો ન હોવાને કારણે એમએમઆરસી માટે ચિંતાનો વિષય બની ગયો છે. જોકે એમએમઆરસીને એવો વિશ્વાસ છે કે આખી લાઈનનું કામ પૂરું થયા બાદ પ્રવાસીઓની સંખ્યામાં ચોક્કસ વધારો થશે.

આથી જ એમએમઆરસીએ ફેઝ ટુ-એ, બીકેસી-આચાર્ય અત્રે ચોકને શક્ય એટલી વહેલી તકે સેવામાં મૂકવા માટે કામ ઝડપી બનાવ્યું છે. આ તબક્કો માર્ચના અંત સુધીમાં કાર્યરત થવાની શક્યતા છે. ■

સંસ્થા સમાચાર

ધીરગુરુદેવના સાંનિધ્યે ઓમાનવાલા જૈન ભોજનાલયના દશાબ્દી વર્ષે સ્નેહમિલન

રાજકોટમાં ૨૧ જાગનાથ પ્લોટ ખાતે સ્વ. નાગરદાસ મનજી શાહ વર્ધમાન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ૧૯૮૪થી જૈનોના ચારેય ફિરકા અને જરૂરિયાતમંદો માટે માત્ર ૬૦ રૂપિયામાં બે ટાઈમ ભોજન જયાબેન નાગરદાસ શાહ - જૈન ભોજનાલયમાં આપવામાં આવે છે.

પૂ. શ્રી ધીરગુરુદેવની અસીમકૃપાથી ૧૦ વર્ષ પૂર્વે ઓમાનવાલા પરિવારના ભામાશા રમણિકભાઈ, રમેશભાઈ, નવીનભાઈ શાહે લાખોના ખર્ચે નૂતનીકરણ કરાવેલ. તેમ જ રસિકલાલ એમ. ધારીવાલ ટિફિન યોજનાનો પ્રારંભ કરાયો હતો.

તા. ૨૩ને રવિવારે સવારે ૧૦-૦૦ કલાકે પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં ડૉ. સી.જે. દેસાઈ મહાવીર ભવન (માલવીયા ચોક)માં દશાબ્દી વર્ષ સ્નેહમિલન મનેશભાઈ માદેકા, ડૉ. દર્શિતા શાહ, મહેન્દ્ર વી. વોરા, જગદીશભાઈ ભીમાણી, ઈન્દુભાઈ બદાણીના અતિથિપદે રાખેલ છે. સમારોહ મધ્યે છેલ્લા ૧૦ વર્ષથી કાર્યરત શ્રી શશીકાંતભાઈ આર. વોરાનું સન્માન કરવામાં આવશે.

દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

દર્દીઓના નામ	ઉંમર	ખર્ચ (રૂ.)
૧) જમીલા ખાતુન	૬૬	૮૦,૦૦૦
૨) જંગબહાદુર સિંહ	૪૭	૨૦,૦૦૦
૩) જહીરૂદ્દીન એસ કે	૫૨	૫૦,૦૦૦
૪) જાહરાના ખાતુન	૩૩	૧,૦૦,૦૦૦
૫) જહાંનારા બીબી મોન્ડલ	૪૭	૪૦,૦૦૦
૬) જગન્નાથ મંડળ	૬૩	૭૦,૦૦૦
૭) જેબુનનેસ બીબી	૩૩	૧૯,૦૦,૦૦૦
૮) જહાસાકેતન સુસારી	૨૯	૪,૫૦,૦૦૦
૯) જયશ્રી વિજયકુમાર ખમકારી	૫૦	૨૫,૦૦૦
૧૦) જરણા સમાનતા	૪૩	૧,૩૦,૦૦૦
૧૧) જોરીનાં બેગમ	૪૩	૧,૫૦,૦૦૦
૧૨) ઠારના બીબી	૫૩	૧,૦૦,૦૦૦
૧૩) જ્યોતિ દેવી	૪૯	૨૫,૦૦૦
૧૪) જિઅબુર એસ કે	૨૧	૨૫,૦૦૦
૧૫) કોમળ દેવી	૮૫	૧,૫૦,૦૦૦
નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.		
૧૬) જુબીડાં અબ્દુલ	૫૦	૫,૪૦,૦૦૦
૧૭) જીવિકા માણિકલાલ આદકિટ્ટે	૫	૩,૫૦,૦૦૦
નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ હોલી સ્પિરિટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.		
૧૮) જયેશ શાહ	૬૫	૧,૨૯,૦૦૦
નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ કેઈએમ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.		
૧૯) જિયાંશી ઓનકાર થાવારે	૨	૬,૦૦,૦૦૦
નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.		
૨૦) જમીન ઈઝરાઈલ	૩૮	૧,૫૦,૦૦૦

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

ઈંટભઠ્ઠી પર બળજબરીથી મજૂરી કરાવનારા ગુજરાતી વિરુદ્ધ ગુનો

પાલઘરઃ ઈંટભઠ્ઠી પર મજૂરોને બંધક બનાવી રાખી બળજબરીથી મજૂરી કરાવવા બદલ ગુજરાતના રહેવાસી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હોવાની ઘટના પાલઘર જિલ્લામાં બની હતી.

આ પ્રકરણે પાલઘર પોલીસે ઈંટભઠ્ઠીના માલિક આરોપી જિજ્ઞેશભાઈ ભગવાનભાઈ પ્રજાપતિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને એસસીએસટી ઍક્ટ તેમ જ બોન્ડેડ લેબર સિસ્ટમ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ વાડાખડકોના-ગુરવપાડા ગામના રહેવાસીઓના જૂથને નવેમ્બર, ૨૦૨૪થી ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન મજૂરી કરવાની ફરજ પડાઈ હતી. ગામવાસીઓએ આક્ષેપ કર્યા હતા કે તેમનું ઘણું શોષણ કરવામાં આવતું હતું. આરોપી મજૂરોને તેમના ખેતરમાં કામ કરવા છોડાતા નહોતા અને તેમના પરિવારજનોને પણ મળવા દેવાતા નહોતા.

ગામવાસીઓએ દાવો કર્યો હતો કે પ્રજાપતિ તેના ગામડામાં પણ તેમને લઈ જતો હતો. વાહનમાં ઠાંસી ઠાંસીને ભરીને ગામવાસીઓને સુરતની સાઈટ પર કામ કરવા લઈ જવાયા હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ ગામવાસીઓ ઈંટની ભઠ્ઠીની સાઈટ પરથી છટકી જવામાં સફળ થયા હતા અને એક બિનસરકારી સંસ્થાની મદદ માગી હતી. (પીટીઆઈ) ■

ગોંદિયામાં ગેરરીતિ આચરનાર ત્રણ વન અધિકારી સસ્પેન્ડ

ગોંદિયાઃ ગોંદિયા જિલ્લાના તિરોડા તાલુકામાં વન વિભાગના ત્રણ અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેઓએ જંગલમાં જંગલી સુવર દ્વારા એક વ્યક્તિની હત્યા કરાઇ હોવાનો ખોટો રેકોર્ડ બનાવ્યો હતો. આ સિવાય અન્ય અધિકારીઓ પણ તપાસ હેઠળ આવ્યા છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું,

સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓની ઓળખ તિરોડ ફોરેસ્ટ રેન્જના અધિકારી આર. જી. મૂન તથા આસિસ્ટન્ટ ફોરેસ્ટ રેન્જના અધિકારીઓ શૈલેન્દ્ર પારધી અને અબ્દુલ શકીલ અબ્દુલ દુરાની તરીકે કરાઇ હતી. તિરોડા તાલુકાના વન વિસ્તારમાં ગત ચોમાસામાં ઉક્ત અધિકારીઓની નિગરાનીમાં છોડવા રોપણનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.

ગેરરીતિની મળેલી ફરિયાદને આધારે વન વિભાગ દ્વારા વિભાગીય તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

તપાસ દરમિયાન ત્રણ અધિકારીઓએ ગેરરીતિ આચરી હોવાનું જાણવા મળ્યું હતું. તેઓએ સોનેગાંવ ગામમાં જંગલી સુવર દ્વારા કરાયેલા હુમલામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હોવાનો ખોટો રેકોર્ડ બનાવ્યો હતો અને સરકારી ફંડ મેળવ્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું.

તપાસમાં જાણવા મળ્યું હતું કે હકીકતમાં સંબંધિત વ્યક્તિનું મોત વૃક્ષ પરથી પડી જવાને કારણે થયું હતું. ત્યાર બાદ ઉક્ત ત્રણેય અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ■

ગામ ગુલાબનું...

સુખનો હોય કે હોય પ્રસંગ દુઃખનો અહીં અપાય છે ગુલાબ

મુંબઈઃ પ્રસંગ આનંદનો હોય કે પછી દુઃખનો, ગુલાબના ફૂલનો ઉપયોગ બન્ને જગ્યાએ થતો હોય છે. આ ગુલાબને કારણે મહારાષ્ટ્રના એક ગામે અનોખી ઓળખ નિર્માણ કરી છે. જાણીતા હિલ સ્ટેશન મહાબળેશ્વરના એક ગામે ગુલાબનું ગામ એવી નામના મેળવી છે.

સાતારા જિલ્લાના પારપાર ગામ મહાબળેશ્વર તાલુકાનું ઐતિહાસિક સ્થળ છે. હવે આ ગામને ગુલાબનું ગામ તરીકે ઓળખવામાં આવે છે. ગામમાં દોઢ હજાર ગુલાબના છોડ વાવવામાં આવ્યા છે. તેથી ગામની સુંદરતામાં વધારો થશે અને પર્યટકોને આકર્ષવામાં પણ મદદ મળશે,

મહારાષ્ટ્રનું પ્રથમ મધનું ગામ

મહાબળેશ્વરનું માંધર ગામ મધનું ઉત્પાદક તરીકે ઓળખાશે. રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ મંડળ તરફથી મંધાર ગામમાં મધ ઉત્પાદનનો ઉપક્રમ હાથ ધરાયો છે. અહીંના ૮૦ ટકા પરિવાર મધમાખી પાલનનો વ્યવસાય કરે છે.

સાતારા જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી યાશની નાગરાજને આ અંગેનો વિચાર વ્યક્ત કર્યો હતો અને પારપાર ગામની પંચાયતે તેનો સ્વીકાર કર્યો હતો. ■

હત્યા કેસમાં નેપાળી સિક્યોરિટી ગાર્ડને જનમટીપ

થાણેઃ થાણેની સેશન્સ કોર્ટે નેપાળના રહેવાસી ૪૮ વર્ષીય સિક્યોરિટી ગાર્ડને ૨૦૨૧માં તેના એક સંબંધીની હત્યા પ્રકરણે જનમટીપની સજા સંભળાવી હતી.

સુનાવણી દરમિયાન કોર્ટે આરોપી ઇંદ્રામોહન ભારમલ બુધાને જનમટીપની સજા સાથે ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. આરોપી અને પીડિત વ્યક્તિ બન્ને નેપાળના એક ગામના રહેવાસી હોવાનું તપાસકર્તા પક્ષે જણાવ્યું હતું. કોર્ટના ચુકાદાની નકલ બુધવારે પ્રાપ્ત થઇ હતી.

દંડની રકમ પીડિચ પદમ બહાદૂર થકુલા (૪૫)ની વિધવા પત્નીને આપવાનો આદેશ કોર્ટે આપ્યો હતો. થકુલા અને બુધા બન્ને સંબંધી હતી અને પીડિત પણ સિક્યોરિટી ગાર્ડ તરીકે કાર્યરત હતો, એમ સરકારી વકીલે જણાવ્યું હતું. ■

સિંધુદૂર્ગમાં બે પર્યટક દરિયામાં ડૂબ્યા, એક બચ્યો

મુંબઈઃ મહારાષ્ટ્રના સિંધુદૂર્ગ જિલ્લામાં આવેલા એક બીચમાં શનિવારે નહાવા પડેલા અમુક પર્યટકોમાંથી બે પર્યટકો ડૂબી ગયા હતા, જ્યારે એકને બચાવી લેવાયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. માલવણના તારકર્લી બીચ પર આ ઘટના બની હતી જ્યારે પુણેના પાંચ પર્યટકો બપોરે દરિયામાં નહાવા પડ્યા હતા. નહાતી વખતે દૂર સુધી નીકળી જવાથી ત્રણ જણ ડૂબવા લાગ્યા હતા. સ્થાનિકો દ્વારા તેમાંથી એકને બચાવી લેવામાં સફળતા મળી હતી, એમ પોલીસે જણાવ્યું હતું,

મૃતકોની ઓળખ શુભમ સુશીલ સોનાવણે અને રોહિત બાલાસાહેબ કોલી તરીકે કરાઇ હતી. તેમના મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે મોકલી લેવામાં આવ્યા હતા.

બચાવી લેવાયેલી વ્યક્તિની હાલત હાલમાં ગંભીર છે અને હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. ■

જૈન મરણ

મચ્છુકાંઠ વિશા શ્રીમાળી મંડળ જૈન

મોરબી હાલ બોરીવલી, સ્વ.શાંતિલાલ રાજપાળ મહેતાના પુત્ર અશોકભાઈ (ઉં. વ. ૭૭) તે સ્વ.વીણાબેનના પતિ. પામીર, ભાવિનના પિતા. અ.સૌ.પાયલ, અ.સૌ.તેજલના સસરા. સ્વ.શશીકાંતભાઈ, દિલીપભાઈ, સ્વ.શારદાબેન શરદભાઈ મહેતા, સ્વ.રશ્મિબેન દેવાંગભાઈ પાદરકર, સ્વ.જીતેન્દ્રભાઈના ભાઈ. સ્વ.જયંતીલાલ ત્રિભુવનદાસ શાહના જમાઈ. તા.૨૨/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ઘોઘારી વીશાશ્રીમાળી જૈન

ધારગણી હાલ બોરીવલી, સૌભાગ્યચંદ અભેચંદ વડાલીયાના પુત્ર જશવંતરાય (ઉં. વ. ૮૦) શુક્રવાર તા ૨૧.૨.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ, હેમંત, મેહુલ, પારૂલબેનના પિતાશ્રી. સ્વ.રસીકભાઈ, સ્વ.વંસતબેન અમૃતલાલ દોશી, મધુબેન ક્રીરીટકુમાર, સરોજબેન ભરતકુમાર દોશીના ભાઈ. પિયરપક્ષ સ્વ.નાથાલાલ માણેકચંદ લાખાણી ખાંભાવાળાના જમાઈ. ડી ૬૬ વ્યોમેશ મંડપેશ્વર રોડ બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

વિશા શ્રીમાળી ઝાલાવાડી દેરાવાસી જૈન

મૂળ ધંધુકા હાલ બેંગ્લોર, વિજયભાઈ અમૃતલાલ છગનલાલ શાહ (ઉં. વ. ૬૬) તે સ્વ.ભારતીબેનના પતિ. શોભિતના પિતાશ્રી, અ.સૌ.હેનલના સસરા. સરયુબેન બિપીનભાઇ સંઘવી, સંગીતાબેન દિપકભાઈ શેઠના ભાઈ. સાસરીપક્ષે વિજયભાઈ શાહ, જિતેશભાઈ શાહ, હર્ષદભાઈ શાહ, ધર્મેશભાઈ શાહ (હાલ-નંદુરબાર) હેમાબેન નીતિનભાઈ દોશી, કલ્પનાબેન અતુલભાઈ, પારૂલબેન સંજયભાઈના બનેવી. શુક્રવાર તા.૧૪/૦૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષે પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન

કોટડી મહા.ના માવજી કાનજી પાસડ (ઉં. વ. ૯૫) તા. ૨૧.૨ ના અવસાન પામેલ છે. માતુશ્રી દેવાબાઈ કાનજી ધારશીના પુત્ર. કેશરબાઈના પતિ. લક્ષ્મીચંદ, લહેરચંદ, ભરત, હીતેન, લતા, જ્યોતિ, સં.પ.પૂ. શ્રી પુણ્યનિધીશ્રીજી મ. સા ના પિતા. દેવપુર પાનબાઈ ટોકરશી વેરશી હરીયાના જમાઈ. પ્રાર્થના-યોગી સભાગૃહ, દાદર. સમય-૩થી ૪.૧૫.

ડુમરાના રતનબેન દેવજી હરિઆ (ઉં. વ. ૮૫) તા. ૨૧/૨/૨૫ના અવસાન પામેલ છે. દેવજી કરમશીના પત્ની. ખીમજી, લીલાવંતી, દમયંતી, ગુણવંતી, ધનવંતી, કાન્તા, નવીનના માતાજી. કોકલીયાના વેલબાઇ આસુની પુત્રી. હીરજી, હીરબાઇ, મુલબાઇ, દેવાબાઇ, બાયાબાઇ, ગંગાબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન, ચક્ષુદાન કરેલ છે. ઠે. ધનવંતી મહેંદ્ર, એ/૨૦૩, કમરોલ સોસાયટી, ડી.એન.સી. રોડ, ડોંબિવલી (ઇ.).

હાલાપુર ના શ્રી વીરજી માડૂ (ઉં. વ. ૯૮) તા. ૨૦-૨-૨૫ ના અવસાન પામેલ છે. સુંદરબાઈ ખીમજી વેલજીના પુત્ર. વિજયાબેન / મઠાંબાઈના પતિ. ધીરજ, સુરેશ, પરેશ, દિલેશ, પંકજ, ભારતી, હિનાના પિતા. મગનલાલ, કોટડા રોહા બાંઈયાબાઈ હેમરાજના ભાઈ. વિઢ રતનબેન દામજી ગોસર, હાલાપુર પાનબાઈ ભારમલ ગોસરના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. શ્રી કરસન લધુ નિસર હોલ, ૧લે માળે, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

કોડાયના કલ્યાણજી ઉમરશી શાહ (નાગડા) (ઉં. વ. ૯૩) તા. ૨૧-૨-૨૫ના દેહપરિવર્તન કરેલ છે. ધનબાઈ ઉમરશી મેઘરાજના પુત્ર. કસ્તુરબેનના પતિ. રસીક, પરેશ, સંદીપ, હસ્મિતાના પિતા. શામજી, નવીનચંદ્ર, વસંત, ના.આસંબિયા લક્ષ્મીબેન દામજી, નાગલપુર મણીબેન (મંજુલા) ભોગીલાલ, તલવાણા રસીલાબેન તલકચંદ, ના.ભાડિયા દેવકાંબેન ગાંગજીના ભાઈ. નાગલપુર હીરબાઈ રામજી મોણશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ.કે.કે.શાહ, સર્વોદય ટ્રસ્ટ બિલ્ડીંગ, ગોખલે રોડ (સાઉથ),દાદર (વે), મું- ૨૮.

વડાલાના કાનજી શેઠીયા (ઉં. વ. ૮૪) તા. ૨૦/૦૨/૨૫ ના અવસાન પામેલ છે. સ્વ. ભાણબાઇ લધુ નરશી શેઠીયાના પુત્ર. સ્વ. લીલાવંતીના પતિ. હિતેશ, દિપેન, નીતલના પિતા. સ્વ. કુંવરજી, સ્વ. શામજી, સ્વ. લખમશી, સ્વ. ભવાનજી, છસરાના સ્વ.મમીબાઇ ભીમશી, કુંદરોડીના સ્વ. નાનબાઇ વીરજી, વડાલાના સાકરબેન ખીમજી, લુણીના સ્વ. મંજુલાબેન ધનજીના ભાઇ. બારોઇના સ્વ. લક્ષ્મીબેન મોરારજી કેનીયાના જમાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. દિપેન શેઢિયા, બી-૫૪ કેસરી, ભવિષ્ય નિધિની સામે, ચારકોપ-કાંદિવલી (પ.).

ગેલડાના નાનજી પ્રેમજી ગાલા (ઉં. વ. ૮૩) તા. ૨૧/૨/૨૫નાં અવસાન પામેલ છે. માતુશ્રી કુંવરબેન પ્રેમજી કેશવજીના પુત્ર. સ્વ. મંજુલાના પતિ. જીગ્ના, નેહલ, સ્વ. મનીષના પિતાજી. સ્વ. નાગજી, સ્વ. મોરારજી, વસનજીના ભાઇ. ગુંદાલાના સ્વ. કેસરબેન, સ્વ. ઝવેરબેન નાનજી જીવરાજ સતરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નાનજી પ્રેમજી ગાલા, સી/૩૦૧, પાર્શ્વકુંજ, મથુરાદાસ રોડ, કાંદીવલી (વે.) મું. ૬૭.

ભોજાયના ભાવના મનીષ પાસડ (ઉ.વ.૫૩) તા. ૨૧-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ઉષાબેન રમેશના પુત્રવધુ. મનીષના પત્ની. કો. રોહા ખેતબાઈ પ્રેમજી જેવત વિકમાણીની દિકરી. મંજુલા, યોગેશ, અનિલની બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રમેશ પાસડ, ૫૦૨, કૃપા સોસાયટી, મ્યુનીસીપલ સ્કુલની સામે, જી. વી. સ્કીમ રોડ નં. ૨, મુલુંડ (ઈ.).

નાગલપુરના માતુશ્રી સાકરબેન લાલજી દેઢીયા (ઉં. વ. ૭૮) તા. ૧૯.૦૨.૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી હીરબાઈ વીરજી નાગપારના પુત્રવધૂ. સ્વ. લાલજીના ધર્મપત્ની. હસમુખ, રાજેશ, સ્વ.ચેતનાના માતુશ્રી. રામણીયાના માતુશ્રી ગંગાબાઇ મુરજી રાંભિયાના પુત્રી. કાંતિલાલ, કલ્યાણજી, મોટા આસંબીયાના ભાનુબેન મોરારજી, મેરાવાના જવેરબેન કાંતિલાલ, તલવાણાના નિર્મળા કાંતિલાલ, લાખાપુરના સુશીલા વસનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : રાજેશ દેઢીયા, હોલમાર્ક પાર્ક, ગ્રાઉન્ડ ફ્લોર, બી/૦૦૨ ફાધરવાડી, ગોખીવરે, વસઇ-પૂર્વ- ૪૦૧૨૦૮.

ડોણના જયંત કલ્યાણજી વીરા (ઉં. વ. ૬૪) તા. ૨૦/૨/૨૫ના દેશમાં અવસાન પામેલ છે. કસ્તુરબેન કલ્યાણજીના પુત્ર. ભારતીના પતિ. ડૉ. હેમંતના પિતા. યોગેશ, નલિનના ભાઈ. બિદડાના જયાબેન મુલચંદ નાગજીના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. કરશન લધુ નીસર હોલ, દાદર (વે), ટા. ૪.૦૦ થી ૫.૩૦.

ડેપાના દેવચંદ વશનજી સાવલા (ઉં. વ. ૭૩) તા. ૨૧/૨/૨૫ ના અવસાન પામેલ છે. હીરબાઈ વસનજીના પુત્ર. ગુણવંતીના પતિ. દિપ્તી, પ્રિતેશના પિતા. જવેર, પ્રવિણ, દિલીપ, કેવલના ભાઈ. હીરાવંતી વલ્લભજીના જમાઈ. પ્રા. કુરાર અ.ગ. જૈન સંઘ ઉપાશ્રય, સાકેત, ગ્રાઉન્ડ ફ્લોર, કુરાર વિલેજ, મલાડ (ઈ). ટા. ૩ થી ૪:૩૦.

દેવપુરના પુરબાઇ પોપટલાલ મોતીભાઇ ગાલા (ઉં. વ. ૯૦) તા. ૨૦/૨ના અવસાન પામેલ છે. સ્વ. માલબાઇ / વેલબાઇ મોતીભાઇના પુત્રવધૂ. સ્વ. પોપટલાલના પત્ની. સ્વ. દીપક, પ્રદીપ, નીતીન, સ્વ. ધનવંતી (ભારતી)ના માતુશ્રી. ચીઆસરના જેતબાઇ ભાણજી કુંવરજી માડૂની સુપુત્રી. શેરડીના મોંઘીબાઇ ધનજી, ડુમરાના ગોરબાઇ વસનજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નીતિન શાહ, બી /૧૫ પ્રિયદર્શની કો.ઓપ. હાઉસીંગ સોસાયટી, અયોધ્યા નગરીની બાજુ માં, માનપાડા રોડ, ડોંબિવલી (ઇસ્ટ).

નાગલપુર હાલે રાયણના દમયંતી (બચુબાઇ) લક્ષ્મીચંદ સાવલા (ઉં. વ. ૮૭) તા. ૧૬/૨/૨૫ના અરિહંત શરણ પામ્યા છે. લક્ષ્મીચંદના ધર્મપત્ની. હીરબાઇ વેલજી વજપારના પુત્રવધુ. વૈભવ, પ્રીતિના માતુશ્રી. રાયણ ગોમીબાઇ કાનજી (જખુ)ની પુત્રી. ડોણ રાજબાઇ લાલજી, નાગલપુર રસીક (તારા) મંગલ (હિતેન્દ્ર), બિદડાના તરૂલતા દામજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વૈભવ સાવલા, ૨ કહાનસદન નાડકો નવનીત નગર, રાયણ મોટી-૩૭૦૪૬૫.

દશા શ્રીમાળી સ્થા.જૈન

ભોકરવા નિવાસી હાલ થાણા, દેવકુંવરબેન વનમાળીદાસ લાખાણીના સુપુત્ર મોહનલાલ (ઉં. વ. ૮૬)તે જ્યોત્સનાબેનના પતિ. મીના, રેખા, નીલેશના પિતાશ્રી. કમલેશભાઈ, રાજીવભાઈ, અ.સૌ. ક્રિનાબેનના સસરાજી, મંગળાબેન મોરારજીભાઈ ઘાટલીયા, માણેકચંદભાઈ, ગોકળભાઈ, જવેરચંદભાઈ, ગીરધરભાઈના ભાઈ. કેશવલાલ વાઘજી ઠોસાણીના જમાઈ, તા. ૨૧-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ત્થા લૌકિક વ્યવહાર બંધ છે.

હિન્દુ મરણ

ગામ ફેણાયના વતની હાલ સાંતાક્રુઝ સ્વ. શીલાબેન મોહનભાઇ સોલંકી (ઉં. વ. ૬૫) દેવલોક પામ્યા છે. તેમની સુતક વિધિ તા. ૨૪-૨-૨૫ના સોમવાર સાંજે ૪થી ૬. ઠે. રૂમ નંબર ૪૭૪, ગાંવદેવી ઇન્દ્રા નગર, વાકોલા પાઇપલાઇન, ગાવદેવી પોલીસ સ્ટેશન સામે, હનુમાન મંદિર, સાંતાક્રુઝ (પૂર્વ).

સ્વ. હરિરામ ત્રિકમદાસ પોપટ અને સ્વ. કાંતાબેન હરિરામ પોપટ કચ્છ ગામ મથલ હાલ પુના નિવાસીના પુત્ર. તે હર્ષિદાબેનના પતિ દિનેશભાઇ પોપટ (ઉં. વ. ૫૪) શનિવાર તા. ૨૨-૨-૨૫ના પુના મુકામે રામશરણ પામેલ છે. ધૈર્ય, પુષ્કરના પિતા. સ્વ. હરિશ્ચંદ્રભાઇ (રાજુભાઇ), સ્વ. ગુણવંતીબેન દેવેન્દ્રભાઇ મેઠીયા, કલાવતીબેન ચંદ્રકાન્ત દાવડા, પ્રેમીલાબેન વિનોદ ચંદે, મહાલક્ષ્મીબેન (પૂજાબેન) ધીરજભાઇ માનસતાના ભાઇ. ગં. સ્વ. મંજુલાબેન હરીશચંદ્ર પોપટના દિયર. સ્વ. ત્રિવેણીબેન જયંતીલાલ ઠક્કરના જમાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૩-૨-૨૫ના પથી ૬. ઠે.૧૨૧૨ ભવાની પેઠ, વિઠ્ઠલ મંદિર, પાલખી વિઠોબા ચોકમાં.

નાવેર દશા મોઢ માંડલીયા વણિક

મૂળ ગામ ઊના હાલ ઘાટકોપર મનસુખલાલ ગાંધી સ્વ. જેકોરબેન ભાઇચંદ ગાંધીના પુત્ર. તે ગં. સ્વ. નલિનીબેનના પતિ. સ્વ. ચંદુલાલભાઇ, બાબુભાઇ, સ્વ. ચંપાબેનના ભાઇ. સ્વ. વસંતીબેન શાંતિલાલ મહેતાના જમાઇ શનિવાર, તા. ૨૨-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

ક્રોળી પટેલ

ગામ ધમડાછા હાલ વિરાર, ભગવાનદાસ પટેલ (ઉં. વ. ૭૫) ગુરૂવાર તા.૨૦/૦૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.ભીખીબેન મંગાભાઈના સુપુત્ર. સ્વ.ક્રશીબેન કિશનભાઇના જમાઈ. રમાબેનના પતિ. સોનલ, ચેતન, સંદીપના પિતાશ્રી. અનિલ, હેમાલી, બિજલના સસરા. . સ્વ. રવિન્દ્રભાઈ, અરુણા, દિનેશ, મીનાક્ષીના મોટાભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા.૨૪/૦૨/૨૫ના ૨ થી ૫. પુષ્પાંજ

ઍર ઇન્ડિયા કે શૉમ ઇન્ડિયા?

કેન્દ્રીય પ્રધાન શિવરાજ ચૌહાણને જ ફાળવી તૂટેલી સીટ

ચૌહાણની ફટકાર પછી ઍરલાઇન્સે માફી માગીઃ તપાસનો આદેશ

મુંબઈઃ તૂટેલી અને દબાયેલી ઊંડી ઊતરી ગયેલી સીટ ફાળવવા બદલ કેન્દ્રીય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે ગઇ કાલે ટાટા જૂથની માલિકીની ઍર ઇન્ડિયાની આકરી ઝાટકણી કાઢી હતી. આના પગલે કેન્દ્રીય કે. રામમોહન નાયડુએ ઍરલાઇન્સને 'જરૂરી પગલાં' લેવાની સૂચના આપી હતી.

ઍર ઇન્ડિયાએ તરત માફી માગી હતી અને સંપૂર્ણ તપાસનો આદેશ આપ્યો હતો. જ્યારે ડીજીસીએ (ડિરકટોરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન)એ ઍરલાઇન પાસેથી અહેવાલ માગ્યો છે.

કેન્દ્રીય કૃષિપ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે શનિવારે ટાટા ગ્રુપની માલિકીની એર ઈન્ડિયાની તેમને તૂટેલી સીટ ફાળવવા બદલ ટીકા કરી હતી. તેમની આ સેવા બદલ તેમણે કંપનીને અનૈતિક કહી હતી. જેમાં એરલાઈન મુસાફરો પાસેથી પૂરું ભાડું વસૂલે છે પણ પછી તેમને ખામીયુક્ત સીટ પર બેસાડે છે.

ચૌહાણે પોતાનો અનુભવ એક્સ પર શેર કર્યો હતો. જોકે એરઈન્ડિયાએ અસુવિધા માટે માફી માગી હતી અને પછી તપાસનો આદેશ આપ્યો હતો.

ચૌહાણે જણાવ્યું હતું કે તેઓ પુસામાં ખેડૂતે મેળાનું ઉદઘાટન કરવા અને કુરુક્ષેત્રમાં કુદરતી ખેતી મિશનની બેઠકમાં હાજરી આપવા તેમ જ ચંડીગઢમાં ખેડૂત પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવા માટે ભોપાલથી દિલ્હી જઇ રહ્યા હતા. તેમણે ભોપાલથી દિલ્હી જવા માટે એર-ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૪૩૬માં બેઠા હતા.

મને ૮-સી નંબરની સીટ ફાળવવામાં આવી હતી. હું જ્યારે મારી સીટ પર બેઠો ત્યારે ખબર પડી કે એ તૂટેલી અને દબાયેલી અવસ્થામાં છે. મને બેસવામાં અસ્વસ્થતા થતી હતી, એવું મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને એક્સ પર લખ્યું હતું. આ માટે મેં ક્રૂનો સંપર્ક પણ કર્યો હતો. જોકે ઘણી સીટોની સ્થિતિ સમાન હોવાનો દાવો તેમણે કર્યો હતો. જોકે ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા અન્ય મુસાફરોએ તેમને પોતાની સીટની ઓફર કરી હતી. ચૌહાણે ફરિયાદ કરતાં એરલાઈન્સે તાત્કાલિક ધોરણે માફી માગીને તપાસનો આદેશ આપ્યો હતો. ■

ભારતમાંથી ગેરકાયદે વસાહતીઓને દેશનિકાલ ક્યારે કરાશે?: ધનખડ

છત્રપતિ સંભાજીનગરઃ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે શનિવારે દાવો કર્યો હતો કે ગેરકાયદે વસાહતીઓ હવે દેશની ચૂંટણી પ્રક્રિયામાં પણ દખલ કરી રહ્યા છે અને આ સંબંધે લોકોમાં જાગૃતિ લાવવી જોઈએ.

અમેરિકાની સરકાર દ્વારા તાજેતરમાં ગેરકાયદે વસાહતીઓને દેશનિકાલ કરવાના સંદર્ભમાં, તેમણે કહ્યું કે દરેક ભારતીયે પૂછવું જોઈએ કે આ પ્રક્રિયા આપણા દેશમાં ક્યારે શરૂ થશે.

ધનખર અહીં ડો. બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટીના દ્વપમા દીક્ષાંત સમારોહમાં બોલી રહ્યા હતા.

''ભારતમાં રહેવાનો કોઈ અધિકાર નથી તેવા કરોડો લોકો અહીં રહી રહ્યા છે... તેઓ અહીં પોતાની આજીવિકા રળી રહ્યા છે. તેઓ આપણા સંસાધનોનું શોષણ કરી રહ્યા છે. તેઓ આપણી ચૂંટણી પ્રક્રિયામાં દખલ કરી રહ્યા છે,'' ઉપરાષ્ટ્રપતિએ કહ્યું.

''આપણા બધાની ફરજ છે કે આપણે દેશમાં આના વિરુદ્ધમાં માનસિકતા કેળવીએ, એવું વાતાવરણ બનાવીએ....કે દરેક ભારતીય આ પ્રત્યે સતર્ક બને,'' એમ તેમણે કહ્યું હતું.

અમેરિકાનો ઉલ્લેખ કર્યા વિના, તેમણે કહ્યું કે કેટલાક દેશોએ તાજેતરમાં ભારતીય નાગરિકોને દેશનિકાલ કર્યા છે જેમને ''છેતરપિંડી દ્વારા ત્યાં લઈ જવામાં આવ્યા હતા.''

''દરેક ભારતીયને એક પ્રશ્ન થવો જોઈએ કે આપણે આ પ્રક્રિયા ક્યારે શરૂ કરીશું?'' ધનખડે કહ્યું. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે યુવાનોએ એક શક્તિશાળી દબાણ જૂથ તરીકે કાર્ય કરવું જોઈએ અને જનપ્રતિનિધિઓ અને સરકારને પૂછવું જોઈએ કે શું તેઓ તેમનું કામ કરી રહ્યા છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, ''રાષ્ટ્રવાદ આપણો ધર્મ છે અને સર્વોચ્ચ પ્રાથમિકતા છે.'' (પીટીઆઈ)■

ઉપરાષ્ટ્રપતિએ સાથે એમ પણ કહ્યું કે ગેરકાયદે વસાહતીઓ દેશની ચૂંટણી પ્રક્રિયામાં દખલ કરી રહ્યા છે



નિરીક્ષણ ઈતિહાસનું: ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ગઈ કાલે પત્ની સાથે અજંતા-ઈલોરાની ગુફાની મુલાકાત લીધી હતી. (પીટીઆઈ)

૩૭.૨: મુંબઈ ધગધગે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાંથી શિયાળાની વિદાય થઈ ગઈ હોવાનો અનુભવ થઈ રહ્યો છે. રાતના હળવી ઠંડક વર્તાઈ રહી છે. પરંતુ દિવસના સમયમાં માર્ચ મહિના જેવી આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. શનિવારે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને પાર કરી ગયો હતો, જે મોસમનો ફેબ્રુઆરીનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. ગરમી અને ઉકળાટથી મુંબઈગરા પરેશાન થઈ ગયા હતા.

મુંબઈમાં હજી શુક્રવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૬.૩ ડિગ્રી અને કોલાબામાં ૩૪.૩ ડિગ્રી નંધાયું હતું, જેમાં શનિવારે વધારો નોંધાયો હતો. દિવસ દરમ્યાન કોલાબામાં મહત્તમ તાપમાન ૩૫.૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૩.૪ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૭.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦.૪ ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા થોડા દિવસથી પારો સતત ઊંચો નોંધાઈ રહ્યો છે. મુંબઈની સાથે જ રાજ્યમાં પણ ઠંડી ગાયબ થઈને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. શનિવારનો દિવસ ચાલુ મોસમમાં ફેબ્રુઆરીનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો.■

મરીન લાઈન્સમાં બિલ્ડિંગમાં આગ: સિનિયર સિટિઝન સહિત ચારને બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મરીન લાઈન્સમાં આવેલી પાંચ માળની ઈમારત મરીન ચેમ્બરના પાંચમા માળે આવેલા એક ફ્લેટમાં શનિવારે બપોરે આગ ફાટી નીકળી હતી. આગને કારણે ઈલેક્ટ્રિક વાયરિંગ અને લાકડાના ફર્નિચરમાં આગ ઝડપથી ફેલાઈ હતી અને ખળભળાટ મચી ગયો હતો. ઘટનાસ્થળે ફાયરબ્રિગેડ સમયસર પહોંચી ગઈ હતી અને બાજુના ફ્લેટમાં ફસાઈ ગયેલા સિનિયર સિટિઝન સહિત ચાર રહેવાસીઓને બચાવી લીધા હતા. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ મરીન લાઈન્સમાં ગોલ મસ્જિદ નજીક ઝફર હોટલની પાછળ ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની મરીન ચેમ્બર આવેલી છે. શનિવારે બપોરના ૧૨.૨૬ બિલ્ડિંગના બીજા માળ પર આવેલા એક ફ્લેટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ લાગી નોકરાણી ઘરમાં હતી તે જીવ બચાવવા ભાગી છૂટી હતી.

આગની જાણ થતા જ પાંચ ફાયર એન્જિન, પાંચ વોટર જેટી, એક ક્વિક રિસ્પોન્સ વેહિકલ સહિત અન્ય વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આગ લાગ્યા બાદ બિલ્ડિંગના નીચેના માળના રહેવાસીઓ બિલ્ડિંગની બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. જોકે બીજા માળ પર જે ફ્લેટમાં આગ લાગી હતી, તેની બાજુના ફ્લેટમાં જ સિનિયિર સિટિઝન રહેતા હતા અને તેઓ બીમાર હોવાથી સિનિયિર સિટિઝન સહિત ચાર લોકોને સુરક્ષિત રીતે બિલ્ડિંગની સીડી બહાર કાઢવામાં આવ્યા હતા. ■

આગ ઈ આગ: મરીન લાઈન્સની પાંચ માળની ઈમારતમાં લાગેલી આગ બુઝાવી રહેલા અગ્નિશમન દળના જવાનો. (અમય ખરાડે)

ઍરપોર્ટ નજીક ફાઈવ સ્ટાર હોટલની ટેરસ પર ભીષણ આગ

ફસાઈ ગયેલા ૮૦થી ૯૦ લોકોને મહામહેનતે બહાર કાઢ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સાંજના સમયે આગની બીજી દુર્ઘટના બની હતી, જેમાં અંધેરીમાં આવેલા છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ નજીક આવેલી ફાઈવ સ્ટાર હોટલના ટેરેસ પર સાંજે અચાનક આગ ફાટી નીકળી હતી. ટેરેસ પર આગ લાગી હોવા છતાં હોટલની બિલ્ડિંગમાં ૮૦થી ૯૦ લોકો ફસાઈ ગયા હતા, જેને ફાયરબ્રિગેડે સુરક્ષિત બહાર કાઢ્યા હતા.ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ ત્રણ લેવલના બેઝમેન્ટ પ્લસ ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ ૧૦ માળની હોટલ ફેરમોન્ટની ટેરેસ પર સાંજના લગભગ ૫.૩૦ વાગે આગ ફાટી નીકળી હતી. ૧૦ માળની બિલ્ડિંગની ટેરેસ પર લગભગ ૧,૦૦૦થી ૧,૫૦૦ ચોરસ ફૂટના વિસ્તારમાં આગ એસી યુનિટ અને એક્ઝોસ્ટ ડક્ટિંગ સુધી મર્યાદિત રહી હતી, જેમાં ત્રણ બેઝમેન્ટ લેવલ અને એક ગ્રાઉન્ડ ફ્લોરનો પણ સમાવેશ થાય છે.

બિલ્ડિંગના ટેરેસ પર આગ લાગી ત્યારે હોટલમાં મોટી સંખ્યામાં લોકો પોતાના રૂમમાં હાજર હતા. આગ લાગી ત્યારે હોટલની બિલ્ડિંગના અલગ અલગ માળા પર ૭૦થી ૮૦ લોકો હાજર હતા. ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને હોટલના કર્મચારી થતા પોલીસની મદદથી તમામ લોકોને હૉટલની બિલ્ડિંગમાંથી બહાર કાઢ્યા હતા. પ્રથમદર્શી રીતે શોર્ટ સર્કિટને લીધે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

ગુજરાતની હૉસ્પિટલોના સીસીટીવી કૌભાંડનું પગેરું લાતુરમાં નીકળ્યું

લાતુરઃ ગુજરાતની અનેક હૉસ્પિટલમાંના સીસીટીવી કૅમેરા કથિત રીતે હૅક કરીને મહિલાઓના વાંધાજનક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવા પ્રકરણે લાતુરથી યુવકની ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાતની હૉસ્પિટલના કૅમેરા હૅક કરીને મહિલાઓના વીડિયો સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવતા હતા. આ કેસની તપાસ ગુજરાત સાયબર પોલીસને લાતુર સુધી દોરી લાવી હતી.

લાતુરના નારાયણ નગર વિસ્તારમાં રહેતો મૂળ સાંગલી જિલ્લાનો વતની પ્રજ્વલ તેલી નીટની પરીક્ષાની તૈયારી માટે લાતુર આવ્યો હતો. કાવતરામાં તેલીની સંડોવણી સામે આવતાં ગુજરાતની સાયબર પોલીસ લાતુર પહોંચી હતી અને સ્થાનિક પોલીસની મદદથી તેને તાબામાં લીધો હતો.

વધુ તપાસ માટે તેલીને ગુજરાત લઈ જવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કહેવાય છે કે તેલી સહિત સાંગલી અને પ્રયાગરાજના બે યુવાન આ રૅકેટમાં સંડોવાયેલા હોવાનું કહેવાય છે. રાજકોટની મેટરનિટી હૉસ્પિટલના સીસીટીવી કૅમેરા હૅક કરીને પ્રાપ્ત કરાયેલા મહિલાઓના વાંધાજનક વીડિયો આરોપીઓએ ૮૦૦થી ૪૦૦૦ રૂપિયામાં વેચ્યા હોવાનો દાવો પોલીસે કર્યો હતો. આ રીતે આરોપીઓએ છેલ્લા આઠ મહિનામાં આશરે ૧૦ લાખ રૂપિયાની કમાણી કરી હોવાનું કહેવાય છે. ■

માલગાડી ઉપરથી પસાર થઇ છતાં બચી ગઇ

મુંબઈઃ રામ રાખે તેને કોણ ચાખે, એવી કહેવત તમે અનેક વાર સાંભળી હશે, પણ સોલાપુરમાં આ કહેવતને સાકાર કરતી તાદ્દશ બીના બની હતી. માનસિક રીતે બીમાર એક મહિલાની ઉપરથી આખી માલગાડી પસાર થઇ ગયા પછી પણ તેનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો. જોકે સ્ટેશન પર સફાઈ કર્મચારીનું કામ કરતા મંગેશ શિંદેની સમયસૂચકતાને કારણે મહિલાનો જીવ બચી ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સોલાપુર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર ઊભેલી એક ટ્રેનની નીચે નિત્યક્રમ કરવા માટે ગઇ હતી. જોકે એ જ સમયે ટ્રેન અચાનક જ શરૂ થઇ ગઇ હતી. ટ્રેન શરૂ થતાં જ મહિલા ગભરાટમાં બહાર નીકળવાનો પ્રયાસ કરવા જઇ રહી હતી. જોકે એ જ સમયે સફાઈ કર્મચારી મંગેશનું ધ્યાન ગયું હતું. મંગેશે સમય બગાડ્યા વિના મહિલાને ટ્રેનની નીચે બેસી જવા માટે કહ્યું હતું. જોકે મહિલા બેસવાને બદલે પાટા પર જ સૂઈ ગઇ હતી અને સદનસીબે તે બચી ગઇ હતી. પોતાને બચાવવા બદલ મહિલાએ મંગેશનો આભાર માન્યો હતો અને ત્યાંથી ચાલી ગઇ હતી. ■

દમદાર દિશા...

લાતુરની વિદ્યાર્થિનીના પિતાના અંતિમ સંસ્કાર થઈ રહ્યા હતા ત્યારે તે દસમાની પરીક્ષાનું પેપર લખી રહી હતી

લાતુરઃ એક તરફ પિતાની ચિતાની ધખધખ સળગી રહી હતી અને બીજી તરફ બહાદૂર વિદ્યાર્થિનીએ પોતાના આંસુને કાબૂમાં રાખીને દસમા ધોરણની મરાઠીની પરીક્ષા આપી હોવાની ઘટના લાતુરમાં બની હતી. ભાડા ગામમાં રહેતી વિદ્યાર્થિનીના પિતા માંદગીથી પીડાઇ રહ્યા હતા અને ગુરુવારે સાંજે તેમનું મૃત્યું થયું હતું. શુક્રવારે તેમના અંતિમસંસ્કાર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ભાડાના જિલ્લા પરિષદની મહિલા સ્કૂલમાં ભણતી દિશાને થયું કે પિતાના મૃત્યુને કારણે તે શુક્રવારે યોજાનારી દસમા ધોરણના બોર્ડની મરાઠીની પરીક્ષા આપી શકશે નહીં, પરંતુ તેની સ્કૂલના શિક્ષક શિવાલિંગ નાગાપુરેએ આવું થવા દીધું નહીં. મેં લાતુર ડિવિઝન બોર્ડના ચેરમેન સુધાકર તેલંગનો સંપર્ક કર્યો હતો. તેઓએ દિશાને દુઃખ ભૂલી હિંમત રાખીને પરીક્ષા આપવા માટે પ્રોત્સાહન આપ્યું હતું, એમ નાગાપુરેએ જણાવ્યું હતું. આખરે દિશાએ પિતાને એક તરફ વિદાય આપી, પોતાના આંસુ લૂંછીને ઓસા ખાતેની અઝિમ હાઇ સ્કૂલમાં મરાઠીનું પેપર આપવા રવાના થઇ રહી. દિશા પરીક્ષા આપી રહી હતી તે સમયે તેના પિતાને અંતિમસંસ્કાર આપવામાં આવી રહ્યા હતા. ■

દીકરીના ગર્ભમાં બાળક ઊછરતું હોવાની જાણ થતાં માતાએ તેની હત્યા કરી

માતાના આ નિર્દયી કૃત્યમાં સગીર પુત્રીએ મદદ કરીઃ શબને લટકાવી આત્મહત્યાનો દેખાવ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાલાસોપારામાં સગર્ભા દીકરી માટે જનેતા જ જમ બની હોવાની ઘટના બની હતી. દીકરીના ગર્ભમાં બાળક ઊછરતું હોવાની જાણ થતાં નિર્દયી બનેલી માતાએ રસ્સીથી ગળું દબાવી તેની કથિત હત્યા કરી હતી. દીકરીના શબને સીલિંગ ફૅન સાથે લટકાવી તેણે આત્મહત્યા કરી હોવાની બુમરાણ ખુદ માતાએ મચાવી હતી. વળી, માતાના આ અધમ કૃત્યમાં તેની નાની સગીર પુત્રીએ મદદ કરી હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી.

નાલાસોપારા પોલીસે શનિવારે ધરપકડ કરેલી મહિલાની ઓળખ મમતા દુબે (૪૬) તરીકે થઈ હતી. મમતાની ૧૭ વર્ષની દીકરીને તાબામાં લઈ મહિલા સુધારગૃહમાં મોકલી દેવાઈ હતી.

મળતી માહિતી અનુસાર ગુરુવારની બપોરે બનેલી ઘટનામાં અસ્મિતા દુબે (૨૦)એ જીવ ગુમાવ્યો હતો. અસ્મિતા નાલાસોપારા પશ્ચિમમાં યશવંત ગૌરવ ફેઝમાંની એક ઈમારતમાં માતા-પિતા અને નાની બહેન સાથે રહેતી હતી. અસ્મિતાએ ગળાફાંસો ખાઈ કથિત આત્મહત્યા કરી હોવાની જાણ તેની માતાએ પોલીસને કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસને અસ્મિતાનો મૃતદેહ સીલિંગ ફૅન સાથે લટકેલી હાલતમાં નજરે પડ્યો હતો.

અસ્મિતાના બન્ને હાથ પર બચકાં ભર્યાનાં તાજાં નિશાન પોલીસને દેખાયાં હતાં. એ સિવાય ગળા ફરતે પણ શંકાસ્પદ નિશાન હોવાનું જણાતાં પોલીસે એડીઆર નોંધી યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મુંબઈની જે. જે. હૉસ્પિટલમાં મોકલાવ્યો હતો. પોસ્ટમોર્ટમના અહેવાલમાં અસ્મિતાએ આત્મહત્યા નહીં, પણ ગળું દબાવીને તેની હત્યા કરાઈ હોવાની શંકા વ્યક્ત કરાઈ હતી.

શંકાને પગલે પોલીસે આકરી પૂછપરછ કરતાં હત્યાનો ભેદ ઉકેલાયો હતો. અસ્મિતા ગર્ભવતી હોવાની જાણ થતાં માતા રોષે ભરાઈ હતી. દીકરીની મારપીટ કર્યા પછી તેનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. બચવા માટે તરફડિયા મારતી યુવતીના બન્ને પગ તેની નાની બહેને પકડી રાખ્યા હતા. આ ધમાચકડીમાં માતાએ અસ્મિતાના બન્ને હાથ પર બચકાં ભર્યાં હતાં. પછી રસીથી ગળું દબાવી તેની હત્યા કરી હોવાનું તપાસમાં જણાયું હતું. આ પ્રકરણે નાલાસોપારા પોલીસે શનિવારે હત્યાનો ગુનો નોંધી મમતાની ધરપકડ કરી હતી. ■

કોસ્ટલ રોડની મરામત શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ (દક્ષિણ) અંતર્ગત હાજી અલી ખાતે ઈન્ટરચેન્જ અને મુખ્ય પુલ પર પ્રતિબંધક ઉપાયયોજના તરીકે નાખવામાં આવેલા માસ્ટિક આવરણને કાઢવાની શરૂઆત પાલિકાએ કરી દીધી છે. કોસ્ટલ રોડ પર પેચવર્ક દેખાતો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા બાદ પાલિકા હરકતમાં આવી હતી અને આ કાર્યવાહી હાથ ધરી હતી.

જુલાઈ ૨૦૨૪ પહેલા કોસ્ટલ રોડ પર ડામર નાખવામાં આવ્યો હતો. તો અમુક ભાગમાં સાંધા પહોળા થઈ ગયા હતા, તે સાંધા વધુ પહોળા થાય નહીં તે માટે અને ડામરીકરણ મજબૂત રહે તે માટે તેના પર ડામરનું વધારાનું આવરણ ઠેકાઠેકાણે નાખવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૪ના ચોમાસા પહેલા ચોમાસાને કારણે ડામરને નુકસાન થાય નહીં અને રસ્તા પર ખાડા પડે નહીં તે માટે આ પગલાં લેવામાં આવ્યા હોવાનો દાવો પાલિકા પ્રશાસન તરફથી કરવામાં આવ્યો હતો.

શનિવાર, ૨૬ ફેબ્રુઆરીના પાલિકાએ વધારાના ડામરના કોટિંગને દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ કામ ઝડપથી કરવામાં આવી રહ્યું છે. એક વખત કોટિંગ દૂર થઈ ગયા પછી આગામી એકાદ-બે દિવસમાં નવેસરથી તેના પર ડામર નાખવામાં આવશે. ■

અમેરિકનોનાં બૅન્ક ખાતાં હૅક કરનારા બોરીવલીના બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ

કમ્પ્યુટર ઍપ્લિકેશનની સમસ્યા હલ કરવા સહિત અન્ય કારણો રજૂ કરી છેતરનારા ચાર પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કમ્પ્યુટર ઍપ્લિકેશનની સમસ્યા હલ કરવાને બહાને અમેરિકન નાગરિકોનાં બૅન્ક ખાતાં કથિત રીતે હૅક કરનારા બોરીવલીના બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ કરી ક્રાઈમ બ્રાન્ચે ચાર આરોપીની ધરપકડ કરી હતી.

બોરીવલી પશ્ચિમમાં વજીરા નાકા ખાતેના અમરકાંત ઝા માર્ગ પરની નિર્માણાધીન ઈમારતમાં બોગસ કૉલ સેન્ટર ચાલતું હોવાની માહિતી ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧૨ના અધિકારીને મળી હતી. માહિતીને આધારે યુનિટના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર સચિન ગવસની ટીમે શુક્રવારે સાંજે કાર્યવાહી કરી હતી.

કાર્યવાહી દરમિયાન પોલીસે બોગસ કૉલ સેન્ટર ચલાવનારા, ક્લોઝર અને બે ટીમ લીડર મળી ચાર આરોપીની ધરપકડ કરી હતી. કોર્ટે ચારેય આરોપીને ૨૪ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીઓ બોગસ કૉલ સેન્ટરના માધ્યમથી અમેરિકન નાગરિકોનો સંપર્ક સાધતા હતા. કમ્પ્યુટર ઍપ્લિકેશનની સમસ્યાનો હલ કરી આપવાને બહાને તેમનાં બૅન્ક ખાતાં હૅક કરતા હતા. પછી ખાતામાંનાં નાણાં ટ્રાન્સફર કરતા હતા.

કહેવાય છે કે આરોપીઓ માઈક્રોસૉફ્ટ કંપનીના પ્રતિનિધિના સ્વાંગમાં અમેરિકન નાગરિકો સાથે વાત કરતા હતા. અમુક વાર કમ્પ્યુટરની સમસ્યા હલ કરવાને નામે ગિફ્ટ કાર્ડ સ્વરૂપે નાણાં પડાવતા હતા. કૉલ સેન્ટરમાંથી છ લૅપટોપ, ૨૦ મોબાઈલ ફોન, બે રાઉટર સહિતનાં સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં. ■

દુબઈમાં મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકન એવોર્ડ (દ્વિતીય) સમારોહ સંપન્ન

૧૬ મી ફેબ્રુઆરી દુબઈના મૂઠી ઊંચેરા ગુજરાતીઓ અને મુંબઈ સમાચાર માટે અવિસ્મરણીય રહેશે.

મુંબઈ સમાચારના વાચકો માટે દસ્તમાન થાય તેવી આપણી પોતીકી ગુજરાતી ભાષામાં આવા ગ્લોબલ ગુજરાતી આઇકોનિક એવોર્ડની સફર કરીએ.

સાંજના છ વાગ્યાથી જ શેખ રસીદ ઑડિટોરિયમ, દુબઈ ખાતે દુબઈના દિગ્ગજ ગુજરાતીઓ એકત્ર થવા લાગ્યા હતા. આ અગાઉ ૨૦૨૩માં મુંબઈ સમાચાર દ્વારા યોજાયેલા પ્રથમ ગુજરાતી ગ્લોબલ આઈકોનિક એવોર્ડની સફળતાના પ્રતિસાદરૂપે સાંજના સાત સુધીમાં સભાગૃહ સંપૂર્ણ ભરાઈ ગયું હતું. સમગ્ર કાર્યક્રમના મુખ્ય આયોજક મુંબઈ સમાચારના પ્રતિનિધિઓ પણ સંપૂર્ણ વ્યવસ્થામાં સાથે રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં દુબઈના ઉદ્યોગપતિઓ એકરાન, વેપારી મિત્રો, બિલ્ડર્સ તથા મીડિયા પાર્ટનર ખાલીજ ટાઈમ્સ, રેડિયો પાર્ટનર બિગ એફએમ, હૉસ્પિટાલિટી પાર્ટનર વિ-દેશી રેસ્ટોરન્ટ, સવિશેષ ગુજરાત સરકારના યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગનો સાથ અને સહકાર રહ્યો.

ઑડિટોરિયમમાં પ્રવેશદ્વાર પાસે જ દુબઈના નંબર વન બિલ્ડર રિઝવાન સાજનની ટીમ તેમના નવા પ્રોજેક્ટ માટે ડેન્યુબ કીયોસ્ક ઇન્ફોર્મેશન ડેસ્ક રાખી લોકોને નવા પ્રોજેક્ટની માહિતી આપી રહ્યા હતા. ટી પોસ્ટના ઑનર દર્શન દાસાણી લોકોને તેમની આગવી ઓળખ સમી કાઠિયાવાડી ચાના સબડકા ભરાવી રહ્યા હતા અને સાથે કુકીઝની મજા લોકો માણી રહ્યા હતા. ક્વૉલિટી આઈસક્રીમ પણ લોકોને પોતાની કેન્ટી પીરસી અને કાર્યક્રમની શરૂઆત પહેલાં જ શીતળતાનો અનુભવ કરાવી રહી હતી. થંગલ જ્વેલર્સના સંજયભાઈ ચંદ્રારાણા પરિવાર પોતાના સ્ટોલ પર લોકોની મહેમાનગતિ કરીને લક્ષી ડ્રોની કૂપન વહેંચી રહ્યા હતા. કાર્યક્રમના અંતે સાત નસીબવાન લોકોને આ ડ્રોમાં ૧ ગ્રામનો સોનાનો સિક્કો ભેટરૂપે આપવામાં આવ્યો હતો.

બરાબર સાતના ટકોરે જાજરમાન સ્ટેજ પરથી સમગ્ર શોના સંચાલક અને ગુજરાતી ભાષાના ઊંચેરા શાયર, કવિ અને જેમના ''અંદાજે બયાન'' માટે જે કોઈની ઓળખાણના મોહતાજ નથી તેવા શોભિત દેસાઈએ સંચાલનનો દોર સંભાળ્યો. દીપ પ્રાગટ્ય અને ગણેશ વંદના બાદ મુંબઈ સમાચાર ૨૦૨૫ નોટબાઉટ ડોક્યુમેન્ટરીનું ટ્રેલર અને ગીત દર્શાવાયું હતું. (એ ફિલ્મના ટ્રેલરનું લૉન્ચ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ફિલ્મનું લૉન્ચ ભારતના ગૃહ પ્રધાન અમિત શાહે કર્યું છે. વળી આ ફિલ્મ વિશેનો સવાલ કેબીસીમાં પણ પૂછાયો હતો અને બોલીવૂડના શહેનશાહ અમિતાભ બચ્ચને પણ મુંબઈ સમાચારને બિરદાવ્યું હતું.

પ્રથમ હરોળમાં જે ગુજરાતીઓને વિશેષ યોગ્યતા પ્રાપ્ત ગુજરાતીઓને એવોર્ડ અર્પણ કરવાના હતા તે મહાનુભાવો અને દુબઈ ગુજરાતી સમાજને આગવી ઓળખ આપવાનો યશ જેઓને પ્રાપ્ત છે તેવા રિઝવાન સાજન, બાહુલે જ્વેલર્સ પરિવાર તરફથી રમેશભાઈ વોરા, જૈન અગ્રણી રજનીભાઈ શાહ, યોગેશભાઈ, મુંબઈ જૈન શ્રેષ્ઠિ અજયભાઈ શેઠ, થંગલ જ્વેલરીના સંજયભાઈ ચંદ્રારાણા, બિગ એફએમ ૧૦૬.૨ના પ્રતીકભાઇ મહેતા, ખલીજ ટાઈમ્સના હરજીયોત ઓબેરોય, વિ-દેશી રેસ્ટોરન્ટના હાર્દિક પંડ્યા શોભાયમાન હતા.

પ્રથમ ૧૦ મિનિટમાં જ તાળીઓના ગડગડાટ, વાહ અને દુબારાના અવાજોથી હૉલ રોમાંચિત થઈ ઊઠ્યો અને પછી શરૂ થયો સન્માન સમારોહ. મુંબઈ સમાચારે દર વર્ષે દુબઈ ખાતે વિશ્વભરના ગુજરાતીઓમાંથી જે લોકોએ સમાજ માટે કશુંક યોગદાન આપ્યું હોય અને સિદ્ધિ-પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા પ્રતિષ્ઠિત ગુજરાતીઓને ગ્લોબલ ગુજરાતી આઇકોનિક એવોર્ડ અર્પણ કરવાનું શરૂ કર્યું છે. દુબઈમાં વસતા દરેક જ્ઞાતિના મોભીઓ જેવા કે શ્રીમાળી સોની સમાજ, જૈન સમાજ, લોહાણા સમાજના પ્રમુખશ્રીઓ અને હોદ્દેદારો મારફત એવોર્ડ પ્રાપ્ત કરવાનો અનુભવ અ-વિસ્મરણીય રહ્યો હતો.ગુજરાતી હાસ્યજગત અને લોકસાહિત્ય સંગીત જગતના દિગ્ગજ કલાકાર સાઈરામ દવે તથા બોલીવૂડ સુપરસ્ટાર એક્ટર શર્મન જોશીનાં નામ આવતાં જ તાળીઓનો ગડગડાટ અને ચિચિયારીઓ ચરમસીમાએ પહોંચી અને ગુંજ ઊઠી હતી.

સૌપ્રથમ પર્લ લાઈનના ચેતન ભટ્ટનું શ્રીમાળી સોની સમાજના અગ્રણીઓ દ્વારા, સમાજસેવક અને ગુજરાતી સમાજ અબુધાબીના પ્રમુખ તુષાર પટણીનું વી-દેસી દ્વારા, સેજલ જ્વાસના ધીરજ ગડા અને અમૃત ગડાનું બિગ એફએમના પ્રતિક મહેતા દ્વારા, કાન્ઝ જ્વેલર્સના અર્જુન ધાનડનું ખાલીજ ટાઈમ્સના હરજોત ઓબેરોયના હસ્તે, દુબઈની જાણીતી બ્રાન્ડ કારાના ફાઉન્ડર કિરણ પેઠાણીનું અજય શેઠના હસ્તે, બાહુલેક જ્વેલર્સના રમેશ વોરાનું લોહાણા સમાજના પ્રતિનિધિઓ દ્વારા, જાણીતા કોરિયોગ્રાફર સમીર તન્ના અને અર્ષ તન્નાનું જૈન સમાજના આગેવાનો દ્વારા, જાણીતા સાહિત્યકાર અને હાસ્યકલાકાર સાંઈરામ દવેનું થંગલાન્સના પ્રતિનિધિઓ દ્વારા તેમ જ બોલીવૂડના જાણીતા અભિનેતા શરમન જોષીનું દુબઈના જાણીતા બિલ્ડર અને વન પર્સન્ટ મેન તરીકે આખા દુનિયામાં પંકાયેલા રિઝવાન સાજનના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. રિઝવાન સાજનની ઓળખ આપીએ તો તેમના કારણે જ દુબઈમાં અનેક લોકોને પોતાના સપનાનું ઘર મળ્યું છે.

સમગ્ર એવોર્ડ એનાયત સેરેમની પૂરી થતાં જ સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત થઈ. રાજકોટથી પધારેલા અને મુંબઈ સમાચાર પરિવારના જ સભ્ય ઉપરાંત સુપ્રસિદ્ધ હાસ્યકાર અને હાસ્ય લેખક મિલન ત્રિવેદી ''મિલનમસ્ત'' એ હાસ્ય, લોકસંગીત અને લોકગીતના ત્રિવેણી સંગમ સમા કાર્યક્રમનો દોર સંભાળ્યો. શરૂઆતથી જ ઉપસ્થિત ગુજરાતી પ્રેક્ષકોને ગુજરાતીઓની લાક્ષણિકતા અને હાસ્યસભર જોક્સથી ખડખડાટ હસાવ્યા અને ત્યાર પછી કાર્યક્રમની ધુરા સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર સાઈરામ દવેને સોંપવામાં આવી. સાઈરામ દવેએ પોતાની આગવી લાક્ષણિકતા પ્રમાણે હાસ્ય, લોકગીત અને ગુજરાતી ગીતોના ત્રિવેણી સંગમમાં ઉપસ્થિત લોકોને સાંસ્કૃતિક મોજની ડૂબકી મરાવી હતી.

કાર્યક્રમ જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ આનંદ-ઉત્સાહ અને મજા બેવડાતી ગઈ. છેલ્લે આપણી ગુજરાતીઓની આગવી ઓળખસમા ગરબાની રમઝટ શરૂ થઈ. સતત ૪૫ મિનિટ સુધી ગુજરાતીઓ ગરબા પણ રમ્યા. મુંબઈ સમાચાર એકમાત્ર એવું અખબાર છે જે વિદેશમાં પણ આપણી ગુજરાતી ભાષા જીવંત રાખવાના સતત પ્રયત્નો કરી રહ્યું છે અને લોકોનો પ્રેમ તથા સમર્થન મુંબઈ સમાચારને ભરપૂર મળી રહ્યાં છે.

સમગ્ર વર્ષ દરમિયાન મુંબઈ સમાચાર મૂઠી ઊંચેરા ગુજરાતી મોભીઓની શોધમાં રહે છે અને પોતાના ક્ષેત્રમાં વિશેષ યોગ્યતા ધરાવતી પ્રતિભાઓને શોધીને તેમનું સન્માન કરવાનું ચૂકતું નથી. ૨૦૨૨માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સુચન બાદ મુંબઇ અને ગુજરાતની બહાર વસતા ગુજરાતીઓને એક કરવા, ગુજરાતી ભાષાનું જતન કરવા અને મૂઠી ઊંચેરા ગુજરાતીઓને પોંખવાનું કામ મુંબઈ સમાચાર કરી રહ્યું છે.

મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવે તેમ જ ટીમના આશિષ પટેલ અને સ્વાતી શિવાલકરની સાથે દુબઈના સોનલ રાવલ, દુષ્યંત સોની, અમિત સોનીએ સમગ્ર કાર્યક્રમનું કુશળ સંચાલન કર્યું હતું. સોની પરિવારની પૂરી ટીમ દુબઈના યુવાઓ સાથે આ કાર્યક્રમમાં વોલિયેન્ટરરૂપે હાજર હતી. દુબઈના લગભગ ૪૦ જેટલાં ગુજરાતી યુવક-યુવતીઓ પોતાની માતૃભાષાના કાર્યક્રમમાં હાજર હતા અને સહુ ગુજરાતીમાં જ વાત કરવાનો મત ધરાવતા હતા. સમગ્ર આયોજનમાં નાની મોટી દરેક સવલતોનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. ભારતથી પધારેલા કલાકારો તથા મુખ્ય મહેમાનો માટેના ઉતારા, તેમનાં ભોજનની વ્યવસ્થા, તેમના ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા, કાર્યક્રમના સ્થળની પસંદગી, એવોર્ડ ડિઝાઈનિંગ, સામયા જવાની અને એરપોર્ટ પરથી હોટલ સુધી પહોંચાડવાની વ્યવસ્થા આવી ઘણી બાબતોને ધ્યાનમાં રાખવી પડે છે અને બધું જ સરસ રીતે પાર પડે તો જ સમગ્ર કાર્યક્રમ દીપી ઊઠે એ વાત અક્ષરશઃ આ કાર્યક્રમના આયોજનમાં જોવા મળી હતી.

આ સમગ્ર કાર્યક્રમ ગુજરાત રાજ્ય સંગીત એકાદમીના સહયોગમાં દુબઈના પ્રખ્યાત ડેન્યુબ કન્સ્ટ્રક્શન અને થંગલસ જ્વેલર્સ, રેડિયો પાર્ટનર બિગ એફએમ ૧૦૬.૨, યુએઈ મીડિયા પાર્ટનર ખલીજ ટાઈમ્સ, હોસ્પિટાલિટી પાર્ટનર વીદેસી રેસ્ટોરન્ટ, ટી પાર્ટનર ટી-પોસ્ટ, જેએફએલ મીડિયા અને એકરાન ગ્રુપ દ્વારા યોજાયો હતો.

આમ ગ્લોબલ ગુજરાતી આઇકોનિક એવોર્ડ ૨૦૨૫ પણ પ્રથમ એવોર્ડ સમારોહની જેમ યાદગાર બની રહ્યો અને આવતા વર્ષે ફરી પાછું મુંબઈ સમાચાર દુબઈ ખાતે ત્રીજો એવોર્ડ શો કરશે તેવી જાહેરાત સાથે કાર્યક્રમનું સમાપન થયું.

GUJARAT STATE SANGEET NATAK ACADEMY — ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સહયોગથી | PRESENTS DANUBE PROPERTIES | POWERED BY THANGALS | SECURITY PARTNER | RADIO PARTNER BIG 106.2 | PHOTOGRAPHY JFL Media | UAE MEDIA PARTNER Khaleej Times Part of GALADARI | SUPPORTED BY ERKAN | TEA PARTNER tea POST | HOSPITALITY PARTNER

કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કરતાં સોનલ દવે, સોનલ રાવલ અને નીલમ સોની.

ગુજરાત રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગે મુંબઈ સમાચારમાં મૂકેલો વિશ્વાસ સફળ રહ્યો

મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

હર્ષ સંઘવી

મુળુભાઈ બેરા

ગુજરાત રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગે મુંબઈ સમાચારને ગુજરાતી ભાષાના ઉત્કર્ષ માટે અને સંસ્કૃતિના વિકાસ અર્થે આર્થિક સહયોગ આપી અને મુંબઈ સમાચાર પ્રત્યે વિશ્વાસ દાખવ્યો હતો. ગુજરાત રાજ્યના માનનીય મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના કૅબિનેટ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તથા ગૃહરાજ્યમંત્રી અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી હર્ષ સંઘવીનો આ તકે મુંબઈ સમાચાર પરિવાર આભાર વ્યક્ત કરે છે. ભવિષ્યમાં પણ ગુજરાત રાજ્યનો ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ અવિરત રહેશે અને મુંબઈ સમાચારને સાથ અને સહકાર મળતો રહેશે તેવી તેવી ગુજરાત રાજ્યના આ ત્રણ મોભી મંત્રીશ્રીઓએ ખાતરી પણ આપી હતી.

આવા એવોર્ડ ફંક્શન યુવાપેઢીને વધુ કંઈક સારું કરવા પ્રોત્સાહિત કરશેઃ કિરણ પેઠાણી

કિરણ પેઠાણીએ મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકન એવોર્ડ આપવા માટે મુંબઈ સમાચારનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ અમારા માટે ખુશીનો માહોલ છે. મારા ભાઈઓ અને મારી ટીમનો ખૂબ ખૂબ આભાર માનું છું કે તેમની મહેનતથી અને લગનથી આજે મુંબઈ સમાચાર દ્વારા આયોજિત ગ્લોબલ ગુજરાતી આઈકોન એવોર્ડ-૨૦૨૫ અમને મળ્યો છે. આવા એવોર્ડ ફંક્શન્સ આવનારી પેઢીને વધુ કંઈક સારું કરવાની પ્રેરણા આપશે. તેમને ખ્યાલ આવશે કે લોકોએ કેવા અને કેટલા સંઘર્ષ કરીને પણ સફળતા હાંસિલ કરી છે. મુંબઈ સમાચારનો ખૂબ ખૂબ આભાર કે તેમણે યુવાપેઢીને એક નવી કેડીએ ચાલવાની પ્રેરણા આપતા આ સુંદર કાર્યક્રમનું આયોજન કર્યું છે.

ફિલ્મોના માધ્યમથી આજની પેઢીને આપણી સંસ્કૃતિ સાથે જોડી રાખવી એ અમારું લક્ષ્યઃ સમીર અને અર્ષ તન્ના

સમીર તન્ના અને અર્ષ તન્નાએ જણાવ્યું હતું કે મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકન એવોર્ડ માટે અમારી પસંદગી કરવા માટે મુંબઈ સમાચાર, તંત્રી નિલેશ દવે, અમિત સોની, દુષ્યંત સોનીનો ખૂબ ખૂબ આભાર. વાત કરીએ કોરિયોગ્રાફી કરતી વખતે ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરવાની તો એ ખૂબ જ જરૂરી છે. અમે લોકો આ બાબતે ખૂબ જ ગંભીર છીએ. ફિલ્મોના માધ્યમથી આજની પેઢીને આપણી સંસ્કૃતિ સાથે જોડી રાખવાનો અમારો આ પ્રયાસ છે. આજની જનરેશનને ખબર હોવી જોઈએ કે આ આપણા ગરબા છે, આ આપણાં મૂળિયાં છે. અર્ષ તન્ના અને સમીર તન્નાએ એવોર્ડ મળતાં ખુશહાલી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે અમે લોકો કોઈ પણ મોટો પ્રોજેક્ટ હાથ ધરતાં પહેલાં ખૂબ જ રિસર્ચ કરીએ છીએ. જેમ શિક્ષક તરીકે સારું પ્રદર્શન કરવા પર શાબાશી મળે એમ અમને એવોર્ડ મળ્યો ત્યારે અમને લાગ્યું કે અમારી મેથ્ડ બરાબર છે અને અમારે આ જ દિશામાં આગળ વધવાનું છે.

પિતા વતી એવોર્ડ સ્વીકારવો ગર્વની ક્ષણ છેઃ અનિરુદ્ધ અને વરુણ પટણી

તુષાર પટણીનાં બંને સંતાનો અનિરુદ્ધ પટણી અને વરુણ પટણીએ તેમના વતી એવોર્ડ સ્વીકાર્યો હતો. મુંબઈ સમાચાર અને તેમની સમગ્ર ટીમનો આભાર કે તેમણે અમારા પિતાના કામની નોંધ લઈને એવોર્ડ આપવા માટે તેમની પસંદગી કરી છે. આજે એમના વતી આ એવોર્ડ લઈને અમને ખૂબ જ આનંદ થઈ રહ્યો છે. અમારા માટે આ ખૂબ જ ગર્વની વાત છે. અત્રે ઉલ્લેખનીય છે કે દુબઈમાં બિઝનેસ વર્લ્ડ અને દુબઈમાં વસતા ગુજરાતીઓ વચ્ચે પણ તુષાર પટણી એ એક ખૂબ જ જાણીતું નામ છે. તેમણે વર્ષોથી દુબઈમાં ગુજરાતી કમ્યુનિટીને યુનાઈટેડ કરવામાં ખૂબ જ મહેનત કરી છે. દુબઈના ગુજરાતી સમાજમાં તુષાર પટણી દાનવીર કર્ણ તરીકેની ઓળખ ધરાવે છે.

કંઈક મોટું કરતાં કંઈક નવું કરવું એ જ લક્ષ્યઃ અર્જુન ધાનક

કાન્ઝ જ્વેલર્સના યંગ બ્રિગેડ અર્જુન ધાનક મુંબઈ સમાચાર દ્વારા આપવામાં આવેલા ગ્લોબલ ગુજરાતી આઈકન એવોર્ડ અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે સૌથી પહેલાં તો હું મુંબઈ સમાચાર અને એમની ટીમનો આભાર માનું છું કે તેમણે અમારા કામની નોંધ લીધી અને અમને આ એવોર્ડ માટે નોમિનેટ કર્યા. આ બધાનું ક્રેડિટ મારા પિતા અને મારી ટીમને જાય છે. પોતાના ભવિષ્યના ગોલ, અચિવમેન્ટ વિશે વાત કરતાં અર્જુન ધાનકે જણાવ્યું હતું કે અમારા ફ્યુચર પ્લાન્સ વિશે જણાવું તો ભવિષ્યમાં વધુ ને વધુ સારું કામ કરવું, નવી નવી ડિઝાઈન્સ અને ગ્રાહકોને કંઈક નવું આપવું એ જ અમારો ટાર્ગેટ છે. અમે લોકો કંઈક મોટું કરવા કરતાં કંઈક સારું કરવામાં વિશ્વાસ રાખીએ છીએ. કાન્ઝ જ્વેલર્સ એ દુબઈનું એક જાણીતું અને વિશ્વસનીય નામ છે. કાન્ઝ જ્વેલર્સની આ પરંપરાને આગળ લઈ જવી એ જ અમારું લક્ષ્ય છે.

મિલન ત્રિવેદી, શોભિત દેસાઈ અને સાંઈરામ દવે સહિતની ટીમે દુબઈમાં ડાયરો, હાસ્ય દરબાર, ગીત-સંગીત, શેરો-શાયરી અને રાસ-ગરબાથી કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતાં.

જીવનમાં સારા દિવસો આવે છે, બસ તમારે એના માટે તૈયાર રહેવું પડશેઃ શરમન જોષી

શરમન જોષીએ એવોર્ડ રિસીવ કર્યા બાદ પોતાની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે મારા માટે ખૂબ જ ગર્વની વાત છે. આ માટે હું ઈશ્વરનો આભારી છું કે તેમણે મને આ કાબેલ બનાવ્યો છે. મારા પિતા પણ મારા પર તેમના આશીર્વાદ વરસાવી રહ્યા છે. હું મુંબઈ સમાચાર, તંત્રી નિલેશ દવે અને એમની આખી ટીમનો ખૂબ ખૂબ આભાર માનું છું. મારું મુંબઈ સમાચાર સાથે ખૂબ જ ઈમોશનલ કનેક્શન છે, જેવું દર્શકોનું મારા રોલ્સ સાથે છે. મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકન એવોર્ડ એ ખૂબ જ પ્રતિષ્ઠિત એવોર્ડમાંથી એક છે. જીવનમાં સારા દિવસો આવે છે, પરંતુ એની પહેલી શરત એ છે કે તમે એના માટે તૈયાર હોવા જોઈએ. મુંબઈ સમાચાર જેવું ગુજરાતી અખબાર જ્યારે આવા એવોર્ડ સેરેમનીનું આયોજન કરે એ બીજા ગુજરાતી અને એપકમિંગ આર્ટિસ્ટને પણ ભવિષ્યમાં વધુને વધુ સારું કરવાની પ્રેરણા આપશે. આ જ એ ખરો સમય છે કે જ્યારે ગુજરાતી ટેલેન્ટને આપણે આગળ લાવવું પડશે.

ઓસ્કર કે નોબેલ પુરસ્કાર મળ્યો હોય એટલો આનંદ થયોઃ ચેતન ભટ્ટ

મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકન એવોર્ડ મળતાં પોતાની ખુશી વ્યક્ત કરતાં ચેતન ભટ્ટે જણાવ્યું હતું કે મુંબઈ સમચાર એ મારા દિલમાં છે. હું જ્યારે નાનો હતો ત્યારે મારા દાદા મને છ વાગ્યે ઉઠાડતાં અને મને આખું મુંબઈ સમાચાર વાંચવા જણાવતા હતા. મારી ગુજરાતી ભાષા પણ મુંબઈ સમાચારને કારણે જ સુધરી છે. મને ખૂબ જ આનંદ થાય છે. ૨૦૩ વર્ષ જૂના અખબાર મુંબઈ સમાચાર તરફથી જ્યારે મને આજે આ એવોર્ડ મળ્યો છે ત્યારે મને ઓસ્કર કે નોબેલ પુરસ્કાર મળ્યો હોય એટલો આનંદ થઈ રહ્યો છે. મારા માટે આ ખરેખર ખૂબ જ ગર્વની વાત છે.

હાસ્યકાર સાંઈરામ દવેના ડાયરોએ ચાર ચાંદ લગાવ્યાઃ દુષ્યંત સોની - અમિત સોની

મુંબઈ સમાચારની ઈવેન્ટ 'ધ ગ્લોબલ ગુજરાતી આઇકૉન એવોર્ડ ૨૦૨૫'ને દુષ્યંત સોની અને અમીત સોનીએ સાથે મળીને આયોજિત કરી એમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. દુષ્યંત સોનીના પત્ની નેહા સોનીએ હાજર તમામ લોકોનું સ્વાગત કરતાં કહ્યું કે, 'તમામ મહેમાનોનું અમે સ્વાગત કરીએ છીએ. તેઓ અહીં આવ્યા એ જોઈને અમને પણ ખુશી થાય છે. મુંબઈ સમાચારનાં ૨૦૩ વર્ષ પૂરાં થયાં છે એનું સેલિબ્રેશન અહીં કરીએ છીએ. જે ગુજરાતીએ પોતાના ક્ષેત્રમાં કાંઈક ખાસ યોગદાન આપ્યું છે તેમને એવોર્ડ આપીને આપણે બિરદાવીએ છીએ. તેમનું સન્માન કરવાની અમને ખુશી છે અને એનું સેલિબ્રેશન આપણે સાથે મળીને કરવાનાં છીએ. આ ઈવેન્ટમાં હાજર રહેનારા તમામ મહેમાનોનો અમે આભાર માનીએ છીએ.' આ ઝળહળતી ઇવેન્ટમાં સાંઈરામ દવેના ડાયરાએ તો સોનામાં સુગંધ ભેળવવાનું કામ કર્યું હતું. હાજર લોકોએ આ ડાયરાને ખૂબ માણ્યો હતો.

આ સન્માન મારા માટે વિશેષ મહત્ત્વ ધરાવે છેઃ સાંઈરામ દવે

જાણીતા લોકસાહિત્યકાર અને હાસ્ય કલાકાર સાંઈરામ દવેને પણ મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ એનાયત કરવા બદલ તેમણે મુંબઈ સમાચાર અને દુષ્યંત સોની, અમતિ સોની, સોનલ રાવલનો આભાર માન્યો હતો. આ ઉપરાંત સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર સાંઈરામ દવેએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે મને આજ સુધી ઘણા એવોર્ડ મળ્યા છે, પરંતુ વિદેશની ધરતી પર એક ગુજરાતી અખબાર જે એશિયાનું સૌથી જૂનું અખબાર છે અને એક અનોખી પ્રસિદ્ધિ પ્રાપ્ત છે તેના દ્વારા થતું આ સન્માન મારા માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે.

ગર્વની વાત છેઃ જિત ગડા

મેક ઈન ઈન્ડિયાનું જીવતું જાગતું ઉદાહરણ પૂરું પાડતી કંપની સેજલ જ્વાસના જિત ગડાએ મુંબઈ સમાચાર સાથે વાત કરતાં જણાવ્યું હતું કે હું અહીંયા સેજલ જ્વાસનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું. અમૃત ગડા અને ધીરજ ગડા વતી આ એવોર્ડ રિસીવ કરતાં મને ખૂબ જ આનંદ થઈ રહ્યો છે. આ અમારા બધા માટે ખૂબ જ ગર્વની વાત છે. સેજલ જ્વાસ એ દુબઈમાં ખૂબ જ જાણીતું નામ છે. મૂળ ભારતીય પણ દુબઈમાં આ કંપનીનો એક અલગ જ દબદબો છે.

દરેક વસ્તુને પોઝિટિવલી લો, એટલે મુશ્કેલીઓ છૂમંતર થઈ જાયઃ સોનલ રાવલ

સોનલ રાવલ દુબઈના ગુજરાતી બિઝનેસ વર્લ્ડમાં જુજ મહિલાઓમાંથી એક છે અને તેમણે આ એવોર્ડ ફંક્શનની સફળતા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે આટલું મોટું આયોજન હોય એટલે પ્રોબ્લેમ્સ અને હર્ડલ તો હોવાનાં જ, પણ મુંબઈના સમાચારના તંત્રી નિલેશભાઈ દવે, દુષ્યંત સોની અને અમિત સોની સાથે વાત કરો એટલે સમસ્યાનું સમાધાન તો મળી જ જાય. દુબઈમાં એક બિઝનેસવુમન તરીકે નેમ અને ફેમ કમાવવી એ કંઈ નાનીસૂની વાત તો નથી જ. એ વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે સાવ સિમ્પલ વાત છે કે જ્યારે જીવનમાં તમે કંઈ કરવાનું નક્કી કરો છો તો પછી તમારી પાસે પાછા વળવાનો કોઈ ઓપ્શન નથી હોતો. દરેક વસ્તુને પોઝિટિવલી જ લેવી પડે છે અને જ્યારે તમે દરેક વસ્તુને પોઝિટિવલી લો છો ત્યારે તમને આપોઆપ રસ્તો મળતો જાય છે.

મુંબઈ સમાચારના એવોર્ડ ફંડકશનમાં દુબઈની યંગ બ્રિગેડનો પણ સિંહફાળો રહ્યો હતો.

કાર્યક્રમના સ્પોન્સર અને દુબઈના નંબર વન બિલ્ડર ડેનુબના રિઝવાન સાજન

સાંઈરામ દવે, નીલેશ દવે, શર્મન જોષી, શોભિત દેસાઈ અને મિલન ત્રિવેદી

એવોર્ડ મેળવનારા એરકન ગ્રુપના ચેતન ભટ્ટ

મુંબઈ સમાચાર સાથે ૬૦ વર્ષનો સંબંધઃ રમેશભાઈ વોરા

બાહુલે જ્વેલર્સના રમેશભાઈ વોરાએ જણાવ્યું હતું હું ભલે અહીંયા ૪૮ વર્ષથી સેટલ થયો છું, પણ મુંબઈ સમાચાર સાથે અમારો સંબંધ ખૂબ જ જૂનો છે. ઈન્ડિયા હતો ત્યારે પણ મુંબઈ સમાચાર વાંચતો હતો એટલે આ અખબાર સાથે એક અલગ જ કનેક્શન ફીલ થાય છે. દુબઈ આવ્યા પછી અમે લોકો ઑનલાઈન મુંબઈ સમાચાર વાંચીએ છીએ. જે અખબાર સાથે આટલો જૂનો સંબંધ હોય એવા અખબાર તરફથી જ્યારે તમારા કામની નોંધ લઈને તમને પુરસ્કાર આપવામાં આવે એ ખરેખર ગર્વની વાત છે. મુંબઈ સમાચાર દરેક ગુજરાતીનું ગૌરવ છે અને ગુજરાતી ભાષાને જીવંત રાખવાના તેમના પ્રયાસો ખરેખર ખૂબ જ પ્રશંસનીય છે. ભાવિ પેઢીને ગુજરાતી શિખડાવવું ખૂબ જ જર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

રવિવાર

ઉત્સવ

મુંબઈ સમાચાર

તા. ૨૩-૨-૨૦૨૫

યોગીજીનું સનાતન બજેટઃ

માત્ર ધર્મનું જ નહીં, લોકોનું કલ્યાણ કરતું અંદાજપત્ર..

ઉત્તર પ્રદેશના યોગી આદિત્યનાથના આ રૂપિયા ૮૦૦ કરોડના 'સનાતન' બજેટમાં માત્ર ધાર્મિક સ્થાનકો-યાત્રાધામના ઉત્કર્ષની જ વાત નથી. 'સનાતન'ના નેજા હેઠળ યોગીજીએ પ્રજાની ધાર્મિક સંવેદનાને સ્પર્શીને, જે રીતે રાજ્યને રિલિજિયસ ટુરિઝમનું સેન્ટર બનાવી દીધું એની સાથે લોક-કલ્યાણનાં કાર્યોની નવી દિશા પણ ઉઘાડી છે. આ સાથે એમણે એ પણ પુરવાર કર્યું કે એ માત્ર કટ્ટરવાદી હિંદુ નેતા નહીં, પણ એક કુશળ આર્થિક સ્વપ્નદ્રષ્ટા પણ છે.

કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@bombaysamachar.com

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથની સરકારના નાણાં મંત્રી સુરેશ કુમાર ખન્નાના બજેટે દેશભરમાં ખાસી ચર્ચા જગાવી છે, કેમ કે યોગી આદિત્યનાથે તેને 'સનાતન બજેટ' ગણાવ્યું છે. ૮.૦૮ લાખ કરોડ રૂપિયાના બજેટમાં સંખ્યાબંધ જાહેરાત કરવામાં આવી છે. વિદ્યાર્થિનીઓને સ્કૂટી આપવાથી માંડીને મહિલાઓને સહાય સુધીની જાહેરાતો બજેટમાં થઈ છે, પણ લોકોને રસ સનાતન ધર્મ માટે ખાસ શું છે એ જાણવામાં છે ને મજાની વાત એ છે કે, બજેટમાં સનાતન ધર્મ માટે વિશેષ કશું નથી!

આમ જુવો તો ઉત્તર પ્રદેશના બજેટને સનાતન ધર્મ સાથે સીધો કોઈ સંબંધ નથી, પણ યોગીએ તેને સ્માર્ટલી 'સનાતન' બજેટ ગણાવી દીધું છે. યોગીનું કહેવું છે કે, આ બજેટમાં યુવાઓથી માંડીને વૃદ્ધો સુધીના બધાનું કલ્યાણ થાય એવી જોગવાઈઓ છે તેથી સનામત ધર્મના 'સર્વે ભવન્તુ સુખિનઃ'ની ફિલોસોફીનું તેમાં પ્રતિબિંબ પડે છે. 'સર્વે ભવન્તુ સુખિનઃ'નો મતલબ 'બધા લોકો સુખી થાય' એવો થાય.

યોગીના દાવા પ્રમાણે 'સર્વે લોકો સુખી થાય'ની એવી નિષ્ઠા સાથે તૈયાર થયેલા આ અંદાજપત્રમાં ગરીબ, અન્નદાતા, ખેડૂત, યુવા અને મહિલાઓને સમર્પિત છે. યોગીના કહેવા પ્રમાણે, વડા પ્રધન નરેન્દ્ર મોદીનું વિઝન-દૂરદર્શિતા મુજબ સમાજના વંચિતમાં વંચિતને પણ ફાયદો કરાવવાનું છે. આ બજેટમાં તેનું પ્રતિબિંબ છે.

'વરને વરની મા ના વખાણે તો કોણ વખાણે?' એ હિસાબે યોગી પોતાની સરકારના બજેટના મોંફાટ વખાણ કરે તેમાં કશું ખોટું નથી. બલકે યોગીને એ અધિકાર છે કેમ કે બજેટમાં ભલે સનાતન ધર્મને લગતું કશું સીધું ના હોય, પણ યોગીએ ઉત્તર પ્રદેશને તો સનાતન સેન્ટર બનાવી જ દીધું છે. યોગીની છાપ કટ્ટરવાદી હિંદુ નેતા તરીકેની છે અને પહેલાં એવી માન્યતા હતી કે, યોગી પાસે કોઈ આર્થિક વિઝન નથી, પણ યોગીએ જે રીતે ઉત્તર પ્રદેશને રિલિજિયસ ટુરિઝમનું સેન્ટર બનાવી દીધું છે એ જોયા પછી લાગે કે, દેશમાં બીજા કોઈ મુખ્ય મંત્રી પાસે યોગી જેવું વિઝન અને શાણપણ નથી.

યોગીજીને હિંદુત્વના નામે લોકો પાસેથી મત લેતાં પણ આવડે છે અને ધંધો કરતાં પણ આવડે છે. યોગી સરકારે અયોધ્યામાં ભવ્ય રામમંદિર અને બનારસમાં કાશી વિશ્વનાથ મંદિરના વિકાસ દ્વારા દેશભરના હિંદુ શ્રદ્ધાળુઓને ઉત્તર પ્રદેશ આવતાં કરી દીધા છે. બીજાં નાનાં નાનાં ધર્મસ્થાનો પણ વિકસાવાયાં છે. તેના કારણે દેશભરમાંથી શ્રદ્ધાળુઓનો રૂપિયો ખેંચાઈને ઉત્તર પ્રદેશ આવી રહ્યો છે. થોડાંક વરસો પહેલાં સુધી હિંદુ શ્રદ્ધાળુઓ મહારાષ્ટ્રમાં નાસિક-શિરડી. દક્ષિણનાં તિરુપતિ બાલાજી સહિતનાં મંદિરો કે ઉત્તરાખંડમાં ચાર ધામની યાત્રા કરવા જ જતાં, પણ હવે આખો પ્રવાહ ઉત્તર પ્રદેશ તરફ વળ્યો છે. હવે લોકો બનારસ, અયોધ્યા, મથુરા સહિતનાં સ્થળે જાય છે અને યોગી આદિત્યનાથ આટલેથી અટક્યા નથી. યોગી વૃંદાવન પર્વતની આસપાસની ચૌરાસી કોસની પરિક્રમા સહિતનાં નવાં નવાં ધાર્મિક આકર્ષણો ઉમેરતા જ જાય છે તેથી હિંદુ શ્રદ્ધાળુઓનો પ્રવાહ રોકાવાનો નથી ને ઉત્તર પ્રદેશની કમાણી પણ અટકવાની નથી.

યોગીને હિંદુત્વના નામે કેવો ધીકતો ધંધો કરતાં આવડે છે તેનો પુરાવો પ્રયાગરાજમાં મહાકુંભ ૨૦૨૫ છે. મહાકુંભ વિશ્વનો સૌથી મોટો માનવમેળો ગણાય છે, પણ આ વખતે મળી એવી જોરદાર સફળતા પહેલાં કદી નથી મળી. યોગીએ મહાકુંભને સફળ બનાવવા બેવડી સ્ટ્રેટેજી અપનાવી. એક તરફ એમણે દેશભરમાંથી અને વિદેશમાંથી પણ આવનારા કરોડો શ્રદ્ધાળુઓની સગવડો સચવાય એટલા માટે પ્રયાગરાજમાં જોરદાર સગવડો ઊભી કરી દીધી. મહાકુંભ માટે યોગી આદિત્યનાથ સરકારે ૬ હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા છે, પણ આ તમામ રકમ ફક્ત મહાકુંભ પર જ ખર્ચવામાં આવી નથી, બલકે મોટા ભાગની રકમ પ્રયાગરાજ શહેરના નવીનીકરણ પર પણ ખર્ચવામાં આવી છે. મહાકુંભ પર તો ફક્ત ૧૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે, પણ બાકીનાં નાણાં પ્રયાગરાજમાં ખર્ચાયાં ને તેના કારણે યુપીમાં એક નવું કાયમી યાત્રાધામ ઊભું થઈ ગયું.

યોગીએ આ ખર્ચ કાઢવા માટે ૧૪૪ વર્ષે મહાકુંભ યોજાય છે એવો પ્રચાર જોરશોરથી ચલાવ્યો. આ પ્રચાર ખોટો છે અને દર ૧૨ વર્ષે આવે એવો જ આ મહાકુંભ છે એવું શંકરાચાર્યો સહિતના સાધુ-સંતો કહી ચૂક્યા છે. એ અંગે વિવાદ પણ થયો ને તેનો સાર એ જ છે કે, સનાતન ધર્મમાં ૧૨ મહાકુંભ પછી આવતો કુંભ મેળો બહુ મોટો કહેવાય એવું કશું નથી. ખેર, આ વાતો ધર્મને લગતી છે તેથી તેના વિશે બહુ વિવાદનો મતલબ નથી, પણ યોગી સરકારે કરેલા પ્રચારના કારણે આ મહાકુંભ માટે હિંદુઓમાં જબરદસ્ત ક્રેઝ ઊભો થયો એ વાસ્તવિકતા છે. તેના કારણે આ ધાર્મિક કાર્યક્રમમાં લગભગ ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ પહોંચી ગયા છે અને હજુ છેલ્લું સ્નાન બાકી હોવાથી આંકડો ૫૦ કરોડ પર પહોંચી જશે એવું કહેવાય છે.

મહાકુંભ શરૂ થયો ત્યારે 'કન્ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT)'એ મહાકુંભમાંથી ૨ લાખ કરોડ રૂપિયાનો બિઝનેસ થવાની આશા વ્યક્ત કરી હતી. મહાકુંભ ભારત અને વિશ્વમાં અર્થતંત્રનું સૌથી મોટું કેન્દ્ર બનશે એવી આગાહીઓ કરવામાં આવી હતી ને એ સાચી પડી છે. મહાકુંભના કારણે પ્રયાગરાજ અને આસપાસનાં શહેરોમાં બધા ધંધા ધમધોકાર ચાલ્યા છે.

મહાકુંભમાં આવતી દરેક વ્યક્તિ ૧૦ હજાર રૂપિયા ખર્ચ કરી રહી હોય તોપણ યુપીમાં ૫ લાખ કરોડ રૂપિયાથી વધુ રકમ ખેંચાઈ આવી છે.

હોટલ, ધર્મશાળા, અસ્થાયી રોકાણ, ભોજન, પૂજાસામગ્રી, આરોગ્યસંભાળ સહિતની સેવાઓ સાથે સંકળાયેલા લોકોને જોરદાર ફાયદો થયો છે. રેલવે, ઍરલાઇન ક્ષેત્ર અને રોડ ટ્રાન્સપોર્ટને પણ મોટી આવક થઈ છે એ જોતાં યોગી માસ્ટર સ્ટ્રેટેજિસ્ટ સાબિત થયા છે. મહાકુંભમાંથી અધધધ કમાણી કરી ને સાથે સાથે પ્રયાગરાજ તથા આસપાસના વિસ્તારોમાં જોરદાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ઊભું કરી દીધું. ભવિષ્યમાં તેનો જોરદાર ફાયદો યુપીને મળશે.

છેલ્લે એક રસપ્રદ વાત કરી લઈએ.

યોગીએ ઉત્તર પ્રદેશને હિંદુઓ માટે રિલિજિયસ ટુરિઝમના હબ તરીકે વિકસાવીને સારું કર્યું, પણ આ વિચાર સૌથી પહેલાં ગુજરાતમાં અમલમાં મૂકવામાં આવ્યો હતો. ગુજરાતમાં ૧૯૯૫માં પહેલી વાર ભાજપ સરકાર રચાઈ અને કેશુભાઈ પટેલ મુખ્ય મંત્રી બન્યા ત્યારે ગુજરાતનાં યાત્રાધામોના વિકાસ માટે 'ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ' બન્યું હતું. ગુજરાતમાં આવેલી મા અંબા, મા મહાકાલી વગેરેની ૫૧ શક્તિપીઠો ઉપરાંત સોમનાથ, દ્વારકા. પાલિતાણા, બહુચરાજી વગેરે ધાર્મિક સ્થળોનો અભૂતપૂર્વ વિકાસ કરીને ગુજરાતને હિંદુ આસ્થાનું કેન્દ્ર બનાવવાનો અદ્‌ભુત વિચાર અમલમાં મુકાયેલો, પણ કમનસીબે ગુજરાત ભાજપના નેતાઓમાં યોગી જેવું વિઝન નહોતું તેથી ગુજરાતનાં યાત્રાધામો અયોધ્યા, બનારસ કે પ્રયાગરાજ ના બની શક્યાં.

નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે એમણે સ્ટેચ્યુ ઑફ યુનિટી, ધોળાવીરા, માધવપુર બીચ સહિતનાં ટુરિઝમ સ્થળો વિકસાવીને ગુજરાતને દેશના ટુરિઝમ મેપમાં મૂકી દીધેલું, પરંતુ એ પણ ગુજરાતને હિંદુ આસ્થાનું કેન્દ્ર ના બનાવી શક્યા. હિંદુઓમાં કૃષ્ણભક્ત, શિવભક્ત અને શક્તિના આરાધકો એમ ત્રણ મુખ્ય શ્રદ્ધાળુઓ છે. ત્રણેયનાં મોટાં કેન્દ્ર ગુજરાતમાં હોવા છતાં ગુજરાતને હિંદુ આસ્થાનું કેન્દ્ર ના બનાવી શકાયું અને જે ગુજરાત ન કરી શક્યું એ યોગીએ સિદ્ધ કરી બતાવ્યું... ■

મહાકુંભનું સમાપનઃ સનાતનનો ઉદય

નીલેશ દવે

૧૪ જાન્યુઆરી - ૨૦૨૫થી શરૂ થયેલો મહાકુંભ હવે મહાશિવરાત્રીના સમાપનના તબક્કા છે. છેલ્લી કેટલીક સદીઓમાં યોજાયેલા મહાકુંભમાં આ સૌથી વધુ પ્રભાવશાળી કુંભમેળો ગણાશે. દર બાર વર્ષે પ્રયાગરાજમાં આવતો કુંભમેળો એ મહાકુંભ જ ગણાય છે. આપણે ત્યાં સામાન્ય રીતે દર ચાર વર્ષે કુંભમેળો યોજાય છે, નાશિક, હરિદ્વાર, ઉજ્જૈન અને પ્રયાગરાજ. આમાં સૌથી વધુ મહત્ત્વનો કુંભમેળો દર બાર વર્ષે પ્રયાગરાજમાં યોજાય છે અને તે મહાકુંભ જ હોય છે, પરંતુ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગીએ જે રીતે આ કુંભમેળાનું આયોજન કર્યું છે, જે રીતે આ કુંભમેળાનો પ્રચાર અને પ્રસાર કર્યો છે, જે રીતે આયોજન, વ્યવસ્થા, મેનેજમેન્ટ સંભાળ્યું છે તે ખરેખર કાબિલેદાદ છે. કેટલાક અનિચ્છનીય બનાવોને બાદ કરતાં આ કુંભમેળો ૧૦૦ ટકા સફળ ગયો છે. હવે આ કુંભ મેળો સમાપનના અંતિમ ચરણમાં છે, પરંતુ કુંભમેળાના સમાપન સાથે જ સનાતનનો ઉદય થઈ રહ્યો છે. આમ તો જોકે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રામમંદિરના નવનિર્માણ સાથે જ સનાતનનો પાયો મજબૂત બન્યો હતો. ભારતમાં અનેક સંપ્રદાયો અને વિશ્વમાં પણ અનેક પંથો સનાતનમાંથી જ છૂટા પડ્યા છે, પરંતુ જે રીતે રામમંદિરના નવનિર્માણ સમયે ભારતના તમામ સંપ્રદાયો એક થઈ ગયા હતા અને આ નવનિર્માણને રાષ્ટ્રીય પર્વ બનાવી દીધું હતું ત્યારથી જ સનાતન ફરી મજબૂત થશે તેવાં એંધાણ દેખાવા શરૂ થઈ ગયા હતા. જૈન, શીખ, બૌદ્ધ કે વૈષ્ણવ યા સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓએ રામમંદિરના ઉદ્‌ઘાટન સમયે જે રીતે એકતા દાખવી હતી તે રીતે જ કુંભમેળામાં પણ ભારતના ખૂણેખાંચરેથી નાતજાતના ભેદભાવ વગર લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. વર્ણવ્યવસ્થાને લઈને સનાતન ધર્મની ટીકા કરનારાઓના મોઢા પર કુંભમેળામાં ઊમટી પડેલી ભીડ એ મોટો તમાચો હતો. અનેક જૈન સંઘો, સ્વામિનારાયણ મંદિરો કે વૈષણવ હવેલીઓએ બસ, ટ્રેન, વિમાન જે મળે તે રીતે કુંભયાત્રાના આયોજન કર્યાં હતાં. મનથી સાચો સનાતની આ તમામ સંપ્રદાયોની આવી એકતા ઝંખતો અને યોગીએ કુંભ મેળાના આવા જાજરમાન આયોજન સાથે આવા સનાતનીઓની આ ઝંખના પૂર્ણ કરી હતી.

હિન્દુસ્તાનમાં બહારથી આવેલા અનેક લોકોએ વર્ણવ્યવસ્થાને લઈને અમુક ખાસ પ્રકારના નરેટિવ સેટ કર્યા હતા એ તમામ નરેટિવ પર આ કુંભે પડદો પાડી દીધો છે. આ દેશની પ્રજા એક છે, તેમનો ધર્મ એક છે, કદાચ પંથ જુદા હોઈ શકે છે, પરંતુ મંજિલ એક જ એ અનુભૂતિ આ કુંભમેળાની સફળતાથી થઈ રહી છે. વળી એ સહુ એકતા પાછળનું બીજું અને સૌથી પ્રબળ કોઈ કારણ હોય તો તે છે તમામ પંથો પર તોળાતો કટ્ટરવાદી વિચારધારાને પોષતાં ઈસ્લામિક સંગઠનો. વિશ્વના અનેક દેશમાં કેટલાક કટ્ટરવાદી ઈસ્લામિક સંગઠનોએ કાળોકેર વર્તાવ્યો છે, ભારતમાં પણ ધીમે ધીમે તેમનો પગપેસારો થઈ રહ્યો છે. આવાં ધર્માંધ સંગઠનો સામે ટકી રહેવા માટે નાના નાના પંથો અને એક છત્રની પણ જરૂર છે એ વાત સહુને સમજાઈ રહી છે અને આમેય સનાતન ધર્મ એ આ તમામ સંપ્રદાયોની માતૃસંસ્થા જ ગણાય છે તેમાં એકાકાર થતો હોય તો કંઈ ખોટું નથી તેવી સમજ લોકોને આવી રહી છે. આનો ફાયદો સમગ્ર ભારતવાસીઓને વિશ્વમાં જે પ્રજા શાંતિ ઝંખે છે તેમને થશે. સનાતનના ઉદયનો સૂર્ય ચીરકાળ સુધી તપતો રહેશે તો સમગ્ર વિશ્વ શાંતિના માર્ગે વળશે તે ચોકકસ છે. આવા મહાન કુંભના આયોજન માટે યોગી અને મોદી શુભેચ્છાના હકદાર તો છે જ. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી

feedback@bombaysamachar.com

આપો દૃષ્ટિમાં તેજ અનોખું તો સારી સૃષ્ટિમાં શિવરૂપ દેખું

સૃષ્ટિને શિવરૂપ નિહાળવા માટેનું જો કોઈ ઉત્તમ પર્વ હોય કે ઉત્તમ રાત્રિ હોય તો એ મહાશિવરાત્રી છે. શિવરાત્રીનું મહત્ત્વ દર્શાવતાં શાસ્ત્રો-પુરાણોએ કંઈક એવું કહ્યું છે કે, બ્રહ્માંડમાં પહેલું જે લિંગ પ્રગટ થયું હતું તે પ્રગટ સ્વરૂપમાં મહાદેવજીએ બ્રહ્માજીને અને વિષ્ણુ ભગવાનને જ્ઞાનોપદેશ કર્યો. બ્રહ્માજી અને વિષ્ણુ ભગવાનના શિવજી ગુરુ બન્યા. તેમનું એ શિવલિંગના રૂપમાં પ્રાગટ્ય એ મહાશિવરાત્રીના નામે પ્રસિદ્ધ થશે.

મહાશિવરાત્રીના પાવન પ્રસંગને યાદ કરતાં ભુજ કચ્છના પ્રખ્યાત એવા શિવલિંગ મંદિરની વાત કરીએ જેનાં દર્શન ભારતભરમાં દુર્લભ છે. એક જ ગર્ભગૃહમાં બે શિવલિંગ હોય તેવું મંદિર ક્યાંય નથી અને બે ગર્ભગૃહ પરંતુ એક જ મંદિર પરિસરમાં બે શિવલિંગ હોય તેવું મંદિર પણ ક્યાંય દૃશ્યમાન નથી. કચ્છ આ વિશિષ્ટતાને સાચવીને બેઠેલો એકમાત્ર જિલ્લો છે. સદીઓ પુરાણા સ્વયંભૂ બિરાજમાન આ ભોળા શંભુનાં દર્શન લોકહિતકારી છે.

ભુજમાં કલેકટર ઑફિસ પાસે આવેલું દ્વિધામેશ્વર મંદિર પાંચસો વર્ષ જૂનું છે. બે પોઠિયા, બે કાચબા સમેત એક જ નિજમંદિરે બે લિંગનાં દર્શન સહુને સુખ પમાડનારાં છે. કચ્છનાં રજવાડાઓના સમયે ગાયો ચરાવવા જતા ત્યારે એક ગાય નિયમિત દૂધ રેડવા જતી આ સાક્ષીએ ત્યાં એક લિંગ પ્રગટ થયું અને ત્યારે જ રાજાના કારોબારીને સપનામાં ચેતના થઈ કે એ જ જગ્યાએ બીજું લિંગ પણ છે. આ અનુસ્થાને ખોદકામ કરતાં બીજું શિવલિંગ પણ મળી આવ્યું. આમ બે શિવલિંગનું ધામ પ્રખ્યાત બનતાં નામ પડ્યું, દ્વી + ધામ + ઈશ્વર એટલે કે દ્વિધામેશ્વર. વિશાળ પરિસર, ફૂલઝાડ, કૂવા અને નાગાબાવાની ચેતનવંતી સમાધિ સાથે વાઘેશ્વરી માતાજીનું મંદિર પણ પરિસરમાં આવેલું છે. હરેશગીરી ગોસ્વામી હાલમાં આ મંદિરની સેવાપૂજા કરે છે.

આ સિવાય કચ્છી ભાષાના વૈયાકરણી કવિ શ્રી પ્રતાપરાય ત્રિવેદીજી પાસેથી મોરજો મલાર, કાવ્ય કલાપ, કલાધર કૃષ્ણ જેવા ત્રણ કાવ્યસંગ્રહ પ્રાપ્ત થયા છે જે કચ્છી સાહિત્યનો ખજાનો છે. તેમની ઘણી કાવ્યરચનાઓમાં ઈશ્વર અને અધ્યાત્મિકતાનાં અગાઢ દર્શન થાય છે. માનવીય પ્રેમ, પ્રકૃતિ, ઈશ્વર સંબંધિત ધાર્મિક અધ્યયન, જીવનઝરમર રજૂ કરતી વિવિધ કવિતાઓ પૈકી એક કવિતા 'શિવ સ્રોત' દેવોના દેવ મહાદેવ પર પણ લખાઈ છે. જેની સુંદર એક બે પંકિતઓ આપણે માણીએ,

રુસેં રુદ્ર કેનું જલાજે નં જેણા, ત્રુસે જે ત્રિશૂલી કુરો રંગ ગેણા,
ભલારો ઘડી મેં ભને ભીડ્હરી, પ્રભો! ચંદ્રચૂડામણિ! શ્રી પુરારિ
જડે ડૈત પીડ્ ડીમેં દેવતા કે, સતી નેં જતી, ઘેનુકે નેં ધરા કે,
ડિના ડુસ્ટ ડૂતા સમૂરા સમારી, પ્રભો! ચંદ્રચૂડામણિ! શ્રી પુરારિ...

આ સિવાય કચ્છી સંગર 'માનસરોવરજી સવાર'માં પ્રવાસ વર્ણન સાથે શિવનો મહિમા રજૂ કરે છે. ગુજરાતી ભાષામાં આવી કૃતિઓ મળવી દુર્લભ છે. ત્યારે મને વિચાર થયો કે ગુજરાતી ભાષમાં પણ આવી કૃતિઓ મળવી દુર્લભ હોય તો કચ્છી ભાષામાં તો ક્યાંથી જ હોય! પરંતુ સ્વ. પ્રતાપરાયજીને કદાચ મહાદેવ શંભુના જ આશીર્વાદ રહ્યા હશે એવું માની શકીએ.

મહાશિવરાત્રીના પાવન પ્રસંગને યાદ કરતાં ભોળા શંભુના સૌને આશીર્વાદ પ્રાપ્ત હો! ■

બે શિવલિંગ ધરાવતું મંદિર

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

ફૂલકા રોટલીની જેમ શેકાતી ને ચટણીની જેમ પીસાતી 'મિસિસ'

કોઈ ફિલ્મને લઈને જ્યારે બહુ ટીકા-ટિપ્પણી થાય, તેના વિરોધમાં અને તરફેણમાં ચર્ચાઓ થાય તો માનવું કે એ ફિલ્મમાં કોઈ અગત્યનો મુદ્દો છેડવામાં આવ્યો હશે. એવું ત્યારે થાય જ્યારે ફિલ્મ મનોરંજન માટે નહીં, પણ એક સામાજિક સંદેશ માટે બનાવવામાં આવી હોય.

અત્યારે આવી જ એક ફિલ્મ ચર્ચામાં છે. ફિલ્મનું નામ 'મિસિસ' છે અને તેમાં એક પુરુષસત્તાક પરિવારમાં પરણીને આવેલી સ્ત્રી રિચા (સાન્યા મલ્હોત્રા)ની મહત્ત્વાકાંક્ષાઓ, કેવી રીતે ઘરના પુરુષો (પતિ અને સસરા)ની સેવામાં 'શહીદ' થઇ જાય છે તેની કથા છે.

આ ફિલ્મ આમ તો 'સ્ત્રીની ફિલ્મ' લાગે કેમકે તેના મુખ્ય કિરદારમાં સ્ત્રી છે અને તેનું શીર્ષક પણ 'મિસિસ' છે.

ઉપરાંત, ફિલ્મની વાર્તાને પણ તેના મુખ્ય કિરદારની દૃષ્ટિએ પેશ કરવામાં આવી છે. વાસ્તવમાં આ પુરુષોની ફિલ્મ છે.

આ ફિલ્મ પુરુષોએ જોવી જોઈએ. પરિવારમાં પુરુષોની સત્તા હોય છે અને તેનાથી ઘરની સ્ત્રીઓ કેવી (જાણતાં કે

અજાણતાં) અન્યાય થઇ જાય તેનાથી પુરુષોએ સભાન રહેવું જરૂરી છે.

પુરુષોના એક સંગઠને આ ફિલ્મ પર 'ટોક્સિક ફેમિનિઝમ'ને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે. પુરુષોના અધિકારોની સંસ્થા 'સેવ ઇન્ડિયન ફેમિલી ફાઉન્ડેશને' સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું છે કે, 'પુરુષો રેલવે સ્ટેશનો પર, બાંધકામનાં સ્થળો, પોલીસ સ્ટેશનોમાં, ફેક્ટરીઓમાં ૮-૯ કલાક કામ કરે છે. જ્યારે અહીં એક સુખી યુવતી રસોઈ બનાવતી વખતે, વાસણો અને કપડાં ધોતી વખતે અને એના સસરાની સેવા કરતી વખતે સતામણી અનુભવે છે મહિલાઓને એવું લાગે છે કે કામ કરવું એટલે એરકંડિશન્ડ ઓફિસોમાં બેસવું. એ કન્સ્ટ્રકશન સાઈટ કે રેલવે સાઈટ પર કામ કરવાને કામ માનતી નથી.'

જો કે, આ ફિલ્મને ચાહવાવાળા પણ ઓછા નથી. એમણે આ વિરોધને વ્યર્થ ગણાવ્યો છે. એક ચાહકે પુરુષ સંગઠનને જવાબ આપ્યો હતો : 'વાસ્તવિક જીવનમાં તેની કોઈ અસર તો પડવાની નથી, પછી

તમને આ ફિલ્મથી આટલો ડર કેમ લાગે છે? અર્જુન રેડ્ડી જેવી હિંસક ફિલ્મોની વાત આવે ત્યારે એવું કહેવામાં આવે છે કે ફિલ્મો વાસ્તવિક જીવનમાં કોઈને અસર કરતી નથી. કલા એ કલા છે, દરેકને કલા બનાવવાની સ્વતંત્રતા છે. તો પછી 'મિસિસ'માં શું ખોટું છે?'

વેલ, કશું ખોટું નથી. આપણા સમાજની વિડંબના એ છે કે એક છોકરી પરણીને ઘરમાં આવે છે ત્યારે સાસરિયાઓને એની પાસેથી ઘણી અપેક્ષા હોય છે. એને એક માણસને બદલે એક મશીન સમજતાં હોય છે, જેણે દરેક કામ પરફેક્ટ રીતે કરવાનું હોય છે. આ વાત અસાધારણ નથી. ભારતમાં આજે પણ અનેક સાસરિયાંમાં વહુ સાથે આવો

જ વ્યવહાર થાય છે. ભારતમાં સ્ત્રીઓના મોટાભાગના આપઘાત પાછળ સાસરિયાંનું દુ:ખ હોય છે.

'મિસિસ' માં સાન્યા મલ્હોત્રાનું પાત્ર રિચાને એરેન્જ લગ્ન પછી લગ્નની, સંબંધોની અને સામાજિક-પારિવારિક અપેક્ષાઓ સાથે સંઘર્ષ કરતી બતાવવામાં આવી છે. લગ્ન પછી એની રાત અને દિવસ પતિ અને પરિવારની સંભાળ રાખવામાં જાય છે.

મૂળ આ મલયાલમ ફિલ્મ 'ધ ગ્રેટ ઇન્ડિયન કિચન' ફિલ્મની હિન્દી રિ-મેક છે. આ નામ સૂચક છે. ફિલ્મમાં રિચા સવારે ૪ વાગ્યે ઊઠે છે અને અડધો દિવસ રસોડામાં વિતાવે છે. એ પછી પણ એને ખબર નથી કે તે ક્યારે પગ વાળીને બેસશે, કારણ કે ત્યાં સુધીમાં તો સાંજના ખાવાની તૈયારીનો સમય થઇ ગયો હોય છે. એમાંને એમાં રાતના ૧૨ વાગી જાય છે.

ટૂંકમાં, રિચાનો આખો સમય રસોડામાં જ પૂરો થાય છે. આટલા કામ પછી પણ, સાસરિયાં એનાં કામમાંથી ફોતરાં કાઢતાં રહે છે તે છોગામાં.

આ વાર્તા માત્ર રિચાની જ નથી, પરંતુ એની સાસુ અને માની પણ છે. સાસુ, જેની પાસે અર્થશાસ્ત્રની ડિગ્રી છે એનો દિવસ પતિના પગરખાં બહાર કાઢી રાખવા અને બેડ પર એમનાં કપડાં તૈયાર રાખવાથી શરૂ થાય છે. સાસુના પતિ અને પુત્રને થાળીમાં ગરમ ફુલ્કા રોટલી જ ભાવતી હોય છે, કેસરોલમાં મુકેલી રોટલી નહીં એટલે સાસુની સાથે વહુએ પણ આ શીખી લેવાનું હોય છે.

રિચા નાનપણથી ડાન્સની શોખીન છે. એની એક ડાન્સ ટીમ પણ છે. ઇનફેક્ટ, ફિલ્મની શરૂઆત એના ડાન્સથી જ થાય છે. એ પછી એનાં લગ્ન થઇ જાય છે. સાસરીમાં ગોઠવાયા પછી, નવી રીત રસમો શીખ્યા પછી, આખા દિવસના ઢસડબોળા પછી બપોરે સમય કાઢીને રિચા ડાન્સ કરવા જવાની ઈચ્છા વ્યક્ત કરે છે, ત્યારે એનો પતિ દિવાકર રિચાની ખોડ કાઢતાં કહે છે પણ ખરો કે, 'ડાન્સ તે વળી કોઈ કામ છે? તારે તો તારી માની જેમ સરસ ખાવાનું બનાવતાં આવડવું જોઈએ.'

પત્નીની માતાનો દાખલો આપતો આ દિવાકર, ડાઈનિંગ ટેબલ પર રિચાના કામમાં ખોડ કાઢતા બીજા એક દૃશ્યમાં કહે છે, 'પાપાને પથ્થર પર લસોટેલી ચટણી ભાવે છે. એ માને છે કે પથ્થર પર ચટણી લસોટાય છે, મિક્સીમાં ચટણી કપાય છે. લસોટેલી ચટણીનો સ્વાદ અલગ હોય છે.'

આમાં ભાવાર્થ એ પણ છે કે વહુ બનીને આવેલી રિચા સાસરિયાના પથ્થરમાં ચટણીની જેમ પીસાઈ રહી છે,

છતાં મેણું તો એવું મારવામાં આવે છે કે એને કંઈ આવડતું નથી. એક દૃશ્યમાં દિવાકર એને કહે છે પણ ખરો, 'તારા આખા શરીરમાંથી રસોઈની ગંધ આવે છે.'

આ ફિલ્મ દર્શાવે છે કે મહિલાઓ પર ઘરેલું જવાબદારીઓનો બોજો નાખીને એમને સીમિત કરી દેવામાં આવે છે. જ્યારે હકીકત એ છે કે મહિલાઓ આ પરંપરાગત જવાબદારીઓ કરતાં ઘણી વધારે સક્ષમ છે. રિચાનું પાત્ર એ વાતનું પ્રતીક છે કે મહિલાઓ પાસે એમનાં સપના સાકાર કરવાની શક્તિ હોય છે.

આ ફિલ્મ એ ભ્રમ તોડવાનો પ્રયાસ કરે છે કે ગૃહિણી મહત્ત્વાકાંક્ષી નથી હોતી અને એના જીવનનો એક માત્ર હેતુ ઘરનું કામ કરવાનો અને પરિવારની જરૂરિયાતોને સાચવવાનો છે. આ ફિલ્મ શીખવે છે કે ફરજો નિભાવવાની સાથે સાથે મહિલાઓએ પોતાની જરૂરિયાતો અને ખાસ તો આત્મસન્માનની અવગણના ન કરવી જોઈએ અને જ્યારે મહિલા પોતાને મહત્ત્વ આપે છે ત્યારે એ સમાજની અપેક્ષાઓથી આગળ વધી શકે છે અને વધુ સંતુલિત અને સુખી જીવન જીવી શકે છે.

આ ફિલ્મ દર્શાવે છે કે કેવી રીતે પરંપરા અને આધુનિકતા વચ્ચેના સંઘર્ષમાં મહિલાઓ સૌથી વધુ પીડાય છે. જ્યારે અપર્ણા (રિચાની સાસુ) એની ગર્ભવતી પુત્રીને થોડા દિવસો આરામ કરવા માટે ઘેર બોલાવે છે ત્યારે પણ તે ઘરના કામથી છુટકારો મેળવી શકતી નથી. આ ફિલ્મ સૂક્ષ્મ દૃશ્યો દ્વારા ઊંડા સામાજિક મુદ્દાઓને બહાર લાવે છે

અને પ્રશ્ન ઉઠાવે છે કે ઘરની મહિલાઓને ક્યારેય રજા કેમ નથી મળતી? ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

મૂડીબજારમાં પ્રવેશવા સંખ્યાબંધ વીમા કંપનીઓ કેમ કતારમાં આવી ગઈ છે?

વીમા ઉદ્યોગમાં સીધા વિદેશી રોકાણની મર્યાદા બજેટમાં ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કર્યા બાદ આ ઉદ્યોગમાં વિકાસનો વેગ વધે એવી સંભાવના આકાર લઈ રહી છે તેમાં સરકારની ઉદાર પ્રોત્સાહક નીતિ વધુ કામ કરી રહી છે.

બજેટ -૨૦૨૫માં નાણાં પ્રધાને વીમા ક્ષેત્રે ૧૦૦ ટકા વિદેશી રોકાણની મંજૂરી આપતા હાલમાં ૧૦ થી ૧૨ વીમા કંપની મૂડીબજારમાંથી ભંડોળ ઊભું કરવાની તૈયારીમાં લાગી ગઈ છે. આ કંપનીઓએ નિયમન સંસ્થા ઈરડાઈ (ઈન્સ્યૉરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીઝ ઓફ ઈન્ડિયા)ને પોતાનો પ્રસ્તાવ પહોંચાડી દીધો છે. આ કંપનીઓમાં એચડીએફસી એરગો જનરલ ઈન્સ્યૉરન્સ, ઈફકો ટોકિયો જનરલ ઈન્સ્યૉરન્સ, બજાજ એલાયન્સ જનરલ ઈન્સ્યૉરન્સ, તાતા એઆઈજી, બજાજ એલાયન્સ લાઈફ ઈન્સ્યૉરન્સ, તાતા એઆઈએ લાઈફ ઈન્સ્યૉરન્સ , એકિસસ મેકસ લાઈફ ઈન્સ્યૉરન્સ, કોટક લાઈફ ઈન્સ્યૉરન્સ અને એસબીઆઇ જનરલ ઈન્સ્યૉરન્સ કંપનીનો સમાવેશ થાય છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણના તાજા નિવેદન મુજબ સરકાર વીમા સેકટરમાં વધુ રિફોર્મ્સ લાવી રહી છે, જેની શરૂઆત સરકારે ઓલરેડી ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણને મંજૂરી આપીને કરી છે. આમ કરવાથી ઈન્વેસ્ટમેન્ટ અને નફો બંને દેશમાં જ રહેશે. અત્યારસુધી સીધા વિદેશી રોકાણની મર્યાદા ૭૪ ટકા રહી હતી. ભારતમાં વીમા ક્ષેત્ર સતત વિસ્તરી રહ્યું છે અને તેની ગહનતા પણ વધી રહી છે. અર્થાત, આ માર્કેટમાં વધુને વધુ કંપની આવશે અને બજારનું કદ નિયમિત મોટું થવાની શકયતા ઊંચી બનતી જશે. હજી ગ્રાહકલક્ષી સુધારાની જરૂર ઈન્સ્યૉરન્સ સેકટરના રિફોર્મ્સ સાથે તેમાં વધુ ખેલાડી પ્રવેશે એ પણ જરૂરી છે... વરસો પહેલાં તેમાં મોનોપોલી જેવી સ્થિતિ હતી, ખાસ કરીને સરકારી કંપનીઓ જ હતી, ખાનગીકરણ બાદ ચિત્ર બદલાતું ગયું અને સ્પર્ધા શરુ થઈ. એટલું જ નહીં, હરીફાઈથી ગુણવત્તામાં સુધારો આરંભાયો અને ગ્રાહકોને પણ અમુક અંશે લાભ મળવા લાગ્યો. જોકે હજી ગ્રાહકોને આ સેકટરમાં વિશ્વાસની પૂર્ણ પ્રતિતી થઈ નથી, હજી વીમા પ્રોડકટસના વેચાણમાં મિસ-સેલિંગનું પ્રમાણ ઘણું મનાય છે, ગ્રાહકો એક યા બીજી રીતે છેતરાય છે. 'ઈરડાઈ' ની સ્થાપના બાદ તેમ જ તેના સક્રિય થયા પછી ચિત્ર ફરી બદલાવાનું શરૂ થયું. તેમ છતાં હજી મંઝિલ દુર છે. આ સેકટર વધુ સુધારા માગી લે છે. ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણના પરિણામે ભારતીય નાગરિકોના પ્રીમિયમના નાણાં દેશમાં જ રહેશે, જેથી એમનાં હિતો પર કોઈ વિપરિત અસર થાય નહીં.

અહીં અઢળક તક છે વિકાસની

ભારતમાં વીમા ક્ષેત્રમાં વિકાસની અઢળક તક અને સંભાવના છે. આ સાથે ઈન્સ્યૉરન્સ પ્રોડકટસના વિતરણમાં અનેક પડકાર પણ છે. આ સેકટરમાં ઈનોવેશનનો હજી અભાવ છે, જે તેનો ઉપયોગ કરશે એ કંપનીઓ ઝડપી વિકાસ કરી શકશે. 'ઈરડાઈ'ના અભ્યાસ મુજબ ભારતની ઈન્સ્યૉરન્સ માર્કેટ આગામી એક દાયકામાં વિશ્વની પાંચમી ટોચની વિશાળ માર્કેટ બની જવાની આશા છે. હાલમાં જર્મની, ઈટાલી, સાઉથ કોરિયા અને કેનેડાની ઈન્સ્યૉરન્સ માર્કેટ વિશાળ છે. વરસ ૨૦૨૫ના પ્રથમ કવાર્ટરમાં ભારતમાં વીમા સેકટરમાં ૨૨ ટકા આસપાસ ગ્રોથ નોંધાયો છે. ૨૦૨૬ સુધીમાં આ માર્કેટ ૨૨૨ અબજ ડૉલરની થઈ જવાની ધારણા છે. આ વિકાસમાં ટેકનોલોજી અને ઓટોમેશન મહત્ત્વની ભૂમિકા ભજવશે. છેલ્લા દસેક વરસમાં વીમા સેકટરમાં સરકારની ઉદાર અને વ્યવહારું નીતિઓને પરિણામે રૂ.૫૪૦૦૦ કરોડ જેટલું સીધું વિદેશી રોકાણ આવ્યું છે.

ડિજિટાઈઝેશન ને કોર્પોરેટાઈઝેશન

ભારતીય વીમા ઉદ્યોગ સતત વૃદ્ધિલક્ષી રહયો છે, ખાસ કરીને જીવન વીમાની માર્કેટ તો વિશ્વમાં પાંચમા ક્રમે રહી છે, જે વાર્ષિક ૩૨ ટકાના દરે વૃદ્ધિ પામી રહી છે. પ્રજામાં વધતી જાગ્રતિ સાથે અને લોકોની વધતી આવક સાથે વીમા ઉદ્યોગ માટેનો સ્કોપ વધતો રહેશે. હાલમાં દેશમાં ૫૭ જેટલી વીમા કંપની છે, ૨૪ લાઇફ ઈન્સ્યૉરન્સ અને ૩૪ નોન-લાઈફ ઈન્સ્યૉરન્સ કંપની છે. સમયના પરિવર્તન સાથે આ ઉદ્યોગમાં જબરદસ્ત ટ્રાન્સફોર્મેશન ચાલી રહ્યું છે. નિયમો- ધોરણોના સુધારા, પારદર્શકતા, પ્રોડકટસ ઈનોવેશન, હરીફાઇ જેવા પરિબળો તેમ જ ખાસ કરીને ડિજિટલાઈઝેશન અને કોર્પોરેટાઈઝેશનના પરિબળ તેમાં નવી ઉત્તેજના ઉમેરી રહ્યું છે.

'ઈરડાઈ'નું મિશન છે કે વરસ ૨૦૪૭ સુધીમાં દરેક માટે વીમો. આને ધ્યાનમાં રાખીને પણ માની શકાય કે દેશમાં વીમા ઉદ્યોગના વિકાસ માટેની સંભાવના કેટલી વિશાળ અને વિરાટ છે. છેલ્લી વાત આપણે અહીં LICના મેગા આઈપીઓને પણ યાદ કરી લેવો જોઈએ, જેના ઓફર ભાવ અને લિસ્ટિંગ બાદના ભાવની વધઘટને પણ સમજવી જોઈએ અર્થાત, માત્ર માર્કેટ શૅર જ કામ નથી આવતો, બજાર ગ્રોથલક્ષી અભિગમ અને સ્કોપ પણ ધ્યાનમાં લે છે. જેથી આઈપીઓમાં સમજણ વિના તણાઇ જવું નહીં. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

ખૂબસૂરત - યુવાન ને પ્રેમપાત્ર હોવાથી ૨૬ વર્ષની દોજખની સજા

બ્લાજ મોન્જે

બ્લાજ મોન્જેનું જીવન પરી જેવું હતું. ફ્રાંસમાં જન્મ, ધનવાન, સન્માનીય માતા-પિતા, પોતે એકની એક દીકરી, સાથે એક ભાઇ, કદ-કાઠી સરસ-આકર્ષક અને એકદમ રૂપાળી યુવાનીમાં પગ મૂકતા મોટા ભાગની યુવતીઓની જેવા જ એનાં સપનાં. મનનો માણીગર મળી જાય. લગ્ન કરે, પોતીકું ઘર હોય, સંતાન થાય અને સુખી સંસાર હોય. આમાં કંઇ ખોટું નહોતું. બ્લાજ એમ જ વિચારતી હતી ને એના સપનામાં રાચતી હતી.

ઇ. સ. ૧૮૪૯ની પહેલી માર્ચે ફ્રાંસના ધનવાન પણ રૂઢિચુસ્ત પરિવારમાં જન્મેલી બ્લાજના પિતા ચાર્લ્સ એઝિલ, માતા લુઇ અને ભાઇ માર્સેલને કોઇ વાતે દુ:ખ નહોતું. કહો કે દુ:ખની કલ્પના સુધ્ધાં નહોતી. વંશ પરંપરાગત સમૃદ્ધિ હતી. એ પણ નવાબી કહી શકાય એવી. પોઇટીયર્સ નગરમાં પાંચમાં પૂછાય એવો પરિવાર.

બ્લાજ મોટી થઇ ત્યારે મનમોહક રૂપ, અનહદ યૌવન અને પહેલી નજરે આંખમાં વસી જાય ને દિલમાં વસી જાય એવું વ્યક્તિત્વ. ઘણાં યુવાનો એના પર મરતા હતા. પણ બ્લાજનું દિલ એક વકીલ પર આવી ગયું. બ્લાજની પ્રીતિને પાત્ર બનેલા નસીબદારમાં બે ખામી હતી. એક, એ બ્લાઝથી થોડો મોટો હતો. બીજુ, એ મોન્જે કુટુંબની સરખામણીમાં ઘણો ગરીબ હતો. બ્લાજના મમ્મીના શબ્દમાં 'પેનીલેસ' અર્થાત કંગાળ ફક્કડ ગિરધારી હતો.

બ્લાજને મનાવાઇ, ખૂબ સમજાવાઇ બીજા કોઇ સમકક્ષ યુવાનને પસંદ કરવાની હિમાયત થઇ. પણ ૨૫ વર્ષની બ્લાજ ઘરાર એકની બે ન થઇ. મમ્મી લુઇથી આ સહન ન થયું. દીકરી કંગાળનું ઘર વસાવે? અને પોતાની-એની મમ્મીની વાતની અવગણના કરે? યે કૈસે હો સકતા હૈ!

અને માનવ-ઇતિહાસમાં ભાગ્યે જ કોઇ માતાએ ભર્યું એવું પગલું લુઇએ ભર્યું તેણે ૧૮૭૬માં ૨૭ વર્ષની બ્લાજને એક નાનકડી ઓરડીમાં પૂરી દીધી. મા-બાપ સંતાનની અકકલ ઠેકાણે લાવવા બે-પાંચ કલાક કે એકાદ દિવસ આવી સખ્તાઇ અપનાવે એવું થાય કે

જે હકીકતમાં ક્યારેય ન બનવું જોઇએ, પરંતુ લુઇના શરીરમાં માતાની લાગણી કે હૃદય હોય એવું લાગ્યું નહીં.

કારણકે બ્લાજને સોફા જેવા નાનકડા પલંગ પર સાંકળથી બાંધી દેવાઇ હતી. રૂમમાં કયાંયથી કયારેક પ્રકારનું કિરણ ન આવે એવી ગોઠવણ થઇ હતી. એને બધુ બંધનાવસ્થા પલંગમાં જ કરવાનું. ખાવા, પીવાનું, આરામ કરવાનો અને મળ-મૂત્ર વિસર્જન પણ ત્યાંને ત્યાં.

પણ યુવાન દીકરી લાંબો સમય ન દેખાય તો સગાવહાલાં, પાડોશી અને મિત્રો સવાલ કરવાના જ. એમને શું જવાબ આપ્યા? આ માટે બે નોંધ મળે છે. પહેલી વાત એવી આવી કે મોન્જે કુટુંબે એકની એક યુવાન દીકરી લાપતા થઇ ગઇ હોવાનો ઢોંગ કર્યો, ચહેરા પર દુ:ખ વેદનાના મુખવટા પહેરી રાખ્યા. બીજી વાત સાવ અલગ જ છે. બ્લાજને ભણવા માટે ઇંગ્લેન્ડ મોકલાવી છે. એની પાસે વતન પાછા ફરવાની નવરાશ નથી. છેલ્લે-છેલ્લે ત્યાં સુધી ટાઢા પહોરનું ગપ્પું પણ હંકાર્યું કે એ પરણીને ત્યાં જ સ્થાયી થઇ ગઇ છે અને અહીં પાછી ફરવા માગતી નથી.

બ્લાજના બહારની દુનિયા સાથેના તમામ સંબંધો કાપી નખાયા. મિત્રો, પાડોશી કે સગા સાથે લેશમાત્ર સંબંધ નહીં. માત્ર ઘરના અને એમાંય માતા, ભાઇ અને એકાદ નોકર સિવાય કોઇના મોઢા જોવા ન મળે. નામ પૂરતું ખાવાનું ને બે ચાંગળું પાણી મળે.

આમને આમ દિવસો, અઠવાડિયા, મહિના અને વરસો વીતતાં ગયાં. ન દીકરીએ જીદ છોડી કે ન મમ્મી નરમ પડી. ભાઇ માર્સેલ મમ્મીની તરફેણમાં હતો પણ પપ્પાના રોલ પર કોઇ માહિતી ઉપલબ્ધ નથી. શું વ્હાલના દરિયા જેવી દીકરી પરના અમાનુષી અત્યાચારને એ બાપ મૂક મોઢે જોઇ રહ્યો હશે કે પછી આ દોઝખ માટે એની મૌન સંમતિ હશે.

બ્લાજના કેદના દશેક વર્ષ બાદ પ્રેમી વકીલનું અવસાન થયું. હવે તે રહી સહી પૂચ્છા કરનારું ય કોઇ ન બચ્યું આને લીધે મોનીયેર કુટુંબને કાયમી નિરાંત થઇ ગઇ. આમ છતાં એમના હૃદયમાં જરાય પરિવર્તન ન થયા. ન દીકરી પર દયા આવી કે ન એને છોડવાનો વિચાર કર્યો.

બ્લાજે ૨૬-૨૬ વર્ષ આવી ભયંકર કેર, યાતનામાં વિતાવ્યા. કદાચ નાઝી યાતના છાવણીમાં ય કોઇ આટલો લાંબો સમય સબડયા નહોતા. ત્યાં ઘણાંને મોતરૂપે જલદી છુટકારો મળી ગયો હતો. પણ બ્લાજના નસીબમાં એ પણ નહોતું. જોકે હવે એની માનસિક હાલત એવી હતી કે સારા-નરસાનું ભાન ગુમાવી બેઠી હતી. સુખ-દુ:ખ વચ્ચેનું અંતર ભુંસાઇ ગયું હતું. શરીર આપોઆપ શ્વાસ લેતું હતું એટલે જીવતી હતી.

આ એકદમ અકલ્પનીય ઘટના હતી. એમાં ૨૬ વર્ષ બાદ ઓચિંતો એક ટ્વીસ્ટ આવ્યો. કોઇ અજાણી વ્યક્તિએ ૧૯૦૧ની ૨૩મી માર્ચે પેરિસના સરકારી વકીલને પત્ર લખીને માહિતી આપી કે પોઇટિયર્સ નગરનો એક રાજાવંત પરિવાર બંધ બારણાં પાછળ કંઇક છુપાડીને બેઠો છે.

૧૯૦૧ની પહેલી મેએ પોલીસ મોન્જે પરિવારના ઘરે પહોંચી. પૂછપરછમાં કુટુંબીજનો લાળા ચાવવા માંડયા. પોલીસને લીલા તોરણે પાછા વળાવવાના પેતરાં રચવા માંડયા, પરંતુ પોલીસ ઘરાર ન માની. આખા ઘરમાં તપાસ અને શોધખોળ બાદ તેઓ છેલ્લી ઓરડી ભણી આગળ વધ્યા.

એ ઓરડીનો દરવાજો ખોલતા જ મગજ બહેર મારી જાય એવી ગંધે આક્રમણ કર્યું. પૂરું અજવાળું નહોતું કે કંઇ દેખાય. આગળ વધીને જોયું તો ખૂણામાં હાડપિંજર જેવી બ્લાજ પડી હતી. ચહેરા અને આખા શરીર પર જયાં-ત્યાં વાસી ખોરાક અને મળ લાગેલા હતા. મેલી, ફાટેલી, ચટાઇ પર જયાં ત્યાં શાકભાજી માછલી, બ્રેડ અને માંસના સડેલા ટુકડાં વેરણછેરણ પડયા હતા. માખી બણબણતી હતી. મચ્છરો ઊડ ઊડ કરતા હતા. સી ફૂડના અંશ અને છીપલાંય નજરે પડયા.

અઢી દાયકાથી વધુ સમય તેલ, કાંસકા અને સ્પર્શ વગરના વાળમાંથી કંઇક વિચિત્ર વાસ આવતી હતી. પોલીસ ટુકડી માટે વધુ ખાસ કે પૂછપરછ કરવાનું શકય ન બને એવી ગંધ નાકમાંથી હટતી નહોતી.

માંડમાંડ બ્લાજને ઉગારીને બહાર લઇ ગયા. પણ હવે મુક્તિનો આનંદ અનુભવવા જેટલી ય સમજ એનામાં બચી નહોતી.

મોન્જે પરિવાર સામે ખટલો શરૂ થયાના ૧૫ દિવસમાં પિતા ચાર્લ્સ એઝિલ અવસાન પામ્યા. ભાઇએ આ કુકર્મનાં સીધો સાથ આપ્યાનું સાબિત ન થયું. વળી, એ સમયના કાયદા મુજબ ભઇલા માર્સેલે જે કર્યું એ અપરાધ ગણાતો ન હોવાથી એ બચી ગયો. માતાને પણ માનસિક રીતે અસ્વસ્થ કરાર કરી દેવાઇ એટલે એનેય સજા ન થઇ.

--- અને બ્લાજ મોન્જેનું શું થયું? એને હોસ્પિટલમાં દાખલ કરાઇ. તપાસમાં બહાર આવ્યું કે એ સ્કિઝોફેનિયા, એનોરિક્સમાં નર્વોસા, એક્ઝિબિટોનિઝમ અને કોરોફિલિયા સહિતની અનેક બીમારીથી પીડાઇ રહી છે. બ્લાજને બ્લોઇસ સ્થિત સાઇક્રિયાટીક હૉસ્પિટલમાં ખસેડાઇ, જયાં ૧૯૧૩ની તેરમી ઓક્ટોબરે ગુમનામીમાં તેણે અંતિમ શ્વાસ લીધા. અફકોર્સ, આ મોત એને જિંદગી કરતાં અનેકગણું સુખદ અને નિરાંતમય લાગ્યું હશે. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

ગઝલ ને જીવન એકાકાર કરતો શાયર 'નૂરી'

રૂઠી જવું મનાવવું, ક્યાં છે હવે નસીબમાં
તારો હવે સમય નથી, મારા હવે દિવસ નથી



સૂરત અને આજુબાજુનાં રાંદેર સહિતનાં ગામોમાંથી ઘણા શાયરો મળ્યા છે. રાંદેર તો મુખ્ય મથક અને આસિમ રાંદેરીના નામ થકી પ્રખ્યાત. સૂરતની બાજુના કઠોરમાં અહમદ આકુજી 'સીરતી' જેવો મસ્તમિજાજી શાયર હતો તો નવસારી વિભાગમાં આવેલા જલાલપુરમાં મૂસા યુસુફ નૂરી 'નૂરી' શયદાની પેઢીના નિષ્ઠાવાન શાયર, કેળવણીકાર અને પત્રકાર હતા. નૂરી અટક હતી અને ઉપનામ પણ 'નૂરી' રાખ્યું. એમનો જન્મ ૨૫-૩-૧૯૧૭માં જલાલપુરમાં. મૅટ્રિક સુધીનો અભ્યાસ કરીને શિક્ષકનો વ્યવસાય સ્વીકારી લીધો.

અભ્યાસ, ખંત અને સ્વયંસ્ફુરણાથી ફક્ત ૧૫ વર્ષની વયે ગઝલ કહેવાનું શરૂ કરીને ૧૯૯૪ના ફેબ્રુઆરીની ૧૩મી તારીખે છેતેકાલ થયો ત્યાં સુધી સતત ગઝલની આરાધના કરી હતી. એમનો પ્રથમ ગઝલ સંગ્રહ 'અવસર' ૧૯૬૮માં પ્રગટ થયો હતો. આપણા અગ્રગણ્ય શાયર 'મરીઝ' 'અવસર'ની પ્રસ્તાવનામાં નોંધે છે: 'લાગણીશીલ હૈયાને મુગ્ધ કરી નાખે એવા અનેક શે'રો ભાઈ 'નૂરી'ની ગઝલોમાં મોજૂદ છે. નિષ્ફળ પ્રણય, વહેવારિક આઘાત, સામાજિક અન્યાય તો કોઈ ઠેકાણે આધ્યાત્મિક નિદર્શન એમની ગઝલોમાં સંચિત છે, અને એવા બીજા અનેક વિષયોનું નિરૂપણ એમણે ગઝલના હાર્દને સાચવીને કરેલું છે. એ બળ પર તેઓ પ્રથમ શ્રેણીના ગઝલકાર લેખી શકાય.'

સૈફ પાલનપુરીએ પરિચયરૂપે એ સંગ્રહમાં લખેલું કે 'સીધાંસાદાં વસ્ત્રો, સીધોસાદો ચહેરો અને સીધીસાદી વાતચીત. રસ્તામાં તમારી પાસે થઈને જો 'નૂરી' ભાઈ પસાર થઈ જાય તો કોઈ પ્રતિભા પસાર થઈ છે, એવો આંચકો તમને ન લાગે કારણ કે 'નૂરી'ની પ્રતિભા જાણવા અને માણવા માટે તો એમની ગઝલોની નજીકાઈ સાધવી આવશ્યક છે. છેલ્લાં પંદરેક વર્ષથી એક મિશનરીની જેમ ગઝલની ઉપાસના કરી રહેલા આ શાયરની દર્દીલી બાની તમારા હૈયામાં એક સુખદ વિસ્મય તરીકે સ્થાપિત થઈ જશે.' 'નૂરી'ની ગઝલ સાધના મુશાયરા પ્રસિદ્ધિની ઓશિયાળી નથી. એ દિલની વાતો ગઝલની આંગળી પકડીને ઠાલવતા હતા. સૈફ આગળ નોંધે છે: 'ગુજરાતી ગઝલ સાહિત્યનો જ્યારે કોઈ તટસ્થ યુગ આવશે ત્યારે ગઝલના એ મતવાલાઓની અંજુમનમાં એક જામ પર 'નૂરી'નું નામ પણ મોટા અક્ષરે કોતરાયેલું હશે, એ નિર્વિવાદ છે.

શિક્ષણવિદ્, સાહિત્યકાર અને કવિજીવ હોય તે સારા પત્રકાર બને છે. પત્રકારત્વ પણ ઉતાવળે સર્જાતું સાહિત્ય જ છે. ભાઈ 'નૂરી' સારા પત્રકાર હતા. મુંબઈમાંથી પ્રગટ થતાં જામેજમશેદ વર્તમાનપત્રમાં એમણે પત્રકાર તરીકે નોંધનીય યોગદાન આપ્યું હતું. વિરહની અવસ્થામાં શું વીતે છે તેનો તાદશ ચિતાર આપતા શેર જુઓ:

પરિસ્થિતિ હવે પહોંચી ગઈ છે ક્યાં સુધી, જો જો!
ગમે તે આવતું હો પણ, તમારું આગમન લાગે

* * *

ઘડી-પળમાં હૃદય સંબંધને તોડી તમે ચાલ્યાં.
કે જે વિકસાવવા બેસો તો વરસોના વરસ લાગે

* * *

જુદાઈમાં જીવે છે એની કઠણાઈને માપી જો
વિતાવા માટે તો નહિતર બધા સરખા દિવસ લાગે.

* * *

રૂઠી જવું મનાવવું, ક્યાં છે હવે નસીબમાં?
તારો હવે સમય નથી, મારા હવે દિવસ નથી.

* * *

આજ સમય ફરી ગયો, કેવી અસર કરી ગયો!
આજ તો તારા પત્રને વાંચવામાં ય રસ નથી.

ગઝલ એ પ્રેમની ભાષા છે, પ્યારની ગુફતગૂ છે, સ્નેહની સોબત છે અને રંગીનીઓની રંગત છે. એટલે કવિહૃદય પ્રેમની દાસ્તાન પર કલમ ન ચલાવે એવું ન બને.

'નૂરી'ના થોડાક પ્રેમવિષયક શેર જોઈએ:

દીવાનગી જ પ્રેમની એક સાચી રીત છે.
બીજું તો તારા રાહમાં મોટું ગણિત છે.
પ્રત્યેક શ્વાસ તારો છે, પ્રત્યેક દમમાં તું
દિલમાં ભલે ને જોવામાં દુનિયાની પ્રીત છે.

* * *

ચીંધે છે આંગળી લોકો, બધા એ જાણે છે
કે મારો હાલ તો તારા કહ્યા પ્રમાણે છે
બધો યે મારાપણાનો મરી ગયો આનંદ
કે મારા કરતાં મને તું વધારે જાણે છે.

* * *

પ્રેમમાં કેવી મજા? ક્યાંની મજા? પણ આજીવન-
એટલું સમજાયું એક સંવેદના થઈ જાય છે
વાત જ્યારે દિલની સાથે આપની છેડું છું હું
મારી એકલતાય પણ ત્યારે સભા થઈ જાય છે.

* * *

પ્રેમ શું છે, એ ખબર તો પછી 'નૂરી' પડી,
એના જીવનમાંથી જ્યારે દૂર હું થઈ જાઉં છું.

જીવનમાં અલ્પ સુખના સમયમાં ઇચ્છાઓ પૂરી થતી નથી. દુઃખના લાંબા સમયમાં સમાજ, મિત્રો, સંબંધીઓ અને સ્નેહીઓ તરફથી વ્યથા, દુઃખ-દર્દ અવમાનના, તિરસ્કાર અને અપયશની સોગાદ મળ્યા કરતી હોય છે એટલે સર્જક પોતાના દિલના દર્દને વ્યક્ત કર્યા વગર રહી શકતો નથી. સામાજિક વિષમતા અને અન્યાય પણ વિષય બનતો હોય છે. આવા થોડાક શેર જોઈએ:

કેટલા ગમ પી ગયો છું હું ખુશીના ખ્વાબમાં
કંટકો ચૂમી લીધા છે મેં કળીના ખ્વાબમાં
ખ્વાબ છે કે છે હકીકત, એ ન સમજાયું હજી
જિંદગી પૂરી થઈ ગઈ, જિંદગીના ખ્વાબમાં
દુનિયાના બંધનો અને અંકુશ છે ખુદા
સ્વર્ગે સુરા હલાલ: મુકદ્દરની વાત છે
'નૂરી'નું મોત જાણે કે સામાન્ય પ્રસંગ
કંઈ પણ નથી ધમાલ: મુકદ્દરની વાત છે

* * *

જીવન હશે, કે ખાલી આ જીવનનો ભાસ છે?
કે ત્યાંના ત્યાં જ છીએ ને ચાલુ પ્રવાસ છે?
નીરખી લીધાં છે તમને હજારો વખત છતાં
દિલને તરસ છે એની એ, આંખોને પ્યાસ છે

* * *

વધુ પડતા નશામાં હાથ કંપી જાય છે સાકી
તને તૌબાનો એમાં અંશ કંઈ દેખાય છે સાકી!

* * *

દુઃખના એવા થયા અનુભવ કે -
જે મળે એને હાલ પૂછું છું
આંસુ ટપકે જો કોઈની આંખે,
મારી આંખોને ભ્રમમાં લૂછું છું.

* * *

તમે હતા તો હતું ઘરમાં કંઈક ઘર જેવું
તમે ગયા તો નથી રહી શક્યું આ ઘર ઘરમાં
કરી લઉં છું હું પડછાયા સાથે પણ વાતો
પછી મને શું ભલા લાગવાનો ડર ઘરમાં?

* * *

નજર લાગી જવાનો જેમને ડર હોય છે, 'નૂરી'
હું બંધ આંખો કરીને એમનાં દર્શન કરી લઉં છું.

* * *

જીવનભરની લઈને ઝંખના 'નૂરી' ગયો ત્યારે
તમારાં આજ કંઈ એની કબર પર થાય છે પગલાં ■

ટૅક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

સ્ટીલ્થ ટેકનોલોજી:
રણભૂમિમાં ધાર્યું પરિણામ લાવતી ટેકનિક

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની યુએસ ટૂર આ વર્ષે ઘણી બધી રીતે ચર્ચામાં છે. દ્વીપક્ષીય સબંધની મજબૂતી દર્શાવતા ઘણા ફોટો અને વીડિયો હજુ પણ એક ચર્ચાનો વિષય છે. આ શ્રેણીમાં સૌથી મહત્ત્વનું પાસું દેશની સુરક્ષા મુદ્દે થયેલી વાતચીતનું પણ રહ્યું છે. અમેરિકાએ પોતાના સૌથી શક્તિશાળી એફ -૩૫ વિમાન ભારતને આપવાની તૈયારી દર્શાવી છે આ માટેની કોઈ ચોક્કસ પ્રક્રિયા હજુ સુધી તો સામે નથી આવી. આ વિમાન શા માટે ખાસ છે એ પાછળ એક શબ્દનો જવાબ એની સૌથી પાવરફુલ સ્ટીલ્થ ટેકનોલોજી છે. આ ટેકનોલોજીને 'લોઓબ્ઝર્વલેબલ ટેકનિક' પણ કહેવામાં આવે છે.

આ એક પ્રકારની લશ્કરી યોજનાનો એક ભાગ કહી શકાય. એમાં સૈન્યના જવાન , એરક્રાફ્ટ, જહાજ, સબમરીન અને મિસાઈલને રડાર, ઇન્ફ્રારેડ, સોલાર અને અન્ય શોધ પદ્ધતિઓથી કોઈ વસ્તુને વર્ચ્યુઅલ રીતે અદ્રશ્ય બનાવવા માટે વિવિધ રીતે ઉપયોગી સાબિત થાય છે.

સૌ પ્રથમ વર્ષ ૧૯૫૮માં યુનાઇટેડ સ્ટેટ્સમાં જ આ ટેક્નોલોજી તૈયાર કરવામાં આવી હતી. ડિઝાઇનર્સ એ એરક્રાફ્ટ માટે ચોક્કસ આકાર તૈયાર કરી પ્રયોગ કર્યો. જે રડારમાંથી ઇલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશન તરંગોને રિ-ડાયરેક્ટ કરીને તપાસ કરે અને ઇલેક્ટ્રો મેગ્નેટિક સિગ્નલ એના પર અથડાતાં ઘટાડે. આનાથી હવામાં વીજવેગે જતું વિમાન રડારમાં દેખાય જ નહીં, છતાં કોઈ નાની એવી ભનક લાગી જાય તો માત્ર કોઈ પંખી ઊડતું હોય એવું લાગે. બાકી તો રડાર પણ એને પકડી ન શકે.

રેડિયેશન-શોષક સામગ્રીઓનું પણ પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને એરક્રાફ્ટની સપાટી પરથી પ્રતિબિંબિત રડાર સિગ્નલોને ઘટાડવા અથવા અવરોધિત કરવા માટે ડિઝાઇન તૈયાર કરવામાં આવી હતી. આકાર અને સપાટીના પાયાના ફોર્મેટમાં આવા ફેરફારો કરીને ટેકનોલોજી બનાવવામાં આવી. 'સ્ટીલ્થ' શબ્દનો અર્થ છે ' છૂપી રીતે સંચાલન કરવું અથવા છુપાવવું.' જ્યારે દુશ્મન દળને હવાઈ હુમલાની હાજરીનો કોઈ સંકેત આપવો જ નથી, છતાં રડારમાં હાજરીને છૂપા વેશે મિસગાઇડ કરવી.

અહીં સૌથી મોટી અને ખાસ વાત એ છે કે આખી ટેકનોલોજી સેટઅપ થયા બાદ એમાંથી વિમાનના કોઈ પ્રકારના અવાજ નહિવત આવે છે. અવાજ હવાના મોજા સાથે આવે તો કાન સુધી પહોંચે. પણ અહીં અવાજ જ નહીંવત હોવાથી એનો પહોંચવાનો સવાલ નથી. સતત તડકામાં ઉડાન ભરે ત્યારે વિમાનની સપાટી પણ તપતી નથી.

ઇન્ફ્રારેડ દૃશ્યતા ઘટાડવા માટે ગરમીનું ઉત્સર્જન ઘટાડવું, અવાજ ઘટાડો કરવો જેવાં કામ અહીં ઓટોમેટિક થાય છે. સબમરીન અથવા અન્ય વાહનોમાં સોલાર રે ટાળવા માટે અવાજ ઓછો કરવા માટે પણ આ ટેકનોલોજી ખૂબ ઉપયોગી સાબિત થઈ છે. સ્ટીલ્થ ટેક્નોલોજી લશ્કરી દળોને વધુ સ્ટીલ્થ અને ટકી રહેવાની ક્ષમતા સાથે કામ કરવાની મંજૂરી આપે છે. વિમાન કે સબમરીનની તેનો સરળ આઉટર શેલ, ઑપ્ટિમાઇઝ્ડ એર ઇન્ટેક અને ખાસ આકારની વિન્ડો તેના રડાર ક્રોસ-સેક્શનને નોંધપાત્ર રીતે ઘટાડે છે.

વિમાન આકાશમાં ઊડે છે ત્યારે પ્લેનમાંથી પણ રડાર ને છેતરી શકે છે. શરત એટલી કે આ સ્ટીલ્થ ટેકનોલોજી હોવી જોઈએ. સૌથી વિશાળ કોઈ પડકારજનક એ છે કે વિમાન કે સબમારીન ને સતત છુપાવવું. રડારમાં પણ જો એ દેખાઇ તો એનું કોઈ ચોક્કસ કદ કે એરિયા પકડાતા નથી. અમેરિકા પાસે જે વિમાન છે એની મારક ક્ષમતા ખૂબ જ વધારે છે.સ્પીડ માટે તો એના પાઇલટને અમુક ચોક્કસ સૂચના હોય છે. સામાન્ય રીતે લડાકુ વિમાનમાં રડાર સર્વિસ આપવામાં આવે છે જેને કંટ્રોલરૂમ સાથે જોડીને વિમાનમાં રહેલા રડાર સાથે આ ટેકનોલોજીને ચાલુ કે બંધ કરી શકાય છે. વિમાનમાં રહેલું રડાર બંધ થાય એટલે કંટ્રોલ રૂમમાં જે તે વિમાનના લોકેશન કે ટ્રેકિંગ બંધ થઈ જાય છે.

સ્ટીલ ટેકનોલોજીમાં એક એવી સિસ્ટમ આપવામાં આવે છે કે વિમાનના કોઈ ચોક્કસ પાર્ટને રડારમાં ન દેખાડવો હોય તો એ પ્રમાણે સિસ્ટમ સેટ કરી શકાય છે. આ ટેકનોલોજીના 'હિડન પાર્ટ્સ' કહે છે. સ્ટીલ્થ ટેક્નોલોજીમાં ઈલેક્ટ્રોમેગ્નેટિક ઈન્ટરફરન્સ (EMI) શિલ્ડિંગમાં મદદ કરે છે. નેનો ટેકનોલોજીએ આ ટેક્નોલોજીને વધુ સારી બનાવી છે. ઘણી નેનોમટીરિયલ્સમાં, કાર્બન નેનોટ્યુબ્સ (CNTs) એ RAMS અને શિલ્ડિંગ સામગ્રી માટે શ્રેષ્ઠ પસંદગીઓમાંની એક છે. આ એવી રીતે બનાવવામાં આવે છે કે એ ઉત્તમ ઇલેક્ટ્રોમેગ્નેટિક, યાંત્રિક અને રાસાયણિક ગુણધર્મ ધરાવે છે. આ રેડિયો વેવ રેડિયેશન ઘટાડવામાં મદદ કરે છે. આનાથી સૈન્ય અને નાગરિક બંને ક્ષેત્રોને ફાયદો થાય છે.

કલ્પના કરો, જો તમારી કાર આ પ્રકારનો કોટિંગ ધરાવે છે તો રડાર તમને પકડી શકશે નહીં! અથવા જો તમારા ઘરની દીવાલો પર આ ટેકનોલોજીનું કોટિંગ છે તો બહારનો અવાજ અંદર આવશે નહીં. આ ટેકનોલોજી ખરેખર અદ્ભુત છે. સૈન્યની સાથે આવી ટેકનોલોજી હજુ અપગ્રેડ થશે તો ઘણાં ક્ષેત્રોમાં દુશ્મનોના દાંત ખાટા કરી શકાશે. ■

આઉટ ઓફ ધ બોક્સ

વર્ષ ૧૯૪૭ માં અમેરિકાના સૈન્ય વિભાગે 'ફાયર બર્ડ ' નામની મિસાઈલ સિસ્ટમ તૈયાર કરી હતી, જેમાં પંખી જેવા આકારના મિસાઈલ બોમ્બ તૈયાર કરવામાં આવ્યા હતા.

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

મેરુતો ડગે પણ જેનાં મનડાં ડગે નઈ...

અકસ્માતમાં બન્ને પગ ગુમાવ્યા પછી પણ સંજોગો સામે ઝઝૂમીને પહેલાંની જેમ જ રાબેતા મુજબ જીવન જીવી રહેલી એક સામન્ય ગૃહિણીનાં દઢ મનોબળની પ્રેરક-કથા

ગીતા વડાલિયા

થોડા દિવસો અગાઉ હું વકીલમિત્ર સંતોષ દુબે સાથે સૌરાષ્ટ્રના પ્રવાસે ગયો હતો એ દરમિયાન અમે ધોરાજીમાં રેલવે સ્ટેશનની નજીક એક સોસાયટીમાં હું મારા બાળપણના મિત્ર કિરીટ ગરાલાનાં બહેન ગીતા વડાલિયાને મળવા ગયો.

મેં ડોરબેલ વગાડી એટલે ગીતાબહેન વોકરના સહારે દરવાજા પાસે આવ્યાં અને દરવાજો ખોલતા વેંત મને જોયો એટલે ઉમળકાભેર મને આવકારતા કહ્યું,

'અર, ! મારો ભાઈ મને મળવા આવ્યો!'

અમારે અમદાવાદ પહોંચવાની ઉતાવળ હતી, પરંતુ એ કહે : 'ના, એમ ને એમ નહીં જ જવા દઉં તને..'

એ વોકરના સહારે કિચનમાં ગયાં. હું પણ સાથે ગયો. મેં કહ્યું, 'હું તમને મદદ કરું .'

એ કહે : 'અરે, હું બધું જ કામ કરી શકું છું હવે. હું રસોઈ બનાવી નાખું છું. તમે લોકો જમીને જ જજો.'

મેં કહ્યું કે 'અમારે ઉતાવળ છે. અમદાવાદ પહોંચવાનું છે. તો એ કહે : 'હું જ્યૂસ બનાવું છું.' એમણે તરત જ સંતરાં કાપ્યાં અને ઊભાં-ઊભાં જ્યૂસ બનાવીને અમારી સાથે આવીને દીવાનખંડમાં બેઠાં.

ગીતાબહેન હસમુખા સ્વભાવના છે. હું બાળપણથી - સમજણો થયો ત્યારથી જ્યારે જ્યારે એમને મળ્યો છું ત્યારે ત્યારે એમનાં ચહેરા પર હાસ્ય જ જોયું છે. એમણે ઉમળકાભેર મારી સાથે વાતો કરી અને કહ્યું : 'હવે સમય લઈને થોડા દિવસ માટે રોકાવા આવ. હું બધું જ કામ કરવા માંડી છું. શરૂઆતમાં થોડીક તકલીફ પડી, પણ હવે વોકર લઈને નીચે સોસાયટીમાં ચાલવા પણ જાઉં છું. મંદિરે પણ જાઉં છું.'

અમે એમને ત્યાંથી બહાર નીકળ્યા પછી વકીલ મિત્ર દુબેજીએ મને પૂછ્યું: 'બેનને પગમાં શું થયું છે?'

મેં કહ્યું, 'એમને અકસ્માત નડ્યો હતો એમાં બંને પગ ગુમાવવાં પડ્યાં.'

એ સાંભળીને દુબેજી સ્તબ્ધ થઈ ગયા. થોડીવાર અવાક બનીને મારી સામે જોઈ રહ્યા પછી કહે: 'એમનો ઉમળકો અને ઊર્જા જોઈને કોઈ કલ્પના પણ ન કરી શકે કે એ બંને પગ ગુમાવી ચૂક્યાં છે!'

મેં એમને માંડીને વાત કરી :

ગીતાબહેન ઘરથી નજીકમાં મંદિરે જઈ રહ્યાં હતાં એ વખતે બેફામ રીતે ચલાવતા એક ટેન્કરચાલકે એમને ટક્કર મારી દીધી અને ટેન્કરના વ્હીલ્સ એમનાં બંને પગ પર ફરી વળ્યાં. અકસ્માત કરીને ટેન્કરચાલક નાસી છૂટ્યો. ગીતાબહેનને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયાં. ડોકટરે તાત્કાલિક રાજકોટની મોટી હોસ્પિટલમાં દાખલ કરવાની સલાહ આપી. રાજકોટની હોસ્પિટલમાં ડોકટરોએ ખૂબ કોશિશ કરી, પરંતુ ટેન્કરે એમને ઘસડ્યાં હતાં એટલે એ જ્યાં પડ્યાં હતાં ત્યાં ગંદું પાણી હતું, જે એમના કચડાયેલા પગને લાગ્યું હતું એમાં ઈન્ફેકશન થઈ ગયું હતું તેથી એમનો એક પગ ઘૂંટણ નીચેથી ને પછી બીજો પગ પણ કમર નીચેથી કાપવો પડ્યો! ડોકટરોએ કહ્યું, 'અમારે પેશન્ટનો જીવ બચાવવા માટે નાછૂટકે આ કડવો નિર્ણય લેવો પડે એમ છે.'

ઘણા અઠવાડિયાની સારવાર પછી ગીતાબહેન ઘરે પાછાં આવ્યાં. એ પછી એમને કૃત્રિમ પગ લગાડવામાં આવ્યાં. ગીતાબહેન વોકરના સહારે ચાલવાની કોશિશ શરૂ કરી દીધી અને અત્યારે પતિ સાથે ધોરાજીમાં એકલાં રહે છે. એક દીકરી એકતા રાજકોટમાં સાસરે છે અને બીજી દીકરી વિદ્યા અમદાવાદમાં સાસરે છે. બંને દીકરી થોડા સમય માટે એમની મમ્મીની સાથે રહેવા ધોરાજી આવી હતી. પછી ગીતાબહેને સામેથી કહ્યું, 'તમારે તમારા કુટુંબની જવાબદારી પણ સંભાળવાની છે એટલે તમે બંને તમારા ઘરે જાવ.'

ગીતાબહેનને હોસ્પિટલમાંથી રજા અપાઈ એ પછી હું એમને મળવા માટે ગયો હતો. એમના અકસ્માતના સમાચાર જાણવા મળ્યા ત્યારે હું વિચલિત થઈ ગયો હતો, પરંતુ હું એમને મળવા એકતાના ઘરે ગયો ત્યારે એ વખતે એ વ્હીલચેર પર બેઠાં હતાં, પણ હંમેશાં જેવા જ ઉમળકાથી મળ્યા. એમના ચહેરા પર એ જ ચિરપરિચિત સ્મિત ફરકી રહ્યું હતું. એમને કઈ રીતે સાંત્વન આપવું એ મને સમજાતું નહોતું. એ વખતે એમણે હસતાં-હસતાં કહ્યું હતું: 'મારા ભાઈ, માંડ્યું હોય એ થાય જ. આ થવાનું હતું તો થયું.'

એમને આઘાત લાગ્યો હતો, પણ બહુ ઝડપથી એમણે વાસ્તવિકતા સ્વીકારી લીધી. ગીતા વડાલિયાની આ વાત વાચકમિત્રો સાથે ખાસ એટલા માટે શેર કરી રહ્યો છું કે કોઈ વ્યક્તિ પર આભ તૂટી પડે એવી આફત આવે એ પછી પણ તે વ્યક્તિ મક્કમ મનોબળ સાથે સ્થિતિ સ્વીકારી લે તો અત્યંત કપરા સંજોગોમાં પણ એ હસતાં-હસતાં જરૂર જીવી શકે.

ગીતાબહેન અત્યારે અગાઉની જેમ જ ઘર સંભાળે છે. બંને પગ ગુમાવી દીધા પછી કોઈ પણ વ્યક્તિ માનસિક રીતે ભાંગીને ડિપ્રેશનમાં સરી પડે, પણ ગીતાબહેને હસતાં ચહેરે સ્થિતિ સ્વીકારી લીધી અને એ આજે એક સામાન્ય વ્યક્તિની જેમ જીવન જીવતાં થઈ ગયાં છે.

દોસ્તો, ગીતાબહેન વડાલિયા કોઈ સેલિબ્રિટી નથી, કોઈ પબ્લિક ફિગર નથી, પણ આવી વ્યક્તિને રોલ મોડેલ સમી ગણવી જોઈએ કે જે જીવનમાં ઝંઝાવાત આવી જાય એ વખતે પણ સહજતાથી સંજોગો સામે ઝઝૂમે અને પહેલાંની જેમ જીવન જીવવાનું શરૂ કરી શકે.

ગંગાસતીનું એક ભજન છે:

'મેરુ તો ડગે પણ જેનાં મનડાં ડગે નઈ પાનબાઈ, ભલેને ભાંગી પડે બ્રહ્માંડ જી. વિપત્તિ પડે તોયે વણસે નહીં, સોઈ હરિજનનાં પરમાણ જી...'

આપણે જેમને સામાન્ય વ્યક્તિ ગણતા હોઈએ એ પણ ક્યારેક કેટલી સહજતાથી અત્યંત ઊંડી વાત કહી જતી હોય છે અને શબ્દો બોલવા કરતાં જીવનમાં વિપત્તિ આવી પડે ત્યારે સહજ રીતે જીવી શકવાનું કામ બહુ કપરું હોય છે.

બીજી બાજુ, ઘણા માણસો સામાન્ય તકલીફ પડે તો પણ ભાંગી પડતા હોય છે એમણે ગીતાબહેન જેવી વ્યક્તિઓના જીવન પરથી પ્રેરણા લેવી જોઈએ. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com

અકબર પીઆર બેચેન હતો. અવ્વલ દરજ્જાના લોકપ્રિય ફિલ્મ કલાકારના ચોરીછૂપીથી લગ્ન ક્યાં કરવાની વાતે. એવી કઇ જગ્યા ક્યાં શોધવી, કે જ્યાં અભિના ચાહકો અને પત્રકારોની નજરથી બચી શકાય ને લગ્નનો વિધિ પાર પાડી શકાય. અકબર પીઆરની બીરબલી અક્કલ કામ કરતી બંધ થઇ ગઇ હતી. છેલ્લા બે-ત્રણ દિવસથી એ રાતે સૂઇ શકતો નહીં. એની આ હાલત બીવી શફીના જોયા કરતી, પણ દખલ દેવાનું મુનાસિબ માનતી નહીં.

એક રાતે અકબર પીઆરને થયું જ્યાં પતિનું દિમાગ ન ચાલે ત્યાં પત્નીનું ચાલે. એણે શફીનાને ઊંઘમાંથી ઉઠાડી, કદાચ એની પાસે કોઇ અકબરી ન્યાય હોય.

'સાંભળ, અભિ શાદી કરવા માગે છે...દુનિયાની નજરથી છુપાઇને. શું કરવું સમજમાં નથી આવતું. તને કાંઇ સૂઝે છે.?'

અડધી રાતે ઊંઘમાંથી સફાળી જાગેલી શફીનાએ આંખો ચોળ્યા વિના રસ્તો શોધી આપ્યો.

'આપણાં ઘરમાં શાદી કરાવી દે.' શફીનાએ પાણીનો ગ્લાસ મોંએ માંડતા કહ્યું.

'આપણા ઘરમાં હિન્દુ વિધિથી શાદી' અકબર પીઆર ખચકાયો.

'જગ્યાને ખબર નથી હોતી શાદી કંઇ ધાર્મિક વિધિથી થાય છે તે. લે પાણી પીને આરામથી સૂઇ જા' શફીનાએ પાણીનો ગ્લાસ ધર્યો. અકબર પીઆર પાણી પીને બોલ્યોઃ 'આને કહેવાય અકબરી ન્યાય. હું તો મઝધારે અટક્યો હતો. મારી નાવ....મારી શફીનાએ રસ્તો કાઢી આપ્યો.'

****

બીજો દિવસે અકબર પીઆર અશોક ટંડનની ઓફિસે પહોંચ્યો. બચુભાઈએ એને બેસાડતા કહ્યું કે 'અશોકભાઈ તો શૂટિંગમાં બિઝી છે. આજે નહીં આવે.'

'હું તમને મળવા આવ્યો છું....અશોકભાઈને નહીં.'

'બોલો, બોલો...મારું શું કામ પડ્યું.' બચુભાઇએ કહ્યું.

'હિન્દુ વિધિથી લગ્ન કરાવે એવો કોઇ મારાજ જોઇએ છે.' અકબર પીઆરે કહ્યું.

'રોલ એકાદ સીન પૂરતો જ છે કે લાંબો છે?' બચુભાઈએ પૂછ્યું.

'ના, ના....ફિલ્મ માટે નહીં...સાચા લગ્ન કરાવવા છે. એકદમ વિધિથી...અને વાત ખાનગી રાખે એવો ખાતરીવાળો મારાજ હોવો જોઇએ.'

'અકબરભાઈ, તમે બહુ મોટા ફિક્સર છો એની ખબર છે, પણ હવે લગ્ન પણ ફિક્સ કરાવવા માંડ્યા.?'

'હું પોતે ફિક્સમાં મુકાઇ ગયો છું, બચુભાઇ....આ કામ કરવું જ પડશે.'

'મારાજ મળશે, પણ મને કહો લગ્ન કોના કરાવવાના છે?' બચુભાઈએ પૂછ્યું.

'તમે કોઇનેય ન કહેવાના હો તો કહું.'

'કોઇને નહીં કહું....અશોકભાઈને પણ નહીં....આ ફિલ્મી જુબાન નથી કે ગમે ત્યાં લપસતી ફરે.'

'એક કલાકાર છે.....જેને તમે આ જ ઓફિસમાં એક રાત રાખ્યો હતો.'

'પેલો સ્ટ્રગલર...હવે તો એ મોટો કલાકાર થઇ ગયો છે એને ખાનગીમાં લગ્ન કરવાની શું જરૂર પડી.?'

'કારણ કે એ જેની સાથે લગ્ન કરવા માગે છે એ કોઇ મોટી કલાકાર નથી. એ જેની રૂમમાં રહેતો હતો એની સાથે એને'

અકબર પીઆર આખું વાક્ય બોલે તે પહેલાં જ બચુભાઈએ કહ્યું: 'એની સાથે લફરું થયું, અચાનક એક રાતે પેલીનો વર આવ્યો ને એને મારીને કાઢી મૂક્યો.'

'હા, એ જ રાતે તમે એને અહીં રાખ્યો.....હવે એ આપણો હીરો એની સાથે જ સંસાર માંડવા માગે છે, પણ દુનિયાની નજરથી બચીને, બચુભાઈ.'

'પેલીનો વર ક્યાં છે?' બચુભાઇએ પૂછ્યું.

'એનું અકસ્માતમાં મોત થઇ ગયું છે.' અકબર પીઆરે કહ્યું.

'ઓય ત્તારીની....આ તો સોલીડ ફિલ્મી પ્લોટ છે.'

'બચુભાઈ, હીરોના અંગત જીવનમાંથી ફિલ્મની વાર્તા બનાવવાનું બંધ કરો ને મને મારાજ શોધી આપો.'

'થઇ જશે કામ તમારું...જાવ લહેર કરો. બાકી ભડનો દીકરો નીકળ્યો આપણો હીરો..'

****

ટેલિફોન બૂથ પર બપોરે મરિયા સીમાને બેસાડીને ઘરે જવાની તૈયારી કરવા લાગી. બપોર સુધી ભેગા થયેલા પૈસા બોક્સમાંથી કાઢીને પર્સમાં મૂક્યા....લાકડીને અનફોલ્ડ કરી.

'સીમા, અભિનય બડા સ્ટાર બન ગયા... કભી તેરે કુ યાદ કરતા હૈ કી નહી...?'

'તુમકો કૈસે પતા ચલા કિ વો બડા સ્ટાર બન ગયા હૈ.?'

'ઝેવિયેર બતાયા. વો ઉસકી ફિલ્મે દેખતા હૈ...મૈં મિલી હૈ ઉસકો...એક દિન ઉસકા અન્કલ કા ફોન આયા થા.... બોલા અબ પૈસે નહીં ભેજેગા...દોનો કા બાત સૂના મૈને.'

એ દિવસે અભિએ કેટલી સિફતથી મામાજીવાળી વાત ઉડાડી દીધી હતી. સીમા વિચારમાં ખોવાઇ ગઇ.

'સ્ટાર બનને કે બાદ વો તુમકો કભી મિલા કી નહીં.?' મરિયાએ પૂછ્યું.

શું કહેવું સીમાને સમજાયું નહીં....એ ચૂપ રહી.

'એસા હી હોતા હૈ....સ્ટાર બનને કે બાદ સબલોગ ભૂલ જાતા હૈ. તૂ મિલને ચલી જાતી.'

> 'આપણા ઘરમાં હિન્દુ વિધિથી શાદી' અકબર પીઆર ખચકાયો. 'જગ્યાને ખબર નથી હોતી શાદી કઇ ધાર્મિક વિધિથી થાય છે તે... શફીના બોલી.

સીમા અસંમજસમાં મુકાઇ ગઇ હતી. કોઇપણ ઘડીએ જેની સાથે લગ્ન કરવાની હતી...એની જ વાત થઇ રહી હોવા છતાં.....ભેદી મૌન રાખીને બેઠી હતી. આ જ ઘડીએ કહી દઉં કે પછી લગ્નને આગલે દિવસે કે જતી વખતે કહું. શું કરું...શું કરું.? આવા વિચારમંથનની વચ્ચે મરિયાએ બીજો ધડાકો કર્યો.

'મોતીબાબુ પૈસે કા હિસાબ દેને નહીં આતા....ક્યા હુઆ.?'

'મૈને ના કહે દી હૈ.... કહા જબ બુલાઉં તબ આના.' સીમાએ કહ્યું.

'મોતીબાબુ અચ્છા આદમી હૈ....ટેક્સી ચલાતા હૈ....કમાતા હૈ....શાદી ક્યું નહીં કર લેતી ઉનસે....કબતક એસે હી બૈઠી રહેગી.?'

'મૈં તુમકો ગૂડ ન્યૂઝ દેનેવાલી હું...બસ, એક દો દિન મેં.' ક્યાં અભિ અને ક્યાં મોતીબાબુ. સીમાના ચહેરા પર ધારદાર વ્યંગાત્મક સ્મિત ઉપસી આવ્યું. કમનસીબે અંધ મરિયા એ જોઇ શકે એમ નહતી.

'મોતીબાબુ હી હોગા...મૈં સબ જાનતી હૈ?' એ જ વખતે ફોનની ઘંટડી વાગી. સીમાએ ફોન ઊંચક્યો.

'હેલ્લો મરિયા.'

'મૈં સીમા હું.'

'મૈં મોતીબાબુ.....અચ્છા હુઆ તુમ મિલ ગઇ. તુમકો એક બાત બોલને કે લિયે મિલના હૈ...કબ આ જાઉં.?'

'મિલેંગેં.....મિલેંગેં. બહુત જલ્દ હી મિલેંગેં..' સીમાએ ફોન કાપી નાખ્યો.

'કૌન થા?' મરિયાએ પૂછ્યું.

'મોતીબાબુ' સીમા બોલી ને મરિયા લાકડીમાં લગાડેલી ઘંટડી ટ્રીંગ ટ્રીંગ કરતી બોલીઃ ' મેરે કાન મેં વેડિંગ કા શહનાઇ બજતા હૈ.'

****

જ્યોતિ સ્ટુડિયોના મેકઅપ રૂમમાં અભિ ડાયરેક્ટર અશોક ટંડન સાથે બેઠો હતો. લગ્ન પહેલાં એ જેટલું પતે એટલું શૂટિંગ પતાવવા માગતો હતો.

'અભિ, આ રીતે મેં ક્યારેય ફિલ્મ બનાવી નથી. તારા દિમાગમાં ન જાણે કેવા કેવા તરંગો ઊઠે છે. હું જાણું છું કે ફિલ્મ બનાવવા માટે ગાંડપણ હોવું જોઇએ, પણ સાવ છેલ્લી કક્ષાનું પાગલપન...કોણ જોશે આ ફિલ્મ.?'

'જુઓ ભાઇ, પ્રેક્ષકો ગયા ભાડમાં..આપણે આપણા માટે ફિલ્મ બનાવીએ છીએ...લોકો માટે નહીં. આપણી ફિલ્મ ક્યાં સુધી પહોંચી.?'

'એડિટિંગ કરતો જાઉં છું...કચકડાની પટ્ટીના વેરવિખેર ટુકડાઓનું.

'થોડા મહત્ત્વના સીન શૂટ કરવા છે. કાલે રાતદિવસ એક કરીને પૂરા કરી નાખીએ. પછી હું અવેઇલેબલ નથી. અભિએ કહ્યું.

'ગામમાં તો છો ને કે બહારગામ જાય છે?', ટંડને પૂછ્યું.

'ગામમાં જ છું. શૂટિંગની બધી જ ડેટ્સ કેન્સલ કરું છું. આ ફિલ્મનું બાકીનું કામ પછી પૂરું કરીશું.'

****

બાંદરાના એક બિલ્ડિંગની બહાર એક ટેક્સી આવીને ઊભી રહી. એમાંથી એક બુરખાધારી મુસ્લિમ બાઇ ઊતરી. સિક્યોરિટીએ એને કોઇપણ જાતની પૂછપરછ વગર અંદર છોડી. એની દસ-પંદર મિનિટ પછી એક ટેક્સીમાંથી બુરખો પહેરેલી એક સ્ત્રી ઊતરીને સડસડાટ અંદર જતી રહી. થોડી જ વારમાં ફરી એક ટેક્સી બિલ્ડિંગની બહાર ઊભી રહી. એમાંથી એક ઠીંગણી બુરખાધારી છોકરી ઊતરી. સિક્યોરિટીએ એને અટકાવી.

'કિધર જાના હૈ મેડમ.?'

છોકરીએ હાથના ઇશારે પોતે મૂંગી હોવાનું જણાવ્યું.

'હાં...હાં...ફ્લેટ નંબર બતાઓ.'

છોકરીએ આંગળાથી નંબર ગણાવ્યો. ગ્યારહ... ઝીરો.... તીન....

'ગ્યારાસો તીન મેં જાના હૈ...જાઓ જાઓ..'

છોકરી ફટાફટ નીકળી ગઇ. એણે લિફ્ટમાં ઊંડો શ્વાસ લીધો. ફ્લેટને દરવાજે શફીના ઊભી જ હતી.

'મારાજ કિતના ટાઇમ લગા દિયા આપને.'

'સિક્યોરિટી કે સામને મુજે ગૂંગે કી એક્ટિંગ કરની પડી. બોલતા તો પકડા જાતા' મારાજે બુરખો હટાવ્યો.

'ચલો...ચલો જલ્દી કરો...યે દોનો આ ગયે હૈ.'

મારાજ શફીનાની પાછળ અંદર ગયો. અંદર અભિને જોઇને દંગ રહી ગયો. એણે વારાફરતી અકબર, સીમા અને શફીના પર નજર ફેરવી.

'હાં મારાજ ઇન દોનોં કી શાદી કરની હૈ.' શફીનાએ અભિ અને સીમાને બતાવતા કહ્યું.

'જલ્દી કરો. સબ સામાન લાયે હો ના?' અકબર પીઆરે પૂછ્યું.

'હાં હાં...સબ લાયા હું.' મારાજના ચહેરા પર અભિ નામના મોટા સ્ટારના લગ્ન કરાવી રહ્યો હોવાનો ગર્વ છલકાતો હતો.

'આપ જૈસે બડે સ્ટાર કી શાદી મૈં કરવાતા હું, યે મેરા સૌભાગ્ય હૈ.' મારાજની નજર અભિ પરથી હટતી નહતી.

'ઠીક હૈ....આપ સૌભાગ્ય પ્રાપ્ત કરના શૂરૂ કરો.' અભિએ કહ્યું ને મારાજે પૂજાપાનો સામાન ગોઠવતા શ્લોકોચ્ચાર શરૂ કર્યા.

'મારાજ, આહિસ્તા....આવાઝ બહાર નહીં જાની ચાહિયે..' શફીના બોલી.

'કોઇ બાત નહીં...મૈં ધીમી આવાઝ મેં બોલતા હું...મેરા વન ટેક મેં શોટ ઓકે હો જાયેગા...આપ બાદ મેં ડબિંગ કરવા લેના.' (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

M.R.I.

મુંબઈની મેડિકલ કોલેજના છેલ્લા વર્ષના એમ.એમ.બી.એસ. સ્ટુડંટસની આજે ગેટ-ટુ-ગેધર પાર્ટી હતી. કોલેજના કેમ્પસમાં ઊભી કરેલી લોંજમાં પ્રોફેસર્સના ગાયડન્સ લેકચર્સમાં તબીબી સેવાનાં વચનો હમણાં જ પાસ થયેલા યુવા ડોકટરો હૈયે મઢી રહ્યા હતા. ભાવિ ઉડાનો માટે પાંખ પ્રસારવા આ યુવાહૈયાં થનગની રહ્યાં હતાં.

રાઉન્ડ ટેબલ પર બેઠેલા પાંચ મિત્રોએ એકબીજાને કોલ દીધા કે ૨૫ ડિસેમ્બર એટલે આપણો સ્પેશિયલ ડે. દુનિયાના કોઈ પણ ખૂણામાં હોઈશું આપણે મળીશું. યસ,યસ, કહેતાં પાંચ હથેળીઓ ભેગી થઈ. આંખો ચમકી અને ના ભૂલેંગે કભીનાં મીઠાં વચનો અપાયાં.

આ પાંચ હાથ છૂટા થયા પણ ઉપલા ત્રણ હાથ હજુ ભીડાયેલા હતા- તે હતા મધુકર શેટ્ટી, રાજેશ ચૌહાણ અને ઈલા શાહ. કોલેજમાં એમ.આર.આઈ. તરીકે આ ત્રણની ખ્યાતિ છે. કોલેજમાં કયા ડિપાર્ટમેન્ટમાં, સ્ટાફમાં, હોસ્ટેલમાં કે સ્ટુડંટસ ગ્રુપની બધી હિલચાલ આ ત્રિપુટી પાસે હોય જ.

મધુકર એટલે સાયન્સ લેબ, રાજેશ એટલે જીનીયસ અને ઈલા એટલે બોલ્ડ- બ્યુટીફુલ એન્ડ સ્માર્ટ.

મેડિકલ સાયન્સની હવે આપણે પ્રેકટીસ શરૂ કરીશું પણ કોણ કઈ દિશામાં જશે એ તો સમય જ જાણે.

ઈલા, હું તને ખૂબ મિસ કરીશ. રાજેશે કહ્યું. 'અરે, આવો સેન્ટી ન થા. વી કેન મીટ એની ટાઈમ. બાય ધ વે વોટ ઈઝ યોર પ્લાન?'

માય અંકલ ઈઝ ઈન ટેક્સાસ, હું ત્યાં એમ.ડી. કરીશ.

ધેટ્સ ગ્રેટ. ગુડ સ્ટાર્ટ. ઈલાએ એની સાથે હાથ મિલાવતાં કહ્યું, ત્યારે રાજેશે ઈલાના હાથને જોરથી દબાવ્યો અને બંનેના રગેરગમાં મીઠા સ્પંદનો ઝંકૃત થયાં.

મધુકરે કહ્યુઃ- અરે, મૈં ભી હૂં. જીવનમાં સાચો પ્રેમ નસીબદારને જ મળે છે.

પ્રેમ એટલે જીંદગીભર સાથે રહેવાનું પ્રોમીસ. આ આગમાંથી અણીશુદ્ધ થઈને નીકળવાનું છે.

યસ, માય પ્રેમગુરૂ. તારી ફિલોસોફી સરસ છે. પણ અતિમુશ્કેલ. એક જ મોડેલને ક્યાં સુધી કેટલો પ્રેમ કરી શકાય?

નાવ નો ડિસકશન કહેતાં ઈલાએ કહ્યું- પ્રેમમાં વિશ્વાસ હોય તો એ પ્રેમ હેવનલી જોય આપે. પણ, પહેલાં સાચો પ્રેમ શોધો તો ખરા.

એમ.આર,આઈ.ની ત્રિપુટીએ વાસ્તવિક ભૂમિ પર પગલાં માંડ્યા. ઈલાએ ગાયનકોલોજીસ્ટ તરીકે એક ખાનગી હોસ્પિટલમાં પ્રેકટીસ શરૂ કરી. રાજેશ વિદેશમાં ગયો પણ ઈલા જ એની હૃદયસામ્રાજ્ઞી છે. કોઈ વિદેશી પંખી રાજેશને આકર્ષી ન શક્યું. ભૌતિક અંતર હોવા છતાં ય રાજેશ તો તેની હૃદય સામ્રાજ્ઞીની મૂક આરાધના કરતો હતો, મધુકર શેટ્ટીએ દહીંસરમાં જનરલ પ્રેકટીશનર તરીકે પોતાનું ક્લિનીક શરુ કર્યું. ઈલા અને મધુકરની અતૂટ મૈત્રી હોવા છતાં ય ઓછું જ મળાતું.

તે રાત્રે અગિયાર વાગે પ્રીમેચ્યોર ડિલીવરી માટે ૪૦વર્ષની એક મજૂર મહિલા આવી. તે વખતે ડ્યૂટી પર ડો. ઈલા શાહ હતાં. પેલી બાઈએ સાત-આઠ કલાક પહેલાં કોઈ ઝેરી દવા લીધી હતી.

લેબર રૂમમાં જતાં જ પેલી સ્ત્રીની હાલત ગંભીર થઈ ગઈ. એને લીલી ઊલટીઓ થવા લાગી. બીજી બાજુ એનું બી.પી હાઈ થઈ જતાં તે અર્ધ બેભાન હતી. સાત મહિનાના ગર્ભના બાળકને ફોર્સએપ કરવાનું પણ મુશ્કેલ હતું.

ડો.ઈલા સાથે આસિસ્ટંટ ડોકટર, બે નર્સ જહેમત કરી રહ્યાં હતાં. આખરે એ બાઈએ છેલ્લો શ્વાસ લીધો અને એ ગર્ભશિશુ પણ મૃત જન્મ્યું.

ડો.ઈલાની આંખે અંધારા આવી ગયા. નજર સામે જોયેલું આ પહેલું મોત. ભલે, વ્યવસાયે ડોકટર છે પણ એક સંવેદનશીલ સ્ત્રી છે, એ પોતે પણ માતા બનવાની હોય અને આવું થાય તો?

એ પોતાની કેબિનમાં ગઈ અને હતાશાની ગર્તામાં ડૂબી ગઈ. એ મૃત સ્ત્રીનો મજૂરપતિ તો રોકકળ કરવા લાગ્યો. ત્યાં જ એની સાથે આવેલા એના ભાઈ બધાને ફોન કરવા લાગ્યો. જોતજોતામાં તો હોસ્પિટલના વેઈટિંગ રૂમમાં પચાસેક મજૂરો ભેગા થઈ ગયા. ડોકટરની બેદરકારીને લીધે જ આ ગરીબ બાઈનું પ્રસૂતિ વખતે અવસાન થયું, અને એને મૃત શિશુ જન્મ્યું.

આ ઘટનાને કારણે આ નવા ડોક્ટર અને હોસ્પિટલ સામે કેસ કરવાની બૂમો શરૂ થઈ. આખરે યુનિયન હોય અને તે પણ મજૂરોનું એટલે નારીસંસ્થા હોય કે રાજકીય પક્ષો તરત લાભ લેવા આવી જાય. હોસ્પિટલના ડીન, સ્ટાફ ડો.ઈલાનો બચાવ કરવાના પ્રયત્નો કરતા હતા.

ડો.ઈલા પણ મધ્યમ વર્ગના હતા. એમણે પણ સામાજિક સંસ્થા પાસે મદદ માગીને અભ્યાસ કર્યો હતો. હવે શું થશે? ડોકટર તો પ્રાણ બચાવે પણ આ લોકોને કોણ સમજાવે? બોલ્ડ-બ્યુટીફુલ ઈલા પહેલી વાર કાંપી ઉઠી.

એણે ડોકટર મધુકરને ફોન કર્યો.

મધુકર, પ્લીઝ જલદી આવ, આય એમ ઈન ગ્રેટ ટ્રબલ. અને ટૂંકમાં વાત કરતાં જ એ હિબકાં દઈને રડવા લાગી-'નાવ માય લાઈફ ઈઝ ફીનીશ- આ લોકો મને નહીં છોડે.'

'ઈલા માય ડીયર તું જરા ય ગભરાતી નહીં. હું તારી સાથે જ છું. તારા રિપોર્ટમાં જે કાંઈ મેડિકલ કંડીશન હોય તે લખજે. બી બ્રેવ તું ડોકટર છે. ડોક્ટર તો છેલ્લા શ્વાસ સુધી પ્રાણ બચાવે. દરદીને મારે નહીં બચાવે. હું હમણાં જ આવું છું. કૂલ ડાઉન ડીયર ઈલા હું તારી સાથે જ છું. તારા તરફથી હમણાં કોઈ રીએકશન આપતી નહીં.'

સાંજે ૬-૦૦ વાગે મધુકર એના વકીલ મિત્રને લઈને હોસ્પિટલમાં આવ્યો, વકીલે લેબરરૂમમાં હાજર હતા તે બધાના નિવેદન લીધા. મેડીકલ રિપોર્ટની કોપી, ડીનના સ્ટેટમેન્ટ નોંધ્યા. જેમાં ડો.ઈલાની મેડિકલ પ્રેક્ટીશનર તરીકેની નોંધ પણ હતી.

પંદર વીસ દિવસે માંડ માંડ મામલો શાંત થયો. ડોકટર મધુકરે જેની પત્ની પ્રસૂતિ વખતે ગુજરી ગઈ હતી તે મજૂરને દરદી સહાય ફંડમાંથી ૨૫૦૦૦ રૂપિયાની મદદ પણ અપાવી અને મામલો થાળે પાડ્યો.

છ મહિના પછી ડો.મધુકર અને ડો. ઈલા શાહે લગ્ન કર્યા. ઈલાએ લગ્નના કેટલાક ફોટા રાજેશને મોકલતાં કહ્યું- 'મારા એમ.ડી. મિત્ર, અમને વીશ કરવા ક્યારે આવીશ?'

મધુકર અને ઈલાએ લગ્ન કરી લીધાં? શી ઈઝ માય લવ. મનમાં ઈર્ષા જાગતાં રાજેશે મનોમન નિશ્ચય કર્યો કે ઈલા મારી છે અને હું ઈલાને મેળવીને જ જંપીશ.

ઈર્ષાની આગમાં બળતા રાજેશે મધુકરને લગ્નની વધાઈ તો ન આપી પણ પોતાની હારેલી બાજી જીતવા પેંતરા રચવા લાગ્યો.

રાજેશ એના ઈલા સાથેના કોલેજ કાળના મસ્તી ભરેલા ફોટા વોટસએપ પર ઈલાને મોકલતો અને લખતો આય મીસ યુ માય લવ.

જો કે ઈલા કોઈ પ્રતિભાવ આપતી નહીં.

ઈલા અને મધુકરના સુખી દાંપત્યજીવનમાં વંટોળ ઊભું કરવાનો એક નિર્લજ્જ આનંદ માણતા રાજેશથી કેવી રીતે છૂટવું આ ભય ઈલાને સતાવી રહ્યો. એણે મધુકરને સાચી વાત જણાવી.

તે દિવસે રાત્રે સાડા નવે રાજેશે ઈલાને ફેસટાઈમ કર્યો.

ઈલાને બદલે મધુકરે જ ફોન લીધો. રાજેશના હાથમાં વ્હીસ્કીનો ગ્લાસ હતો. એ બબડી રહ્યો હતો.

માય ડ્રીમ ગર્લ હું તારા વિના જીવી જ ન શકું. હું તને બેસ્ટ લાઈફ આપીશ, લગ્ન કરી લીધા, મને પૂછ્યું જ નહીં, પણ હું મુંબઈ આવીશ તને મેળવીને જ જંપીશ.

રાજેશ આપણે મિત્રો હતા પણ, ખબરદાર, હવે ઈલાને હેરાન કરીશ તો-

તો તું શું કરીશ? શી ઈઝ માય લવ.

ચૂપ રહે. હવે એ મારી વાઈફ છે. જરા પણ હેરાન કરીશ તો તને છોડીશ નહીં સાલા બાસ્ટર્ડ- કહેતા મધુકર ગર્જ્યો. એણે ફોન કટ કર્યો.

ઈલા, તારા મનની વાત મને કહે. સાચા વિશ્વાસથી જ પ્રેમ અણીશુધ્ધ બને છે. તારા મનમાં શું છે તે કહે.

આજે હું તારી પ્રિયા-પત્ની છું. એવી પ્રોમીસરી નોટ આપું? હા, એક સમયે રાજેશને હું ચાહતી હતી, પણ પ્રેમનો દરિયો તો તારા હૈયામાં પામી છું. લગ્નના બે વર્ષ પછી તારે મને આ પૂછવું પડે છે- એનું મને ખૂબ દુઃખ છે. પછી પોતાના ગર્ભમાં રહેલા શિશુ પર મધુકરનો હાથ ફેરવતાં ઈલાએ કહ્યું- ચાલ, આપણે MRI કઢાવીએ. એમાં મારો મધુ અને નાનું શિશુ જ છે.

જો આ રાજેશનો નંબર તો મેં ક્યારનોય બ્લોક કરી દીધો છે.

કોલેજકાળના ત્રણ મિત્રો એમ.આર.આઈ.માંથી રાજેશનું નામ ડીલીટ છે. હવે એમ- એટલે મધુકર અને આઈ એટલે ઈલા.

વી લવ ઈચ અધર M.I. અને ત્યાં પ્રેમની વસંત મહોરી ઊઠી.■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

વિશ્વ માતૃભાષા દિવસ અને ગુજરાતી

આમ તો આજે બુદ્ધની વાતમાં આપણે પ્રવૃત્ત રહેવાનું હતું, પણ માફી સાથે એ પ્રવૃત્તિ આવતા રવિવારે ચોક્કસ...

આજે ગુજરાતીનાં, માનાં ઓવારણાં લઈએ

હેમચંદ્રાચાર્ય રચિત વ્યાકરણ ગ્રંથ 'સિદ્ધહેમશબ્દાનુશાસન'ને હાથીની અંબાડી ઉપર સ્થાપિત કરીને પાટણમાં તેની શોભાયાત્રા કાઢવામાં આવી એની આ વાત છે.

ગુજરાતના ઇતિહાસની આ સૌથી વધુ ગૌરવવંતી ઘટના કેટલાને યાદ હશે? વિદ્યાના આવા અપૂર્વ મહિમાનો કેટલાને ખ્યાલ હશે?

હેમચંદ્રાચાર્યની વિપુલ સાહિત્યરચનાની ગંગોત્રીનો પ્રારંભ ગુજરાતની અસ્મિતા અને સંસ્કારિતા જગાડનારી એક ઘટનાના પ્રતિભાવમાં થયો. જયસિંહ સિદ્ધરાજ માલવપતિ યશોવર્માને હરાવી, ધારાનગરીનો ધ્વંસ કરી, તેનો અમૂલ્ય ગ્રંથભંડાર પાટણમાં લાવ્યા. (ઈ.સ. ૧૧૩૫) વિદ્વત્તા પ્રેમી રાજા જયસિંહ સિદ્ધરાજ સેંકડો ગાડાઓ ભરીને એ ગ્રંથો પાટણમાં લાવ્યો. આ જ્ઞાનભંડારને જોઈને એ આશ્ચર્યચકિત થતો હતો.

એમાં ભોજરાજ વિરચિત 'સરસ્વતીકંઠાભરણ' નામના વ્યાકરણ ગ્રંથ પર નજર પડી. પંડિતોને પૂછતાં એ જાણવા મળ્યું કે પોતે જે પ્રદેશને પરાજિત કર્યો છે એ પ્રદેશના ભોજનું આ વ્યાકરણ છે અને વળી તે એના રાજ્યમાં ભણાવાય છે. ભોજરાજની વિદ્વત્તાની પંડિતોએ કરેલી પ્રશંસાએ સિદ્ધરાજને એના માત્ર પ્રદેશવિજયની લઘુતા બતાવી. એને સમજાયું કે રાજા ભોજ અને માળવા દેશ સામે હોય કે ન હોય, કિંતુ વિદ્વદ્જનોના હૃદયમંદિરમાં તો એ બંનેની ઉપસ્થિતિને શાશ્વત રાખનારું આ વ્યાકરણ છે.

આ જાણીને રાજા સિદ્ધરાજને વિચાર આવ્યો કે, તલવારથી મેળવેલા વિજયો આજે મળે અને કાલે ભૂંસાઈ જાય, જ્યારે વિદ્વત્તા એવી હોય છે કે એ વહેંચવાથી વધે છે અને આપવાથી વિસ્તરે છે. વળી એને એ વધુ માહિતી મળી કે જ્ઞાનોપાસના માટે માળવાના વિદ્યાર્થીઓને ક્યાંય જવું ન પડે એ માટે જુદી જુદી વિદ્યાના ગ્રંથો ત્યાં રચાયા છે, જેમાં ચિકિત્સાશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર અને નિમિત્ત શાસ્ત્ર છે. બાર બાર વર્ષની મહેનત પછી મેળવેલો માળવાના વિજયનો આનંદ ઝાંખો પડી ગયો અને એણે સરસ્વતીના તીરે આવેલા પાટણમાં વિદ્યાની દેવી સરસ્વતીનાં વહેણ વહેવડાવવાનો સંકલ્પ કર્યો. વિ.સં. ૧૧૯૩માં સિદ્ધરાજે આ વ્યાકરણ લખવાનું કાર્ય હેમચંદ્રાચાર્યને સોંપ્યું.

સિદ્ધરાજે આને માટે ઠેર ઠેરથી હસ્તપ્રતો મંગાવી. રાજચિહ્ન સાથે પત્રો પાઠવ્યા. રાજદૂતોને તત્કાળ કાશ્મીર મોકલવામાં આવ્યા અને ત્યાંના ભારતીદેવી પુસ્તકાલયમાંથી આઠ વ્યાકરણો મંગાવ્યાં. કાશ્મીરના પંડિતોએ આઠ વ્યાકરણ મોકલવા ઉપરાંત ઉત્સાહ નામના પંડિતને પણ હેમચંદ્રાચાર્યને વ્યાકરણરચનામાં મદદ કરવા માટે મોકલ્યો હતો.

આચાર્યશ્રીએ પ્રચલિત ગ્રંથોનું અધ્યયન કર્યું અને નવા વ્યાકરણની રચના કરી. સાથેસાથે મહારાજ સિદ્ધરાજની માનસસૃષ્ટિમાં પણ પરિવર્તન આવ્યું. આજ સુધી યુદ્ધના દુંદુભિનાદોનું શ્રવણ કરનારા એના કાનમાં વ્યાકરણનાં સૂત્રો અને મધુર દૃષ્ટાંતો ગુંજવાં લાગ્યાં. રાજ્યોના વિસ્તારને બદલે વિદ્યાવિસ્તાર અંગે અહર્નિશ ચિંતન કરવા લાગ્યા. રાજકાજમાંથી સમય મળતાં મહારાજ સિદ્ધરાજ ઉપાશ્રયમાં આવીને શાંતિથી એક ખૂણે બેસતા હતા અને વિદ્યા-યજ્ઞમાં સામેલ થતા હતા. સિદ્ધરાજની ઉપસ્થિતિએ સાધુઓ અને વિદ્વાનોના ઉત્સાહમાં ઉલ્લાસનો રંગ પૂર્યો. એક વર્ષમાં તો સવા લાખ શ્લોકો રચીને આ વ્યાકરણ ગ્રંથ બનાવ્યો.

હેમચંદ્રાચાર્યનો જન્મદિન કાર્તિક પૂર્ણિમા! એ શુભ દિવસે આરંભાયેલું વ્યાકરણ સર્જનનું મહાન કાર્ય બીજી કાર્તિક પૂર્ણિમાએ બરાબર એક વર્ષે પૂર્ણ થયું. મૂલસૂત્ર, ધાતુપાઠ, ગણપાઠ, ઉણાદિ, પ્રત્યય અને લિંગાનુશાસન એમ પાંચેય અંગો સહિત વ્યાકરણની પૂર્ણ રચના તેમણે કરી, જેમાં પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનું વ્યાકરણ પણ સમાવી લેવામાં આવ્યું હતું. વ્યાકરણનું નામ એના પ્રેરક મહારાજ સિદ્ધરાજ અને રચનાર હેમચંદ્રાચાર્યનું સંયુક્ત સ્મરણ જાળવવા માટે 'સિદ્ધહેમશબ્દાનુશાસન' રાખવામાં આવ્યું.

એક દિવસ આચાર્યદેવે મહારાજ સિદ્ધરાજને કહ્યું, 'રાજેશ્વર, તમારી ઇચ્છા મુજબ સંસ્કૃત વ્યાકરણની રચના પૂર્ણ થઈ છે.'

જયસિંહ સિદ્ધરાજે ત્રણસો લહિયાઓને રોકીને 'સિદ્ધહેમ' વ્યાકરણની પ્રતિલિપિ તૈયાર કરાવવા માંડી. થોડા જ મહિનાઓમાં આ ગ્રંથની અનેક હસ્તપ્રતો તૈયાર થઈ. મહારાજ સિદ્ધરાજે દેશવિજયની જેમ આ ગ્રંથનું ભવ્ય સ્વાગત કરવાની આજ્ઞા બહાર પાડી. ભારતના જુદા જુદા દેશોમાં-પ્રદેશોમાં કંકોતરીઓ મોકલવામાં આવી. આ વિદ્યાના ઉત્સવમાં કાશી, બંગાળ અને મિથિલાથી વિદ્વાનોને નિમંત્રણ આપવામાં આવ્યાં. આઠ દિવસનો ઉત્સવ રચવામાં આવ્યો. છેલ્લે દિવસે ગ્રંથયાત્રાનો વરઘોડો કાઢવામાં આવ્યો. નગરસુંદરીઓએ વ્યાકરણની પ્રતિઓને મોતીડે વધાવી, ચાંદી-સોનાના થાળમાં પધરાવી, માથે મૂકી પાછળ સૂર્યમુખી ફૂલ ને કૂકડાની છાપથી અંક્તિ ધ્વજો લઈ મલ્લ લોકો ચાલવા લાગ્યા. એમની પાછળ ગામનું મહાજન, રાજ્યના મંત્રીઓ અને સેનાપતિઓ ચાલવા લાગ્યા અને ત્યાર બાદ

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

સૂર્યાસ્ત ટાણે સૂર્યોદયનું કિરણ દેખાયું

‘આઈ, મને એક યુવાન સાથે પ્રેમ થઈ ગયો છે. અમે બંને એકબીજાને બહુ પસંદ કરી છીએ અને એકબીજાને જીવનસાથી બનાવવા માંગીએ છીએ.’

મારી મોટી દીકરીના આ શબ્દો સાંભળી, એ બોલતી હતી ત્યારે એનો શરમાળ પણ મલકાતો ચહેરો જોઈ ક્ષણવાર માટે મને દુનિયા સાવ થંભી ગઈ હોય એવું લાગ્યું. શિક્ષણ ઉપરાંત પોતાને મનગમતી પ્રવૃત્તિ કરી રહેલી મારી દીકરીઓના હાથ પીળા કરવા વિશે મેં વિચાર સુધ્ધાં નહોતો કર્યો. પણ કહે છે ને કે દીકરી દિવસે ન વધે એટલી રાતે વધે અને છોકરા કરતાં છોકરી જલદી મોટી થઈ જાય. ગુજરાતી ભાષાની આ જ્ઞાનવર્ધક કહેવતોનો જાતઅનુભવ હું કરી રહી હતી. જુહુના દરિયાકિનારે દરિયાનાં મોજાં સાથે રમતી, રેતીમાં માટીનું ઘર બનાવતી દીકરી પોતાનું ઘર બનાવવા જેવડી થઈ ગઈ હતી. દીકરી વિશે જગતની અનેક ભાષામાં મોતીના અક્ષરે લખાણ જોવા મળે છે. દીકરી માટે કેટકેટલી ઉપમા છે: દીકરી એટલે વહાલનો દરિયો, દીકરી એટલે કાળજાનો કટકો, સ્નેહની સરવાણી, હેતનો હિંડોળો, અવનિનો અલંકાર.... મારી દીકરી મોટી થઈ ગઈ છે એ વાત એ દિવસે મને સમજાણી. મેં દીકરીને બાથમાં લીધી, ગાલ ચૂમી એનો ચહેરો બે હથેળી વચ્ચે રાખી એવી રીતે જોવા લાગી જાણે એક અરસા પછી હું તેને મળી હોઉં. અમારી વચ્ચે એક પણ શબ્દ બોલ્યા વિના સંવાદ ચાલતો હતો અને ત્યારે જ રેડિયો પર રાજ કપૂરની ‘બરસાત’નું ગીત વાગ્યું ‘ઓ ઓ ઓ મુજે કિસી સે પ્યાર હો ગયા, પ્યાર હો ગયા, દિલ બેકરાર હો ગયા’ અને અમે બંને ખડખડાટ હસી પડ્યાં.

દીકરીએ જાતે નક્કી કરેલા જીવનસાથી વિશે અથથી ઈતિ જાણવાની ઇચ્છા માતા રાખે અને એને ફરજ માને એ સ્વાભાવિક છે. દીકરીએ નિખાલસપણે બધી વાત મને કરી અને કહ્યું કે ‘મા, બધું બરાબર છે. તું જરાય ચિંતા નહીં કરતી.’ મને એના બોલવામાં આત્મવિશ્વાસનો રણકો સંભળાયો. હવે મારી સમક્ષ સૌથી પહેલો સવાલ હતો કે દીકરીના પિતાશ્રીને - મારા પતિને જાણ કરવી. હા, મેં ઘર અને વર છોડી દીધા હતા, પણ જવાબદારી નહોતી છોડી. દીકરીના ઉછેરમાં માનું મહત્તમ યોગદાન હોય છે એ ખરું, પણ એને સાસરે વળાવતી વખતે પિતાની હાજરી પ્રસંગને ઊજળો બનાવે છે. માસ્તરને (મારા પતિને) મેં કહ્યું કે આપણી દીકરીને એક યુવાન સાથે પ્રેમ થઈ ગયો છે અને એની સાથે લગ્ન કરવા માંગે છે.

મેં ઘર છોડ્યું હતું, પણ મારી દીકરીઓને પિતાશ્રીને મળવા જતાં મેં ક્યારેય અટકાવી નહોતી. માસ્તર સાથેના અણબનાવ, કડવાશને મેં મારાં પૂરતાં સીમિત રાખ્યાં હતાં. અમારા ખટરાગ માટે દીકરીઓ પિતાના સ્નેહથી વંચિત શું કામ રહેવી જોઈએ એવું મારું માનવું હતું. એ જ રીતે માસ્તર પણ ઇચ્છા થાય ત્યારે દીકરીઓને મળવા મારે ત્યાં આવી શકતા હતા. કોઈ પણ પક્ષે કશી રોકટોક નહોતી. સંબંધ બંધાય એ પહેલાં દીકરી જેના પ્રેમમાં હતી એ યુવકને મળવાની, એનું ઘર જોવાની મારી ઇચ્છા હતી. આજે બધું બદલાઈ ગયું છે, પણ ચાળીસેક વર્ષ પહેલાં દીકરાનું ઘર, એનો પરિવાર, એનું શિક્ષણ, નોકરી-ધંધો વગેરે બાબતોને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. એટલે અમે બધાં ગયાં વડાલા જ્યાં છોકરો પરિવાર સાથે રહેતો હતો. સાચું કહું તો મને છોકરો પસંદ નહોતો પડ્યો. મેં દીકરીને એમ કહી સમજાવવાનો પ્રયત્ન કર્યો કે ‘લગ્નની ઉતાવળ નહીં કર. હમણાં ભણતર પર ધ્યાન આપ.’ જોકે, દીકરીના હાવભાવ અને એની વાતચીત પરથી હું એટલું તો સમજી ગઈ હતી કે એ તો દિલ દીધું છે એની સાથે જ ફેરા ફરવાની ગાંઠ વાળીને બેઠી છે. કન્યાએ કંકોતરીનો કેન્ડિડેટ નક્કી કરી લીધો હતો. અમારે તો હવે ‘કંકુ છાંટી કંકોતરી મોકલો’ અને ‘નાણાવટી રે સાજન બેઠું માંડવે’ ગાવાનાં હતાં.

દીકરીનાં લગ્ન લેવાં એટલે કેટલી વીસે સો થાય એ ‘મુંબઈ સમાચાર’ના વરિષ્ઠ અને સુજ્ઞ વાચકોને ફોડ પાડી સમજાવવાની જરૂર નથી લાગતી. મનજીભાઈ (મન)ને તો મનાવી લીધું અને એ તૈયાર સુધ્ધાં થઈ ગયું, પણ ધનજી ભાઈ (પૈસા) સાથે રિસામણાં ચાલતાં હતાં. લગ્ન કરવાનો કોઈ વેંત નહોતો. નાટકના શો થતા હતા, પણ એમાંથી જે કમાણી થતી હતી એ ઘરખર્ચ અને પુત્રના ભણતર પાછળ જ ખર્ચાઈ જતી હતી. બચત ભાગ્યે જ થતી હતી. માસ્તર પાસે આર્થિક મદદ માગવાની ઇચ્છા જ નહોતી. શું કરવું એ સમજાતું નહોતું અને કોઈ રસ્તો પ્રભુ દેખાડશે એવી શ્રદ્ધા અને વિશ્વાસ હતાં. શ્રી દેશી નાટક સમાજમાં હતી ત્યારે એક કલાકારે મને નરસિંહ મહેતા રચિત ‘કુંવરબાઈના મામેરા’ વિશે કરેલી વાતનું સ્મરણ થઈ આવ્યું. દીકરી કુંવરબાઈનું મામેરું કરવા ભગવાન પોતે લક્ષ્મીજીને લઈને પધાર્યાં હતાં, દ્વારકા જતાં યાત્રીઓનાં નાણાં લઈ મહેતાજીએ એમને હૂંડી લખી આપી હતી તે ભગવાન પોતે દ્વારકામાં મહેતાજીના વાણોતર બની સ્વીકારી હતી એ બધી વાત નજર સામે તરવરવા લાગી. મારાથી મનોમન ગવાઈ ગયું કે ‘મારી હૂંડી સ્વીકારો મહારાજ રે શામળા ગિરધારી’. મને ચમત્કારમાં ક્યારેય વિશ્વાસ નથી બેઠો, પણ સાચા દિલની તીવ્ર ઝંખના ફળીભૂત થાય એ માટે સંજોગો નિર્માણ થતા હોય છે એ વાતમાં વિશ્વાસ હતો, આજે પણ છે.

એક દિવસ સવારે નિત્યક્રમ પરવારીને બેઠી હતી અને મનોમન પ્રભુને પ્રશ્ન કરવા લાગી કે ‘હે ઈશ્વર, તું ઉકેલ આપીશ એની ખાતરી છે, પણ જરાક ઉતાવળ કર તો સારું.’ અને મારાથી હસી પડાયું. મારા જેવા તો અનેક ભક્ત પોતપોતાની સમસ્યાના ઉકેલ માટે ભગવાનને ઉતાવળ કરવાની પ્રાર્થના કરતા જ હશે ને. મારો નંબર કેટલામો છે એ હું નહોતી જાણતી. જાણવાની ઇચ્છા પણ નહોતી. બસ, નંબર જલદી લાગે એની તાલાવેલી હતી. વિચારમાં ને વિચારમાં સૂર્યાસ્તનું ટાણું થયું ત્યાં વિનુભાઈનો (વિનયકાંત દ્વિવેદી)નો મેસેજ આવ્યો અને મને સૂર્યોદયનું કિરણ દેખાયું...

(સંકલિત)■

રસ્તા પરના ભૂખ્યાઓને સ્ટેજ પર એન્ટ્રી

ગુજરાતી રંગભૂમિ કાયમ પ્રયોગશીલ રહી છે. નાટક લખવામાં, એની ભજવણીમાં, દિગ્દર્શન અને અભિનયમાં અને નાટકની જાહેરખબરોમાં સુધ્ધાં હેરત પમાડે એવા પ્રયોગ થયા છે. જશવંત ઠાકરની તેજસ્વિતાએ રંગભૂમિ પર ઉજાસ પાથર્યો છે અને એનાં અજવાળાં ઘણો અંધકાર દૂર કરવામાં નિમિત્ત બન્યાં છે. નાટ્ય દિગ્દર્શનમાં તેમની હથોટી હતી, પણ તેમણે નાટ્યલેખન કર્યું અને કેટલાંક નાટકોમાં અભિનય સુધ્ધાં કર્યો હતો. પ્રયોગ કરવામાં તેઓ માહેર હતા. આર્થિક ભીંસ હોવા છતાં જશવંતભાઈએ મિત્રની સહાયતાથી ‘સીતા’ નામનું નાટક રજૂ કરવાનું નક્કી કર્યું હતું. ગુજરાતી રંગભૂમિ અને એના કલાકાર-કસબીઓ સાથે સંપર્કમાં રહેતા પૃથ્વીરાજ કપૂરે જશવંતભાઈની તકલીફ જાણી નાટક માટેની વેશભૂષા, વિગ વગેરે આપ્યાં હતાં અને પ્રકાશ આયોજનમાં અગ્રણી ફિલ્મમેકર - અભિનેતા વી. શાંતારામે મદદ કરી હતી. ૧૯૪૪ની આ વાત છે અને એ સમયે બંગાળના ભીષણ દુષ્કાળથી સમગ્ર દેશની જનતા થરથરી ગઈ હતી. દુષ્કાળની પરિસ્થિતિથી પ્રેક્ષકોને જાગૃત રાખવા માટે જશવંતભાઈએ નાટકના રામના દરબારના એક દૃશ્યમાં દસેક ભિખારીઓને પ્રવેશ આપી ‘ખાવા આપો, ખાવા આપો’ એમ બોલાવરાવ્યું. પ્રેક્ષકો તો આ જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. આ સીન તેમની સમજણ બહાર હતો. પછી ખબર પડી કે જશવંત ઠાકરે રસ્તા પર ભિક્ષા માગતા દસ ભૂખ્યાઓને સ્ટેજ પર એન્ટ્રી અપાવી હતી. અનેક લોકોને અચરજ થયું તો કેટલાક લોકોએ આવા પ્રયોગની ટીકા પણ કરી હતી. ■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

મીડિયા લિટરસિ

નાગરિકોને સાચા-ખોટાનો ભેદ પારખતા શીખવતો આ જાગૃતિ કાર્યક્રમ કેટલો સફળ?



મીડિયા લિટરસિ. આ શબ્દપ્રયોગ નવો લાગી શકે, પરંતુ આ કોઈ નવો ખ્યાલ નથી. હા, ૨૦૧૬થી આ કોન્સેપ્ટ-વિચાર વધુ ફેલાયો છે, જ્યારથી એક બિઝનેસમેન- હોટેલિયર અને વિવાદાસ્પદ ભૂતકાળ ધરાવતો એક આદમી નામે ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાનો રાષ્ટ્રપતિ બન્યો. એના પર વુમનાઇઝર- વ્યાભિચારી હોવાના આક્ષેપ થયા છે. સત્ય આપણને ખબર નથી, પણ સાશિયલ મીડિયા અને મીડિયા હેન્ડલ કરીને જીતી ગયેલા ડોનલ્ડ ટ્રમ્પની જીત પછી દુનિયાને સમજાયું કે મીડિયામાં તથ્ય સાથે ચેડાં કરવા કેટલા સરળ છે. ફેક ન્યૂઝ તો આધુનિક સંસ્કૃતિનો ભાગ બની ગયો. ફેક ન્યૂઝ એક વૈશ્વિક ચિંતા બની ગઈ છે.

લોકો જે વાંચી રહ્યા હતા ને જોઈ રહ્યા હતા તેની વિશ્વસનીયતા પર અચાનક જ પ્રશ્ન ઉઠાવવા લાગ્યા છે.

તાજેતરમાં માર્ક ઝુકરબર્ગે ‘ફેસબુક’ અને ‘ઇન્સ્ટાગ્રામ’ પર ફેક્ટ-ચેકિંગ પ્રોગ્રામ બંધ કરવાનો નિર્ણય લીધો. એમણે દાવો કર્યો કે લોકોએ ફેક્ટ-ચેકિંગની પ્રોસિજરમાંથી વિશ્વાસ ગુમાવી દીધો છે. ઘણા મીડિયા એક્સપર્ટ, AIના એક્સપર્ટ અને પત્રકારો ઝુકરના આ નિર્ણયને એક ખતરનાક પગલું માને છે. ખોટી માહિતી અનિયંત્રિત રીતે બધે ફેલાઈ રહી છે, જ્યારે વાસ્તવિક મુદ્દે વધુ ગહન છે.

શું આપણે ખરેખર બધું જ ફેક્ટ-ચેકિંગ કરી શકવાના છીએ? મીડિયા લિટરસિનો હેતુ લોકોને જે માહિતી ગ્રહણ કરે છે તેનું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં મદદરૂપ થવાનો છે. મીડિયા લિટરસિ સૈદ્ધાંતિક રીતેઆપણને નકલી સમાચાર અને ખોટી માહિતી ઓળખવામાં મદદ કરશે. જોકે, મીડિયા પોતે પણ અમુક અંશે ખામીયુક્ત છે. મીડિયા પોતાના ઘણા પૂર્વગ્રહ અને છુપાયેલા એજન્ડા ઉપરાંત ચોક્કસ પ્રકારનું રિપોર્ટિંગ કરે છે. જૂજ અપવાદ સિવાય ઘણે ઠેકાણે સગવડિયો ધર્મ અપનાવવામાં આવ્યો હોય તે જોઈ શકાય છે.

અથવા તો અનુભવી શકાય છે. બ્રિટિશ વિદ્વાન બ્રાયન સ્ટ્રીટે દલીલ કરી હતી કે લિટરસિ હંમેશાં વૈચારિક હોય છે - તે ચોક્કસ ગ્લોબલ દૃષ્ટિકોણ દ્વારા આકાર પામે છે અને ઘણીવાર તેનો ઉપયોગ કોઈ ચોક્કસ દૃષ્ટિકોણને થોપવા કે અન્યને અવગણવા માટે થાય છે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં વિશ્વ વિશેની આપણી સમજ મીડિયા આધારિત બની ગઈ છે. આપણે ફક્ત વાસ્તવિકતામાં જીવતા નથી- આપણે એક ‘મીડિયા રિયાલિટી’માં જીવીએ છીએ, જ્યાં બધું જ વાર્તા કે કહાની, અભિપ્રાય કે એજેન્ડા અને ક્યારેક તો વિકૃતિના દૃષ્ટિકોણથી પણ રજૂ કરવામાં આવે છે.

૨૦૨૨માં અમેરિકન હાઇસ્કૂલોમાં મીડિયા લિટરસિ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા. જોકે, આની પહેલ ડેમોક્રેટિક રાજકારણીઓ દ્વારા કરવામાં આવી હતી અને સૌપ્રથમ ડેમોક્રેટિક રાજ્ય (ઇલિનોઇસ)માં અમલમાં મૂકવામાં આવી હતી તેથી ઘણા રિપબ્લિકન્સે તેનો વિરોધ કર્યો. મીડિયા લિટરસિ પોતે જ રાજકીય યુદ્ધનું મેદાન બની શકે છે. ભારતમાં આવો કાર્યક્રમ શરૂ થાય તો કેવું ગંદું રાજકારણ ખેલાય?

ભારતની વાત કરીએ તો સખેદ કહેવું પડે કે સરકાર દ્વારા મીડિયા લિટરસિને મોટાભાગે અવગણવામાં આવી છે. કોવિડ-૧૯ની મહામારી દરમિયાન, અધિકારીઓએ દાવો કર્યો હતો કે વાયરસ વિશે નિયમિત અપડેટ્સ આપીને એ લોકોને ‘મીડિયા-લીટરેટ’ બનાવી રહ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો સરકારી દાવો હતો કે એ લોકો લોકોમાં મીડિયા વિશેની સાક્ષરતા વધારી રહ્યા છે જોકે, માળખાગત મીડિયા લિટરસિના કાર્યક્રમ ભારતમાં હજુ પણ દુર્લભ છે. કેટલીક સ્વતંત્ર સંસ્થાઓ લોકોને ખોટી માહિતી, ખાસ કરીને WhatsApp દ્વારા ફેલાતા ફેક ન્યૂઝ વિશે શિક્ષિત કરવાનું કામ કરે છે ખરી, પરંતુ આ પ્રયાસો છૂટાછવાયા છે, જેથી એની અસર મર્યાદિત રહે છે.

બીજી તરફ, વિડંબના એ છે કે લોકો મીડિયા કેવી રીતે કામ કરે છે તે જેટલું વધુ સમજતા જાય છે તેટલો જ એના પર અવિશ્વાસ વધતો જાય છે. વિવિધ અભ્યાસ દર્શાવે છે કે વિશ્વભરના લોકોનો પત્રકારત્વમાં વિશ્વાસ ઘટી રહ્યો છે. મીડિયા લિટરસિ વિશ્વાસ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે એવું લાગે છે, પરંતુ તેના બદલે તે ઘણીવાર લોકોને વધુ શંકાસ્પદ બનાવે છે.

કેટલાક વિદ્વાનો દલીલ કરે છે કે મીડિયા લિટરસિને નકારવી એ અમુક જૂથોનો એજેન્ડા જ છે. લોકો વધુ જાગૃત બને એ ઘણા જૂથને પસંદ નથી એવી આ દુનિયામાં જ્યાં મીડિયા સર્વત્ર છે, ત્યાં વિવિધ જ્ઞાનના ભંડાર ખૂલ્યા છે, પણ બધા સાચા નથી હોતા તેમ બધા ખોટા પણ નથી. આવી મૂંઝવણભરી સ્થિતિમાં ઘણા લોકો કે પત્રકારો સુદ્ધાને મેન સ્ટ્રીમ મીડિયા (મુખ્ય પ્રવાહના માધ્યમો)સામે ઘણા વાંધા છે.

આ બધા વચ્ચે સોશિયલ મીડિયાએ મીડિયા લિટરસિને વધુ જટિલ બનાવી દીધી છે. આજે, ટ્વિટર (હવે X), ઇન્સ્ટાગ્રામ અને યુટ્યૂબ જેવાં પ્લેટફોર્મ પર સમાચાર -મનોરંજન અને વ્યક્તિગત અભિપ્રાયની ભેળસેળ થઈ જાય છે. હકીકત અને મંતવ્ય વચ્ચે ભેદ પાડવો વધુ મુશ્કેલ બની ગયું છે. કોન્સ્પિરસી થિયરી(કાવતરુંનો સિદ્ધાંત) અને વૈજ્ઞાનિક માહિતી બંનેને એકસરખા જુસ્સા-વિશ્વાસ સાથે રજૂ કરવામાં આવે છે. ખાસ કરીને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન આપવામાં આવતી ખોટી માહિતી વાસ્તવિક તબીબી સલાહ જેટલી સરળતાથી ફેલાઈ ગઈ હતી.

આપણા સમાજની મીડિયા નિરક્ષરતા મીડિયાના સ્વભાવથી પ્રભાવિત છે. આદર્શ રીતે, મીડિયા સાક્ષરતા આપણને દુનિયાને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે, પરંતુ તેના બદલે, તે ઘણીવાર મૂંઝવણ ઊભી કરે છે. જેમ જેમ ડિજિટલ ટેકનોલોજી માહિતી, અભિપ્રાય અને મનોરંજનનું મિશ્રણ પીરસતી છે, તેમ તેમ સત્યને સ્માર્ટ રીતે બનાવેલા ફેક ન્યૂઝથી અલગ તારવાનું વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

મહાકુંભની મહા કૅમ્પેન્સ...

દેશ આખો મહા કુંભમય થયો છે. થોડા સમય પહેલાં, ડિસેમ્બરમાં આપણે આના વિષે વાત કરી હતી કે મહા કુંભ મહા માર્કેટિંગ માટે મહા તક છે. એક અહેવાલ મુજબ જેનો અંદાજ ૪૦-૪૫ કરોડ લોકો સહભાગી થશે નો હતો ત્યાં ૫૦ કરોડથી વધુ લોકોએ આ પવિત્ર સંગમમાં ડૂબકી લગાવી છે. આપણે જાણ્યું હતું કે મોટી બ્રાન્ડસ ફક્ત વેચાણ અને આજ પર ધ્યાન કેન્દ્રિત નથી કરતી. એ હંમેશાં ભવિષ્યલક્ષી હોય છે. આવી ઈવેન્ટ એમને ગ્રાહક સાથે જોડાવાની દુર્લભ તક પૂરી પાડે છે, જેના થકી વળતર રૂપે એ લાંબા ગાળાના ગ્રાહકનો વિશ્વાસ અને વફાદારી મેળવે છે. આવા સમયે બ્રાન્ડ માટે મહત્ત્વનું હોય છે કે એ લોકોનું ધ્યાન આકર્ષવા યુનિક ક્રિએટિવ આઈડિયા લઈને આવે. આ સૌથી મહત્ત્વનું પાસું છે, કારણ કે આ સમયે આવનાર યાત્રી ઘણી બધી બ્રાન્ડના સંપર્કમાં આવે છે અને યુનિક આઈડિયા તેને યાદ રહેશે જેની વાતો તે લોકો સાથે કરશે. આવા ઘણા આઈડિયા આપણે ડિજિટલ માધ્યમ પર સોશિયલ મીડિયાના સહારે જોયાં હશે.

આજે આ વર્ષના અને વીતેલા કુંભ મેળાઓમાં રચાયેલા અમુક યુનિક કૅમ્પેનની વાત કરીયે, જેથી આપણને ખબર પડે કે મોટી બ્રાન્ડસ કઈ રીતે આવી ઇવેન્ટ માટે વિચારે છે. હિન્દી ફિલ્મોમાં આપણે એક ડાયલોગ ઘણીવાર સાંભળ્યો છે કે, ‘તુમ કુંભ કે મેલેમેં બિછડ ગયે થે..’ આ સંવાદ સાંભળીને આપણને હસવુ આવતું હશે પણ આ હકીકત છે. ઘણા વૃદ્ધ લોકો- બાળકો પોતાના પરિવારથી વિખૂટાં પડી જાય છે આવા સમયે શું કરવું.? આ સમસ્યાના ઉકેલ રૂપે ‘ફેવિકોલે’ એકવાર મોટી સાઈઝના ટીશર્ટ બનાવ્યા જે બે લોકો પહેરી શકે અને એમને જોડીને રાખે ! આ વર્ષે ટેક્નોલોજીનો સહારો લઇ DSP મ્યુચ્યુઅલ ફંડે ડ્રોન આધારિત સર્ચ એન્ડ રેસ્ક્યુ સિસ્ટમ બનાવી જેને ‘ગરુડ રક્ષક’ નામ આપવામાં આવ્યું. બાળકોને હાથમાં એક બેન્ડ આપવામાં આવ્યું. જ્યારે બાળક ગુમ થઈ જાય છે ત્યારે એમનું ID બેન્ડ ડ્રોનને સક્રિય કરે, જે એમને ઝડપથી શોધી કાઢે છે અને બચાવકર્તાને ઊંચાઈવાળા માર્કર સાથે સંકેત આપે છે.

કુંભમાં જયારે કરોડો લોકો આવતા હોય ત્યારે બીજી મહત્ત્વની વાત એ છે કે પોતાની અને આસપાસની જગ્યાની સ્વચ્છતા. ‘લાઈફ બોયે’ ખાવાના લંગરોમાં અને ઘાબાઓમાં રોટલી પર મેસેજ લખાવ્યો કે ‘તમે તમારા હાથ ‘લાઈફ બોય’થી ધોયા કે નહીં?’!

આજ રીતે, પર્યાવરણની સુરક્ષા માટે કોકા-કોલા ઈન્ડિયાએ ૨૧,૫૦૦ રિસાયકલ પેટ (PET મટેરીઅલ) જેકેટ્સ (સેનિટેશન વર્કર્સ માટે ૧૦,૦૦૦, બોટમેન માટે ૧૦,૦૦૦ લાઈફ જેકેટ્સ અને ૧,૫૦૦ વેસ્ટ મેનેજમેન્ટ સ્વયંસેવકો માટે)નું વિતરણ કર્યું અને ૧૨ કિલોમીટર નદીના કિનારે રિસાઈકલ પ્લાસ્ટિકમાંથી બનેલા મહિલાઓ માટેના ૧,૦૦૦ ચેન્જિંગ રૂમની ગોઠવણ કરી.

‘એવરેડી લાઇટિંગે’ આસ્થાળુઓ માટે અનુકૂળ વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે ૧૩,૦૦૦ LED લાઇટો સ્થાપિત કરી, જેમાં ૧૫૦ W સ્ટ્રીટ લાઇટ અને ૨૫૦ W ફ્લડલાઇટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મહા કુંભ પોલીસને સુરક્ષા એલાર્મ અને અલ્ટિમા બેટરી સાથે ૫,૦૦૦ સાયરન ટોર્ચ પણ સપ્લાય કરવામાં આવી હતી, જેથી ભીડના સંચાલનમાં મદદ મળી શકે અને ઇવેન્ટમાં હાજર રહેલા લાખો લોકોની સલામતી વધે.

‘એમેઝોન’ની ઓળખ છે એનું પેકેજિંગ. એણે કાર્ડબોર્ડ પેકેજિંગને પોર્ટેબલ બેડમાં ફેરવ્યા અને તેનો ઉપયોગ આવનારા લોકોને આરામ આપવા માટે વિવિધ સ્થળોએ કર્યો.

આ વર્ષે ‘DS ગ્રૂપે’ પોતાના પ્રોડક્ટના નામે અલગ અલગ ઉપયોગી ચીજો બનાવી, જેમ કે પલ્સ કેન્ડીના નામના કળશ પવિત્ર નદીના પાણીને ઘરે લઇ જવા માટે અને કુંભમાં એકત્રિત કરવામાં આવેલી ધાર્મિક વસ્તુઓને લઈ જવા માટે પલ્સ-બ્રાન્ડેડ થેલીઓ આપવામાં આવી. આ જ રીતે, ઘાટ પર અનુકૂળ મુસાફરી માટે એમનું બીજું પ્રોડક્ટ ‘પાસ પાસ’ના નામે બ્રાન્ડેડ બોટ મૂકવામાં આવી. આના સહારે યાત્રાળુઓની મુસાફરી સરળ અને વધુ સુલભ બની.

પાછલાં વર્ષોમાં મોબાઈલ ચાર્જર બનાવતી કંપનીઓએ ચાર્જિંગ સ્ટેશનો સ્થાપ્યાં તો ‘રિલેક્સો’ જૂતા બનાવતી કંપનીઓએ આરામદાયક જૂતાઓ આપ્યા. અમુક સ્પિરિચ્યુઅલ એપની બ્રાન્ડે લોકોને ઘર સુધી લાઈવ દર્શન અને ગંગા જળ પહોંચાડ્યા તો રેડિયો સ્ટેશને કુંભને આધારિત પોડકાસ્ટ અને પ્રોગ્રામો બનાવ્યા.

આમ, અગાઉના કુંભ મેળાઓની જેમ આ વર્ષે પણ ઘણી કંપનીઓએ પોતપોતાના પ્રોડક્ટ દ્વારા યાત્રાળુઓને સેવા આપી. યુનિક કૅમ્પેનના ફક્ત યાત્રિકોને અમૂલ્ય અનુભવો આપ્યા પણ સાથે સાથે વ્યવસાય કરીને કેવી રીતે ગુડવિલ કમાઈ રહ્યા છે તેની ઝલક પણ આપી. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

બોરડી નીચે સૂતેલો આળસુ બોર માગે

'આળસુ માણસનો જોક ખબર છે?'

'ના, નથી ખબર. કહો તો ખરા.'

'જવા દો, કોણ કહે.'

આળસુ માણસની કદાચ આ એક ઉત્તમ વ્યાખ્યા છે. આળસુ એટલે મંદ, સુસ્ત. જેને કામ કરવાનું મન ન થાય તે આળસુ અને વધારેપડતી આળસ હોય તે એદી ગણાય. એદી કામ કરે જ નહિ. આળસુ કામ કરવામાં ઢીલ કરે, મોડું કરે અને કાં તો કામ અધૂરું મૂકે. આળસુ અને એદી વચ્ચેનો ફરક સમજાવતી કથા જાણવા જેવી છે. એક આળસુ બોરના ઝાડ - બોરડી નીચે આડો પડ્યો હતો. હાથ લાંબો કરે તો લઈ શકાય એટલા અંતરે પાકા બોર પડ્યા હતા. ખાવાની બહુ ઇચ્છા હતી, પણ હાથ લાંબો કરી બોર ઉપાડવાની આળસ થઈ ભાઈ સાહેબને. એ રસ્તેથી પસાર થતું કોઈ નીકળે તો એની પાસે બોર માગી લેવાનો વિચાર તેણે કર્યો અને મનોમન મલકાઈ ગયો. જાણે કોઈ અઘરી સમસ્યાનો ઉકેલ ન મળી ગયો હોય! થોડી જ વારમાં એક ઊંટ પર બેસી પસાર થતો માણસ નજરે ચડ્યો. તરત આળસુ ભાઈ બોલ્યા કે 'અરે ઊંટવાળા ભાઈ. જરા હેઠા ઊતરી આ પાસે બોર પડ્યા છે એ મારા મોમાં નાખતા જાઓ તો મોટી મહેરબાની થશે.' ઊંટવાળા ભાઈને અચરજ થયું. એ બોલ્યો કે 'ગરજવાનને અક્કલ ન હોય. મારા દોડતા ઊંટને હું ઊભો રાખું, એને નીચે બેસાડું, પછી એના પરથી હું નીચે ઊતરું, તારી પાસે આવું, તારા મોંમાં બોર નાખું અને પછી ઊંટ ઉપર બેસી આગળ વધુ તો મારો કેટલો બધો સમય જાય. એના કરતાં હાથ જરા લાંબો કરી બોર લઈને ખાઈ લે. કોઈના ઓશિયાળા થવાની શું જરૂર છે?' હવે આળસુનો જવાબ સાંભળો. ઊંટવાળા ભાઈને આળસુએ કહ્યું કે 'તમે ગજબના આળસુ લાગો છો. એક નંબરના એદી છો. તમને ઊંટ પરથી ઊતરવાની આળસ થાય છે એટલે મીઠી મીઠી વાતો કરી મને ફોસલાવો છો. નીકળો ભાઈ નીકળો અહીંથી. તમારા જેવા આળસુનું અહીં કોઈ કામ નથી.' આ વાત સાંભળી ઊંટવાળા ભાઈ માર્મિક હસ્યા અને ત્યાંથી નીકળી ગયા. આળસુ આળસુની જગ્યાએ અને બોર બોરની જગ્યાએ રહ્યા.

ENગ્લિશ વિંગLISH

IDIOM STORY

ભાષાના સંદર્ભમાં પ્રસંગોપાત કોઈ ઘટના કે બનાવ કે અન્ય કોઈ કારણસર બદલાવ આવતા હોય છે. કેટલાક ફેરફાર કાયમ માટે અડિંગો લગાવીને રૂઢ થઈ જાય છે તો કેટલાક કાળક્રમે લુપ્ત થઈ વિસરાઈ પણ જાય છે. ૧૯૨૦ના દાયકામાં યુએસએમાં પ્રાણી અને શરીરનાં અંગ સાથે જોડાણ સાધવાની કોશિશ કરવામાં આવી હતી. આ પ્રયાસને પગલે Bees knees, Have ants in one's pants વગેરે પ્રયોગ અસ્તિત્વમાં આવ્યા. આ રૂઢિપ્રયોગના જન્મ પાછળ નાનકડી પણ મજેદાર કથા રહેલી છે. Bee's knees means Particularly good or impressive, Excellence or perfection. બીઝ નીઝ (મધમાખીના ઘૂંટણ)નો ભાવાર્થ અત્યંત ઉમદા કે પ્રભાવી અથવા શ્રેષ્ઠતમ કે અણીશુદ્ધ એવો થાય છે. Your competition entry was by far the best the bee's knees. સ્પર્ધામાં તમારી કૃતિ શ્રેષ્ઠતમ હતી. એક ભાષા સંશોધકે એવું અનુમાન તારવ્યું છે કે મધમાખી પોતાના પગમાં ફૂલની પરાગરજ લઈ જતી હોય છે અને આ પરાગકણ ગુણવત્તામાં સમૃદ્ધ હોવાથી આ રૂઢિપ્રયોગ અસ્તિત્વમાં આવ્યો હોવો જોઈએ.

Another example of animal - body part idiom is Have ants in one's pants. આ રૂઢિપ્રયોગનો જન્મ વીસમી સદીના મધ્ય ભાગમાં થયો હોવાની માન્યતા છે. The imagery of ants crawling inside one's pants was used figuratively to depict a state of restlessness, or impatience. પાટલૂનની અંદર કીડીઓ ચડવી કલ્પના અસ્વસ્થતા કે અધીરાઈનું પ્રતિબિંબ છે. કોઈ કાર્યક્રમ શરૂ થવા પહેલાં કે પછી કોઈ પરિણામની રાહ જોતી વખતે મનમાં બેચેની કે અધીરાઈ મેહસૂસ થાય એ દર્શાવવા આ રૂઢિપ્રયોગનો ઉપયોગ થતો આવ્યો છે. કોઈ સ્ટેજ શો પૂર્વે અથવા નોકરીના ઈન્ટરવ્યૂ પહેલા કે પછી લાંબા પ્રવાસે નીકળતી વખતે જે લાગણી અનુભવાય એ અહીં વ્યક્ત થાય છે. કોઈ વ્યક્તિ હાયપર એક્ટિવ (ચંચળ અવસ્થા) હોય અને કોઈ એક જગ્યાએ ઝાઝો સમય બેસી ન શકે કે ઊભા ન રહેવાય એ દર્શાવવા પણ આ રૂઢિપ્રયોગ વપરાય છે. Children have ants in their pants before birthday parties. વર્ષગાંઠની પાર્ટી પહેલાં બાળકો અધીરાં બની જતાં હોય છે. ગુજરાતીમાં પણ આવો એક પ્રયોગ છે કીડીઓ ચડવી. જોકે, એનો અર્થ સાવ વિપરીત અશક્તિ લાગવી, કામ કરવાનો કંટાળો આવવો એવો થાય છે.

રાષ્ટ્ર ભાષા

કહાવત કી કથા

કેટલીક કહેવતનો જન્મ ઘટના - પ્રસંગ કે અવસ્થા પરથી થયો હોય છે. ગુજરાતી ભાષાની જાણીતી કહેવત છેઃ કીડી સંચરે ને તેતર ખાય. આવો જ ભાવાર્થ ધરાવતી અન્ય કહેવત છે ઉંદર ખોદે ને ભોરિંગ ભોગવે. કોઈનાં કર્મ અને કોઈને લાભ એ એનો ભાવાર્થ છે. આને સમાનાર્થી હિન્દી કહેવત છે **घी बनावे खिचड़ी नाम बहू का होय**. મતલબ કે ખીચડીની ગુણવત્તા ઘીને કારણે છે, પણ એનો યશ વહુરાણીને મળે છે. એક ગામના નાનકડા પરિવારની કથા છે. એક ઘરમાં રામધન એની પત્ની તેમ જ પુત્ર - પુત્રવધૂ રહેતાં હતાં. રામધનની પત્ની સ્વભાવે કંજૂસ હતી. ઘરે જમવા આવતા મહેમાનોને પકવાન જમાડવાની વાત તો દૂર રહી, સારી રસોઈ પણ ન કરતી. દાળ 'દે દામોદર દાળમાં પાણી' જેવી હોય, શાક બીજીવાર પીરસાય નહીં અને રોટલી પર ઘી ચોપડ્યું ન હોય, માત્ર અડાડ્યું હોય. પુત્રવધૂ પરણીને આવ્યા પછી સારી રસોઈ કરવા લાગી. મહેમાનો વહુના વખાણ કરવા લાગ્યા એ સાસુને પેટમાં દુખ્યું. વહુને વઢામણ ખાવી પડી અને 'બહુ સારી રસોઈ નહીં બનાવવાની' એવું ફરમાન આવ્યું. વહુરાણી બુદ્ધિશાળી હતી એટલે ખીચડી કે દાળ - શાક બનાવી એમાં ઉપરથી ઘી ઉમેરતી. મહેમાનોને ખીચડીમાં પણ લિજ્જત આવી જતી. બધા વહુરાણીની રસોઈની પ્રશંસા કરતા. આ બધું સાંભળી સાસુ સમસમી બેસી રહેતી. ખીચડીના વિશિષ્ટ સ્વાદનું રહસ્ય જાણવાની તેમને ચટપટી થઈ. વહુ ખીચડી બનાવે ત્યારે સંતાઈને જોયું તો ખબર પડી કે આ બધી ઘીની કમાલ છે. એક દિવસ ગામની સાસુઓ જમણવારમાં ભેગી થઈ ત્યારે વાતવાતમાં બધા રામધનની પુત્રવધૂની ખીચડીનાં ગુણગાન ગાવા લાગ્યા. **अब सास से रूका न गया. उसने तुरंत कह दिया 'घी बनावे खिचड़ी नाम बहूका होय.** સાસુમાથી રહેવાયું નહીં અને બોલ્યા કે 'ખીચડીમાં કમાલ ઘીની છે અને જશ વહુરાણીને મળે છે.'

સખી બહિણ

મ્હણીચી કથા

એકનું એક વાજું વગાડતાં રહેવાની આદત ઘણા લોકોને હોય છે. પ્રશસ્તિ કરવી હોય કે રોદણાં રડવા હોય, વાતનું પુનરાવર્તન કરતાં આ લોકો થાકતાં નથી. સામા માણસને એની એ વાત ફરી ફરી સાંભળવાથી કેટલો કંટાળો આવશે એની એમને પરવા નથી હોતી. **जी लोकं पुन्हा पुन्हा तीच तीच गोष्ट ऐकवत असतात, काहीही बोला ते फिरून तेथेच येतात म्हणून म्हणतात 'हरिदासाची कथा मूळ पदावर.'** હરિદાસ એટલે હરિ કીર્તન કરનારો કીર્તનકાર. કીર્તનની એક પદ્ધતિ હોય છે. કીર્તનકાર જે આધ્યાત્મિક વાતો સંભળાવે એને અનુરૂપ સંતની કાવ્ય - ગીત રચના રજૂ કરે જે ગેય હોય - ગાઈ શકાય એવી હોય. આ રચના પદ તરીકે ઓળખાય છે. પસંદ કરવામાં આવેલું પદ મૂળ પદ કહેવાય છે અને એ ગાઈને કીર્તનકાર મૂળ પદનો ભાવાર્થ સમજાવતા હોય છે. કીર્તન દરમિયાન વારંવાર મૂળ પદનો સંદર્ભ આપી કથા સમજાવતા હોય છે. ટૂંકમાં કીર્તન દરમિયાન મૂળ પદનો વારંવાર ઉલ્લેખ થતો રહે. હરિ કીર્તનને હરિકથા પણ કહેવામાં આવે છે. એટલે આ પ્રમાણે કીર્તનમાં હરિદાસની કથા મૂળ પદ પર ફરી ફરી આવતી રહે છે. **कथा कीर्तनात हरिदासाची कथा मूळ पदावर येत असते.** ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

આનેવાલા પલ, જાનેવાલા હૈ... એમ? આ તો ખબર જ નહોતી, લ્યા!

ટાઈટલ્સઃ
જૂની ડાયરી ને શાયરી વાંચવાથી દુઃખ જ મળે. (છેલવાણી)

એક લેખક મહિલા જ્યોતિષ પાસે ગયો. બારણું ખોલતાંવેંત જ પેલીએ કહ્યું,

'તમે લેખક છોને?'

લેખક તો ગદ્ ગદ્! ઘડીભર એવો પોરસાયો કે 'વાહ! 'લેખક' તરીકે આમણે મારું નામ તો સાંભળ્યું છે!'

(જોકે એણે જ એપોઈન્ટમેન્ટ લીધેલી એટલે નામ તો ખબર જ હોયને? પણ લેખકો બહુ ભોળાં...)

જ્યોતિષાણીએ પૂછ્યું : 'લખવા અંગે ચિંતિત છોને?' અને પછી તાશનાં પત્તા કાઢ્યા. લેખકને એમ કે હવે પેલી એમને તીન પત્તી રમાડશે એટલે ખિસ્સામાંથી એણેય પૈસા કાઢ્યા... પણ ના, એ જુગારનાં રમવાનાં નહીં, પણ ભાવિ ભાખનારા 'ટેરો-કાર્ડઝ' હતાં.

લેડી-જ્યોતિષે ટેરો-કાર્ડ્ઝ જોઇને કહ્યું, 'સારા સમાચાર એ છે કે તમારા લેખો, વાચકોને ગમશે પણ ખરાબ સમાચાર છે કે'

'શું શું છે?'

'ખરાબ સમાચાર એ કે...દર અઠવાડિયે તમારે જાતે લેખ લખવા પડશે!'

એક લેખક માટે આનાથી વધુ ખરાબ શું હોઈ શકે કે નિયમિત લખવું પડે? (આ પીડાને માત્ર 'જાતે લખતા લેખકો'ને જ સમજાશે.)

'ભલે લખીશ..પણ લખવામાં પૈસા તો સારા મળશેને?', લેખક હવે ધંધા પર આવ્યો.

'સોરી, 'મૃત્યુ' કે 'ગુજરાતી લેખનમાં પૈસા' જેવા મનહૂસ વિષય પર જ્યોતિષોને બોલવાની શાસ્ત્રોમાં મનાઇ છે!'

શું છે કે વાર્ષિક કે સાપ્તાહિક ભવિષ્યવાણીઓ, ટેરોકાર્ડથી ભાવિ જોવું એ બધી બહુ ઇંટરેસ્ટિંગ કળા છે. જોકે, હમણાં મુંબઈની એક ટેરો-કાર્ડ વાંચતી જ્યોતિષાણી સાથે કોઇ મોરલો કળા કરી ગયો. બન્યું એવું કે ટેરો-કાર્ડ જ્યોતિષાણીએ શૅરબજારમાં રોકાણ અંગે 'ફેસબુક' પર જાહેરાત જોઈ, જેમાં એક લિંક આપેલી. 'નાજુક નજૂમી' ઉર્ફ જ્યોતિષાણીએ, પેલી લિંક પર ક્લિક કર્યું ને કોઇ વોટ્સએપ ગ્રૂપમાં જોડાઈ ગઇ, જેના ગ્રૂપલીડર મિસ્ટર કેર્સી તાવડિયાને એની આસિસ્ટંટ રાશિ અરોરા, ગ્રૂપમાં માર્ગદર્શન આપતા કે 'કયા શૅરોમાં રોકાણ કરવું, જેથી પૈસા ડબલ થઇ શકે' જ્યોતિષાણીએ કેર્સી તાવડિયા અને રાશિ અરોરાની 'રાશિ' વિશે તપાસ કર્યા વિના જ ઝંપલાવ્યું અને પૈસાનું અંધાંધૂંધ આંધણ કરવા માંડ્યું.

હવે શરૂઆતમાં થોડો નફો થયો એટલે એસ્ટ્રો મહિલાએ દે ધનાધન ભારે રોકાણ પર રોકાણ કરવા માંડ્યું. પછી કેર્સી રાશિ મંડળીએ વધારે નફો મેળવવા પેલીને કોઇ 'રાજપૂતાના કંપની'નાં IPOમાં ઇન્વેસ્ટ કરવાનું દબાણ કર્યું. જોકે જ્યોતિષાણીએ ઓલરેડી સાડા ચાર લાખની લોન લઇને રોકાણ કરી નાખેલું એટલે એણે હવે વધારે નવા સાહસ માટે ના પાડી તો પેલા કેર્સીભાઇએ ધમકી આપી કે જો કમસેકમ એક લાખ રૂ. હમણાં ને હમણાં જમા નહીં કરો તો અગાઉ ઇન્વેસ્ટ કરેલી રકમ ને એના પરનો નફો, બધું જ દંડ તરીકે જપ્ત કરવામાં આવશે!

હવે જ્યોતિષાણી તો સલવાણી!

ઇન્ટરવલઃ
તકદીર ખુદ ખુદાએ લખી પણ ગમી નથી,
સારું થયું કે કોઈ મનુજે લખી નથી.
(જલન માતરી)

ધીમે ધીમે જ્યોતિષાણીની એસ્ટ્રો આંખ ઉઘડી. પોતાની 'ભૂતકાળની ભૂલ સમજાઇ' અને 'વર્તમાનમાં વેપાર ના કરવો' કે 'ભાવિમાં ભગા ના કરવા' એ પણ સમજ્યા, જ્યોતિષાણીએ જાસ્સોર બનીને મોંડે મોંડે કેર્સીભાઇ અને રાશિબૂન વિશે ઇંટરનેટ પર તપાસ કરી ત્યારે ખબર પડી કે કોઇ અસલી 'કેર્સી તાવડિયા' નામના સજ્જને, જાહેર જનતા માટે મેસેજ મૂકેલો કે 'કોઇ બીજા ' કેર્સી બાવા' એમના નામે લોકોને ફસાવી રહેલાં છે, બોલો!' પણ ત્યાં સુધી જ્યોતિષાણી પર ૮ લાખનો ચૂનો ચોપડાઇ ગયેલો! આમાં મજા જુઓ કે લોકોનું ભવિષ્ય ભાખનારી સ્ત્રી, પોતે જ પોતાનું ભવિષ્ય ન ભાખી શકી.

અમુક ભવિષ્યવાણીઓમાં 'સ્વીકાર' પણ હોય છે ને અમુકમાં 'નકાર'. જેમ કે 'અચ્છે દિન આયેંગે'માં ૧૦-૧૧ વરસથી ચાલતો આશાવાદ છે. વળી 'અગલે જનમ મોહે બીટીયા ના કીજો'વાળી ભવિષ્યવાણીમાં નકાર છે, પણ સૌથી ખતરનાક ભવિષ્યવાણી હોય છે, આપણા ભોળપણમાં. સ્કૂલનાં ભૂલકાંઓ જ્યારે 'ઇતની શક્તિ હમેં દેનાં દાતા' જેવી પ્રાર્થના ગાય છે ત્યારે અંદરથી હલી જવાય છે કે આ બચ્ચાંઓને ખબર નથી કે એમની સામે આવનારી દુનિયા કેવી 'તેઢી' છે ને એમનો આશાવાદ કેટલો 'સીધો' છે! પણ આપણને મોટાંઓને ભવિષ્ય સમજાતું નથી તો બાળકોનો શું વાંક?

આજકાલ ભવિષ્યવાણીઓએ તો માઝા મૂકી છે. રસ્તા પર એકાદ ઝાડ પડી જાય તોયે લોકો ભવિષ્યવાણી કરવા મંડે કે 'આ સરકાર લાંબી નહીં ચાલે!' એમાંયે વળી ઇલેકશન વખતે ભાવિ ભાખનારી ન્યૂઝ ચેનલો હદ જ કરે છે. હવે તો બસ 'સત્તાપક્ષને લોકસભામાં ૫૪૩માંથી ૫૪૪ સીટ મળશે' ત્યાં સુધીની ભવિષ્યવાણી કરવાનું જ બાકી રાખ્યું.

બાળવાર્તાઓમાં, આકાશમાંથી થતી ભવિષ્યવાણીઓ બહુ આવે 'હે રાજા, ફલાણાં દિવસે, ઢીંકણાં ગામે જન્મનારો તારું મોત બનશે!' જેવી 'અવકાશી એનાઉન્સમેંટ' થાય કે રાજા બિચારો, માથાનો મુકુટ ને નીચે પાઇજામો પકડીને જુલાબથી પીડાતા પેશંટની જેમ આખી લાઇફ પેલા બાળકને શોધવામાં ભટક્યાં કરે! ભવિષ્યવાણીઓ મૌસમની, રાજકારણની, ફિલ્મોની કે શૅરબજારની જ હોય એવું નથી. માર્કેટમાં ભવિષ્યવાણીઓ વિવિધ સાઇઝ ને આકારમાં અવેલેબલ હોય છે. 'આ વખતે વરસાદ પૂરતો નહીં આવે' એવી જાહેરાત પછી દેશમાં ભરપૂર પૂર આવે જ આવે! 'આ વખતે ચૂંટણી પછી મોંઘવારી ખતમ થશે' જેવી ચુનાવી ભવિષ્યવાણીઓ પછી ભાવ વધે જ! હવે તમે જ કહો, 'આપણે મેચ જીતશું તો દેશમાં આનંદ છવાશે'-જેવી ભવિષ્યવાણીમાં શું નવું? છતાંયે આપણને ભાવિ જાણવું ગમે કારણ કે વિતેલામાં સુખ ઓછું ને ભાવિમાં સસ્પેંસ વધુ. જેમ ભવિષ્યવાણીમાં 'ભવિષ્ય' ઓછું ને 'વાણી' વધુ.

ચલો, ૨૦૨૫ સૌનું સારું જાય એવી છે 'છેલ'ની (ભવિષ્ય)વાણી!

એન્ડટાઇટલ્સઃ
આદમઃ તારો હાથ જોઇ આપું?
ઇવઃ હવે બહુ મોડું થઇ ગયું રે.. ■

ટ્રાવેલ + પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

પરીઓની રોમાંચક ને સ્વર્ગસમી સુંદર ભૂમિ - ચંદ્રતાલ

સ્પિતિ વેલીના કાઝામાં સમય વિતાવ્યા પછી કોઈ પણ વ્યક્તિ હિમાલય વિષે વધારે ને વધારે જિજ્ઞાસા ધરાવતો થઈ જાય. ટ્રાંસ હિમાલયના આ ભાગમાં વિશ્વનું સહુથી ઊંચું મોટોરેબલ વિલેજ. વિશ્વની સહુથી ઊંચાઈએ સ્થિત પોસ્ટ ઑફિસ, એશિયાનો સહુથી વધુ ઊંચાઈ ધરાવતો સસ્પેનશન બ્રિજ, વિશ્વના સહુથી વધુ ઊંચાઈએ આવેલા કિલ્લાઓમાંથી એક વગેરે અહીંયા જોવા મળે છે, પણ અહીંના રસ્તાઓ ખૂબ જ મનમોહક છે કે ક્યારેય આ સફર પૂર્ણ જ ન થાય એવું સહુ કોઈ મનોમન ઇચ્છે. ઊડતા પ્રેયર ફ્લેગ્સ સાથે ઊંચાઈ પર દેખાતાં નાનકડાં ગામડાઓ, ખેતરો, ઊંચાઈએથી વહેતાં અને નદીમાં ભળી જતાં ઝરણાઓ આ સઘળું જોતાં જોતાં રસ્તો મનાલી તરફ લઈ જશે. માત્ર ૨૦૨ કિમીનો રસ્તો, પણ ભયંકર ચઢાવ-ઉતાર, વિષમ વાતાવરણ અને ઠંડાગાર પવનો આ મુસાફરીને રોમાંચક અને યાદગાર બનાવી દેશે.

કાઝાથી આશરે ૨૫ કિમી દૂર ૧૫૦૦૦ ફૂટની ઊંચાઈએ હિક્કીમ ગામ આવેલું છે જે વિશ્વની સહુથી ઊંચાઈએ સ્થિત પોસ્ટ ઑફિસનું ગૌરવ ધરાવે છે. અહીં સ્પિતિની યાદગીરીના ભાગ રૂપે તમે દેશમાં વસતી કોઈ પણ વ્યક્તિને પત્ર લખી શકો છો. હિક્કીમથી નજીકમાં જ લાંગઝા ગામ છે જ્યાં ખુલ્લા આકાશ નીચે ભગવાન બુદ્ધની વિશાળકાય પ્રતિમા છે. અહીં વિતાવેલી રાતનું મનોહર દૃશ્ય માનસપટ પર કાયમ માટે છવાયેલું જ રહેશે. ભગવાન બુદ્ધની પ્રતિમા પર ઊગતી આકાશગંગા જાણે બોધિવૃક્ષનો સાક્ષાત્કાર કરાવે છે. અહીં નજીકમાં જ કિબ્બર ગામ છે જે વિશ્વભરમાં સ્નો લેપર્ડ માટે જાણીતું છે. અહીંનું વાતાવરણ અને ભૌગોલિક રચનાના કારણે અહીં સ્નો લેપર્ડ, હિમાલયન આઇબેક્સ, રેડ ફોક્સ જેવી અઢળક વાઈલ્ડ લાઈફ વસવાટ કરે છે. પરિણામે શિયાળામાં પણ અહીં પ્રવાસીઓ આવતા હોય છે. કિબ્બર પહોંચતાં પહેલાં ચિચમ અને કિબ્બર વચ્ચે પસાર થતી સ્પિતિ નદી પર એક સસ્પેનશન બ્રિજ બનાવવામાં આવ્યો છે જે એશિયાનો સહુથી ઊંચો સસ્પેનશન બ્રિજ હોવાનું ગૌરવ ધરાવે છે. અહીંથી આગળ વધતાં ઠેર ઠેર માટીના પહાડો, માટીથી કુદરતી રીતે સર્જાયેલા મિનારાઓ ખૂબ જ સુંદર લાગે છે.

સ્પિતિનાં નાનકડાં ગામડાઓને છોડતાં છેલ્લે લોસર ગામને વિદાય આપીને બર્ફીલા પહાડો હવે ઠંડાગાર પવનો તો વળી ક્યાંક રસ્તા પર જ વહેતાં ઝરણાઓ સાથે સ્વાગત કરવા તૈયાર છે. ચઢાણ પછી કુંઝુમ પાસ આવે છે જે ૪૫૯૦ મીટરની ઊંચાઈએ આવેલ આ પાસ પરથી ચંદ્રભાગા રેન્જની પહાડીઓને ખૂબ જ સુંદર રીતે નિહાળી શકાય છે. અહીંથી જ વિશ્વનું દ્વિતીય સહુથી ડાબું બારા-સીંગરી ગ્લેશિયર જોઈ શકાય છે. અહીં દુર્ગા માતાને સમર્પિત કુંઝુમદેવીનું મંદિર છે જેની પરિક્રમાનું ખૂબ જ માહાત્મ્ય છે. અહીંથી ૧૪ કિમીના અંતરે પરીઓની ભૂમિ એટલે કે ચંદ્રતાલ આવેલ છે. આ લેકને મૂનલેક તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ તળાવની સુંદરતા સ્વર્ગની સમકક્ષ જ છે અને આ લેક સાથે ઘણી દંતકથાઓ જોડાયેલી છે. ચંદ્ર જેવા આકારના લીધે તેને ચંદ્રતાલ તરીકે ઓળખવામાં આવે છે. ભારતનું ત્રીજું સહુથી વધુ ઊંચાઈ ધરાવતું ચંદ્રતાલ ચંદ્રા નદીનું ઉદ્ગમ સ્થાન છે જે પાકિસ્તાન પ્રાંતમાં વહેતી વિશાળ ચેનાબ નદીની ઉપનદી છે. ચંદ્રતાલ સાથે એક ખૂબ જ રસપ્રદ વાર્તા જોડાયેલી છે. ચંદ્રની દીકરી ચંદ્રા અને સૂર્યનો દીકરો ભાગા બારલા ચા પાસ પાસે મળે છે અને એકમેકના પ્રેમમાં પડે છે અને એકબીજાને મળવાનું વચન આપે છે. માતાપિતા તેમનાં લગ્નની વિરુદ્ધ હોઈ તેઓ નિયત સ્થળના બદલે બીજે જ મળે છે અને એમાંથી સર્જાય છે ચંદ્રભાગા જે પાછળથી ચેનાબ નદી તરીકે વહે છે. ભાગા નદી બારલાચા પાસ પાસે આવેલા નાનકડા એવા સૂરજ તાલમાંથી નીકળે છે. એક ચોકાવનારું રહસ્ય એ પણ છે કે ચંદ્રતાલમાં પાણી કયા સ્થળેથી આવે છે એના વિષે કોઈને જ ખયાલ નથી કે પાણીનો કોઈ સ્રોત પણ સ્પષ્ટપણે જોઈ નથી શકાતો. આ તળાવમાં પાણી ભૂગર્ભમાંથી આવતું હોવું જોઈએ જે સામાન્ય તો ન જ કહી શકાય, ખેર! કુદરતને કોઈ કળી ન શકે. આ તળાવને સ્વર્ગની પરીઓનું રહેઠાણ કહેવામાં આવે છે જેની પાછળ એક જૂની દંતકથા છે. હંસા ગામનો ગોવાળ બકરીઓને લઈને અહીં હંમેશા પોતાના બકરાઓ ચરાવવા માટે આવતો હતો. એ દરમ્યાન અહીં રહેતી એક પરીને એ મળ્યો અને મુલાકાત પ્રેમમાં પરિણમી જેના વિષે કોઈને પણ જાણ ન કરવા માટે એ પરીએ એની પાસેથી વચન લીધું હતું. ગોવાળે સમય જતાં એ વાત પોતાના મિત્રોને કરતાં ફરી ક્યારેય એ પરી એને જોવા ન મળી. સ્થળના સૌંદર્યને જોતાં જ એ ખરેખર કોઈ પરીઓનું વિશ્વ હશે એવું જ લાગે. આ સિવાય ભારતીય માયથોલોજીનું માનીએ તો મહાભારતના યુદ્ધ પછી યુધિષ્ઠિરને ઇન્દ્ર ભગવાન આ સ્થળે જ લઈ આવ્યા હતા તેવો ઉલ્લેખ જોવા મળે છે આવો જ કંઈક ઉલ્લેખ ઉત્તરાખંડના સ્વર્ગરોહિણી પર્વત માટે પણ જોવા મળે છે. ટૂંકમાં દંતકથાને વાર્તા માનીને જ ભૂલી જઈએ તોપણ ચંદ્રતાલ લેકની ખૂબસૂરતી એટલી છે કે જીવનમાં એક વાર અહીં ચોક્કસ ફુરસદની ક્ષણો લઈને આવવું જોઈએ.

ચંદ્રતાલથી મનાલી તરફ જતાં બાતાલ આવે છે જે ખૂબ જ રસપ્રદ સ્થળ છે. અહીંની ચંદ્રવિહીન રાત્રિને માણવી એટલે જાણે કોઈ સ્વપ્નસૃષ્ટિમાં વિહાર કરવો. વૃશ્ચિકની પૂંછડીએથી અગણિત સિતારાઓના ગુચ્છ રૂપે નીકળતી તેજસ્વી ધનુને નરી આંખે જે નિહાળે એ ભલે અહંકારી હોય, આસ્તિક હોય કે મહાપાપી જીવ હોય, પણ કુદરતની દિવ્ય ચેતના એના અંધકારમય જીવનને પ્રકાશિત કર્યા વિના નથી રહેતી. અહંકારના ચૂરેચૂરા થઈને પોતાની જાતને શૂન્ય થતો જોઈ શકે છે... હિમાચલપ્રદેશના બાતાલમાં મધરાતે આ દિવ્ય અનુભૂતિ અનુભવી ત્યારે મારી જાત સાથે પણ સરખી રીતે વાત કરી શકું એવી સ્થિતિ નહોતી રહી. આશરે ૧૩૦૦૦ ફૂટ ઊંચાઈ પર ચંદ્રા નદીના વહેતા પ્રવાહના નાદ સાથે હું સમયના વહેણમાં બસ વહેતો જ ચાલ્યો અને ક્યારે સવાર પડી એ ખ્યાલ જ ન રહ્યો. અતિશય ઠંડીએ નેટવર્કરહિત ફોન અને કૅમેરાની બેટરી માત્ર દસ જ ફોટોમાં ઉતારી મૂકી, પણ હું કંઈ પણ ઓઢ્યા વિના ખાલી ટેન્ટમાં ત્યાં કઈ રીતે સવાર સુધી રહી શક્યો એનો જવાબ મારી પાસે પણ નથી. હું મારા અનુભવોને માનું તો મહાભારતમાં ભરી સભામાં અને કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણએ બતાવેલું વિરાટ રૂપ કદાચ આ જ હશે. આથી વિશેષ શબ્દો મારી પાસે નથી કે ના તો લખી શકવાનું મારું સામર્થ્ય છે.

સવારે બાતાલ મૂકીને ગ્રમફૂ થઈને હમતા પાસની પહાડીઓને નિહાળતાં નિહાળતાં રોહતાંગ પાસ પહોંચી શકાય છે જે મનાલીનું સહુથી લોકપ્રિય ટૂરિસ્ટ ડેસ્ટિનેશન છે. અહીંથી સોલાન્ગ વેલી થઈને મનાલી સફરનો અંત લાવીને જૂના મનાલીમાં મળતા સરસ મજાના કોટેજમાં રિલેક્સ થઈ શકાય. સ્પિતિ વેલી જીવનમાં શ્રેષ્ઠ ક્ષણો, ભારતીય બૌદ્ધ સંસ્કૃતિને નજીકથી નિહાળવાનો અવસર, કુદરતની બેજોડ કારીગરીના ઉત્કૃષ્ટ નમૂનાઓ, ભારતીય નદીઓના ઉદ્ગમ સ્થળની સુંદરતા અને પ્રકૃતિ સાથે દોસ્તી કરવાનો મોકો આપે છે. ■

આજે ગમે એમ કરીને જીતો અને પાકિસ્તાનને બહાર ફેંકી જ દો

દુબઈમાં બપોરે ૨.૩૦ વાગ્યાથી રોહિતસેના અને રિઝવાનના નાસીપાસ થયેલા ખેલાડીઓ વચ્ચે હાઈ-વૉલ્ટેજ મુકાબલો

દુબઈઃ આજે અહીં વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં 'ફાઇનલથી પણ દમદાર' કહી શકાય એવો મુકાબલો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે (બપોરે ૨.૩૦ વાગ્યાથી) દુબઈના મેદાન પર જોરદાર જંગ ખેલાશે અને એ જીતીને રોહિત શર્મા ઍન્ડ કંપનીને નૉકઆઉટ રાઉન્ડમાં સ્થાન મજબૂત કરી લેવાની તક મળશે. ભારતીય ટીમ ૨૦મીએ બાંગ્લાદેશને હરાવી ચૂકી છે. બીજી તરફ, કટ્ટર હરીફ પાકિસ્તાન જો આજે પણ હારી જશે તો સ્પર્ધાની બહાર ફેંકાઈ શકે છે.

૧૯મી ફેબ્રુઆરીએ ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ મૅચમાં પરાજિત થનાર પાકિસ્તાન પોતે આ સ્પર્ધાનું યજમાન હોવા છતાં તેમ જ ૨૯ વર્ષે પોતાને આઇસીસી ટૂર્નામેન્ટ યોજવાનો મોકો મળ્યો છે એ અવસર વચ્ચે મોહમ્મદ રિઝવાન અને તેની ટીમ પર આજે ભારતને હરાવવાનું મોટું દબાણ રહેશે. આમ પણ ભારતે ૨૦૧૭ની ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પાકિસ્તાનના હાથે જોવી પડેલી હારનો બદલો લેવાનો જ છે.

પાકિસ્તાન સામે ભારતનો છેલ્લી ૧૧ વન-ડેનો રેકૉર્ડ જબરદસ્ત છે. ભારતે એ ૧૧માંથી ૯ મૅચ જીતી લીધી હતી અને એમાં વર્લ્ડ કપ, એશિયા કપ, ચૅમ્પિયન્સ ટ્રોફીની મૅચો પણ સામેલ છે. બીજી બાજુ, ચૅમ્પિયન્સ ટ્રોફીની જ વાત કરીએ તો પાકિસ્તાને ભારતને આ ટૂર્નામેન્ટની પાંચમાંથી ત્રણ મૅચમાં હરાવ્યું છે.

વિરાટ કોહલી થોડા સમયથી ફૉર્મમાં નથી, પણ આજે પાકિસ્તાન સામે તે સારું રમશે જ એવી કરોડો ચાહકોને ખાતરી હશે. તે ૧૫ રન કરશે એટલે વન-ડેમાં ૧૪,૦૦૦ રન બનાવનાર વિશ્વનો ત્રીજો, પરંતુ ફાસ્ટેસ્ટ બૅટર બન્યો કહેવાશે. ■

બન્ને દેશની સંભવિત પ્લેઇંગ ઇલેવનઃ

ભારતઃ રોહિત (કૅપ્ટન), ગિલ, કોહલી, શ્રેયસ, રાહુલ (વિકેટકીપર), હાર્દિક, જાડેજા, અક્ષર, હર્ષિત/અર્શદીપ, શમી અને કુલદીપ.

પાકિસ્તાનઃ રિઝવાન (કૅપ્ટન, વિકેટકીપર), ઇમામ-ઉલ-હક, બાબર, શકીલ, સલમાન, તૈયબ તાહિર, ખુશદિલ, શાહીન આફ્રિદી, નસીમ, રઉફ અને અબ્રાર.

પાકિસ્તાનની છાવણીમાં અલર્ટઃ દુબઈમાં ગઈ કાલે પ્રૅક્ટિસ દરમ્યાન વિરાટ કોહલી. તે ખરા સમયે ફૉર્મમાં આવશે એવી ભારતીયોને આશા છે. (પીટીઆઈ)

દુબઈમાં પ્રૅક્ટિસમાં ભારતના બે ફાસ્ટ બોલર મોહમ્મદ શમી અને બૅટ સાથે થોડું નસીબ અજમાવવાના પ્રયત્નમાં અર્શદીપ સિંહ. (પીટીઆઈ)

લાહોરના ફિયાસ્કો માટે પાકિસ્તાને આઇસીસીને જવાબદાર ગણાવી

લાહોરઃ અહીં ગઈ કાલે ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની મૅચ પહેલાં આ બન્ને દેશના રાષ્ટ્રગીત વગાડવાનો સમય થયો ઑસ્ટ્રેલિયાના રાષ્ટ્રગીતને બદલે ભારતનું રાષ્ટ્રગીત વગાડવાનું જે બ્લન્ડર લાહોરના સ્ટેડિયમમાં થયું એ માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ચૅમ્પિયન્સ ટ્રોફીની મુખ્ય આયોજક આઇસીસીને જવાબદાર ગણાવી હતી.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પોતાના જ સ્ટેડિયમમાં થયેલા આ બ્લન્ડર માટે આઇસીસીને જવાબદાર ગણાવવાની સાથે એની પાસે એવો ખુલાસો માગ્યો છે કે આ ભૂલ કેવી રીતે થઈ?

ભારતનું રાષ્ટ્રગીત થોડી ક્ષણો સુધી જ વાગ્યું હતું, પણ એ મોટી ભૂલ થઈ એ બદલ પાકિસ્તાનની ક્રિકેટજગતમાં હાંસી ઉડી રહી છે.

પાકિસ્તાન બોર્ડનું માનવું છે કે આ ફિયાસ્કો બદલ આઇસીસીના માણસો જવાબદાર છે, કારણકે ટીમોના રાષ્ટ્રગીતના પ્લે લિસ્ટ તેમની પાસે જ હોય છે. ■

અપીલ કૅચ માટે થઈ, અમ્પાયરે એલબીડબલ્યૂ આપ્યો! ગુજરાતની રણજીમાં જોરદાર નાટ્યાત્મક વળાંકો

અમદાવાદઃ ગુજરાતની ટીમને શુક્રવારે રણજી ટ્રોફીની ફાઈનલમાં પહોંચવાનો સોનેરી મોકો હતો, પરંતુ એના પૂછડીયા બૅટર્સ જરૂરી રન બનાવવામાં નિષ્ફળ રહ્યા હતા અને કેરળની ટીમ ફાવી ગઈ હતી. કેરળે પહેલી ઇનિંગ્સની ફક્ત બે રનની સરસાઈના તફાવતને આધારે વિજેતા બનીને પોતાના સાત દાયકાના ઇતિહાસમાં પહેલી વખત રણજી ટ્રોફીની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ગુજરાતની છેવટની ત્રણ વિકેટમાં અડીખમ ઊભેલા સિદ્ધાર્થ દેસાઈની વિકેટ નાટયાત્મક સંજોગોમાં પડી હતી.

મૅચ ડ્રો છતાં કેરળ કેવી રીતે જીત્યું?

કેરળે પ્રથમ દાવમાં ૪૫૭ રન બનાવ્યા હતા અને ડ્રો તરફ જઈ રહેલી મૅચમાં ગુજરાતે પણ જો પહેલા દાવમાં ૪૫૭ રન બનાવ્યા હોત તો (ગ્રુપ સ્ટેજમાં વધુ પોઇન્ટ હોવાને કારણે) ગુજરાતને ફાઇનલમાં જવા મળ્યું હોત. પરંતુ એવું ન બન્યું. ગુજરાતનો પહેલો દાવ ૪૫૫ રન પર જ પૂરો થઈ ગયો અને કેરળે બે રનની લીડના તફાવતથી ફાઇનલમાં પ્રવેશ કરી લીધો.

જયમીત જીવતદાન પછી પણ આઉટ

પાંચ દિવસની આ સેમિ ફાઇનલમાં શુક્રવારે પાંચમો દિવસ હતો. ગુરૂવારના ચોથા દિવસની રમતને અંતે ગુજરાતનો સ્કોર સાત વિકેટે ૪૨૯ રન હતો. જયમીત પટેલ ૭૪ રન અને અને સિદ્ધાર્થ દેસાઈ ૨૪ રને રમી રહ્યા હતા. ગુજરાતે ફાઇનલમાં પહોંચવા બીજા ફક્ત ૨૮ રન બનાવવાના હતા. જોકે ૪૩૬ રનના કુલ પર જયમીત પટેલ (૭૯ રન, ૧૭૭ બૉલ, બે ફોર) સ્પિનર આદિત્ય સરવટેના બૉલમાં વિકેટકીપર મોહમ્મદ અઝહરૂદ્દીનના હાથે સ્ટમ્પ-આઉટ થયો હતો. બે જ બૉલ પહેલાં કેપ્ટન સચિન બેબીના હાથે જયમીતને જીવતદાન મળ્યું હતું, પરંતુ જયમીત એનો ફાયદો નહોતો ઉઠાવી શક્યો.

કહીં પે નિગાહેં, કહીં પે નિશાના...

૪૩૬ના સ્કોર પર જયમીતની આઠમી વિકેટ પડ્યા બાદ સિદ્ધાર્થ દેસાઈ પર બોજ વધી ગયો હતો. જોકે ૧૦ રન બાદ તેની વિકેટ નાટ્યાત્મક સ્થિતિમાં પડી હતી. ટીમનો સ્કોર ૪૪૬ રન હતો અને ફાઈનલમાં પહોંચવા ગુજરાતે ફક્ત ૧૧ રન બનાવવાના બાકી હતા ત્યારે સિદ્ધાર્થ કેરળની જાળમાં ફસાયો હતો.

પાછલા દિવસથી કેરળના બોલરના નાકે દમ લાવનાર સિદ્ધાર્થ દેસાઈએ ૧૬૩ બૉલ સુધી ઝઝૂમતા રહીને ૩૦ રન બનાવ્યા હતા. જોકે લેફ્ટ-આર્મ સ્પિનર સરવટેના એક બૉલમાં સિદ્ધાર્થનો કૅચ સિલી પોઇન્ટ પર પકડાયો હોવાની અપીલ થઈ હતી અને અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો હતો. જોકે સિદ્ધાર્થે ડીઆરએસની મદદ લીધી હતી. થર્ડ અમ્પાયરને અલ્ટ્રા એજમાં એવું જોવા મળ્યું કે બૅટ સાથે બૉલનો સંપર્ક થયો જ નહોતો એટલે એ રીતે થર્ડ અમ્પાયરે સિદ્ધાર્થને નૉટઆઉટ જાહેર કર્યો હતો એટલે કેરળના ફીલ્ડર્સ હતાશ થઈ ગયા હતા. જોકે થોડી ક્ષણો બાદ જ કેરળના ખેલાડીઓનું સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું, કારણકે બૉલ ટ્રેકિંગમાં એવું સાબિત થયું હતું કે લાઈનમાં પડેલો બૉલ લેગ સ્ટમ્પને વાગ્યો હોત. એ રીતે થર્ડ અમ્પાયરે સિદ્ધાર્થને એલબીડબલ્યૂમાં આઉટ જાહેર કર્યો હતો.

સિદ્ધાર્થને ભાગ્યનો સાથ ન મળ્યો અને તેણે ખરા સમયે વિકેટ ગુમાવવી પડી હતી.

અર્ઝાનને પણ જીવતદાન મળેલું

ત્યાર બાદ અર્ઝાન નાગવાસવાલા સાથે ૧૧મા નંબરનો પ્રિયજિતતસિંહ જાડેજા જોડાયો હતો. અર્ઝાનને એક જીવતદાન પણ મળ્યું હતું, પરંતુ છેવટે તે સરવટેના બૉલમાં ૪૫૫ રનના કુલ સ્કોર પર ૧૦મી વિકેટ ગુમાવી બેઠો હતો અને કેરળે બે રનની સરસાઈના તફાવતથી ફાઇનલમાં એન્ટ્રી કરી લીધી હતી. અર્ઝાન કેપ્ટન સચિન બેબીના હાથમાં કૅચઆઉટ થયો હતો.

પ્રિયાંક-આર્યની ૧૩૧ની ભાગીદારી એળે ગઈ

ઓપનર પ્રિયાંક પંચાલના ૧૪૮ રન તથા બીજા ઓપનર આર્ય દેસાઈના ૭૩ રન પાણીમાં ગયા હતા. તેમની વચ્ચેની ૧૩૧ રનની ભાગીદારી એળે ગઈ હતી. કેરળના બે સ્પિનર જલજ સકસેના અને સરવટેએ ચાર-ચાર વિકેટ લીધી હતી.

અઝહરૂદ્દીન મૅન ઑફ ધ મૅચ

પહેલા દાવમાં અણનમ ૧૭૭ રન બનાવવા બદલ તેમ જ ગુજરાતના બે બૅટરને સ્ટમ્પ-આઉટ કરવા બદલ કેરળના વિકેટકીપર અઝહરુદ્દીનને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો.

બુધવારથી કેરળ-વિદર્ભની ફાઇનલ

હવે બુધવાર, ૨૬મી ફેબ્રુઆરીથી નાગપુરમાં કેરળ અને વિદર્ભ વચ્ચે ફાઈનલ રમાશે.

મુંબઈ સેમિમાં ૮૦ રનથી હાર્યું

ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈને ગઈ કાલે ગયા વર્ષના રનર-અપ વિદર્ભએ સેમિ ફાઇનલમાં ૮૦ રનથી હરાવ્યું હતું. ■

આઇપીએલની આતશબાજી પહેલાં રણજી ટ્રોફીએ રંગ રાખ્યો

મુંબઈને જોરદાર કમબૅક પછી સ્ટાર ખેલાડીઓ ફાઇનલમાં ન પહોંચાડી શક્યાઃ કેરળ સામેની સેમિમાં ગુજરાતનો નાટ્યાત્મક સ્થિતિમાં પરાજય

મુંબઈ/અમદાવાદઃ સામાન્ય રીતે ક્રિકેટપ્રેમીઓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મૅચોમાં અને ૨૦૦૮ની સાલ પછી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)નું આગમન થયું ત્યારથી એની મૅચો જોવામાં કે એનાં પરિણામોમાં કે ખેલાડીઓના પર્ફોર્મન્સીસમાં રસ લેતા હોય છે અને રણજી ટ્રોફીના સ્કોર્સના ટચમાં બહુ ઓછા લોકો રહેતા હોય છે. જોકે આ વખતે માહોલ કંઈક જુદો જ જોવા મળ્યો. અચાનક જ રણજી ટ્રોફીની મૅચોએ જબરદસ્ત રોમાંચ જમાવ્યો (આઇપીએલ જેવો જ કહીએ તો પણ ચાલે) અને લોકોમાં પણ ખૂબ ઉત્સાહ જોવા મળ્યો.

મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર અને બરોડા જેવી ગુજરાતીઓની લોકપ્રિય ટીમો આ વખતની રણજી ટ્રોફીમાં ક્વૉર્ટર ફાઇનલના પ્રવેશ સાથે નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી એટલે નહીં, પણ દિગ્ગજ ખેલાડીઓ (બીસીસીઆઇની નવી આચારસંહિતાને લીધે) દેશની આ મુખ્ય વાર્ષિક ટૂર્નામેન્ટમાં રમવા આવ્યા એટલે પણ લોકો એની મૅચોમાં વધુ રસ લેતા થયા.

આ વખતની આઇપીએલ ૨૧મી માર્ચે શરૂ થશે ત્યારે શરૂઆતથી જ બૅટર્સની આતશબાજી અને બોલર્સના તરખાટો જોવા મળશે. જોકે એને હજી મહિનાની વાર છે ત્યારે રણજી ટ્રોફીએ આ વખતે અભૂતપૂર્વ રોમાંચ જગાવ્યો. અગાઉ ક્યારેય નહોતું જોવા મળ્યું એવું આ વખતે રણજી ટ્રોફીની છ મહિનાની સીઝનમાં જોવા મળ્યું જેમાં દેશભરના અનેક સ્ટેડિયમોમાં મોટી સંખ્યામાં પ્રેક્ષકો પોતાના મનગમતા ખેલાડીઓને રમતા જોવા આવ્યા હતા.

બીસીસીઆઇનો સ્ટાર પ્લેયર્સ માટે કડક નિયમ

ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં ભારતનો ૦-૩થી સફાયો થયો અને પછી ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણીમાં ભારતની ૧-૪થી કારમી હાર થઈ અને છેલ્લી બે સીઝનથી ભારત વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં પહોંચ્યું હતું, પરંતુ આ બે શ્રેણીની પછડાટને પગલે આ વખતની ફાઇનલથી ભારત વંચિત રહી ગયું એટલે બીસીસીઆઇના મોવડીઓએ નવો નિયમ બનાવ્યો જેમાં તેમણે દેશના તમામ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને રણજી ટ્રોફી સહિતની ડોમેસ્ટિક ટૂર્નામેન્ટોમાં રમવાની સૂચના આપી. આ સૂચનાને પગલે રોહિત શર્મા તથા યશસ્વી જયસ્વાલ મુંબઈ વતી ફરી રમવા આવ્યા. મુંબઈની ટીમ રણજીની ડિફેન્ડિંગ ચૅમ્પિયન હતી અને આ વખતે પણ ટ્રોફી જીતવા માટે ફેવરિટ હતી. અજિંક્ય રહાણેના સુકાનમાં મુંબઈની ટીમ રોહિત-યશસ્વીના પુનરાગમનથી તેમ જ શાર્દુલ ઠાકુર, શિવમ દુબે, સૂર્યકુમાર યાદવ, શ્રેયસ ઐયર જેવા દિગ્ગજોથી ભરચક હતી અને ટીમમાં શમ્સ મુલાની, તનુષ કોટિયન, મોહિત અવસ્થી, હાર્દિક તમોરે, આયુષ મ્હાત્રે, આકાશ આનંદ, સિદ્ધેશ લાડ, રૉયસ્ટન ડાયસ વગેરે બીજા જાણીતા ખેલાડીઓ પણ હોવાથી આ ટીમ એટલી બધી વજનદાર બની ગઈ હતી કે કોઈ પણ હરીફ સામે જીતીને સ્પર્ધામાં આગળ વધવાની એનામાં ક્ષમતા હતી.

જમ્મુ-કાશ્મીરની ટીમે મુંબઈને આંચકો આપ્યો

જોકે પચીસમી જાન્યુઆરીએ વાનખેડે સ્ટેડિયમમાં જમ્મુ અને કાશ્મીર સામેના રોમાંચક મુકાબલામાં મુંબઈનો પાંચ વિકેટે પરાજય થયો એ સાથે એના વળતા પાણી શરૂ થઈ ગયા હતા. રોહિતે પછીથી ઇંગ્લૅન્ડ સામેની વન-ડે સિરીઝને લીધે રણજીમાં ક્ષણિક હાજરી આપ્યા બાદ વિદાય લેવી પડી અને પછી તો યશસ્વી ઈજા પામ્યો એટલે એ પણ ટીમમાંથી નીકળી ગયો હતો. શ્રેયસે પણ ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ માટેની ટીમમાં સ્થાન મેળવ્યું એટલે એની પણ મુંબઈની ટીમમાંથી બાદબાકી થઈ ગઈ હતી. પરિણામે, સૌથી વધુ ૪૨ વખત રણજી ટ્રોફીમાં ચૅમ્પિયન બનેલા મુંબઈની ટીમ વધુને વધુ નબળી પડી. જોકે એમાં બીજા ઘણા સિતારા મોજૂદ હતા જ. મેઘાલય સામેની આસાન જીત બાદ ક્વૉર્ટર ફાઇનલમાં પણ મુંબઈએ હરિયાણા સામે સહેલાઈથી જીત મેળવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. મુંબઈની ખરી કસોટી હવે થવાની હતી. ૨૦૨૪ના રનર-અપ બનેલા વિદર્ભએ મુંબઈ સામેના ગયા વર્ષના ફાઇનલના પરાજયનો આ વખતે સેમિમાં બદલો લેવાનો હતો અને એમાં એને છેવટે સફળતા મળી. ટૂંકમાં, કમબૅક કર્યા પછી પણ મુંબઈએ શુક્રવારે નિષ્ફળતા જોવી પડી. શાર્દુલ, કોટિયન જેવા ઑલરાઉન્ડર તેમ જ સ્પિનર શમ્સ મુલાની જેવા સિતારાઓ શુક્રવાર, ૨૧મી ફેબ્રુઆરીએ નાગપુરમાં મુંબઈને ફરી એકવાર ફાઇનલનો પ્રવેશ અપાવવામાં નિષ્ફળ ગયા અને ૮૦ રનથી મુંબઈનો પરાજય થતાં વિદર્ભએ ફાઇનલમાં એન્ટ્રી કરી લીધી જેમાં એનો મુકાબલો કેરળ સામે થશે.

કેરળ કી તો ચલ પડી

કેરળની પણ સ્ટોરી ખૂબ રસપ્રદ છે. રણજી ટ્રોફીમાં પોતાના લગભગ ૭૫ વર્ષના ઇતિહાસમાં કેરળની ટીમ ક્યારેય ફાઇનલમાં નહોતી પહોંચી શકી, પણ આ વખતે ૩૬ વર્ષની ઉંમરના સચિન બેબી નામના ખેલાડીની કૅપ્ટન્સીમાં કેરળે ઇતિહાસ રચી નાખ્યો. કેરળનો લેફ્ટ-હૅન્ડ બૅટર સચિન બેબી ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટની ૯૯ મૅચમાં ૧૪ સેન્ચુરી તથા ૨૮ હાફ સેન્ચુરીની મદદથી ૫,૬૪૯ રન બનાવી ચૂક્યો છે. તેણે આ વખતની રણજીમાં બૅટિંગમાં સાધારણ પર્ફોર્મ કર્યું, પરંતુ તેના નેતૃત્વની વાહ-વાહ થઈ રહી છે. નવાઈની વાત એ છે કે ૧૨મી ફેબ્રુઆરીએ પુણેમાં જમ્મુ અને કાશ્મીર સામેની ડ્રૉમાં પરિણમેલી ક્વૉર્ટર ફાઇનલમાં કેરળની ટીમ પ્રથમ દાવના માત્ર એક રનના તફાવતને આધારે સેમિ ફાઇનલમાં પહોંચ્યું અને શુક્રવારે ગુજરાત સામે માત્ર બે રનના ફરક બદલ એને ફાઇનલમાં ઐતિહાસિક પ્રવેશ મળી ગયો.

ગુજરાતને લીધે રણજી રોમાંચક બની, પણ...

ફાસ્ટ બોલર ચિંતન ગજાના સુકાનમાં ગુજરાતે શુક્રવારે અમદાવાદમાં ક્રિકેટજગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કેરળ સામે ફાઇનલના પ્રવેશનો હાથમાં આવી રહેલો કોળિયો ગુમાવી દીધો એ પહેલાં એના ખેલાડીઓ પ્રિયાંક પંચાલ (૧૪૮ રન), આર્ય દેસાઈ (૭૩ રન), જયમીત પટેલ (૭૯ રન), સિદ્ધાર્થ દેસાઈ (૩૦ રન) વગેરેએ જબરદસ્ત પર્ફોર્મ કરીને (કેરળને જોરદાર લડત આપીને) અનેક ક્રિકેટપ્રેમીઓ દિલ જીતી લીધા હતા. ગુજરાતના પૂંછડિયા બૅટર્સે વધુ બે રન બનાવી લીધા હોત તો બુધવારે શરૂ થતી વિદર્ભ સામેની ફાઇનલમાં કેરળના સ્થાને ગુજરાતનું નામ હોત. જયમીત પટેલે જીવતદાન બાદ વિકેટ ગુમાવી, જ્યારે સિદ્ધાર્થ દેસાઈએ ડીઆરએસ (ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ)માં કૅચની અપીલમાંથી બચી ગયા બાદ એલબીડબ્લ્યૂમાં વિકેટ ગુમાવવી પડી હતી. છેલ્લે છેલ્લે અર્ઝાન નાગવાસવાલા તો ગજબ રીતે આઉટ થયો હતો. સ્પિનર આદિત્ય સરવટેના બૉલમાં અર્ઝાનના શૉટમાં બૉલ નજીકના ફીલ્ડરની હેલ્મેટને વાગ્યા બાદ કેરળના કૅપ્ટન સચિન બેબી તરફ ગયો હતો અને તેણે કૅચ પકડી લેતાં ગુજરાત બહાર થઈ ગયું અને કેરળ પહેલી વખત રણજી ફાઇનલમાં પહોંચી ગયું.

કોહલી, પંત, પંડ્યા બંધુઓ પણ નિષ્ફળ રહ્યા

વિરાટ કોહલી ૧૨ વર્ષે ફરી રણજી ટ્રોફીમાં રમ્યો અને એમાં સરિયામ નિષ્ફળ રહ્યા બાદ ઇંગ્લૅન્ડ સામેની શ્રેણીમાં રમવાનું હોવાથી તેણે રણજીમાંથી તરત જ વિદાય લઈ લીધી. તેના આગમનને લીધે દિલ્હીના સ્ટેડિયમમાં હજારો લોકો પહેલી વાર રણજી ટ્રોફીની મૅચ જોવા આવ્યા હતા. જોકે રેલવે સામેની મૅચમાં તે ફક્ત છ રન બનાવ્યા બાદ હિમાંશુ સંગવાનના બૉલમાં ક્લીન બોલ્ડ થતાં કોહલીના હજારો ચાહકોએ નિરાશ થવું પડ્યું હતું. દિલ્હીનો જ રિષભ પંત પણ ફ્લૉપ ગયો. ક્રૃણાલ પંડ્યા અને હાર્દિક પંડ્યા બરોડાની ટીમને નૉકઆઉટ તબક્કામાં પહોંચાડવામાં નિષ્ફળ રહ્યા. સૌરાષ્ટ્રની ટીમમાં કૅપ્ટન જયદેવ ઉનડકટ અને ચેતેશ્વર પુજારા જેવા જાણીતા મૅચ-વિનર્સ હોવા છતાં એ ટીમનો રથ ક્વૉર્ટર ફાઇનલમાં ગુજરાત સામેની હારને પગલે અટકી ગયો. ■

ઇંગ્લૅન્ડના ડકેટની સેન્ચુરી સામે ઑસ્ટ્રેલિયાના ઇંગ્લિસની મૅચ-વિનિંગ સદી

બ્રિટિશરોના હાઇએસ્ટ સ્કોરના વિક્રમ બાદ કાંગારુંઓનો રેકૉર્ડ-બ્રેક ચેઝ

લાહોરઃ અહીં ગઈ કાલે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ગ્રૂપ 'બી'ના મહત્ત્વના મુકાબલામાં ઇંગ્લૅન્ડ સામે કટ્ટર હરીફ ઑસ્ટ્રેલિયાએ પાંચ વિકેટે ૩૫૬ રન બનાવીને આ ટૂર્નામેન્ટના ઇતિહાસનો વિક્રમજનક સફળ ચેઝ નોંધાવ્યો હતો. ઇંગ્લૅન્ડે ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૩૫૧ રન ખડકી દીધા બાદ ઑસ્ટ્રેલિયાએ ૪૭.૩ ઓવરમાં પાંચ વિકેટે ૩૫૬ રન બનાવીને શાનદાર વિજય મેળવ્યો હતો. ઑસ્ટ્રેલિયાનો વિકેટકીપર જૉશ ઇંગ્લિસ (૧૨૦ અણનમ, ૮૬ બૉલ, છ સિક્સર, આઠ ફોર) મૅચ-વિનર હતો. મૅથ્યૂ શૉર્ટે ૬૩ રન તથા ઍલેક્સ કૅરીએ ૬૯ રન બનાવ્યા હતા. મૅક્સવેલે ૩૨ રને અણનમ રહ્યો હતો અને ઇંગ્લિસ સાથે મળીને ઑસ્ટ્રેલિયાને જિતાડીને રહ્યો હતો. બ્રિટિશરોના છમાંથી પાંચ બોલરને એક-એક વિકેટ મળી હતી.

એ પહેલાં, બ્રિટિશરોએ આઠ વિકેટે ૩૫૧ રન બનાવીને ન્યૂ ઝીલૅન્ડનો ૩૪૭/૪નો ૨૧ વર્ષ જૂનો ચૅમ્પિયન્સ ટ્રોફીનો હાઇએસ્ટ સ્કોરનો વિક્રમ તોડી નાખ્યો હતો.

૩૦ વર્ષની ઉંમરના લેફ્ટ-એન્ડ ઓપનર બેન ડકેટ (૧૬૫ રન, ૧૪૩ બૉલ, ૨૧૫ બૉલ, ત્રણ સિક્સર, સત્તર ફોર) બ્રિટિશરોની આજની ઇનિંગ્સનો સુપર હીરો હતો. તેણે કરીઅરની ત્રીજી વન-ડે સેન્ચુરી ફટકારી હતી. તેની અને જૉ રૂટ (૬૮ રન, ૭૮ બૉલ, ૧૦૬ મિનિટ, ચાર ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૫૫ બૉલમાં ૧૫૮ રનની તોતિંગ ભાગીદારી થઈ હતી.

શરૂઆતની છ ઓવરની અંદર ઇન્ફૉર્મ બૅટર-ઓપનર ફિલ સૉલ્ટ (૧૦ રન) અને પછી વિકેટકીપર જૅમી સ્મિથ (૧૫ રન)ની વિકેટ પડ્યા બાદ એક તબક્કે ઇંગ્લૅન્ડનો સ્કોર બે વિકેટે ફક્ત ૪૩ રન હતો, પરંતુ ડકેટ-રૂટની જોડીએ ધબડકો રોકીને ટીમની આબરૂ સાચવી લીધી હતી. તેમણે સ્કોર ૪૩ રન પરથી ૨૦૦ ઉપર પહોંચાડી દીધો હતો. છેક ૩૧મી ઓવરમાં ૨૦૧ રનના ટીમ-સ્કોર પર રૂટ આઉટ થઈ ગયા બાદ ઇંગ્લૅન્ડનું રનમશીન ધીમું પડી ગયું હતું. સ્ટીવ સ્મિથના સુકાનમાં ઑસ્ટ્રેલિયાના સાત-સાત બોલર બ્રિટિશરોને (ખાસ કરીને ડકેટ અને જૉ રૂટ) અંકુશમાં નહોતા રાખી શક્યા.

ઑસ્ટ્રેલિયાની ટીમ મુખ્ય બોલર અને કૅપ્ટન પૅટ કમિન્સ, મિચલ સ્ટાર્ક, જૉશ હૅઝલવૂડ, મિચલ માર્શ વિના પાકિસ્તાન આવી છે. તેમની ગેરહાજરીમાં સ્પેન્સર જૉન્સને બોલિંગની આગેવાની સંભાળી હતી, પરંતુ તેને ૫૪ રનમાં એકેય વિકેટ નહોતી મળી. ત્રીજી જ વન-ડે રમી રહેલા લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર બેન ડ્વારશુઇસ ત્રણ વિકેટ તેમ જ સ્પિનર ઍડમ ઝૅમ્પા અને માર્નસ લાબુશેન બે-બે વિકેટ લેવામાં સફળ રહ્યા હતા. ગ્લેન મૅક્સવેલને એક વિકેટ મળી હતી, પણ નૅથન એલિસ તથા મૅથ્યૂ શૉર્ટ વિકેટ વિનાના રહ્યા હતા. ■

પાકિસ્તાનની ટીમ ભારતનો સામનો કરવા પૂરી તૈયાર જ નથીઃ કનેરિયા

ભૂતપૂર્વ સ્પિનરના મતે બાબર પોતાના સ્વાર્થ માટે જ રમે છે

નવી દિલ્હીઃ પાકિસ્તાનમાં રહેતા ગુજરાતી વૈષ્ણવ પરિવારના ભૂતપૂર્વ સ્પિનર દાનિશ કનેરિયાએ પાકિસ્તાનની ટીમની સફળતાને આપવાને બદલે અંગત કીર્તિમાનોને અગ્રતા આપવા બદલ ભૂતપૂર્વ સુકાની અને વર્તમાન બૅટિંગ લાઇન-અપના મુખ્ય બૅટર બાબર આઝમની ટીકા કરી છે તેમ જ આવતી કાલે દુબઈમાં ભારત સામે જે હાઈ-વૉલ્ટેજ ટક્કર થવાની છે એ પહેલાંની મોહમ્મદ રિઝવાનના નેતૃત્વ હેઠળની ટીમની પૂર્વતૈયારી બાબતમાં ચિંતા વ્યક્ત કરી છે.

સિંધ પ્રાન્તમાં કરાચીમાં જન્મેલા કનેરિયાએ પીટીઆઇ વીડિયો માટેની મુલાકાતમાં કહ્યું હતું કે 'પાકિસ્તાનની બૅટિંગ લાઇન-અપ સંઘર્ષ કરી રહી છે. બાબરને ટીમની સફળતા કરતાં અંગત પર્ફોર્મન્સમાં જ રસ છે. તે પોતાના માટે જ રમે છે. તે પ્રેશરમાં હોય ત્યારે પોતાના આંકડા સલામત રહે અને આઇસીસી

રૅન્ક પણ અકબંધ રહે એના પર જ ધ્યાન આપતો હોય છે.'

થોડા જ દિવસ પહેલાં બાબરે વન-ડે બૅટર્સની નંબર-વન રૅન્ક ગુમાવી. તેના સ્થાને ભારતનો વાઇસ-કૅપ્ટન શુભમન ગિલ અવ્વલ થઈ ગયો છે. ન્યૂ ઝીલૅન્ડ સામે પાકિસ્તાન ગુરુવારે જે પ્રથમ મૅચ હાર્યું એમાં બાબરે ધીમી બૅટિંગમાં ૯૦ બૉલમાં ૬૪ રન બનાવ્યા એ બદલ તેની ટીકા થઈ રહી છે. તે રનમશીનને વેગ નહોતો આપી શક્યો અને ખરા સમયે (૩૪મી ઓવરમાં) વિકેટ ગુમાવી બેઠો હતો. પાકિસ્તાન કિવીઓ સામે ૬૦ રનથી હારી ગયું અને પાકિસ્તાન માટે હવે ૨૦૧૭માં જીતેલું ચૅમ્પિયન્સ ટ્રોફીનું ટાઇટલ સાચવવાનું મુશ્કેલ થઈ ગયું છે.

કનેરિયાએ પીટીઆઇને વધુમાં કહ્યું, 'મેં હાફ સેન્ચુરી ફટકારી, મેં આ કર્યું, મેં પેલું કર્યું એવું બધુ તે કહ્યા કરે છે, પણ ટીમને વિજય અપાવવા માટેની પ્રબળ ઇચ્છાશક્તિ તેનામાં ક્યાં છે? જો તમે દેશ વતી રમતા હોવ તો દેશની સફળતા પર પહેલાં ધ્યાન આપવું જોઈએ. થોડી ઇચ્છાશક્તિ તો બતાવો. કમનસીબે, બાબરમાં એવું નથી જોવા મળી રહ્યું.'

કનેરિયાએ પાકિસ્તાનની ટીમ વિશે વધુમાં કહ્યું હતું કે 'આ વખતે ભારત સામેના મુકાબલા વખતે પાકિસ્તાનમાં ઓછો ઉત્સાહ જોવા મળ્યો છે, કારણકે પાકિસ્તાનની ટીમ હાલમાં સારું નથી રમી રહી, જ્યારે ભારતીયો ઉત્કૃષ્ટ ફૉર્મમાં છે.' ■

ટ્રમ્પની ટેરિફની અનિશ્ચિતતાઃ વૈશ્વિક સોનામાં નફારૂપી વેચવાલીના આંચકા પચાવીને મક્કમ વલણ

કો મોડિટી

રમેશ ગોહિલ

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફ યોજનાઓની અનિશ્ચિતતાઓને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ટ્રેડ વૉરની સ્થિતિ નિર્માણ થવાની તેમ જ આ નીતિઓને કારણે ફુગાવો પણ વધવાની ભીતિ સપાટી પર આવી હોવાથી વૈશ્વિક સોનામાં સલામતી માટેની જળવાયેલી મજબૂત માગને કારણે ગત સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનાના ભાવ એક તબક્કે ઔંસદીઠ ૨૯૫૪.૬૯ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, સપ્તાહના અંત આસપાસ નફારૂપી વેચવાલીના આંચકાઓ પચાવીને પણ ભાવમાં મક્કમ અન્ડરટોન રહ્યો હતો અને સતત આઠમા સપ્તાહમાં સુધારો આગળ આગળ ધપતા અંદાજે ૧.૯ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. તેમ જ વર્તમાન કૅલેન્ડર વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૧.૫ ટકા જેટલી તેજી નોંધાઈ છે. આમ વૈશ્વિક બજારનાં પ્રોત્સાહક અહેવાલો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ એકંદરે ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ગત સપ્તાહમાં ડૉલર સામે રૂપિયા બેતરફી વધઘટે અથડાઈને સાપ્તાહિક ધોરણે ૧૪ પૈસાના સુધારા સાથે ૮૬.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો. આમ રૂપિયામાં એકંદરે સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં સુધારો મર્યાદિત રહેતાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૪નો સુધારો આવ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ વેરા રહિત ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૪ ફેબ્રુઆરીના રૂ. ૮૫,૯૯૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૪,૯૫૯ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૮૪,૯૫૯ની સપાટી અને ઉપરમાં રૂ. ૮૬,૭૩૩ સુધી મજબૂત થયા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૯૪ અથવા તો ૦.૧૦ ટકાના સુધારા સાથે રૂ. ૮૬,૦૯૨ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, વિશ્વ બજાર પાછળ ભાવમાં અન્ડરટોન તેજીનો રહ્યો હોવાથી તેમ જ ભાવ સપાટી પણ ઊંચી રહી હોવાથી સ્થાનિક બજારમાં માત્ર રોકાણલક્ષી છૂટીછવાઈ માગ જોવા મળી હતી. આ સિવાય રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો પણ અવઢવમાં મુકાઈ જતાં લેવાલી પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફની અનિશ્ચિતતાઓ વચ્ચે સલામતી માટેની માગને ટેકે છેલ્લાં આઠ સપ્તાહથી વૈશ્વિક સોનામાં તેજીનો પવન ફૂંકાઈ રહ્યો છે અને હાજરમાં ભાવ ઔંસદીઠ ૨૯૫૪.૬૯ ડૉલરની નવી ઊંચી સપાટી સુધી પહોંચીને પાછળ ફર્યા હતા,

જ્યારે આ સમયગાળામાં વાયદામાં ભાવ જે ઔંસદીઠ ૨૬૨૭ ડૉલર હતા તે વધીને ૨૯૭૩ ડૉલર સુધી પહોંચ્યા છે. આમ એકંદરે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના વૈશ્વિક ભાવમાં ૧૨ ટકા જેટલો ઉછાળો આવ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં ટ્રમ્પે લાકડું, કાર, સેમિકન્ડક્ટર અને ફાર્માસ્યુટિકલ્સ પર અતિરિક્ત ટેરિફ લાદવાની જાહેરાત કરતાં સલામતી માટેની સોનાની માગને ઈંધણ મળ્યું છે. આ ઉપરાંત ગત સપ્તાહે જાહેર થયેલી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સમાં પણ નીતિઘડવૈયાઓએ ટ્રમ્પની નીતિના બદલાવને કારણે ફુગાવામાં વધારો થવાથી ઊંચા વ્યાજદર લાંબા સમયગાળા સુધી જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. આમ વધતા ફુગાવાના સંજોગોમાં પણ સોનામાં સલામતી માટેની માગ પ્રબળ રહેતા ભવિષ્યમાં સોનાની તેજીને ટેકો મળતો રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું. જોકે, યુક્રેનમાં શાંતિ કરાર અંગે અમેરિકા અને રશિયા વચ્ચેની વાટાઘાટાના પહેલા રાઉન્ડમાં સફળતાના આશાવાદને કારણે સપ્તાહ દરમિયાન સોનામાં સલામતી માટેની માગ ધીમી પડી હતી, પરંતુ આ વાટાઘાટમાં કોઈ નક્કર પરિણામ નહોંતુ આવ્યું. જો ભવિષ્યમાં વાટાઘાટો સફળ થશે તો સોનાના ભાવ દબાણ હેઠળ આવે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે સપ્તાહના અંતે અમેરિકી ટ્રેઝરની યિલ્ડમાં અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડો થવાને કારણે સોનાના સુધારાને ટેકો મળ્યો હતો. તેમ જ તાજેતરમાં ચાંદીના ભાવમાં વધુ તેજી જોવા મળતાં હાલ સોના-ચાંદી વચ્ચેની સરાસરી જે ૯૨.૧૩ હતી તે હવે ઘટીને ૮૮.૮૫ની સપાટીએ રહી છે. ટેક્નિકલ દૃષ્ટીએ આ સરાસરી માટે ૮૭.૮૨ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી છે. જો તૂટે તો ઘટીને ૮૬.૫ થઈ શકે છે જે દર્શાવે છે કે આગામી સમયગાળામાં સોનાની સરખામણીમાં ચાંદીમાં વધુ ઝડપી તેજી આવી શકે છે. જોકે, અમારા મતાનુસાર આગામી સપ્તાહમાં સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ઔંસદીઠ ૮૪,૦૦૦થી ૮૭,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનામાં રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજરમાં ભાવ આગલા બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૨૯૩૯.૬૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ૦.૧ ટકા ઘટીને ૨૯૫૩.૨૦ ડૉલરની સપાટીએ બંધ રહ્યા હતા. એકંદરે ગત સપ્તાહે સોનાએ નવી વિક્રમ સપાટી દાખવી હતી તેમ જ નફારૂપી વેચવાલીનું દબાણ પણ રહ્યું હતું. તેમ જ આગામી ટૂંકા સમયગાળા દરમિયાન મજબૂત અન્ડરટોન જળવાઈ રહેવાની શક્યતા એલિગન્સ ગોલ્ડના ચીફ ઓપરેટિંગ ઑફિસર એબકરિમે જણાવ્યું હતું. જોકે, હજુ સોનામાં રોકાણકારોની સંપૂર્ણપણે માગ જોવા નથી મળી કેમ કે રોકાણકારોનું ઘણુંખરું રોકાણ જોખમી અસ્ક્યામતોમાં છે, જે હજુ સુધી સોનામાં પરાવર્તિત નથી થયું. વધુમાં કોમર્ઝબૅન્કના વિશ્લેષકે જણાવ્યું હતું કે તાજેતરમાં સોનામાં મુખ્યત્વે પશ્ચિમના રોકાણકારોની અને કેન્દ્રવર્તી બૅન્કો ઉપરાંત એક્સચેન્જ ટ્રેડેડ ફંડોની વ્યાપક માગનો ટેકો મળી રહ્યો છે. ■

ખેડૂતોને ટેકો આપવા સરકાર વનસ્પતિ તેલ પરની આયાત જકાત વધારે તેવી શક્યતા

મુંબઈ/નવી દિલ્હીઃ સ્થાનિક સ્તરે તેલીબિયાંના ભાવ નીચા મથાળે પ્રવર્તી રહ્યા હોવાથી ખેડૂતોને ટેકો આપવા માટે વનસ્પતિ તેલની આયાત જકાતમાં છેલ્લાં છ મહિનામાં બીજી વખત વધારો કરવામાં આવે તેવી શક્યતા બે સરકારી સૂત્રોએ વ્યક્ત કરી છે.

ખાદ્યતેલના વૈશ્વિક અગ્રણી આયાતકાર દેશ ભારત દ્વારા આયાત જકાતમાં વધારો કરવામાં આવે તો સ્થાનિક સ્તરે સ્થાનિક સ્તરે વનસ્પતિ તેલ અને તેલીબિયાંના ભાવમાં વધારો થવાની સાધે પામતેલ, સોયાતેલ અને સનફ્લાવર તેલની આયાતમાં પણ ઘટાડો થાય. ડ્યૂટી અથવા તો જકાતમાં વધારો કરવા માટે આંતરપ્રધાનમંડળીય બેઠક યોજાઈ હતી અને સરકાર ડ્યૂટી વધારાનો નિર્ણય લેશે, એમ એક સરકારી સૂત્રએ નામ ન આપવાની શરતે રોઈટર્સને જણાવ્યું હતું. તેમ જ અન્ય એક સૂત્રએ પણ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે સરકાર ડ્યૂટી વધારાનો નિર્ણય ખાદ્ય ચીજોના ફુગાવા પર થનારી અપેક્ષિત અસરોને ધ્યાનમાં રાખીને લેશે. જોકે, રોઈટર્સ દ્વારા આ મુદ્દે સરકારી પ્રવક્તાનો સંપર્ક કરવામાં આવતા તેમણે કોઈ પ્રતિસાદ નહોંતો આપ્યો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્ટેમ્બર, ૨૦૨૪માં સરકારે ક્રૂડ અને રિફાઈન્ડ વનસ્પતિ તેલ પર ૨૦ ટકા બેઝિક કસ્ટમ ડ્યૂટી લાદી હતી. આ ફેરફાર પશ્ચાત્ ક્રૂડ પામતેલ, ક્રૂડ સોયાતેલ અને ક્રૂડ સનફ્લાવર તેલની અસરકારક જકાત જે અગાઉ ૫.૫૦ ટકા હતી તે વધીને ૨૭.૫૦ ટકા થઈ હતી, જ્યારે તેનાં રિફાઈન્ડ તેલની અસરકારક જકાત વધીને ૩૫.૭૫ ટકાના સ્તરે પહોંચી હતી. જોકે, ડ્યૂટી વધારા પશ્ચાત્ પણ સ્થાનિકમાં સોયાબીનના ભાવ સરકારના નિર્ધારિત ટેકાના ભાવ કરતાં ૧૦ ટકા નીચા પ્રવર્તી રહ્યા છે. તેમ જ આગામી મહિનાથી શરૂ થનારા શિયાળુ સરસવના ભાવ પણ ઘટે તેવી શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર હાલ સ્થાનિકમાં સોયાબીનના ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૪૮૯૨ના ટેકાના ભાવ સામે રૂ. ૪૩૦૦ આસપાસ પ્રવર્તી રહ્યા છે. આમ તેલીબિયાંના નીચા ભાવને ધ્યાનમાં લેતાં ખાદ્યતેલ પરની આયાત જકાત વધારો કરવો યોગ્ય હોવાનું પહેલા સરકારી અધિકારીએ જણાવ્યું હતું જોકે જકાતમાં કેટલો વધારો કરવામાં આવશે તેનો હજુ નિર્ણય નથી લેવાયો, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં સ્થાનિક ખાદ્યતોલ ઉદ્યોગના સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશનનાં એક્ઝિક્યુટીવ ડિરેક્ટર બી. વી. મહેતાએ જણાવ્યું હતું કે હાલમાં ખેડૂતો દબાણ હેઠળ છે અને તેલીબિયાનો પાક લેવા માટે તેઓનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે ટેકાની આવશ્યકતા છે. અત્રે નોંધનીય બાબત એ છે કે આયાત જકાતમાં વધારાની શક્યતાને ધ્યાનમાં લેતા ભારતીય રિફાઈનરોએ માર્ચથી જૂન સુધીની ડિલિવરી માટે કરેલા અંદાજે એક લાખ ટન ક્રૂડ પામતેલના સોદા રદ કર્યા હોવાનું રોઈટર્સે એક અહેવાલમાં જણાવ્યું હતું. ■

સરકારે અબરખ, બેરિયેટ્સ, ફેલ્સપાર અને ક્વાર્ટઝને મુખ્ય ખનીજમાં વર્ગિકૃત કર્યા

નવી દિલ્હીઃ સરકારે આજે અબરખ, બેરિયેટ્સ(બેરિયમ સલ્ફેટ), ફેલ્સપાર અને ક્વાર્ટઝનું વર્ગીકરણ જે અત્યાર સુધી ગૌણ ખનીજમાં કરવામાં આવ્યું હતું તેમાં ફેરફાર કરીને મુખ્ય ખનીજમાં સમાવેશ કર્યો હતો.

સરકારના આ પગલાંથી તેના ખનનમાં વધારો થવાની સાથે અન્ય ઘણાં મુખ્ય ખનીજોની જેમ વૈજ્ઞાનિક ખનન માટેનો માર્ગ મોકળો થશે. નોંધનીય બાબત એ છે કે અગાઉ આ ખનીજોનું ગૌણ ખનીજોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. ખનન મંત્રાલયે ગત ૨૦મી ફેબ્રુઆરીના રોજ એક નોટિફિકેશન જાહેર કરીને બેરિયેટ્સ, ફેલ્સપાર, માઈકા (અબરખ) અને ક્વાર્ટઝને માઈનર મિનરલ્સ (ગૌણ ખનીજ)ની યાદીમાંથી દૂર કરીને મેજર મિનરલ્સ (મુખ્ય ખનીજ)ની યાદીમાં સમાવેશ કર્યો હોવાનું એક અધિકૃત યાદીમાં જણાવ્યું હતું.

બેરિયેટ્સ, ફેલ્સપાર, માઈકા (અબરખ) અને ક્વાર્ટઝ પિગ્મેટાઈટ ખડકોમાં જોવા મળે છે આ ખનીજો મુખ્યત્વે બેરિયલ, લિથિયમ, નિઓબિઅમ, ટેન્ટાલમ, મોસિબેનિયમ, ટીન, ટિટાનિયમ અને ટંગ્સ્ટન જેવાં મુખ્ય ખનીજોનો સ્રોત છે અને તેનો ઉપયોગ નવી ટેક્નોલૉજીઓમાં, એનર્જી ટ્રાન્ઝિશનમાં, સ્પેસક્રાફ્ટ ઈન્ડસ્ટ્રીઝમાં અને સ્વાસ્થ્ય ક્ષેત્રમાં થાય છે. ■

વિદેશી હૂંડિયામણની અનામત ૨.૫૪ અબજ ડૉલર ઘટી

મુંબઈઃ દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં સતત ત્રણ સપ્તાહ સુધી વધારો જોવા મળ્યા બાદ ગત ૧૪ ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે અનામત ૨.૫૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૩૫.૭૨૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

ગત સપ્ટેમ્બર, ૨૦૨૪માં દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી. જોકે, ત્યાર બાદ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા સતત ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા બજારમાં હસ્તક્ષેપ કરવામાં આવતો હોવાથી અનામતમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૪.૫૧૫ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૩૯.૫૯૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૧.૯૪૨ અબજ ડૉલર વધીને ૭૪.૧૫ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (એસડીઆર) ૧.૯ કરોડ ડૉલર વધીને ૧૭.૮૯૭ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૧.૪ કરોડ ડૉલર વધીને ૪.૦૮૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

પ્રવાહિતા વધારવા આરબીઆઈ ૧૦ અબજ ડૉલરનું ફોરેક્સ સ્વેપ કરશે

મુંબઈઃ બૅન્કિંગ યંત્રણામાં પ્રવાહિતા વધારવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ૧૦ અબજ ડૉલરના ડૉલર-રૂપી સ્વેપ ઑક્શનના પ્રોગ્રામની જાહેરાત કરી છે.

રિઝર્વ બૅન્કની યાદીમાં જણાવ્યાનુસાર આગામી ૨૮ ફેબ્રુઆરીના રોજ ત્રણ વર્ષની મુદત માટેનાં ૧૦ અબજ ડૉલરનું અમેરિકી ડૉલર/રૂપિયાના ખરીદ/વેચાણના સ્વેપ માટેનું ઑક્શન (લિલામ)થશે. નોંધનીય બાબત એ છે કે સ્વેપ એ વિદેશી હૂંડિયામણની સરળતાપૂર્વકના ખરીદ-વેચાણનો એક પ્રકાર છે. જેમાં બૅન્કો અમેરિકી ડૉલરનું વેચાણ રિઝર્વ બૅન્કને કરે અને સાથે સાથે સ્વેપની મુદત પૂરી થાય ત્યારે ડૉલરની ખરીદી કરવા માટે સંમત થાય.

બૅન્કિંગ યંત્રણામાં પ્રવાહિતાની સાતત્યતાની આવશ્યકતાને ધ્યાનમાં લેતા રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ લાંબાગાળાના અમેરિકી ડૉલર/રૂપી સ્વેપ મારફતે પ્રવાહિતા વધારવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય મુજબ રિઝર્વ બૅન્ક ત્રણ વર્ષ માટે ૧૦ અબજ ડૉલરનું અમેરિકી ડૉલર/રૂપીના ખરીદ/વેચાણ માટેના ઑક્શનનું આયોજન કરશે.

નોંધનીય બાબત એ છે કે ગત જાન્યુઆરી મહિનામાં પણ રિઝર્વ બૅન્કે જૂદા જૂદા સાધનો મારફતે પાંચ અબજ ડૉલરના ફોરેક્સ સહિત ૧.૫ લાખ કરોડની પ્રવાહિતા વધારવાની જાહેરાત કરી હતી. ■

આવિષ્કારોનો ભરોસો કેવી રીતે કરવો?

ઓ પિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

૨૧મી સદી નવી શોધખોળ અને આવિષ્કારની છે. રોજેરોજ કોઇને કોઇ નવી શોધના સમાચાર આવ્યા કરે છે. જે આપણે ક્યારેય વિચાર્યા પણ ના હોય અને જોતજોતામાં તો આવિષ્કાર કરનારા યુનીકોર્ન મતલબ એક બિલિયન ડૉલર્સની એસેટ ધરાવતા થઇ જાય છે. પણ શું બધા આવિષ્કારો સફળતાને વરે છે કે કેટલાક તેમાં નાદાર પણ થઇ જાય છે. આ નવા આવિષ્કારો કરનારા કેટલા જેન્યુઇન હોય છે અને કેટલા કપટી તેનો ક્યાસ કાઢવો પણ મુશ્કેલ છે. જો જેન્યુઇન હોયને ફેઇલ જાય તો સમજી શકાય છે પણ જો પહેલીથી જ ઠગાઇની ભાવનાથી સમાજમાં ખાલી દેખાવ આવિષ્કારનો કરતા હોય પણ અંદરથી જાણતા હોય કે આ બધુ નાટક છે, તો તેનો ભરોસો કરનારા આર્થિક રીતે તો નુકસાન ભોગવે છે પણ જો આ 'સો કોલ્ડ' આવિષ્કાર સ્વાસ્થના ક્ષેત્રે હોય અને તેનો ભોગ તેના ઉપભોક્તા બને તો તે એક માનવ વધ સમાન છે.

આવી જ એક ઘટના અમેરિકામાં ૨૧મી સદીના પહેલા દશકામાં બનેલી હતી. જ્યારે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી ૧૯ વર્ષની એલીજાબેથ હોલ્મસે અભ્યાસ અધુરો છોડી દીધો ને નક્કી કર્યું કે તેણ એક એવો ડિવાઇસ બનાવ્યો છે કે જે પેશન્ટની આંગળીમાંથી લોહીના બુંદ લઇને તેને બનાવેલા કોમ્પ્લેક્સ ડિવાઇસમાં બ્લડ રિપોર્ટ તૈયાર કરી શકે છે કે જેના થકી પેશન્ટના શરીરમાંથી વધારે બ્લડ લેવાની જરૂર નથી પડતી.

૨૦૧૩ સુધીમાં વેન્ચર કેપીટલને આ પ્રોજેક્ટમાં રોકાણ કરીને બહુ કમાવાની તકો દેખાવા લાગી તેથી તેઓએ એલીજાબેથની કંપની થેરાનોસનું વેલ્યુએશન નવ બિલિયન ડૉલર્સનું મૂકીને ૭૦૦ મિલિયન અમેરિકન ડૉલર્સનું રોકાણ આ પ્રોજેક્ટમાં કરી દીધું.

પરંતુ, ૨૦૧૫માં મેડિકલ રિસર્ચ પ્રોફેસર જહોન લોનીડીઝ, બાયોકેમિસ્ટ્રીના ક્લિનિકલ પ્રોફેસર ડિમાન્ડિસ અને ધ વોલ સ્ટ્રીટ જનર્લના ઇન્વેસ્ટિગેટીવ જર્નાલિસ્ટ કેરીરૂને એલીજાબેથહ હોલમ્સની થેરાનોસની આ ટેક્નોલોજીને ચેલેન્જ કરીને કહ્યું કે પ્રુવ કરે કે પેશન્ટની આંગળીમાંથી માત્ર લોહીના બુંદ લઇને મલ્ટિપલ બ્લડ ટેસ્ટ રિપોર્ટ એક્યુરેટલી તૈયાર થઇ શકે છે. આ બન્ને પ્રોફેસરોના રિસર્ચમાં મદદ ત્યારે મળી કે જયારે થેરાનોસનો એક એમ્પ્લોઇટ ટાઇલર સલ્ઝ કે જે અમેરિકાના ભૂતપૂર્વ યુ. એસ. સેક્રેટરી ઓફ સ્ટેટ જયોર્જ પી. સલ્ઝનો પૌત્ર છે. આવા કામમાં આવા હાઇપ્રોફાઇલ એમ્પલોઇ હોવા જરૂરી છે. જેથી પ્રોજેક્ટને ક્રેડિબિલિટી મળે. (તેણે એલીજાબેથ અને ભારતીય) મૂળના સાથીને જણાવ્યું કે કંપનીના પાથબ્રેકિંગના દાવાઓ ખોટા છે અને કંપની લોકોની જિંદગી સાથે ખેલ કરે છે, પણ તેને કંપનીના મેનેજમેન્ટનો સાથ નહીં મળતા વ્હિસલબ્લોઅર થઇને આ પ્રોફેસરો અને જર્નાલિસ્ટની ટીમને અંદરની માહિતી આપતા જણાવ્યું કે એલીજાબેથના ડિવાઇસમાં કોઇ નવીનતા નથી અને લોહીના થોડા ટીપામાંથી મલ્ટિપલ બ્લડ ટેસ્ટ રિપોર્ટની વાતમાં કોઇ સચ્ચાઇ નથી. થેરાનોસ નામ પણ કેવી રીતે વિચારીને રાખેલું હતું. થેરાપીનો થેરા અને ડાયોગનોસીસનો નોસ લઇને નામ રાખ્યું થેરાનોસ !!

આ સમયગાળા દરમિયાન અમેરિકન ચેઇનશોપ વોલગ્રીન સાથે પાર્ટનરશિપ કરીને તેના ૪૦ લોકેશન ઉપર ઇન સ્ટોર બ્લડ ટેસ્ટના સેન્ટરો ખોલી કાઢેલા હતા અને કહેવામાં આવ્યું કે ગ્લેકસો અને ફાઇઝર થેરાનોસના સેમ્પલ્સ ડ્રગ્ઝ ટ્રાયલમાં યુઝ કરે છે કે જેનાથી થેરાનોસની ક્રેડિબિલિટી વધે પણ ગ્લેકસો અને ફાઇઝરે જણાવ્યું કે આવી કોઇ એરેન્જમેન્ટ થેરાનોસ સાથે નથી કરી. ક્લિવલેન્ડ ક્લિનિકે પણ થેરાનોસની વાતોમાં આવીને તેની સાથે કરાર કરેલા હતા.

એક તરફ રિસર્ચ પ્રોફેસરો અને જર્નાલિસ્ટને થેરાનોસની પાથબ્રેકિંગ ટેક્નોલોજી જણાવવામાં નિષ્ફળ જતા અને બીજી બાજુ વોલગ્રીને પાર્ટનરશિપ રદ કરતા થેરાનોસનું વેલ્યુએશન ૯ બિલિયન ડૉલર્સનું અને એલીજાબેથનું ૪.૫ બિલિયન ડૉલર્સથી ઘટીને લગભગ ઝીરો થઇ ગયું. એલીજાબેથના એ વેન્ચરમાં તેની સાથે ભારતીય મૂળનો એક સાથી પણ હતો. ડૂબતી પ્રતિષ્ઠાને બચાવવા માટે એલીજાબેથ અને ભારતીય મૂળના તેના સાથીએ એક પ્લાન રચ્યો અને તે સમયના અમેરિકાના વાઇસ પ્રેસિડન્ટ જો બાઇડનને તેની લેબોરેટરીની મુલાકાત માટે આમંત્રણ આપ્યું. જો બાઇડને લેબોરેટરીની મુલાકાત કરીને જણાવ્યું કે હકીકતમાં એક આધુનિક લેબોરેટરી છે કે જેમાંથી બ્લડ ટેસ્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે, પણ હકીકત એ હતી કે અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટને ટૂર કરાવવામાં આવેલી આ લેબોરેટરી ફેક હતી!! અમેરિકન એજન્સીને એ પણ ખબર ના પડી કે તેના વાઇસ પ્રેસિડેન્ટને ફેક લેબોરેટરીમાં લઇ જવામાં આવે છે અને તેના કરતા પણ આશ્ચર્યની વાત કે એલીજાબેથ અને ભારતીયમૂળના સાથીની કેટલી હિંમત કે અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટ સાથે છળ કરી શકે?

અમેરિકન એફડીએને કમ્પલેઇન મળતા ઇન્વેસ્ટિગેશન શરૂ કર્યું અને તેના પરિણામોમાં જાણવા મળ્યું કે એલીજાબેથના કલેઇમમાં સચ્ચાઇ ન્હોતી તેની તેને પણ ખબર હતી. થેરાનોસ ઉપર વોલગ્રીન્સ, રોકાણકારો શેરહોલ્ડર્સ વગેરેના કેટલાય કેસો થયા. કેટલાક કેસિસમાં સેટલમેન્ટ થયું, બેંકરપ્સી પ્રોસીડીમ્સ થયા, ૪ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ એલીજાબેથે તેના રોકાણકારોને ઇમેલ મોકલીને જણાવ્યું કે થેરાનોસ કંપની તેનો ધંધો બંધ કરે છે. કોવીદના કારણે કોર્ટ કેસિસમાં દેરી થવા લાગતા આખરે નવેમ્બર ૨૦૨૨ના કોર્ટના કેસિસમાં એલીજાબેથે ગિલ્ટી સ્વીકારતા તેને ૧૧ વર્ષ અને ૩ મહિનાની કારાવાસની સજા કરાવવામાં આવી અને ભારતીય મૂળના તેના પુરુષ સાથીને ૧૨ વર્ષ અને ૧૧ મહિનાની સજા ફરમાવવામાં આવી. આમ વાવો તેવું લણોની કહેવત સાચી પડી. પણ આ ઘટનાએ સૌની આંખ ઉઘાડી દીધી કે સ્ટેનફોર્ડની બધી પ્રોડક્ટ એકસેપશન્લ હોવી જરૂરી નથી. પણ આ તો અમેરિકા છે કે ૩ વર્ષમાં હેલ્થ સાથે છળકપટના ખેલનો ચુકાદો પણ આવી ગયો અને સજા પણ થઇ ગઇ જયારે અન્ય દેશોમાં તો કોર્ટ કેસોમાં વર્ષો નીકળી જાય અને દોષી કાં તો છૂટા ફરતા હોય અથવા બીજા દેશમાં સ્થળાંતર કરી ચુકયા હોય.

કોઇપણ આવિષ્કાર ફેસવેલ્યુથી સ્વિકારતા પહેલા થોડુ ડયુડીલીઝન્સ કરવું જરૂરી છે. થેરાનોસથી કહી શકાય કે આંધળો વિશ્વાસ અંધાપો લાવી શકે છે. આલ્બર્ટ આઇનસ્ટાઇને કહ્યું છે કે ''બ્લાઇન્ડ બીલીફ ઇન ઓથોરીટી ઇઝ ધ ગ્રેટેસ્ટ એનેમી ઓફ ટ્રુથ.'' ■

દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૪૫ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સપ્તાહના અંતે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી હાજર બજારમાં ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે સપ્તાહનો અંત તેમ જ બૅન્કો પણ બંધ હોવાથી ખાસ કરીને રવાનગીના કામકાજો થયા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ઈમામી અને એએનએના આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવ રૂ. ૧૩૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સરસવના રૂ. ૧૩૫૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦ના મથાળે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

વધુમાં આજે દેશમાં અંદાજે ૧.૬૦ લાખ ગૂણી સોયાસીડની આવક હતી, જેમાં મધ્ય પ્રદેશનાં મથકો પર ૮૦,૦૦૦ ગૂણીની આવક થઈ હોવાના અહેવાલ હતા, રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૭૦,૦૦૦ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૩૫૦થી ૬૩૭૫માં, સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૨ અને રૂ. ૧૩૫૨માં તથા સરસવ ખોળના ક્વિન્ટલે રૂ. ૨૧૦૦થી ૨૧૦

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ભાવનગર એસ. ટી.ની આવકમાં ૪૯.૪૯ લાખનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ એસટી વિભાગ દ્વારા ગત વર્ષ જાન્યુઆરી- ૨૦૨૪ની સરખામણીએ જાન્યુઆરી- ૨૦૨૫માં ૭૦,૬૧૨ કિ.મી નું સંચાલન વધારે કરવામાં આવ્યું હતું. જેથી પેસેન્જર આવકમાં આવક રૂ. ૪૯,૪૯,૬૬૯ આવક નો ધરખમ વધારો ગત વર્ષના જાન્યુઆરી માસની સરખામણીમા થયો હતો. ભાવનગર એસ.ટીના વિભાગીય નિયામકે જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લાની મુસાફર જનતા/વિદ્યાર્થીઓની માંગણી મુજબ આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ મુસાફરો તેમજ વિદ્યાર્થીઓ બહોળા પ્રમાણમાં લાભ લે છે જેથી ગત વર્ષમાં જાન્યુઆરી ૨૦૨૪ કરતા ચાલુ વર્ષ જાન્યુઆરી ૨૦૨૫માં ધરખમ આવકમાં વધારો થયો છે.

ગત વર્ષ જાન્યુઆરી - ૨૦૨૪ ની સરખામણીએ જાન્યુઆરી- ૨૦૨૫ માં ૭૦,૬૧૨ કિ.મી નું સંચાલન ભાવનગર વિભાગ દ્વારા વધારે કરવામાં આવેલ છે. જેમા ભાવનગર ડેપોની આવક મોખરે છે. પેસેન્જર આવકમાં રૂ. ૪૯,૪૯,૬૬૯ નો ધરખમ વધારો ગત વર્ષના જાન્યુઆરી ૨૦૨૪ માસની સરખામણીમાં ચાલુ વર્ષ એ વર્ષ જાન્યુઆરી ૨૦૨૫ મા થયેલ છે. આ ઉપરાંત ઓનલાઈન રિઝર્વેશનથી જાન્યુઆરી ૨૦૨૫ માં કુલ ૨,૧૪,૦૩૩ સીટ બુક થતાં, જાન્યુઆરી ૨૦૨૪ માસની સરખામણી એ ૨૫,૪૧૨ (પચ્ચીસ હજાર ચારસો બાર) સીટ વધારે બુક થવા પામેલ છે. જેથી ઓનલાઈન રિઝર્વેશનની આવક રૂ. ૪૦,૬૩,૧૦૧ (ચાલીસ લાખ ત્રેસઠ હજાર એકસો એક) નો વધારો થયેલ છે. જેમાં પ્રતિ કિ.મી આવકમાં ૬૬ પૈસા નો વધારો થયો છે. ■

જૂનાગઢમાં ભવનાથ મંદિરે ધજા ચડાવીને શિવરાત્રી મેળાનો પ્રારંભ થયો હતો. (તસવીર હરેશ સોની જૂનાગઢ)

સૌરાષ્ટ્રમાં નવા નવ વીજ સબ સ્ટેશન સહિત ૩૩૫ કર્મચારીનાં મહેકમને મંજૂર કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વીજ માગમાં સતત વધારો થઈ રહ્યો છે. વીજ વિતરણ વ્યવસ્થામાં સાતત્ય જાળવવા માટે રાજય સરકાર દ્વારા રાજકોટ જિલ્લામાં ત્રણ સહિત સૌરાષ્ટ્રમાં ૯ સબ સ્ટેશનોને મંજૂરી અપાઈ છે. તે ઉપરાંત ૩૩૫ જગ્યાઓ અને સ્ટાફનું નવુ મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે વીજ વિતરણ વ્યવસ્થાના પડકારો તથા સ્ટાફની ઘટ અંગે અનેક રજૂઆતો કરાઈ હતી. જેથી સરકાર દ્વારા તેને મંજૂરી આપી હતી. મંજૂર થયેલા નવા સબ ડિવિઝનોમાં રાજકોટ જીલ્લામાં પડધરી ગ્રામ્ય, વિરપુર તથા પાટણવાવનો સમાવેશ થાય છે. જયાં અનુક્રમે ૩૩,૪૨ અને ૩૪ નવી જગ્યાઓનું મહેકમ મંજૂર કરાયુ છે.

આ સિવાય બોટાદનાં વડોદમાં ૨૯ ના મહેકમ સાથે સબ સ્ટેશનની મંજુરી અપાઈ છે. પોરબંદરનાં આજીવાડા તથા પાલીતાણાનાં વિઠલપુરમાં ૩૯ ના મહેકમ સાથે નવા સબ સ્ટેશન મંજુર કરાયા છે.

પીજીવીસીએલમાં વીજ માગમાં સતત વધારો થતો હોવાથી તેમ જ સ્ટાફની ઘટને કારણે કર્મચારીઓ પર કામનું ભારણ પણ સતત વધી રહ્યું હતું. તેવા સંજોગોમાં નવા સબ સ્ટેશન મહેકમ ઉમેરવા માટે લાંબા સમયથી માગ કરવામાં આવી હતી. ■

રાજકોટ જિલ્લામાં વાહનવેરો નહીં ભરનારા ૪૪ વાહન માલિકને આરટીઓનું અલ્ટિમેટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લા આરટીઓ દ્વારા બાકી રહેલો વાહનવેરો નહીં ભરનારા ૪૪ વાહનચાલકોને પાંચ દિવસનું અલ્ટિમેટમ અપાયું હતું. વાહન માલિકો પાંચ દિવસમાં ડિટેઈન કરાયેલા વાહનો ઉપર હક દાવો રજૂ નહીં કરે તો વાહનોની હરાજી કરી દેવાની ચેતવણી આપવામાં આવી હતી. આ માટે તંત્રએ વાહન ચાલકોને આખરી નોટીસો આપી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ જિલ્લા આરટીઓ તંત્રએ ૩૨ બસો ૮ ટ્રક અને ૪ થ્રી વ્હિલર મળી કુલ ૪૪ વાહનચાલકોનો વેરો બાકી હોવાથી ડિટેઈન કર્યા હતાં. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી રાજકોટ દ્વારા એક યાદીમાં જણાવાયું હતું કે રાજકોટ આરટીઓ કચેરીમાં લાંબા સમયથી મોટર વાહન કરની ભરપાઈ ન કરી હોય તેવા વાહનો મોટર વાહન કાયદાના ભંગ બદલ ડિટેઈન કરવામાં આવ્યા હતા.

વાહન વ્યવહાર અધિકારીની યાદી પ્રમાણે આ વાહનો ઉપર મોટર વાહન માલિકો દ્વાર કરની ભરપાઈ કરી ન હોવાથી ૪૪ વાહન માલિકોને તેઓના વાહન બાબતે આરટીઓ રાજકોટ કચેરીનો દિન-૫માં સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું હતું. તેમજ બાકી રહેલ કર ભરપાઈ કરવા જાણ કરાઈ હતી. આ તમામ વાહનોના માલીકે દિવસ પાંચમાં વાહન ઉપર હક દાવો રજૂ નહીં કરે તો કચેરી દ્વારા તમામ વાહનોની હરાજી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ■

પતરીવિધિ મામલે સર્વોચ્ચ અદાલતમાં કચ્છનાં મહારાણી પ્રીતિદેવી દ્વારા દાખલ થયેલી અરજી નકારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છનાં કુળદેવી મા આશાપુરાના માતાના મઢ સ્થિત સ્થાનકે આસો નવરાત્રિ દરમ્યાન આઠમના રાજાશાહીના સમયથી યોજાતી પતરીવિધિ બાબતે કચ્છના રાજ પરિવારમાં છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલા વિવાદ અન્વયે મહારાણી પ્રીતિદેવી દ્વારા કરાયેલી અરજીને દેશની સર્વોચ્ચ અદાલતે ડિસમિસ કરતો આદેશ કર્યો હતો. પતરીવિધિ વિવાદમાં રાજ્યની હાઈ કોર્ટ દ્વારા ૧૦મી ઓકટોબર-૨૦૨૪ના અપાયેલા ચુકાદા સામે કચ્છના રાજ પરિવારના મોભી સ્વ. પ્રાગમલજી ત્રીજાનાં પત્ની મહારાણી પ્રીતિદેવી દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ ખાસ અરજી કરાઈ હતી. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ બી.આર.ગવઈ અને ઓગસ્ટીન જ્યોર્જ મસીહની બેંચે આ અરજી દાખલપાત્ર ન હોવાનાં તારણ સાથે ડિસમિસ કરતો આદેશ આજે કર્યો હતો.

પ્રીતિદેવીએ મહારાણી ઑફ કચ્છની રૂએ હાઈ કોર્ટના આદેશને પડકારતી આ અરજી મહારાજ કુમાર હનુવંતસિંહ મદનસિંહ જાડેજા અને અન્યો સામે સુપ્રીમ કોર્ટ સમક્ષ કરી હતી, જેને અરજી દાખલપાત્ર ન હોવાનાં તારણ સાથે ડિસમિસ કરતો હુકમ ન્યાયાધીશની બેંચે કર્યો હતો. સર્વોચ્ચ અદાલત સમક્ષ આ સુનાવણીમાં હનુવંતસિંહ તરફે વકીલ તરીકે તરુણાબેન ગોહિલ અને જયકૃતિબા જાડેજા સાથે સ્થાનિકે ધારાશાસ્ત્રી યોગેશ ભંડારકર સાથે અલ્પેશ સલાટ રહ્યાં હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છના રાજ પરિવારના બે પક્ષ વચ્ચે છેલ્લા લાંબા સમયથી પતરીવિધિ કોણ કરે તે મામલે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદે કાનૂની સ્વરૂપ લીધા બાદ હાઈ કોર્ટથી સુપ્રીમ કોર્ટ સુધી પ્રકરણ ગયું છે.

આ દરમ્યાન એકથી વધુ વખત વિધિ થવા સહિતનો ઘટનાક્રમ બની ચૂકયો છે. આ સમગ્ર મામલો કચ્છ અને બૃહદ કચ્છમાં વસતા લાખો માઇ ભક્તોમાં ચર્ચાસ્પદ રહ્યો છે. ■

નાણાંની લેતી-દેતી મુદ્દે ભુજના કેમ્પ વિસ્તારમાં મધરાત્રે યુવકની કરપીણ હત્યાથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં હત્યાની ઘટનાઓનો વણથંભ્યો સિલસિલો યથાવત્ રહેવા પામ્યો હોય તેમ જિલ્લાના મુખ્ય મથક ભુજના સંવેદનશીલ વિસ્તાર તરીકે ઓળખાતા કેમ્પ વિસ્તારમાં પૈસાની લેવડ-દેવડના મામલે એક યુવકનું ધારદાર હથિયાર વડે ઢીમ ઢાળી દેવાતાં શહેરભરમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

પોલીસના જણાવ્યા પ્રમાણે, કેમ્પ વિસ્તારના રાજેન્દ્ર નગર ખાતે ગત મધરાતે બાર વાગ્યા બાદ આ હત્યાની ઘટના બની હતી. મૃતક જાકબ અબ્દુલા બકાલી આરોપી આવેશ ફારૂક તુંરિયા પાસેથી લેવાના થતા નાણાંની ઉઘરાણી કરતો હોઈ, કંટાળેલા આરોપીએ જાકબ પર અચાનક છરી વડે હુમલો કર્યો હતો.

ગંભીર ઈજાઓ સાથે અબ્દુલા બકાલીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ભુજ બી ડિવિઝન પોલીસે હત્યાની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. આરોપીને પણ ઇજાઓ થતાં ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે.■

રાજકોટમાં સમૂહલગ્નના આયોજકો ભાગી જતાં ઋષિવંશી સમાજની દીકરીઓના પોલીસે લગ્ન કરાવ્યા હતા. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

રાજકોટમાં સમૂહલગ્નના નામે છેતરપિંડી કરનાર ત્રણ ફરાર આયોજકની પોલીસે અટકાયત કરી હતી. જો કે મુખ્ય સૂત્રધાર ચંદ્રેશ છાત્રોલા હજુ પણ ફરાર છે...

રાજકોટમાં પીપીપી યોજનાના પ્લોટમાંથી ગેરકાયદે બાંધકામો હટાવાયાઃ ૧૩ કરોડની કિંમતની જમીન ખુલ્લી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગર પાલિકા દ્વારા બે દિવસથી ગેરકાયદે બાંધકામ હટાવવા કાર્યવાહી શરૂ કરાઈ છે. શહેરમાં સાધુ વાસવાણી રોડની પીપીપી આવાસ યોજનાના પ્લોટમાં ખડકાયેલા છ મકાન તોડી પાડવામાં આવ્યા હતા.

અગાઉ આસામીઓ કોર્ટમાંથી સ્ટે ઓર્ડર લાવ્યા હોવાથી આ કામગીરી અટકી હતી પણ કોર્ટનો સ્ટે દૂર થતાં ફરીવાર કામગીરી શરૂ કરાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે, રાજકોટમાં પશ્ચિમ ઝોનના વોર્ડ નં. ૯માં ટીપી સ્કીમ નં.૪ રૈયાના ફાઇનલ પ્લોટ નં. ૪૫૦ની જગ્યા પીપીપી યોજનામાં લેવામાં આવી છે.

સાધુ વાસવાણી રોડ પર નટરાજનગરમાં મુખ્ય રોડ ટચ અને તેની પાછળ કુલ મળીને ૬ પ્લોટ પીપીપી યોજનાથી કબ્જે આપવા માટે અગાઉ ટેન્ડર પાસ કરાયા હતા. જેમાં વર્ષોથી કાચા-પાકા મકાનો ખડકાઈ ગયા હતા. આ જગ્યા ડેવલોપ કરવા બિલ્ડરે મનપાને રૂ.૧૩.૫ કરોડ પ્રિમીયમ આપ્યું હતું.

સામાન્ય રીતે ટેન્ડરની શરતો મુજબ મહાપાલિકાએ જગ્યા પરથી દબાણો હટાવવા મદદ કરવાની હોય છે. જે અંતર્ગત ગેમઝોન અગ્નિકાંડની ઘટના પહેલા અમુક મકાનો તોડાયા હતા પરંતુ, છ જેટલા આસામીઓએ હાઈ કોર્ટમાંથી સ્ટે મેળવ્યો હતો. કોર્ટનો મનાઇ હુકમ હવે દૂર થતા ટીપી શાખાએ ૬ મકાન તોડીને ૧૫૬૩ ચો.મી. જગ્યા ખુલ્લી કરાવી હતી. અહીં ૮૫ હજાર પ્રતિ ચોમી ભાવ લેખે રૂપિયા ૧૩.૨૮ કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

૮ હજાર ચો.મી. જગ્યામાં આસામીઓ માટે ફલેટ બનાવવામાં આવશે. ■

અંજારના વરસામેડી ખાતે મોટરસાઈકલને ટ્રેલરે અડફેટમાં લેતા વિદ્યાર્થીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં ઔદ્યોગીકરણની સાથે ભારે વાહનોની સંખ્યા વધવાની સાથે જીવલેણ અકસ્માતોની ઘટનાઓ પણ દિન પ્રતિદિન વધવા પામી રહી છે તેવામાં આદિપુરની સેવી ઈન્ટરનેશનલ સ્કૂલમાં ચાલી રહેલી બોર્ડની પ્રિલિમનરી પરીક્ષા આપીને ઘરે પરત ફરી રહેલા ૧૯ વર્ષીય અંકુશ સુધન પ્રસાદને વરસામેડી ગામમાં ટ્રેલર સાથે અકસ્માત નડતાં ગંભીર ઈજાઓના પગલે અંકુશનું બનાવસ્થળે મોત નિપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી છે.મૃતક વિદ્યાર્થીના પિતા હાલ અમેરિકામાં હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે અકસ્માત સર્જી, વાહન સમેત ઘટનાસ્થળેથી પલાયન થઇ ગયેલા ટ્રેલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે. ■

જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળામાં યાત્રાળુઓની સુરક્ષા માટે ૨૫૦૦ પોલીસકર્મીઓ તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં ગીરનારની તળેટીમાં ભવનાથ મહાદેવના સાંનિધ્યમાં મહાશિવરાત્રી મેળાનો પ્રારંભ થયો હતો. શનિવારે ભવનાથ મહાદેવ મંદિર પર ધ્વજારોહણ કર્યા બાદ મેળાને વિધિવત રીતે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આગામી ચાર દિવસ ભવનાથ ક્ષેત્રમાં નાગા સંન્યાસીઓ, સાધુ-સંતો અને લાખો ભાવિકો દર્શનાર્થે ઉમટી પડશે.

મહાશિવરાત્રીના આ મેળામાં આવનારી લાખોની જનમેદનીની સુરક્ષા માટે જુનાગઢ શહેરમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. યાત્રાળુઓની સુરક્ષા માટે ચાર જિલ્લામાંથી ૨૫૦૦થી વધુ પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતાં. તે ઉપરાંત કોઈ અઘટિત ઘટના ન બને તે માટે એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો પણ તૈનાત કરવામાં આવી હતી. મેળાના રૂટ પર તમામ રસ્તાઓ રીપેર કરી દેવાયા હતાં. જૂનાગઢમાં આ મેળામાં આ વર્ષે સુરક્ષાને ધ્યાનમાં રાખી ટેકનોલૉજીનો વિશેષ ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રવાસીઓ માટે ક્યૂઆર કોડ આધારિત પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વૉટ્સઍપ દ્વારા પાર્ક ઈઝી ચેટબોટ પર શહેર પસંદ કરવાથી ગૂગલ મેપ પર પાર્કિંગની જગ્યા દર્શાવવામાં આવશે. ■

અમદાવાદના કાંકરિયા સ્થિત બાલવાટિકાનું નામ બદલીને ફન કાર્નિવલ કરાયુંઃ કમલા નહેરુ શબ્દ હટાવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કાંકરિયા તળાવ પરિસરમાં સ્થિત બાલવાટિકાનું નામ બદલીને ફન કાર્નિવલ કરવામાં આવ્યું છે. બાલવાટિકાનું રિડેવલપમેન્ટ કર્યા બાદ મહાનગર પાલિકાએ જૂના ગેટ પર વર્ષોથી લખેલું કમલા નહેરૂ ઝુઓલોજિકલ ગાર્ડનની જગ્યાએ બાલવાટિકા ફન કાર્નિવલ નામ રાખ્યું હતું.

અમદાવાદમાં કાંકરિયા તળાવ પરિસરમાં સ્થિત બાળકોના મનોરંજન માટેના સ્થળને વર્ષો પહેલા કમલા નહેરૂ ઝુઓલોજિકલ ગાર્ડન નામ અપાયું હતું. પરંતુ આ જગ્યાને મહાનગરપાલિકા દ્વારા રિડેવલપ કરવામાં આવતાં ત્યાં સ્થિત જૂના ગેટ પર લખેલા કમલા નહેરૂ ઝુઓલોજિકલ ગાર્ડનની જગ્યાએ બાલવાટિકા ફન કાર્નિવલ નામ કરવામાં આવતાં આગામી દિવસોમાં મોટો વિવાદ થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

આ નામકરણ મુદ્દે કૉંગ્રેસે ભાજપ પર શાબ્દિક ટીપ્પણીઓ કરી હતી. કૉંગ્રેસે આરોપ લગાવતા કહ્યું હતું કે, સત્તાના નશામાં ભાજપ દ્વારા નિમ્ન સ્તરની રાજનીતિ કરાઈ રહી છે. આ મામલે મહાનગરપાલિકાની સામાન્ય સભામાં પણ વિપક્ષે આ મુદ્દો ઉઠાવ્યો હતો. કૉંગ્રેસે નવું નામ બદલી અગાઉ મુજબનું જ કરવા માગ કરી હતી. મહાનગરપાલિકાના રિક્રિયેશન કમિટીના ચેરમેને જણાવ્યું હતું કે, કમલા નહેરુ નામ રાખવા કોઈ ઠરાવ થયેલો નહોતો. અહીં રિડેવલપમેન્ટ થઈ રહ્યું છે એટલે હવે નવું નામ જ રહેશે. ■

ગાંધીધામમાં આધાર કાર્ડ અપડેટ કરવા બદલ અરજદારો પાસેથી ગેરકાયદે ઉઘરાણાં કરતો ઓપરેટર એસીબીના છટકામાં સપડાયો

ભુજઃ આધારકાર્ડને અપડેટ કરી આપવા બદલ અરજદાર પાસેથી સો રૂપિયાથી લઈ એક હજાર રૂપિયા સુધીના ગેરકાયદે ઉઘરાણાં કરતો ઓપરેટર લાંચ રુશવત વિરોધી શાખાના સકંજામાં સપડાતાં ચકચાર પ્રસરી હતી.

પૂર્વ બાતમીના આધારે એસીબીએ છટકું ગોઠવીને ધક્કા ખાતા અરજદારો પાસેથી ઉઘરાણાં કરતા યુવરાજસિંહ બટુકસિંહ વાઘેલા નામના ઓપરેટરને ૧૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપી પાડ્યો હતો.

ગાંધીધામમાં પંજાબ નેશનલ બેન્કની બહાર આધારકાર્ડમાં અપડેટેશનની કામગીરી કરતો યુવરાજ નાગરિકો પાસેથી નિયત સરકારી ચાર્જ ઉપરાંત ગેરકાયદેસર રીતે ઉઘરાણાં કરતો હોવાની એસીબીને બાતમી મળતાં પૂર્વ કચ્છ એસીબી ઈન્સ્પેક્ટર એલ.એસ. ચૌધરીએ બોર્ડર એકમ, એસીબીના આસિસ્ટન્ટ ડાયરેક્ટર કે.એચ.ગોહિલના સુપરવિઝનમાં છટકું ગોઠવીને આરોપીને એકસો રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ગત ૨૦-૦૪-૨૦૨૪ના રોજ લાંચ રુશવત વિરોધી શાખાએ ગાંધીધામની સ્ટર્લિંગ હૉસ્પિટલમાં છટકું ગોઠવીને આયુષ્માન કાર્ડ કઢાવી આપવાના નામે પાંચસો રૂપિયાની લાંચ લેતા હોસ્પિટલના કર્મચારી હર્ષ ગુર્જરને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. ■

કચ્છ પણ ડ્રગ માફિયાના માનીતાં ગોલ્ડન ટ્રાયેન્ગલનો એક ભાગ બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમતનાં કેફી દ્રવ્યો સતત મળી રહ્યાં છે. આ દરમિયાન મુંદરાના વેસ્ટપોર્ટ આસપાસના દરિયાકિનારા પર તણાઈને આવેલા બિનવારસુ ચરસના ૮.૬૫૦ કિલોગ્રામના નવ પેકેટ સ્થાનિક પોલીસને મળી આવ્યાં હતાં. વેસ્ટ પોર્ટ અને તેની આસપાસના વિસ્તારોમાં પોલીસ દળને પેટ્રોલિંગ દરમિયાન અંદાજે ૧૩.૫૦ લાખની કિંમતનો આ માદક પદાર્થનો જથ્થો મળી આવ્યો હતો. બનાવ સ્થળે દોડી ગયેલા સુરક્ષા એજન્સીના કાફલાએ ફોરેન્સિક નિષ્ણાતોને સાથે રાખીને માદક પદાર્થના વૈજ્ઞાનિક પરીક્ષણ કરવા સહિતની કામગીરી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ઓક્ટોબર ૨૦૨૪માં ગાંધીધામના ખારીરોહર પાસેથી બિનવારસી હાલતમાં રહેલું અંદાજે ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલોગ્રામ કોકેઈન મળી આવ્યું હતું, ૨૮મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ પૂર્વ કચ્છ પોલીસ દળે ગાંધીધામના મીઠીરોહરના સીમાડે સમુદ્રી ખાડીમાંથી બિનવારસી હાલતમાં પડી રહેલા ૮૦૦ કરોડથી વધુના મૂલ્યના ૮૦ કિલો કોકેઈનના પેકેટ જપ્ત કર્યાં હતાં. ■

અમદાવાદ મ્યુનિ.નો ફાયર ઑફિસર ૬૫,૦૦૦ની લાંચ લેતાં ઝડપાયોઃ એસીબીએ છટકું ગોઠવીને પકડ્યો

અમદાવાદઃ શહેર મ્યુનિસિપલ કૉર્પોરેશનના ફાયર વિભાગમાં ફરજ બજાવતા ડિવિઝનલ ફાયર ઑફિસર ઇનાયત શેખને રૂપિયા ૬૫,૦૦૦ની લાંચ લેતાં એસીબીએ રંગેહાથ ઝડપી પાડ્યો હતો. એસીબીને ફરિયાદ મળી હતી કે પ્રહલાદનગર ફાયર સ્ટેશનમાં ડિવિઝનલ ફાયર ઑફિસર તરીકે ફરજ બજાવતા ઇનાયત શેખ દ્વારા ફાયર એનઓસીની ફાઈલો પાસ કરવાની ૮૦,૦૦૦ લાંચ માગી હતી. એમાંથી રૂપિયા ૧૫,૦૦૦ જે-તે સમયે ફરિયાદી પાસેથી લઈ લીધા હતા, જોકે એસીબીએ છટકું ગોઠવીને બાકીની લાંચના રૂપિયા લેતાં ઇનાયત શેખને ઝડપી પાડ્યો હતો. એસીબી દ્વારા ડિવિઝનલ ફાયર ઑફિસરની વધુ પૂછપરછ કરવામાં આવી હતી.

મળતી માહિતી પ્રમાણે, ફરિયાદી ખાનગી એજન્સી ચલાવી સરકારી તથા ખાનગી બિલ્ડિંગોમાં ફાયર સેફ્ટીનાં સાધનો ઇન્સ્ટોલ કરવાની તથા ફાયર એનઓસીને લગતા કન્સલ્ટિંગનું કામ કરે છે. ફરિયાદી દ્વારા એક બિલ્ડિંગની ફાયર એનઓસી મેળવી આપવાનું કન્સલ્ટિંગ કામ રાખ્યું હતું. જે બિલ્ડિંગની ફાયર એનઓસી મેળવવા જરૂરી દસ્તાવેજો તૈયાર કરી ફાઈલ બનાવી પ્રહલાદનગર ખાતે આવેલી ફાયર સ્ટેશન ઑફિસમાં ડિવિઝનલ ફાયર ઑફિસર ઇનાયત શેખની કચેરી ઑફિસમાં મોકલી આપી હતી. જે ફાયર એનઓસી અંદાજિત ત્રણ મહિના સુધી ના મળતાં આ કામના ફરિયાદી ઇનાયત શેખને તેની ઑફિસમાં રૂબરૂ મળવા આવ્યા હતા.

ઇનાયત શેખે ફાયર એનઓસી આપવાના અવેજ પેટે રૂપિયા ૮૦,૦૦૦ની લાંચ માગી હતી, પરંતુ ફરિયાદીએ લાંચનાં નાણાં આપ્યાં નહોતાં. એ બાદ ફરિયાદીને ફાયર એનઓસી મળી ગઈ હતી. બાદમાં ઇનાયત શેખે ફરિયાદીને રૂબરૂમાં મળીને તેને આપવામાં આવેલી ફાયર એનઓસીના વ્યવહારના રૂપિયા ૮૦,૦૦૦ નહીં આપે તો ભવિષ્યમાં ફરિયાદીની ફાયર એનઓસીને લગતી ફાઈલ એપ્રુવ થશે નહીં એવી ગર્ભિત ધમકી આપી હતી. ■